ગુજરાત રોજગાર સમાચાર

કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૨

માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિધ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક

લવાજમ : કોઇપણ કોમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે

રાજ્યભરમાં રોજગાર વાંચ્છુઓ માટેનું વિશ્વસનીય સાપ્તાહિક

શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ

રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન.

વાર્ષિક લવાજમ

માત્ર ₹ ૩૦/-

રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર

પ્રેરણાદાયી લેખો

- સફળતા એ હજારો અસફળતાઓનો આખરી મુકામ છે. ભણતર એ જીવન ઘડતરની ચાવી છે.
- જીવનમાં બધુ જ શક્ય છે બસ શરુઆત આત્મવિશ્વાસથી થવી જોઈએ.
- દિવસ દરમિયાન તમે જો કોઈ પણ મુશ્કેલીમાંથી પસાર ન થાઓ તો સમજજો કે તમે ખોટા રસ્તે સફર કરી રહ્યાં છો.
- ખુદમાં વિશ્વાસ હોવો એ સફળતાનું પહેલું રહસ્ય છે.
- ત્યાં સુધી હાર ના માનશો જ્યાં સુધી જીતો નહીં.

પ્રેરણાદાયી લેખો

ક્રમ	વિષય	લેખક	પા.નં.
૧	એક પ્રેરણાપત્ર	- જય વસાવડા	૩
૨	ટોચની કંપનીઓ હવે નોકરી આપવા માટે ડિગ્રી પર આધાર નથી રાખતી	- ભવેન કચ્છી	૬
૩	સમયની સાથે બદલાવું પડે અથવા સમયને બદલવો પડે	- પુલક ત્રિવેદી	૭
૪	સફળ કારકિર્દી માટે યોગ્ય માર્ગદર્શન જરૂરી	- મૌલિક સોની	૧૪
૫	હતાશાને હટાવવાની સૌથી ઉત્તમ ચાવી, હકારાત્મકતા પાસે છે	- રમેશ તન્ના	૧૫
૬	રોજગારી શોધવી કે નવી ઊભી કરવી ?	- પંકજ ઔંધિયા	૧૭

૧ એક પ્રેરણાપત્ર

- જય વસાવડા

ડીઅર સ્ટુડન્ટસ,

ગાડીમાં હેડલાઇટ દોસ્તો, બે પ્રકારની હોય છે. એક બે-ચાર ફીટ આગળ જોઈ શકે એવી. એક બે-ચાર મીટર દૂર રસ્તો બતાવે એવી. અને એક હોય છે સેટેલાઇટ વ્યૂનો એંગલ. જીપીએસમાં દેખાય તે. જે સેંકડો કિમીનો રસ્તો રોડ બ્લોક, ટ્રાફિક, ડાઈવર્ઝન, જામ, ટોલ ટેક્સ સહિત જોઈ શકે છે.

પરીક્ષાને જ જીવન બનાવવું હોય તો અલગ વાત છે, પણ જીવનની પરીક્ષામાં સફળ થવા માટે સંસ્કૃતમાં 'વિહંગાવલોકન' (પક્ષી ઉડતાં ઉડતાં જોઈ શકે તે) કહેવામાં આવતું એ સેટેલાઇટ વ્યૂનું મેપિંગ જરૂરી 'જણસ' છે. તત્પૂરતો યાને ટેમ્પરરી ઉભરો એ રોષનો આવ્યો કે અચાનક રદ થયેલી પરીક્ષા - લાયકાતના ધોરણોમાં ફેરબદલ વિના લેવાવી જોઇએ. બરાબર છે.

પેલી આગળનો રસ્તો દેખાડતી હેડલાઇટ તો એક્સિડન્ટ ટાળવા શું, આગળ વધવાની સ્પીડ પકડવા જરૂરી જ છે. પણ એટલામાં જ બધા સંતોષ માનીને, ક્રાંતિ કર્યા કે જીત્યાનો હરખ ઉજવીને, યુવાશક્તિનો હાથા તરીકે ઉપયોગ કરનાર ફેન કે ઘેટાં બનીને ટાઢાબોળ થઈ ગયા. યાને સ્વામી વિવેકાનંદ કહેતા એમ ઉઠયા, જાગ્યા પણ ધ્યેયપ્રાપ્તિ કરવાને બદલે, મંઝિલને બદલે માઇલસ્ટોનને ફાઇનલ સ્ટેશન માની પાછા પોઢી ગયા !

અને એટલે જ જરાક ઊંચું અને ઊંડું જોતાં શીખવાડતો આ પત્ર સ્નેહભાવે. ખુદની કારકિર્દી બનાવી લીધા પછી બીજાની ઘડવાની ચિંતા બહુ ઓછા કરે, પણ શિક્ષણનું લક્ષણ માત્ર માર્કસ નથી. જ્ઞાનનું આદાન-પ્રદાન, સમજણનો વિસ્તાર પણ છે. તો વાત સમજવાના 'સેમ્પલ' તરીકે જોઈએ. ગુજરાતમાં જ દર વર્ષે નવી સરકારી ભરતી કરતી સ્પર્ધાત્મક પરીક્ષા તેજીમાં છે. ગમે તેમ કરીને નાનકડી પણ નોકરી મેળવવાની ભૂખ એવી હોય છે કે, લોકો જાતભાતની ચાલાકી અજમાવે છે. અનીતિના રસ્તે પાસ થનાર શું ભલું કરશે સરકારી નોકરી મેળવી તે પગારદાર જનસેવક બનીને ?

મારા આવતીકાલના ફૂલગુલાબી સપના આંખમાં આંજીને બેઠેલા પ્યારા મિત્રો, આ સવાલ જરાક અણીદાર છે. લગ્નના માંડવાને વેરણ છેરણ કરનાર માવઠાં જેવો છે. કડવો છે, છતાં હિતકારી છે. લાખો યુવા ઉમેદવારો અને સામે ભરતીની જગ્યા કેટલી ? ભૂલચૂક લેવીદેવી ગણીને થોડોક ઉમેરો કરીને મૂકો તો ય સફળતાનો ચાન્સ પોઇન્ટ પછી ય બે શૂન્યો બાદ આંકડો ટકાવારીમાં આવે. તદ્દન તુચ્છ, નગણ્ય. આ યુવાદોસ્તોએ સીધી નોકરી નથી માંગી. માત્ર ન્યાયી રીતે પરીક્ષા આપીને જાતને સાબિત કરવાની તક માંગી છે. એ માટે એ બધાને બરડે વ્હાલનો ધબ્બો. શાબ્બાશ હમારે શેર-શેરની.

પણ જંગલમાં માત્ર સિંહ-વાઘ જ નથી હોતા. હરણ-સસલાં, કાબર-બુલબુલ, શિયાળ-કાચબા, પાડા-પોપટ બધા જ હોય છે. સિંહ, વાઘ, હાથી કરતાં ક્યાંય વધારે ! ફૂલો ફક્ત ગુલાબના જ નથી ખીલતા. ઘાસ પણ હોય છે. ઉડ્ડાન માત્ર બાજની નથી હોતી, ચકલાં-હોલાં-કબૂતરની પણ હોય છે. તરવાનું શિકારી શાર્કે જ નથી હોતું, અસંખ્ય રંગબેરંગી માછલીઓની સાથે ઓકટોપસ-સીહોર્સ પણ.

કુદરત કા કાનૂન હૈ. બધા જ સુપર સ્ટ્રેન્થવાળા, બિગ-જાયટન્સ, ગ્રેટ-પાવરફુલ, એકસ્ટ્રા ઓર્ડિનરી બ્યુટીફૂલ નથી હોતા. છતાં અસ્તિત્વ એમણે ય ટકાવવાનું છે. જીવનસંઘર્ષ એમણે ય વેઠવાનો છે. માટે આઉટ ઓફ જેન્યુઇન કન્સર્ન એન્ડ પેઇન, દિલ વલોવાતાં ઉઠતો સવાલ એ જ છે. રિઝલ્ટ આવશે. એ પછી ય ઘણા થનગનતા જવાનો તો બેકાર જ રહેશે. માત્ર સોશિયલ મીડિયા પર સક્રિય રહેશે, જીવનમાં તો નિષ્ક્રિય હોય. પ્રયત્ન છતાં 'લૂઝર' જ રહેશે.

સંખ્યા નાનીસૂની નથી. ભલે, પરીક્ષા આપતી વખતે તો દરેકને એમ જ થાય કે એ દરવાજો વીઆઈપી બનવાનો આપણા માટે ખૂલવાનો છે. બીજા રહી જવાના છે. લેકચર સાંભળતી કે એડ જોતી વખતે સંબોધન આપણને જ થાય છે, એવો અહેસાસ સહજ છે. પણ છેતરામણો છે. બસમાં ધક્કામુક્કી કરીને સીટ- મેળવનારાઓ તો સ્ટેશન પર વેઇટિંગમાં ઊભા રહેવાનો થાક ભૂલી જશે, ને ઝોકું ખાઈ

લેશે. પણ જે રહી ગયા એનું શું ? ટોળું મોટું હોય તો બીજી બસમાં ય જગ્યા નહિ મળે, ને રાત પડી જશે એનું શું ?

માય ડીઅર ફ્રેન્ડસ, ધેટ્સ ધ પોઈન્ટ. ધેટ્સ ધ ક્વેશ્ચન. કે પેલા નિશ્ચિતપણે પ્રયાસો છતાં રહી જનારા દસ લાખ એકતાળીસ હજાર લૂઝર્સનું શું ? આંકડો ફરે. જીપીએસસી કે યુપીએસસી, રેલ્વે કે બેન્ક. ગૌણ સેવા કે એલઆરડી - પણ દરેક ભરતી પરીક્ષા પછીનું આ કઠોર બિહામણું વાસ્તવ છે, જેની ગંભીર રોગની જેમ રિપોર્ટસ ટેબલ પર પડયા હોવા છતાં કોઇ ચર્ચા કરવા નથી માંગતું. મોટા ભાગના મોટીવેશનલ મહારથીઓ ય કેવળ સફળતાના જ સપના દેખાડી, સકસેસની જ વાતો કરશે. પણ આ રહી ગયેલા, થાકી ગયેલા, ચૂકી ગયેલાની બાજુમાં જઈ કોણ બેસશે ?

એમાં અમુક સાવ જ 'ઠોઠ' કહી શકાય એવા, ક્ષમતા કે આવડત વિનાના બૂઠ્ઠા હશે. અમુક જાણી જોઈ ખુદનો ખાડો ખોદનારા ટીપી - ટાઇમ પાસ કરનારા નવરા પંચાતિયા ય હશે. અમુક તોફાની બારકસો હશે. પણ કેટલાય આવડે એવી તૈયારી નિષ્ઠાથી કરનારા શિસ્તબદ્ધ શાંત યંગ હશે. જે ટેલન્ટ કે તૈયારીના અભાવે નથી રહી જતા. સીટ્સ ઓછી હોવાને લીધે 'લક બાય ચાન્સ' વગર વાંકે રહી જાય છે. (એટલે તો આપણે ત્યાં અદ્રશ્ય 'કૃપા'ની ભક્તિનું પ્રમાણ વધુ છે.) એમના દિલના અરમાન આંસુઓમાં વહે ત્યારે ?

બેકારી વધતી જાય છે, ઘણા સમયથી. માત્ર સરકારો કે આર્થિક નીતિનો મામલો નથી. ટેકનોલોજીએ ઑટોમેશનની સ્પીડ ઝપાટાબંધ વધારી છે. અને હવે ડિજીટલ કનેક્ટિવિટીમાં બધા 'હાઈ-ફાઈ' કહેવાતી લાઇફ સ્ટાઇલનો સ્વાદ - મોબાઈલ થકી ચાખી ગયા છે. મા-બાપ ઘણું વેઠીને ય બાળકો ભણાવે છે. સામાજિક આગેવાનો છાત્રાલયો - શિક્ષણ સંસ્થાઓ ખોલે છે. પણ પછી શું ?

આસપાસની અસલામતીથી ડરીને, કંટાળીને, પીડાઇને બધા તલાશ કરે છે: 'સિક્યોર્ડ' જોબની. યાને સરકારી નોકરી. મોટી કોર્પોરેટ બ્રાન્ડસ પણ ગમે ત્યારે ખોટ જતાં નાદારી નોંધાવે કે કર્મચારીઓ છૂટા કરે. સિક્યોર્ડ / ગવર્નમેન્ટ જોબનું અનેરું આકર્ષણ છે.

પણ મળી-મળીને કેટલી સરકારી નોકરી મળશે ? આખા ભારતમાંથી પ્રતિવર્ષ લેવાતી સૌથી મોટી એવી સ્પર્ધાત્મક પરીક્ષા સિવિલ સર્વિસમાં ય પૂરી હજાર નોકરીઓ નથી હોતી. હમણા ગુજરાતમાં મોટી સંખ્યામાં નિવૃત્તિ થતી - કોઈ નવી નોકરીઓનો 'ઘાણવો' ઉતરે એમ છે. પણ એ ક્યાં સુધી ? મોટી સંખ્યામાં યુવા ઉમેદવારોની પોલિસથી - વહીવટીતંત્ર સુધી ભરતી થાય, પછી બહુ બધી જગ્યાઓ દર વર્ષે ખાલી નહિ પડે. પગાર-ભથ્થા-લાભ ચૂકવવા - આકરા પડે ને મશીનો માણસોનું કામ ઝટ કરે.

એટલે જ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થવા માટે બહુ ગાજો વાજો થાય છે. પણ નિષ્ફળ જનારાનો કોઈ ભાંગ્યાનો ભેરૂ બનવા આગળ નથી આવતું. ધીરે ધીરે એ નામો, ચહેરાઓ ગુમનામીની ખીણમાં ગાયબ થઈ જાય છે. પછી એમનું શું થાય છે ? મજૂરી કરે છે ? બાપીકી મિલકતો પર જીવે છે ? આ બેરોજગારોમાંથી જ નવરાં બેઠા ઘણા ઈન્ટરનેટ પર ટપોરીટ્રોલ્સ બને છે. કેટલાક તો રીતસરના ક્રિમિનલ બને છે. ગેરકાનૂની ધંધાઓમાં લપસે છે. તાણ ભૂલવા કોઈને કોઈ વ્યસનના શરણે જઈને તબિયત બગાડે છે. નોકરીની નહિ, પણ સમાજની સુખાકારી અને સલામતી જો વધારવી હોય તો આ દિશામાં ધ્યાન આપવું પડશે.

સ્પર્ધા તો બહુ જરૂરી છે. આપણી ધાર નીકળે. મર્યાદાનો અહેસાસ થાય અને નિત નવું શીખવા મળે. તૈયારી માટે ખડેપગે રહેવાની, મહેનત કરવાની જોમભરી પ્રેરણા મળે. પણ એ સ્પર્ધાનું રૂપાંતર પરીક્ષા આપતા આપતા જગતની સાથે કરતાં કરતાં જાત સાથે કરવા લાગો તો અને ત્યારે ! પહેલાં બાજુમાં બેઠેલા હરીફથી આગળ નીકળવાનો ભાવ હોય, પણ પછી ગઈ કાલે આપણે જે હતા, એનાથી આવતીકાલના આપણે વધુ બેહતર બનાવી ખુદને જ હંફાવતા રહીએ, તો અનબિટેબલ બનતા જઈએ. સચીન, બચ્ચન, આઈન્સ્ટાઈન, સ્ટીવ જોબ્સ કે ગાંધીજીની જેમ.

એવું લાગે છે કે, આ બધા નામો તો અપવાદરૂપ હતા ? ગોડ ગિફ્ટેડ જીનિયસ હતા ? બેશક ટેલેન્ટેડ તો હતા. પણ એમનાથી વધુ ટેલેન્ટેડ લોકો ય આસપાસ હતા તો આ બધા સેલિબ્રિટી કેમ ન બન્યા ? કારણ કે, ખંતીલા હતા. મહેનતું હતા. અથાક પરિશ્રમ કરનારા હતા. નવું જાણવામાં શરમ ન અનુભવનારા અને ખોટા સીન સપાટાની દોટથી બચનારા હતા. એટલું તો આપણે આસાનીથી કરી શકીએ. અને એની જોડે જ કરવા જેવી એક બીજી અગત્યની વાત. બી ઈરરિપ્લેસેબલ.

જી હા, આ સૌથી મોટો ટેસ્ટ છે. કામ કોઈ પણ

કરો. લિમિટેડ સરકારી નોકરી ન મળે, તો ય ઓપ્શન બંધ નથી થતા. સારા ડ્રાઈવરની જરૂર ડૉક્ટર કરતાં ય વધુ છે. વડિલો-દર્દીઓના કેરટેકરની અછત કોન્સ્ટેબલથી વધુ છે. હા, એમાં સલામતી નથી.

રસોઈ કરો કે પોતું લગાવો, ચોકીદારી કરો કે વિમાન ઉડાડો, ફોન રિપેર કરો કે સેલ્સ પર્સન બનો - જે કરો એમાં રસ લો, પૂરું જાણો, તપ કરીને જાતને ઘડો અને આગળ વધો. એવી આવડત ખીલવો કે કામ નાનું-મોટું જે કરો તે. ભેંસ દોહવો કે બાગાયતી કામ કરો, કુરિયર ડિલીવરી કરો કે કોરિયોગ્રાફી કરો - પણ એમાં ઝટ તમારો વિકલ્પ ન મળે. લાભાર્થીઓને, વપરાશકર્તાઓને તમારી આદત પડે. પછી વળતર આપોઆપ મળશે. કદાચ સિક્યોરિટી નહિ હોય. પણ એવી તો લાઈફની પણ ક્યાં ગેરેન્ટી છે? એક્સિડન્ટમાં કોઈ પણ ક્ષણે ઊડી જવાની તલવાર દરેક માથે તોળાતી નથી ? નાની ઉમરે મોટી બીમારીઓ થતી નથી ?

બધા જ સફળ નથી થઈ શકતા. ગમે એવા સપનાના સોદાગરોના મોટીવેશનલ સેમિનાર્સ ભરો, પણ આ અફર સત્ય છે. પણ હા, બધા ધારે તો અને સમજે તો સંવેદનશીલ, સહજ, સરળ, સારા અને સરવાળે સુખી જરૂર થઈ શકે છે. કમનસીબે, આ પંચામૃત માપવાના કોઈ પેપર નીકળી શકતા નથી. પણ ભીતરથી એનો અહેસાસ તો થાય જ છે. આપણને અને સાચું હોય તો આપણી આસપાસનાને પણ.

એ માટે બેશક બેઝિક્સ, ફન્ડામેન્ટલ્સ મજબૂત રાખો. ભાષા શીખવી અઘરી જરાય નથી. ટટ્ટાર ઊભું ન રહી શકતું ભૂલકું ય શીખી જાય છે. પણ ત્યારે એને નિષ્ફળતાનો ડર કે પ્રયત્ન કરવાની શરમ નથી હોતી. આપણી વાત સ્પષ્ટ મુદ્દાસર લખી-બોલી શકીએ એટલી સ્થાનિક ભાષા અને જ્ઞાન મેળવવા જેટલી વિશ્વભાષા (ભારતમાં અંગ્રેજી) કેળવવા કોઈ એકઝામની ક્યાં જરૂર છે ? થોડું રીડિંગ વધારો, સ્પર્ધાત્મક પરીક્ષા નહિ તો સ્પર્ધાઓમાં ભાગ લો.

મૂળ વાત છે, ખુદમાં ભરોસો રાખીને સાચી દિશામાં કશુંક શરૂ કરવાની. આ આત્મવિશ્વાસ ક્યાંથી આવે? અગાઉ પણ ઘણી વાર લખ્યું છે, એમ આવડતના અનુભવમાંથી. મતલબ પ્રેક્ટિસ મોર. એ માટે ડર હટાવવો પડે. કેમ હટે ? ફેસ ધ ફીઅર. કોઈની મદદ લઈને પણ જે બાબતથી ડર લાગતો હોય એમાંથી પસાર થાવ. એનો સામનો કરો. પછી ડર નહિ લાગે.

વિઘનો વગર, વળાંકો વગર કોઈ રસ્તો જગતમાં છે જ નહિ. એ સ્વીકારીને જ સંભાળપૂર્વક આગેકદમ કરવાના છે. કોઈને કોઈ સ્કિલ ત્યારે જ પરફેક્ટ થાય, જ્યારે કશોક સેટબેક આવે. અર્થાત, ફેઈલ્યોર ને નિષ્ફળતાને ધિક્કારવાને બદલે ગુરુ બનાવવી પડે. એનાથી થાકી હારી જવાને બદલે મક્કમ થઈ અવાજ ઉઠાવવો પડે, એનો સામનો કરવો પડે. પણ અગાઉ જે ભૂલ થઈ હોય એનું પુનરાવર્તન ટાળવા જેટલો અભ્યાસ કરીને. નહિ તો એ જ પરિણામ મળશે !

એક વાર મજબૂત બનશો, પછી પાછલી નબળાઈઓ કે નિષ્ફળતાઓ ધીરેધીરે જગત ભૂલશે. પણ તરત જ પરાજય સ્વીકારવાથી એ જ બધાં લોકો માટે આપણી છેલ્લી યાદ હોવાની. પ્રતિ વર્ષ ભારતમાં નવથી દસ હજાર યુવા વિદ્યાર્થીઓ આપઘાત કરે છે. ઈટ્સ પેઈનફૂલ. જીવનના ફૂલને ખીલવ્યા પહેલા જ કરમાવી દેવાનું ? અઘરું છે જીવવાનું ને લડવાનું. પણ એટલે જ તો એની મજા છે. રહસ્ય છે, એનો તો ચાર્મ છે. ઠોકર કોઈ ઝેર નથી કે ખાવાથી મરી જવાય ?

દોસ્તો, યારો, મિત્રો... બધી જ તક પાછળ ઉતાવળા થઈને દોડવાથી થાક મળશે, એકાગ્રતા ઘટશે. આપણી સ્થિતિ ને ક્ષમતા મુજબ એક લક્ષ્ય નક્કી કરો, એની ટાઈમફ્રેમ બનાવો. એ સમયમાં ત્યાં સુધી ન પહોંચાય તો નાનમ વિના પ્લાન બી જેવું બીજું લક્ષ્ય તૈયાર રાખો. અસાધારણ સપનાઓ ઝટ નહિ જોવાના.

આપણા વિશે, આપણી મંઝિલ વિશે જરાક જાણકાર લોકોને પૂછતાં રહેવાનું પણ તકની રાહ જોયા કરવાને બદલે તૈયારી શરૂ કરવાની. નિરંતર, સતત, રોજેરોજ રિયાઝ. તક કોઈ દિવસે આવશે રાનૂ મંડલની જેમ અચાનક. પણ ત્યારે તૈયારી નહિ હોય તો જતી ય રહેશે ફટાફટ ને ખોવાઈ જવું પડશે.

આપણે કશોક પ્રયાસ કરશું તો હારવાના ચાન્સ પચાસ ટકા છે. અરે, નેવું ટકા છે. પણ નહિ કરીએ તો એ સો ટકા છે જ. ફ્રેન્ડસ, 'પરોપદેશે પાંડિત્યમ્' નથી. સ્કૂલમાં પગ મૂક્યા વિના પ્રાથમિક શિક્ષણ લઈને, બારમા ધોરણના નકારાત્મક પરિણામ છતાં પ્રિન્સિપાલ થઈને, કૉલેજની પગાર-પેન્શનવાળી - સલામત નોકરી ૨૦ વર્ષ પહેલા જવાનીમાં છોડીને આ ખભે હાથ મૂકીને કહું છું.

૩૦૨, ઉજાશ ફ્લેટ, નાલંદા પાર્કની બાજુમાં,
અમીન માર્ગ, કાલાવડ રોડ, રાજકોટ.

૨ ટોચની કંપનીઓ હવે નોકરી આપવા માટે ડિગ્રી પર આધાર નથી રાખતી

- ભવેન કચ્છી

કયુ યુદ્ધ ક્યારે ખેલાયું હતું ? સોક્રેટીસના શિષ્યો કોણ હતા ? જેવા યાદશક્તિ આધારિત શિક્ષણ પદ્ધતિ કરતા સર્જનાત્મકતા પર ભાર મૂકાશે...

ગુગલ, એપલ, ફેસબુક જેવી કંપનીઓને દિમાગમાં કેટલું સંઘર્યું છે તે નહિ દિમાગ કઈ રીતે ચાલે છે તેમાં રસ છે

ભારતના એક ટીનએજર વિદ્યાર્થીના પરીક્ષામાં ૯૦ ઉપર ટકા આવ્યા. તેના મમ્મી-પપ્પા તેમજ સગા સ્નેહીઓએ ગૌરવ લેવા સાથે તેને શાબાશી આપી. શાળાના સંચાલકો અને શિક્ષકગણ પણ ગણિત, વિજ્ઞાન, ભૂગોળ તેમજ ઈતિહાસના ઝળહળતા દેખાવથી તેનું ભાવિ ઉજ્જવળ જોઈ શકતા હતા. આ વિદ્યાર્થીને બધા બિરદાવી રહ્યા હતા છતાં તે જાણે છુપા દોષની લાગણી અનુભવતો હતો. તેને તેની ઉપલબ્ધિ અને મળતી દાદ કંઈ ખાસ ખુશી નહોતી આપી શકતી.

આ અંગેનું કારણ તેણે સહજ વાતચીત દરમિયાન જે આપ્યું તે આપણા શિક્ષણના રખેવાળોની આંખ ઉઘાડનારું છે. આ વિદ્યાર્થીએ કહ્યું કે ''ભલે મારા માર્કસ નંબર વન છે પણ સાચું કહું તો મારું આ રેન્કિંગ મહદઅંશે ગોખીને લખેલા ઉત્તરોને આભારી છે. હું વિશેષ કરીને વિજ્ઞાન, ભૂગોળ, પર્યાવરણ, સમાજ શાસ્ત્ર કે ઈતિહાસના પ્રકરણોને સમજ્યો નથી. હજુ મને દેહ રચના અને અંગો - ઉપાંગો કઈ રીતે કામ કરે છે તે સમજાતું નથી.

બલ્બની શોધ કોણે અને ક્યારે કરી તે મને અડધી રાત્રે ઊંઘમાંથી ઉઠાડીને પૂછો તો પણ ગોખેલું હોઈ જવાબ આપી દઉ. સિદ્ધાંતો સાથે, આકૃતિ દોરીને શોધ -સંશોધનો અને ખગોળ તેમજ ભૂગોળ ફાંકડું ઉત્તરવહીમાં ઉતારી બતાવું. પણ આ બધું એક વત્તા એક બે થાય તે રીતે નથી સમજી શક્યો કે નથી સમજાવી શકું તેમ. તમામ સ્તરે વિશ્વની ટોચની કંપનીઓનાં ટેકનોક્રેટ્સ, તબીબો, અર્થશાસ્ત્રીઓ, અગણિત વિદ્યા શાખાઓની દુનિયા અંગે હું જાણું છું ત્યારે હું લઘુતાગ્રંથીથી પીડાઉ છું કે આ રીતે ભારતમાં ઉચ્ચ ડિગ્રી મેળવીને મને મારો કાર્ય સંતોષ મળશે ? મારા રસ રુચિમાં ઊંડો ખૂંપીને કંઈ પ્રદાન આપી શકીશ ? મારે માત્ર ગોખીને માર્ક લઈને દુનિયા સમક્ષ કઈ પુરવાર નથી કરવું.

મારે મારી જ નજરમાં ખરા ઉતરી હું જે અભ્યાસ કરું છે તેને હું એપ્લિકેશનની રીતે સમજુ છું તેવો સંતોષ મેળવવો છે.''

બારમા ધોરણના આ વિદ્યાર્થીની આવી વ્યથા જોઈને એટલું તો સ્પષ્ટ બની ગયું કે આગળ જતા આ વિદ્યાર્થી જરૂર તેનું આગવું પ્રદાન અને તે પણ વિશ્વ મંચ પર કરી બતાવશે કેમ કે તે આપણી શૈક્ષણિક સિસ્ટમની નબળાઈ પારખી ગયો છે અને તેની તૈયારી પણ વૈશ્વિક સ્તરે ઊભો રહી શકે તેમ કરશે. વિદ્યાર્થીઓ અને વાલીઓએ એ વાત પર ધ્યાન આપવાનો સમય આવી ગયો છે કે ખરેખર કોઈપણ વિષયને ''ડેપ્થ''માં હસ્તગત કરાય છે કે કેમ?

વિશ્વભરના કોઈપણ યુવાન કે જેની પાસે સર્જનાત્મક દિમાગ છે, પહેલી નજરે તરંગ તુક્કા જેવી લાગે તેવી પ્રોડક્ટ બનાવવાનું સ્વપ્ન હોય કે પછી તે કોઈ કંપનીના મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટમાં તેની જાતને પ્રેક્ટિકલી કંઈક પ્રદાન આપી હિસ્સો બનવા માંગતો હોય છતાં તેની પાસે જે તે વિષયની ડિગ્રી ના હોય તેવું બને. આવા સંજોગોમાં અત્યાર સુધી એવું બનતું આવ્યું છે કે તે વ્યક્તિ તેવી નોકરી માટે અરજી જ નહોતો કરી શકતો. પાયાની જરૂરિયાત તરીકે આ માટે ડિગ્રી હોવી જરૂરી હતી. પણ તમને જાણીને નવાઈ લાગશે કે ગુગલ, એપલ, આઈ બી એમ, બેંક ઓફ અમેરિકા, ચીપોટલે, કોસ્કો અને અર્નેસ્ટ યંગ જેવી ૨૫ કંપનીઓ તેઓને વૈશ્વિક ઉમેદવારો લાવી આપતી ''ગ્લાસડોર'' એજન્સીને એવી સૂચના આપી દે છે કે જો નોકરી માટેની અરજી કરનાર ઉમેદવાર કોઈ ડિગ્રી ન ધરાવતો હોય પણ તેણે તે વિષય, પ્રોડક્ટ કે કોડિંગ, અલ્ગોરિધમ, લેન્ગવેજની સર્ટિફિકેટ પરીક્ષા માત્ર આપી હોય કે એમ જ જો તે

અરજીમાં જે પોસ્ટની જરૂરિયાત છે તે માટે તે ભલે થિયરી ન જાણતો હોય પણ તેના વગર પણ તે ખરેખર વ્યવહારુ રીતે પરિણામ લાવી શકતો હોય તેવો નિર્દેશ કરતો હોય તો તેને ઈન્ટરવ્યું માટે કોલ આપવો.

આ રીતે જોવા જઈએ તો ભારતમાં એવા કેટલાયે સફળ લોકો ઓટોમિકેનિક, ઈલેક્ટ્રિશિયન અને ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોના ભેજાબાજ છે કે, જેઓ ૧૦ ધોરણ પણ પાસ નથી. આપણે જેને જુગાડ કહીએ છીએ તેમાં થોડું સ્પેશ્યલાઇઝ શિક્ષણનો સ્પર્શ ઉમેરી શકાય. શૈક્ષણિક માળખાની ચેનલમાંથી પસાર થઈને સ્નાતક કે અનુસ્નાતક હોવું તે જ વિશ્વની ટોચની કંપનીમાં જોબ મેળવવાની પાયાની શરત હવે નથી રહી.

આપણી શિક્ષણ પદ્ધતિને સાવ ઉતારી પાડવાનો આશય પણ નથી. એમ તો ગુગલના સીઈઓ સુંદર પીછાઈ કે માઈક્રોસોફ્ટના સત્ય નડેલા કે ઈન્ટેલના ભૂતપૂર્વ પ્રેસિડન્ટ મનિષા પંડયાથી માંડી અમેરિકાની ટોચની કંપનીઓ કે નાસામાં પણ ટોપ ટુ બોટમ ભારતીયો છવાયેલા છે. જો કે સાથે સાથે એ પણ સ્વીકારવું પડે કે નોબેલ પ્રાઈઝ સહિત આ તમામ ભારતીયોએ ઉચ્ચ ડિગ્રી કે પીએચ.ડી. અમેરિકા કે યુરોપની યુનિવર્સિટીમાંથી પાર પાડયું છે. વિદેશમાં જે શૈક્ષણિક અને શોધ સંશોધનનું વાતાવરણ મળ્યું તેને આખરી જશ જાય છે.

માત્ર ટેકનોલૉજી કે અર્થશાસ્ત્રમાં જ નહિ પણ મેનેજમેન્ટ અને કલા સર્જન સહિતના તમામ વિષયોના આંતરરાષ્ટ્રીય પ્રદાનકર્તાઓને પણ આ લાગુ પડે છે. બીલ ગેટ્સ, સ્ટીવ જોબ્સ, ઝકરબર્ગ અને કલાનીક (ઉબરના સ્થાપક) જેવા વિશ્વને ૨૧મી સદીમાં લઈ જનારાઓ પાસે ડિગ્રી કે માસ્ટર ડિગ્રી નથી. તેઓ ઠોઠ નહિ ખરા અર્થમાં જીનિયસ હતા અને છે પણ અમેરિકામાં એવી જડ સિસ્ટમ કે માનસ ૩૦ -૩૫ વર્ષ પહેલા પણ નહોતું. પહેલા તો તમે ૨૦-૨૫ વર્ષની વય સુધી બધી સર્જનાત્મકતા અભરાઈએ ચઢાવી ડિગ્રી મેળવો. ભારતમાં પણ વડાપ્રધાન મોદી સ્કિલ અને સ્ટાર્ટ અપ અને આત્મનિર્ભરતા પર ભાર મૂકી યુવા જગતમાં જે હવા જગાવી ચુક્યા છે તેના પાયામાં ડિગ્રી કે માર્કલક્ષી નહીં પણ ''એપ્લાય'' થઈ શકે તેવા જ્ઞાનનો પાયાનો વિચાર છે.

નવી શિક્ષણ નીતિ પણ આ જ દિશામાં આગળ વધી રહી છે. ભૂગોળમાં કે ઈતિહાસમાં આગળ વધવાનું તમારું સ્વપ્ન જ નથી અને તમને સંગીત, શિલ્પ કે ટેકનોલૉજીમાં રસ છે તો તમારે ભૂગોળ- ઈતિહાસનો અભ્યાસ કરવાની શું જરૂર ? ડિગ્રીની ચિંતા કર્યા વગર જે વિષયમાં રસ છે તેમાં જ પૂર્ણ સમય આપો. તમને રમતમાં કે પરફોર્મન્સ ક્ષેત્રે આગળ આવવું છે તો અન્ય વિષયોના અભ્યાસની જરૂર નથી. વિદેશમાં એવું મોડેલ છે કે તમે ખેલાડી અને કોચ તરીકે કમાઈ શકો છો. હા, વિદેશમાં વ્યક્તિને ઓછી આવક છતાં તેનું ગમતું કરવા મળે છે તેનો આનંદ છે. સમાજ પણ તેની કમાણી કે ડિગ્રી અંગે વિચારી તેના આધારે તેને ઊંચી કે નીચી નજરે નથી જોતો.

વ્યક્તિ કઈ કારમાં અને તેમાં પણ ક્યા મોડેલમાં ફરે છે તે જોઈ તેના આધારે તેને ઓછું વત્તું માન નથી અપાતું. અમેરિકા, યુરોપ અને ચીનમાં તમારા પ્રોજેક્ટમાં, તમારામાં અને તમારા પ્રોજેક્ટમાં રોકાણ કરનારા મળી જશે. તમારી તરંગી સર્જન કલ્પનાને સ્ટાર્ટ અપના મોડેલ તરીકે આદર મળશે. તમને તમારા માર્કસ કે ડિગ્રીથી કોઈ જજ નહિ કરે પણ તમારા જે તે વિષયના વ્યવહારુ જ્ઞાન કે તેની માર્કેટની સંભાવનાની રીતે મુલવાશે. હા, માત્ર જુગાડ નહિ ડિગ્રી ન હોય તો પણ જરૂરી થિયરી કે પ્રેક્ટિકલ સર્ટિફિકેટ કોર્સની સજ્જતા કે અગાઉ જણાવ્યું તેમ તેની એપ્લિકેશનની સમજ અનિવાર્ય છે. ભારતમાં પણ હવે આવું કલ્ચર અને જનદ્રષ્ટિ વિકસતી જાય છે.

એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટ સહિતની ભારતની લગભગ તમામ ક્ષેત્રની ટોચની કંપનીઓ એવી ફરિયાદ કરે છે કે નાછૂટકે અમે કર્મચારીઓની ભરતી તો કરીએ છીએ પણ અમારે અમારી કંપનીને વિશ્વની ટોચની કંપનીઓની હરોળમાં લઈ જવી છે તેવા જે પણ અમારા

લક્ષ્યાંકો છે તેને પાર પાડવા સક્ષમ ટેલેન્ટેડ ઉમેદવારો નથી મળતા. તેઓ પાસે વજનદાર માર્કશીટ કે બેન્ડ સાથેની ડિગ્રી છે પણ પ્રોડક્ટ કે સર્વિસ સેક્ટરના આધુનિક કનસેપ્ટથી અનુસ્નાતકો સજ્જ અને સ્પષ્ટ નથી. તેમના અભ્યાસક્રમમાં ઉદાહરણ તરીકે મૌલિક પ્રોજેક્ટ કે લેબ વર્કનો અનુભવ નથી. ક્લાસ રૂમ અને ગોખણપટ્ટીનું જ મહત્ત્વ છે. તો વિદ્યાર્થી મિત્રો, તમે સમજી ગયા ને કે તમારે પરીક્ષામાં છવાઈ જવાનો ધ્યેય રાખવા કરતા જોબ, વ્યવસાય અને ધંધામાં તમે કઈ રીતે ખીલી ઊઠો તેમાં પારંગત બનવાનું છે.

ટેકનોલૉજીની વાત કરીએ તો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો આંતરરાષ્ટ્રીય હરોળનો અભ્યાસક્રમ નથી. અર્થતંત્ર, મેનેજમેન્ટ, કાયદા અને તબીબ જેવા તમામ અભ્યાસક્રમમાં આ લાગુ પડે છે. ભારતની કંપનીને વિશ્વની ટોચની ૧૦ કંપની જેવું બનવું છે કે કોઈ હોસ્પિટલને આવો દરજ્જો મેળવવો છે પણ તે સ્તરના અનુસ્નાતકો કે તબીબી ડિગ્રી ધારીઓ મળતા નથી. તેઓ તે માટે વિદેશ અભ્યાસક્રમ કે સંશોધન, પીએચ. ડી. માટે જાય છે અને તે પછી ત્યાં જ સ્થાયી થઇ જાય છે. વિદ્યાર્થી અને શિક્ષણ જગતે સાથે મળીને આ બાબતે મનોમંથન કરવાની જરૂર છે. વિદ્યાર્થીઓએ આ માટે થિયરી ઉપરાંત પ્રેક્ટિકલ પર તેની પોતાની રીતે ધ્યાન આપવું જોઈએ. તે પોતે વિષયને અન્ય વિદ્યાર્થીઓના સમુહને સમજાવી શકે તે રીતે તેણે પ્રેક્ટિસ કરાવી જોઈએ. શાળાની લેબ અને લાઈબ્રેરીનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ.

વિષય માટે મજા પડી જાય કે દિલચશ્પી જાગે તેવું વાતાવરણ મનોમન રચવું પણ જરૂરી છે. વિદ્યાર્થીએ વિચારવું જોઈએ કે હું દેશ માટે કોઈ એવું સંશોધન કે પ્રોડક્ટ આપું, પેટન્ટ રજિસ્ટર કરાવું. પ્રેરણાત્મક હસ્તીઓના જીવન ચરિત્રના પુસ્તકો વાંચી શકાય.

ધારો કે કોઈ વ્યક્તિની યાદશક્તિ એવી તેજ હોય કે તે બ્રહ્માંડના ગ્રહોના અંતર, ન્યુટનના જન્મસ્થળ અને શાળાનું નામ, હલદીઘાટીનું યુદ્ધ કઈ સાલમાં થયું હતું, સોક્રેટીસના શિષ્યોની યાદી, ૧૯૮૨મા લાંબા કુદકાનો ગોલ્ડ મેડલ કોણે જીતેલો કે બંધારણની કેટલામી કલમ કોના પરની તે કહી બતાવે તો પણ તે ઈન્ટરવ્યું દરમિયાન ગોખણ જ્ઞાન ધરાવે છે તે પુરવાર થઇ જશે.

હેતુપૂર્ણ ઉદ્દેશ માટે યાદશક્તિ તીવ્ર હોય કે તમારૂ ક્ષેત્ર એવું હોય કે તેમાં તે તમને ઝળકવામાં મદદ કરે તો આ શક્તિ સોના કરતા પણ મુલ્યવાન છે પણ જો તે યાદ્શક્તિનો ડેટા તમે આચરણમાં કે એપ્લિકેશનમાં ન લાવો તો નિરર્થક છે. કોહલીને વિજય મર્ચન્ટ કે વેંગસરકરના આંકડા પૂછો... તેને તે નહી ખબર હોય. ક્રિકેટર બનવા તે રેકોર્ડ તેના માટે જરૂરી નથી. હા... ક્રિકેટના આંકડાશાસ્ત્રી બનવું હોય તો તે જરૂરી છે .

કોઈ ડોક્ટરને ભારતના કે અમેરિકાના ચોથા રાષ્ટ્રપતિનું નામ યાદ કરવા કરતા તેના ક્ષેત્રનું વાંચવું જોઈએ. તો ચાલો કારકિર્દીનું ઘડતર જે તે જોબની સજ્જતાથી કરો.

એમ-૭૦૪, સર્જન ટાવર, સુભાષચોક પાસે,
મેનગર રોડ, અમદાવાદ. મો.નં. ૯૮૯૮૯૮૮૦૧૪



3 સમયની સાથે બદલાવું પડે અથવા સમયને બદલવો પડે

- પુલક ત્રિવેદી

જલન નહીં લગનથી જ્યારે કામ થાય ત્યારે તેનું ઉત્તમ પરિણામ મળે.

ક્યોં ડરે કી જિંદગી મેં ક્યાં હોગા,
હર વક્ત ક્યું સોચે કી બુરા હોગા,
બઢતે રહે મંજીલ કી ઔર હમ,
કુછ ન મિલા તો ક્યા,
તજુર્બા તો નયા હોગા...

વ્યક્તિ ક્યારેય નબળો હોતો નથી. વ્યક્તિ હંમેશાં સબળો હોય છે. સમય જ નબળો હોય છે. જ્યાં સુધી પોતાની મુશ્કેલીઓ અને તકલીફોનું કારણ બીજું કોઈ છે એવું માનવામાં આવે ત્યાં સુધી પોતાની કોઈ પણ સમસ્યાનો અંત લાવી શકાતો નથી. એક વાત સ્પષ્ટ રીતે સમજી લેવી પડે કે, જગતમાં જ નહીં બલકે, અખિલ બ્રહ્માંડમાં વ્યાપ્ત તમામ ઐશ્વરીય શક્તિઓ આદિ અનાદિ કાળથી આપણી પોતાની તો છે. પરંતુ તકલીફ ત્યારે પડે કે, જ્યારે આપણે પોતે જ આપણી આંખો ઉપર હાથ મૂકી દઈને ખૂબ અંધારું છે એવી બુમો પાડતાં રહીએ છીએ.

નિષ્ફળતા માટે બીજી વ્યક્તિનો હાથ કે અસમર્થ હોવાનો દોષ કાઢીને બેસી ન રહેવાય. કોઈપણ પરિસ્થિતિમાં સતત-અવિરત આગળ વધવામાં અને ચાલતા રહેવાની જ મજા છે. આપણી પાસે બે જ વિકલ્પો છે, સમયની સાથે બદલાવું પડે અથવા સમયને બદલવો પડે. ચોઈસ ઈઝ યોર્સ. જ્યારે મુસીબતોથી દૂર ભાગવાની કોશિશ કરશો ત્યારે એક નવી મુસીબત મોઢું ફાડીને સામે ઊભી જ હશે. જીવનમાં હંમેશાં એક પછી એક નવી ચેલેન્જીસ આવતી જ રહેવાની. એનો મક્કમતાથી મુકાબલો કરતાં જ રહેવું પડે. જીવનની નક્કર વાસ્તવિકતા પણ આ જ તો છે. એક શાંત અને સુંદર સમુદ્રમાં કુશળ નાવિક ક્યારેય તૈયાર ન થઈ શકે. ભયાનક લહેરો અને તોફાની તાંડવ કરતા સમુદ્રની વચ્ચે જ નાવિકના કૌશલ્યનું નિર્માણ થતું હોય છે.

અભ્યાસ કાળ દરમિયાન તેમ જ જીવનમાં કોઈપણ તબક્કે કોઈપણ વાતની જલન ન હોવી જોઈએ. બળતરાથી ક્યારેય સારૂ પરિણામ મળતું નથી. જલન નહીં લગનથી જ્યારે કામ થાય ત્યારે તેનું ઉત્તમ પરિણામ મળે છે. પોતાના કામ અને વિચાર ઉપર સંપૂર્ણ ભરોસો હોય તો નિશ્ચિંતપણે સારા પરિણામથી સફળતા મળતી હોય છે. જીવનની ઘટમાળમાં ઉતાર ચઢાવ આવતાં જ હોય છે, પરંતુ આ ઉતાર ચઢાવને યોગ્ય રીતે સમજવાની શક્તિમાં સફળતાનો રાઝ છુપાયેલો હોય છે. જ્યારે કોઈ વિચારને હાથ પર લેવામાં આવે ત્યારે પોતાની જાત સાથે કેટલી અડગતાથી સંવાદ કરો છો એની ઉપર લક્ષ્યપ્રાપ્તિ અવલંબિત હોય છે. વ્યક્તિ લક્ષ્ય પ્રાપ્તિ માટે પોતાની જાત સાથે જે સંવાદ કરતો હોય છે, તે મહદ્‌અંશે સાચો સાબિત થતો હોય છે.

મજબૂત મનોબળની પાયાની શરત ક્યારેય ન ભુલવી જોઈએ. મજબૂત મનોબળવાળી વ્યક્તિની છ મહત્ત્વપૂર્ણ ખાસિયતો હોય છે. પહેલી વાત કોઈપણ પરિસ્થિતિ કાયમી હોતી નથી તેવી માનસિકતા સાથે સદાય આગળ વધવાની એની તમન્ના હોય છે. બીજું કોઈપણ વિપરિત પરિસ્થિતિમાં આવી વ્યક્તિ પોતાના મન ઉપરનો કાબુ ગુમાવતો નથી. ત્રીજું જ્યારે પણ કાર્યના અમલીકરણમાં કોઈ ભૂલ થાય તો તેનો ખુલ્લા મને આવા લોકો સ્વીકાર કરતાં અચકાતા નથી. ચોથું અન્યને પોતાના કાર્યમાં જોડીને એમને મદદ કરવાની ભાવના આ લોકોમાં બળવત્તર હોય છે. પાંચમું થોડીક સફળતા મળ્યા પછી આવા લોકો સફળતાનો ઉન્માદ અને આનંદમાં પડ્યા વગર સતત કાર્ય કરતાં રહે છે. છઠ્ઠું આ લોકો સમયપાલનના ચૂસ્ત આગ્રહી હોય છે.

એક વાત સ્પષ્ટપણે સમજી લેવી પડે કે, જીવનમાં તકલીફો વ્યક્તિને બરબાદ કરવા માટે કે તહસ-નહસ કરવા માટે આવતી જ નથી. તકલીફો તો વ્યક્તિમાં પડેલા

સામર્થ્યને ઉજાગર કરવા આવે છે. મુશ્કેલીઓ વ્યક્તિમાં પડેલી અસીમ સંભાવનાઓને બહાર લાવવામાં મદદ કરે છે. મુશ્કેલીઓને પણ ખબર પડવી જોઈએ કે, તમે એના કરતાં વધારે મજબૂત છો.

આપણા મનમાં જે બનવાની તમન્ના હોય એ ક્યારેય ઓછી થવી ન જોઈએ. જેના માટે હૃદયમાં તડપ છે એ ક્યારેય તસુભાર પણ ઓછી ન થવી જોઈએ. એવા લોકો નજર સામે હોવા જોઇએ કે, જે સફળ થઈ ચૂક્યા છે. તમે જેમના જેવા બનવાની તમન્ના મનોમન કરી રહ્યા છો એને જૂઓ. અવસર મળે તો એમની સાથે વાત કરો. એનાથી નુકસાન તો કંઈ છે જ નહીં, બલ્કે ફાયદો છે. બે-ચાર સારી 'ટીપ્સ' મળી જાય. જીવનને કોઈ સાચો રાહ દેખાઈ જાય. કદાચ એ 'પળ' જીવનનો 'ટર્નિંગ પોઈન્ટ' બની જાય.

મુળ વાત તો એ છે કે, વિકસવાની આદત પડવી જોઈએ. આગલી પળે જે હતા તે અત્યારની પળે નથી એનાથી એક ડગલુ આગળ વધ્યા છો એવો જાગૃત અહેસાસ થાય એ અગત્યનું છે. ગઈકાલ કરતાં આજે બે ડગલાં આગળ ચાલ્યા છીએ એવો સંતોષ પ્રતિદિન થવો જોઈએ. રોજે રોજ કંઈક 'ચેલેન્જિંગ' બનવું જોઈએ. જીવનમાં સતત સુખ અને સવલત હોય તો એ બોરીંગ લાગે. સંઘર્ષ ન હોય, કોઈ તકલીફ ન પડે, માગો અને વિચારો એ ફટાફટ મળી જાય એવા 'કમ્ફર્ટ ઝોન' થોડા સમયમાં જ કંટાળાજનક અને પીડાદાયક લાગે.

પ્રતિભા જન્મે નહીં, પ્રતિભા તો કેળવાતી હોય છે. પ્રત્યેક પળને ગમતા કાર્યો સાથે જોડીને જીવનને ઘડવુ પડે. માનવી માતાના ગર્ભથી માંડીને જીવનના છેલ્લા શ્વાસ સુધી કંઈક શીખવાની તમન્ના સાથે જીવતો હોય છે. પ્રતિભાનું ઘડતર એક એક પળને જોડીને થતું હોય છે. તત્વચિંતક રિચાર્ડ બેન્ડલર કહે છે કે, માણસની સૌથી મોટી વ્યક્તિગત મર્યાદા એ જે કરવા માગે છે અને નથી કરી શકતા એ નથી, પણ માણસ જે કરી શકે છે એ દિશામાં એણે વિચાર્યું નથી એ એની મોટી મર્યાદા છે.

પરિવર્તન માટે હૃદયમાંથી અવાજ આવતો હોય છે. પરિવર્તન માટે એક નાનકડું પગલું મોટું કામ કરી જતું હોય છે. આસપાસ બનતી અસંખ્ય ઘટનાઓમાંથી એકાદ ઘટના જીવનમાં નવા દ્વાર ખોલી નાખતી હોય છે. ભારતના દક્ષિણ ખૂણે તામિલનાડુના નાનકડા ટાઉનમાં એક ૧૭ વર્ષનો યુવાન રહે. આકાશ એનું નામ. એણે આસપાસ હાર્ટ એટેક આવતાં ભયંકર પીડા ભોગવી ગુજરી ગયેલા બે-ત્રણ કિસ્સા જોયા. અગિયારમાં ધોરણમાં ભણતો આકાશ વ્યથિત થઈ ગયો. મનોમન એણે વિચાર્યું કે હાર્ટ-એટેક આવે એના થોડા સમય પહેલા એનો અંદાજ આવે તો ઝડપથી ઉપચાર શરૂ થઈ શકે. વ્યક્તિનો જીવ પણ બચી જાય. નાનકડા આકાશે મોટો વિચાર અમલમાં મુકવા સંશોધન કાર્ય શરૂ કર્યું. એણે સાઈલન્ટ હાર્ટ એટેક ડિટેક્ટ કરતું એક સ્ક્રીન પેસ ડિવાઈસ તૈયાર કર્યું. એના આ નવતર ડિવાઈસને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જીવન બચાવતી અમૂલ્ય શોધ તરીકે નવાજવામાં આવી. ભારતના મહામહીમ રાષ્ટ્રપતિજીએ આકાશને નવી દિલ્હી રાષ્ટ્રપતિ ભવનમાં બે સપ્તાહ રહેવા માટે બોલાવ્યો.

આકાશ જેવા ભીડથી અલગ હટીને ચાલનારા લોકો સમાજને અને દુનિયાને નવો માર્ગ બતાવી શકે છે. ૧૭ વર્ષનો આકાશ રોજ-બરોજની ઘટમાળની વણઝારમાંથી જરા હટકે ચાલ્યો. સમાજ માટે એક નવી વાત લઈને ઉભરી આવ્યો. આપણે મનમાં પીડા અનુભવીએ, હૃદયમાં ક્યારેક ચચરાટનો અનુભવ કરીએ છીએ પણ આ પીડા અને ચચરાટ ભવિષ્યમાં નવા પરિવર્તનો સાથે સરસ રીતે ઊગી નીકળે છે. સહન કરેલું કષ્ટ ક્યારેય એળે જતું નથી.

કંઈક અલગ વિચારવાવાળો આગળ નીકળતો હોય છે.

એવી જ એક વાત માલવ સંઘવીની છે. લંડનની કોલેજ ઓફ આર્ટ એન્ડ ઈમ્પિરિયલ ડિઝાઈન ઈનોવેશનની દાદુ કૉલેજ ગણાય. આ કૉલેજમાં માલવ સંઘવી નામનો એક યુવાન અભ્યાસ કરે. માલવે એના કૉલેજમાં આપવામાં આવતા પ્રોજેક્ટ માટે આઉટ ઓફ બોક્સ સંશોધન કરવાનું વિચાર્યું. ગરીબોના જીવનને નજીકથી જોનારા માલવે નજીવી કિંમતમાં કાર્ડ બોર્ડ ઈન્ક્યુબેટર બનાવવાનું કામ હાથ ઉપર લીધું. અને એ સફળ પણ થયો. ગરીબ પરિવારના લાખો લોકો માટે આ વાત આશીર્વાદરૂપ બની. યુવાન માલવ આ સસ્તા કાર્ડ બોર્ડ ઈન્ક્યુબેટર ગરીબ દેશો સુધી પહોંચાડવા માગે છે.

ડો. એ. પી. જે. અબ્દુલ કલામ આઉટ ઓફ બોક્સ થીંકિંગ વિશે કહેતા કે, વરસાદની મોસમમાં બધા પંખીઓ છતની નીચે આશરો શોધવા ફાંફાં મારતા હોય છે ત્યારે ગીધ પાણી વરસાવતા વાદળોની ઉપર ઊડે છે. વરસાદ વરસાવતા સ્ત્રોતની પણ ઉપર ગીધ પહોંચે છે એટલે એને વરસાદના પાણીથી ભીંજાવાનો ડર નથી રહેતો. જે ઘટના બધા માટે એક સરખી પીડાદાયક હોય ત્યારે તેમાંથી નવો માર્ગ શોધવા જુદું વિચારવાની આવશ્યકતા હોય છે. તત્વચિંતક મિલિયોનિયર જોન ડી. રોકફેલર એના અનુભવને વર્ણવતા કહેતા કે, મેં હંમેશાં મુસીબતોને અવસરમાં પલટાવી છે. બદલાવ અનિવાર્યતાની પીઠ ઉપર સવારી કરીને નથી આવતો. પરિવર્તન નિરંતર સંઘર્ષથી આવે છે. કોઈ વ્યક્તિ કે સમયની રાહ જોવાથી બદલાવ નથી આવતો. આપણે જ એ વ્યક્તિ છીએ કે જે પરિવર્તનનો પ્રાણ છે. આપણે જ બદલાવ લાવવા ટોળાની ચાલથી અલગ હટીને આગવી ચાલ ચાલવાની છે.

ચેન્નાઈના આર. પ્રધાનંદને યાદ કરવો પડે. એના મિત્રો મોજ કરતા ત્યારે આ યુવાન સખત પ્રેક્ટિસ કરતો. લોકોના પ્રવાહમાં ન વહેતા અલગ રીતે મહેનતથી પ્રધાનંદે વર્ષ ૨૦૧૩માં 'અંડર એઈટ બોયઝ વર્લ્ડ યૂથ ચેમ્પિયનશીપ' જીતી લીધી હતી. વર્ષ ૨૦૧૫માં અંડર-૧૫ પણ એ જીતી ગયો. પ્રધાનંદ વિશ્વનો સૌથી નાનો ઈન્ટરનેશનલ ગ્રાન્ડ માસ્ટર છે. કદાચ એ દુનિયાનો સૌથી નાનો ગ્રાન્ડ માસ્ટર પણ ભવિષ્યમાં બની જાય તો નવાઈ નહીં. પ્રધાનંદ જેવા લોકો આઉટ ઓફ બોક્સ જઈ પરિવર્તન સર્જનારા મહારથી હોય છે.

જે લોકો બદલાવ લાવવા ભીડથી અલગ નથી ચાલતા તે લોકો વિકાસ નથી પામી શકતા. જો આપણે વિકસી નથી શકતા તો આપણે જીવતા નથી માત્ર શ્વાસ લઈ રહ્યાં છીએ. દુનિયામાં સેંકડો અજાણ્યા નામો એવા છે કે, જેમણે અલગ રીતે વિચારીને પરિવર્તનની નવી દિશા ખોલી છે. ભીડને ચીરીને શાનથી જે લોકો બહાર આવ્યા છે એમણે, દુનિયાને વધુ બહેતર બનાવવા નવું સંશોધન કર્યું છે. સૌથી વધુ બુદ્ધિશાળી અને મૂર્ખ વ્યક્તિ ક્યારેય બદલાવ નથી લાવી શકતા. દુનિયા પરિવર્તનને હંમેશાં નફરત કરી સ્વીકારતી નથી, પણ પરિવર્તન જ એક માત્ર એવી બાબત છે જેનાથી દુનિયાનો વિકાસ થયો છે. પ્રગતિ સારો શબ્દ છે પણ પરિવર્તન એનું પ્રેરકબળ છે. બદલાવ અનિવાર્યતાની પીઠ પર સવારી કરીને નથી આવતો. પરિવર્તન નિરંતર સંઘર્ષથી આવે છે. કોઈ વ્યક્તિ કે સમયની રાહ જોવાથી બદલાવ નથી આવતો. બદલાવ લાવવા આગવી ચાલ અપનાવવી પડે.

દરેક ઘટનામાં સાનુકૂળ તત્વ શોધવા મનને કેળવવું પડે. સામાન્ય રીતે આપણે એવા જ હોઈએ છીએ જેવું આપણે વિચરતાં હોઈએ છીએ. જ્યારે હકારાત્મક વિચારોની તાકાતનો અનુભવ થાય ત્યારે નકારાત્મકતાનું કોઈ સ્થાન રહેતું નથી. વિચારોના ઊંડાણની અને વ્યાપની સમજ પડવા માંડે પછી ગમે તેવી મુશ્કેલીની વેલોસિટી તદ્દન ઓછી થઈ જાય. એકવાર મનની વૈચારિક તાકાતની સમજ પડે અને એનો સુયોગ્ય ઉપયોગ થાય પછી જીત નક્કી હોય છે. હકારાત્મક વિચારો એ મનની સાચી શક્તિ છે. જ્યારથી હકારાત્મક વિચારો દ્વારા મનની શક્તિનો ઉપયોગ થવા માંડે ત્યારથી જીવનમાં બદલાવ આવવા લાગે. બુધ્ધ કહે છે કે, આપણું જીવન એ આપણાં મનનું સર્જન છે. મનને એવું કેમ ન કેળવી શકાય કે, 'મારું વ્યક્તિત્વ શાનદાર અને જાનદાર છે. હું ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ માર્ગ શોધીને આગળ વધીશ.'

મનની વિવિધ સાત પ્રકારની કક્ષા હોય છે. જેમાં

સૌથી નકારાત્મક કક્ષા એવી હોય છે કે, જ્યારે અંદરથી એવો જવાબ આવે કે 'આ કાર્ય હું નહીં કરું.' જે પણ વ્યક્તિ કાર્યના આરંભ કરતાં પહેલાં નકારાત્મક વલણથી એમ કહે કે આ 'હું નહીં કરું' એ સૌથી ખરાબ મનઃસ્થિતિની ગવાહી આપે છે. આનાથી પણ વધારે ગંભીર બાબત એ છે કે, જ્યારે વ્યક્તિ મનોમન એમ વિચારે કે 'આ હું નહીં કરી શકું.' આ પ્રકારની નકારાત્મક મનઃસ્થિતિ ગંભીર એટલા માટે કહી શકાય કે, આવી અવસ્થામાં વ્યક્તિને પોતાની જાત ઉપર વિશ્વાસ નથી. આનાથી લગોલગ બીજી એક એવી પણ અવસ્થા છે કે જેમાં મન એવું વિચારવા લાગે કે, 'હું આ કેવી રીતે કરીશ ?' આ પરિસ્થિતિમાં થોડીક સારી નિશાની એ પણ છે કે, કામ કરવા માટે ઇચ્છાશક્તિ દેખાય છે. સારી મનઃસ્થિતિ એ છે કે, મનમાં વિચાર આવે કે, 'હું આ કામ કરવાની કોશિશ કરીશ'. જ્યારે મન એમ કહે કે, 'હું આ કરી શકીશ' એ ઊર્ધ્વગામી અવસ્થા છે. એનાથી પણ વધુ સારી અવસ્થા એ છે કે, 'આ હું કરીને જ રહીશ.' છેલ્લી અને સૌથી મન અને હૃદયને તૃપ્ત કરી દેતી અવસ્થા એ છે કે, અંદરથી એવો જવાબ આવે કે, 'મેં આ કામ કરી લીધું.' આ સાત પગલાંનું આત્મચિંતન વ્યક્તિના જીવનમાં રંગો ભરી દે છે.

સકારાત્મક વિચારો વિનાની જિંદગી ખોખલી હોય છે. અશાંત અને દિશા વિહિન જિંદગીના અંધકારમાં સકારાત્મક વિચારોની શક્તિનું આશાનું કિરણ પ્રકાશ ફેલાવે છે. બે હાથ પહોળા કરીને જીવનને મોજથી માણવાનું સ્મિત જ જીવનનું ઉમંગભર્યુ સંગીત હોય છે. વિચારો મનુષ્યની પોતાની ઉપજ હોય છે અને એટલા માટે જ મનુષ્યે સ્વયં જ નક્કી કરવું પડે કે, સકારાત્મક વિચારો સાથે સફળ બનવું છે કે, નકારાત્મક વિચારોના સથવારે નિર્બળ બનવું છે.

હકારાત્મક વિચારોના પાયામાં આશા અને વિશ્વાસ હોય છે. નકારાત્મક વિચારોની નકારાત્મકતા સકારાત્મક વિચારોની શક્તિથી પરાસ્ત થાય. સકારાત્મક વિચારો માટેનું પ્લેટફોર્મ મન છે. મન નિયંત્રણમાં રહેવુ જોઈએ. જ્યારે મન ઉપરથી નિયંત્રણ ગુમાવીએ છીએ ત્યારે પાયલોટ વિનાના પ્લેનની જેમ દૂર્ઘટનાગ્રસ્ત થવાનું નક્કી છે. મન તમારું છે, સકારાત્મક વિચારોથી એને સોનું બનાવવું છે કે નકારાત્મક વિચારોથી લોઢું એ તમારે નક્કી કરવાનું છે. સકારાત્મક વિચારો વિનાની જિંદગી ખોખલી હોય છે. અશાંત અને દિશાવિહિન જિંદગીના અંધકારમાં સકારાત્મક વિચારોની શક્તિ, આશાનું કિરણ જન્માવે છે.

સામાન્ય રીતે ઘણાં લોકો એમ કહેતા હોય છે કે, હું 'ગમે એટલી મહેનત કરીશ, મને આનું પરિણામ તો નહીં જ મળે. હું જેની માટે આટલી બધી કુરબાની આપી રહ્યો છું પણ એ મને સાચી રીતે નહીં જ સમજે...' આવા ડાયલોગ મારીને આગળ વધવાનો પ્રયાસ ન કરીને પલાયનવાદને પ્રોત્સાહન આપવાની જરૂર નથી. 'મરતી વખતે સીઝર જેવા મહારથીનો જનાજો બે હાથ ખુલ્લા રાખીને નીકળ્યો હતો.' આવું કહેવાવાળા કામચોર, આળસુ અને થર્ડ કેટેગરીના લોકો હોય છે. એક વાત સમજી લેવી પડે કે, પતંગનો જન્મ જ આસમાનમાં ઊડવા માટે થયો છે. પતંગનું ડેસ્ટીનેશન આકાશમાં ઊડવાનું હોય. એનો અંત તો કપાઈને કે ફાટીને કચરાના ઢગલામાં જ છે, પણ કપાવાની કે કચરામાં પડવાની ચિંતા સાથે પતંગનો જન્મ થતો નથી.

જે કોઈ પણ ક્ષેત્ર પસંદ કરીએ એ ક્ષેત્રમાં સૌથી ઉપર બેસવાની તમન્ના રાખવી જોઈએ. ક્ષેત્રના શ્રેષ્ઠ માણસો સાથે રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. શિખર પર બેઠેલા લોકો સાથે બેસવાથી મન અને હૃદય કેળવાય છે. મારે પણ આજે નહીં તો કાલે એક દિવસ આ શિખર પર બેસવાનું છે, એવા નક્કર વિચારોના મૂળીયાં નંખાવા જોઈએ. મારે પણ ખતમ થવાનું છે અને બીજાએ પણ એક દિવસ ખતમ થવાનું છે પછી શા માટે ખોટી હાય-વોય કરવી ? એવી માનસિકતાવાળા લોકોથી હંમેશા બચતા રહેવું જોઈએ. આવા લોકો, કેન્સર જેવા છે. ન પોતે આગળ વધે, ન બીજાને આગળ વધવાની પ્રેરણા આપી શકે. વેપાર કરો તો સંબંધિત ક્ષેત્રના શ્રેષ્ઠ વેપારી સાથે બેસવાનું રાખો. વ્યવસાય કરો કે નોકરી કરતા હોવ કે પછી અભ્યાસ કરતા હોવ, શિખર પર બેઠેલા વ્યક્તિ સાથે સંપર્ક રાખવાની દ્રષ્ટિ કેળવવી જરૂરી છે.

જે લોકો એમ કહે કે, વધારે ભણીને ઊંચા પદની

નોકરી કરીને વધુ ધનદોલત લઈને શું કરવું છે? આખરે તો એક દિવસ ખાખમાં જ મળવાનું છે ને ? આવા લોકો અત્યંત ખતરનાક આડઅસર પેદા કરતાં હોય છે. આવા લોકો આખા સમાજમાં નકારાત્મકતાનું નરક ફેલાવે છે. આવા લોકોને કહેવુ પડે કે ભાઈ, તું મહેનત કરવાનું ચાલું રાખ. તું જે વધારે સમજે છે એવા તારા વધારાના રૂપિયા દાનમાં આપવાનો વિકલ્પ છે તારી પાસે. માઈક્રોસોફ્ટ કંપનીના બીલ ગેટ્સે તેની સંપત્તિ દાનમાં આપવા પણ પુરુષાર્થ, મહેનત અને શ્રેષ્ઠતા સાઈડ પર ન મૂકી. વોરેન બફેટ, હિન્દુસ્તાનના અજીમ પ્રેમજી, ફેસબુકવાળો તરવરીયો યુવાન માર્ક ઝકરબર્ગ કેટ કેટલા મજબૂત દાખલાઓ છે કે, જેમણે કામની ગતિને ઓછી ન કરી અને જરૂરતથી વધારે સંપત્તિ સમાજના ઉત્કર્ષ માટે દાનમાં આપવા અલગ તારવી છે.

વિચાર એ કરવાનો રહે કે, જેટલી યોગ્યતા અને ક્ષમતા છે અને જેટલી સફળતા મળવી જોઈએ, તેટલી સફળતા મળી છે ખરી? જો આ પ્રશ્નનો જવાબ 'હા'માં મળે છે, તો એ વ્યક્તિ માનસિક રીતે બિમાર છે. સફળતા માટે તો આકાશ પણ ઓછું પડે. આ તો એવી વાત થઈ કે, ૧૦ કિલોમીટર દોડવાની તાકાત છે પણ ૨ કિલોમીટર દોડીને ઊભા રહી જવાય. પાછળ જોઈએ તો અડધા કિલોમીટર દોડીને હાંફી ગયેલો અને ઊભો રહી ગયેલો વ્યક્તિ પણ છે. એના કરતાં તો બે કિલોમીટર દોડેલો વ્યક્તિ આગળ છે જ. પાછળ ઉભેલા વ્યક્તિને જોઈને એનાથી તો આગળ છું એમ વિચારવું જ હોનારત સર્જનારી અને એર્લામિંગ પરિસ્થિતિ છે. આ પાછા પાડનારી માનસિકતા છે. એમાંથી બહાર આવવું પડે. જે જન્મ્યો છે તેણે મરવાનું છે, એ નક્કી છે, પણ મરતાં પહેલાં આસમાનમાં ઊડવાનું છે. પોતાની જાતને પ્રશ્નો પૂછવા પડે કે, જે ક્ષેત્રમાં છીએ એ ક્ષેત્રમાં શ્રેષ્ઠ બની શક્યા છીએ કે નહીં ? પૃથ્વી પર જન્મ શા માટે લીધો છે ? ધરતી પર બોજ બનવા માટે જન્મ લીધો છે કે પછી ટાઈમ પાસ કરવા માટે. સમયના વહેણની ઉપર હલેસા મારીને વર્ષો પસાર કરી રહ્યાં છીએ...!

ત્રણ કક્ષાના લોકો હોય. એક માત્ર ટકી રહેવા જેટલું જ કામ કરતાં હોય. જેને 'સર્વાઈવલ ગ્રેડ'ના એટલે કે, સાચવીને ચાલવાવાળા લોકો કહેવાય. બીજા એવા લોકો હોય કે, જે જરૂર જેટલી જ મહેનત કરે. થોડી પણ વધારે કે ઓછી મહેનત ન કરે. આવા લોકો 'પોઝીશન મેઈન્ટેઈનિંગ ગ્રેડ'ના એટલે કે પોતાનું સ્થાન જાળવી રાખવાની કક્ષાના હોય છે અને ત્રીજા એવા લોકો હોય છે કે, જે આવશ્યકતા કરતાં અને સરેરાશ કામ કરવાવાળા કરતાં ઘણાં આગળ હોય અને ઘણું વધારે કામ કરતાં હોય, આવા લોકો 'ટોપ ગ્રેડ'માં એટલે કે અવ્વલ કક્ષામાં આવતા હોય છે.

મહાન બનેલા પાંચ-સાત વ્યક્તિઓની આત્મકથા વાંચો તો દરેક આત્મકથાનું સારતત્વ એક સરખું જ લાગશે. એ બધાની શ્રેષ્ઠતા ભણી પહોંચવાની દોડના માર્ગમાં આવતી મુશ્કેલીઓ લગભગ એક સરખી જણાશે. પારિવારિક તકલીફો, મિત્રોની મજાક, સાથીઓની ખેંચતાણ વગેરે વગેરે પ્રશ્નો એક સમાન જ હોય. પણ સ્વરૂપ કદાચ જુદા હોય. વ્યક્તિની ઊંચાઈ આસપાસના લોકોની કક્ષા ઉપરથી નક્કી થતી હોય છે. મુસીબતો જીવનની સચ્ચાઈ છે. અમેરિકાના સૌથી લોકપ્રિય રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકનનું બાળપણ ખૂબ જ ગરીબીમાં વિત્યું. એવી જ રીતે ભારતના જાણીતા ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજની આર્થિક સ્થિતિ પણ અત્યંત નબળી હતી. નેલ્સન મંડેલા, કર્નલ એન્ડર્સ, વોલ્ટ ડિઝની જેવા ઘણા સફળ લોકોએ પોતાના જીવનમાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કર્યો છે. ગરમ ચાની ઉપર જામેલી તર જોઈ છે ને ! તરને ફૂંક મારો અને પછી મોજથી ચાનો ઘૂંટડો ગળા નીચે ઉતારો. મુસીબતોનું પણ એવું જ છે. ચા પર જામેલી તરને મારવામાં આવતી ફૂંકની જેમ મુસીબતોને ફૂંક મારો, એને દૂર હડસેલો અને પછી સફળતાની ગરમા ગરમ ચાની ચૂસકી મારો... શ્રેષ્ઠતા તરફ પહોંચવાની દોડના માર્ગમાં આવતી મુસીબતો જ જીવનની સચ્ચાઈ છે. લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે જરૂર છે, દમદાર સંકલ્પની. ઊડવા માટે પાંખો કરતાં વધુ જરૂર હોય છે દ્રઢ સંકલ્પની.

૫૩૩/૨, સૌરભ સોસાયટી,
સેક્ટર-૨૩, ગાંધીનગર.
મો. નં. 9978405835

૪ સફળ કારકિર્દી માટે યોગ્ય માર્ગદર્શન જરૂરી

- મૌલિક સોની

ચાલો આપણે એક પ્રશ્નથી શરૂઆત કરીએ.. શું આપણા જીવનમાં માર્ગદર્શક કે ગુરુની જરૂરીયાત હોય છે? કદાચ તમે વિચારતા હશો કે આ તો વળી કેવો પ્રશ્ન છે, જીવનમાં માર્ગદર્શક કે ગુરુની જરૂરીયાત તો હોય જ ને..!

દુનિયાની દરેક વ્યક્તિને જીવનમાં ક્યારેકને ક્યારેક તો યોગ્ય માર્ગદર્શન કે સાચી સલાહની જરૂર પડતી જ હોય છે, જેમ કે રણભૂમિમાં ઉભેલા શ્રેષ્ઠ ધનુર્વીર અર્જુન પણ પોતાના સંબંધી સામે જ યુદ્ધ કરતાં વિષાદ અનુભવતા હતા ત્યારે તેમને પણ યોગ્ય માર્ગદર્શનની જરૂર પડી હતી અને તેમને આ વિષાદમાંથી બહાર નીકળવા માટે શ્રીકૃષ્ણએ જ તેમને જરૂરી માર્ગદર્શન પૂરું પાડયું હતું. મહાન ક્રિકેટર સચીન તેંડુલકરને પણ પોતાનું ઉત્તમ કેરીયર બનાવવા માટે માર્ગદર્શનની જરૂર પડતી હતી અને તેઓ પોતાના ગુરુ એવા રમાકાંત આચરેકર પાસેથી માર્ગદર્શન મેળવતાં હતાં.

માર્ગદર્શક કોઈ પણ હોઈ શકે ? તે તમારા માતા-પિતા હોઈ શકે, તમારા શિક્ષક કે ગુરુ હોઈ શકે, કોઈ પુસ્તક હોઈ શકે, કે પછી કોઈ મિત્ર કે સંબંધી પણ હોઈ શકે. માર્ગદર્શક કોને બનાવવા? શું આ બાબતને લઈને દ્વિધામાં છો? તો આ રહ્યો તેનો ઉકેલ.. માર્ગદર્શક એ છે જેના વિચાર, વાણી, વર્તન અને વ્યવહારમાં સાતત્ય હોય.

જરા કલ્પના કરી જુઓ, કે તમે એક કાર ચલાવી હહ્યા છો અને તમે કોઈ અજાણી જગ્યાએ જઈ રહ્યા છો. તો વિચારો કે તમે શું કરશો? એ જ કે તમે કોઈને પૂછી-પૂછી ને આગળ વધતા રહેશો અને છેવટે તમે તમારા નિશ્ચિત સ્થાન પર પહોંચી જશો. કે પછી જો તમારી પાસે સ્માર્ટ ફોન હશે તો તમો તેમાં ગૂગલ-મેપમાં જી.પી.એસ કરીને તમારા નિશ્ચિત સ્થાન પર પહોંચી જશો.. ખરૂ ને..! બસ આ જ પ્રમાણે તમારે જીવનમાં કોઈપણ ધ્યેય પ્રાપ્ત કરવો હોય તો યોગ્ય માર્ગદર્શન ખૂબ જ જરૂરી છે.

યાદ રાખો, યોગ્ય માર્ગદર્શન એ એક એવું પ્રેરણાત્મક પરિબળ છે જેના દ્વારા કોઈપણ વ્યક્તિ પોતાની ઉત્તમ કારકિર્દી બનાવી જ શકે છે. દુનિયાની દરેક સફળ વ્યક્તિએ યોગ્ય માર્ગદર્શન દ્વારા જ ઉત્તમ સફળતા મેળવી હોય છે, જેમ કે આપણે અગાઉ ચર્ચા કરી તેમ મહાન બેટ્સમેન એવા સચીન તેંડુલકરે પોતાના ગુરુ એવા રમાકાંત આચરેકર પાસેથી ક્રિકેટનું માર્ગદર્શન મેળવ્યું. સ્વામી વિવેકાનંદ પોતાના બળપણમાં ખૂબ જ તેજસ્વી હતા છતાં પોતાના ભવિષ્યને લઈને તેઓ અનેક મુંઝવણોથી ઘેરાયેલા હતા પણ શ્રી રામકૃષ્ણ પરમહંસ પાસેથી મેળવેલ આધ્યાત્મિક જ્ઞાનરૂપી માર્ગદર્શનથી જ તેમના જીવનમાં એક સકારાત્મક વળાંક આવ્યો. ભારતીય ક્રિકેટ ટીમના સૌથી સફળ કપ્તાન એવા મહેન્દ્રસિંહ ધોનીએ કેશવ રંજન બેનર્જી પાસેથી ક્રિકેટના પાઠ શીખ્યાં. ટેનિસ જગતના ભારતના સૌથી સફળ મહિલા ખેલાડી એવા સાનીયા મિર્ઝાએ પોતાના પિતા ઈમરાન મિર્ઝા પાસેથી ટેનિસનું માર્ગદર્શન મેળવ્યું. છત્રપતિ શિવાજી મહારાજને તો આપણે સૌ જાણીએ જ છીએ, તેઓએ પોતાના ગુરુ એવા સ્વામી રામદાસ પાસેથી જ એક ઉત્તમ યોધ્ધા બનવાનું માર્ગદર્શન અને તાલીમ મેળવી અને તે દ્વારા જ તેઓ એક મહાન યોધ્ધા અને ખૂબ જ લોકપ્રિય રાજા બન્યા.

તો હવે તમે પણ કોઈ એક માર્ગદર્શક નક્કી કરી લો અને તમને સતાવતી સમસ્યા વિશે ચર્ચા કરી જુઓ, તમારી સમસ્યાનો ઉકેલ મળી જ જશે કે પછી તમારી સમસ્યા હળવી તો ચોક્કસ થઈ જ જશે.

અહી જીવનપરિવર્તક માર્ગદર્શનરૂપી કેટલીક શ્રેષ્ઠ બાબતો દર્શાવી છે, જે આપને આપની સફળ કારકિર્દી ઘડવા માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

એક ઉત્તમ ગુરુ-માર્ગદર્શક રાખો, નિષ્ફળતાને પચાવતા શીખો અને ભૂલોમાંથી પાઠ શીખો, પોતાની જાતને પ્રેમ કરો, વિનમ્ર વ્યક્તિત્વ કેળવો, તમારું ધ્યેય નક્કી કરો, કાયમ શીખતા રહો-એક વિદ્યાર્થી બનીને રહો, વધારે સાંભળો, આતુરતા કેળવો અને પ્રશ્નો પૂછો તેમજ પુસ્તકો વાચવાની ટેવ કેળવો.

શું આપને લાગે છે કે આમ કરવાથી આપ આપની કારકિર્દી સફળ બનાવી જ શકશો ? તો આજથી જ આનો અમલ શરૂ કરી દો..

ડી-૩૦૧, સમર્પણ ટાવર,
જ્ઞાનજ્યોત સ્કૂલની બાજુમાં, પ્રભાત ચોક,
ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧

૫ હતાશાને હટાવવાની સૌથી ઉત્તમ ચાવી, હકારાત્મકતા પાસે છે

- રમેશ તન્ના

એક યુવાન નોકરી માટે ઈન્ટરવ્યૂ આપવા ગયો. સંમતિ લઈને તેણે ખંડમાં પ્રવેશ કર્યો અને ખુરશી પર બેઠો. એક ભાઈ આવીને તેને પાણી આપી ગયા. ગ્લાસ પાણીથી અડધો ભરેલો હતો.

ઈન્ટરવ્યૂ લેનારે પૂછ્યું - આ ગ્લાસ વિશે આપનું શું કહેવું છે ?

યુવાને જે જવાબ આપ્યો તે વિચારવા જેવો છે. તેણે કહ્યું - આ ગ્લાસ સાથે અનેક પોઝિટિવિટી સંકળાયેલી છે. કોઈ એમ કહે કે, આ ગ્લાસ અડધો ખાલી છે, કોઈ એમ કહે કે આ ગ્લાસ અડધો ભરેલો છે, કોઈ એમ પણ કહે કે, અડધો પાણીથી અને અડધો હવાથી ભરેલો ગ્લાસ છે.

હું એમ કહીશ કે, આ ગ્લાસ સાથે અનેક પ્રકારની પોઝિટિવિટી સંકળાયેલી છે. હા, એને જોવાની આપણી પાસે દૃષ્ટિ હોવી જોઈએ.

પહેલી વાત તો એ કે, આ ગ્લાસમાં હવા અને પાણી બંને છે. એ બંને જીવન આપે છે. આપણને કોઈ જીવન આપે એ ખૂબ ગમે. એનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો.

બીજી વાત એ કે, તમે ખૂબ જ પ્રેમથી મને પાણી પીવડાવ્યું. મેં માગ્યું નહોતું તો પણ એક ભાઈ મારા માટે પાણી લઈ આવ્યા. એ જ્યારે પાણી લઈને આવ્યા ત્યારે તેમના ચહેરા પર પ્રસન્નતા હતી. તમે મારી કાળજી લીધી. મને ખરેખર તરસ લાગી હતી ત્યારે જ તમે મને પાણી આપ્યું. આ વાત મારા હૃદયને સ્પર્શી ગઈ. જેમ તમે મારું ધ્યાન રાખ્યું તેમ હું પણ બીજાનું ધ્યાન રાખીશ. એમાંથી મને પ્રેરણા મળે.

કોઈ આપણે ત્યાં આવે ત્યારે તેને પાણી આપવાની પરંપરા છે. આ આતિથ્ય સંસ્કાર છે. આ સંસ્કાર મોટી વાત છે. આમાં માત્ર કોઈ વસ્તુ આપવાની વાત નથી, પરંતુ સંસ્કારની વાત છે. એ રીતે આ વાત ઘણી ચડિયાતી છે.

એ ઉમેદવારનો જવાબ સાંભળીને ઈન્ટરવ્યૂ લેનાર વ્યક્તિ ખૂબ રાજી થઈ.

પોઝિટિવિટીમાં પ્રચંડ તાકાત હોય છે. હકારાત્મક અભિગમ જીવન બદલી નાખે છે. જો તમે હતાશામાં હોવ તો હકારાત્મકતા તમારી હતાશાને પણ દૂર કરે છે.

આ પોઝિટિવિટી છે શું ? આ હકારાત્મકતા કહેવાય કોને ?

આપણે ત્યાં પોઝિટિવિટીની વાતો બહુ થાય છે, પરંતુ સાચા અર્થમાં પોઝિટિવિટી કોને કહેવાય તેની બહુ ઓછાને ખબર હોય છે.

આપણે વિગતે વાત કરીએ.

પોઝિટિવિટી એટલે હકારાત્મકતા. પોઝિટિવિટી એટલે જીવનની કોઈ પણ સ્થિતિનો સહજ રીતે પ્રેમથી સ્વીકાર કરવો તે. જે પણ સંજોગો આપણા જીવનમાં આવ્યાં છે તે આપણા અને તમામના સારા અને ભલા માટે છે એવું દૃઢતાથી વિચારવું તેનું નામ પોઝિટિવિટી.

જીવનની પ્રત્યેક ક્ષણને આશાવાદી નજરે જોવી અને માણવી એનું નામ પોઝિટિવિટી. પોઝિટિવિટી એટલે સમસ્યાનો વિચાર કરવાને બદલે તેના સમાધાન માટે પ્રયાસ કરવો તે.

કોઈ પણ પ્રકારની શંકા કે આશંકા વિના જે પણ પરિણામ આવશે તે ઉત્તમ જ આવશે તેવી શ્રદ્ધા રાખવી તેનું નામ પોઝિટિવિટી.

પોઝિટિવ વ્યક્તિ હંમેશાં પોતાના મનને તનાવથી દૂર રાખે છે. માઈન્ડને સ્ટ્રેસ ફ્રી રાખવું તેનું નામ પોઝિટિવિટી.

અંધકાર-પ્રકાશ, સુખ-દુઃખ, તડકો-છાંયડો, આરોહ-અવરોહ આ બધું જીવનનો એક ભાગ હોય છે. પોઝિટિવિટી એટલે જીવનની ઉજળી બાજુઓને જોવી.

જે વ્યક્તિ નકારાત્મકતામાં એટલે કે નેગેટિવિટીમાં પણ હકારાત્મકતા જોઈ શકે તે વ્યક્તિ હકારાત્મક અભિગમ એટલે કે પોઝિટિવ એટિટ્યૂટ ધરાવતી હોય.

નબળા કે ખરાબ પણ કંઈક તો સારું હોય જ છે. એ અભિગમ જીવનને ખૂબ મદદ કરે છે.

"પોઝિટિવ ફ્રેમ ઓફ માઈન્ડ" જેનું હોય છે એ વ્યક્તિ કોઈ દિવસ કોઈ પણ સ્થિતિને વ્યક્તિગત કે પર્સનલી લેતી નથી. તમે જોજો નેગેટિવ વ્યક્તિઓ મોટાભાગે દરેક સ્થિતિને પર્સનલી લઈ લે છે.

"પોઝિટિવ ફ્રેમ ઓફ માઈન્ડ" ધરાવતી વ્યક્તિ અત્યારની ક્ષણને માણે છે અને ભવિષ્યની ચિંતા કરતી નથી.

પોઝિટિવ અભિગમ ધરાવતી વ્યક્તિ મુખ્ય પાક ઉપર જ ધ્યાન આપે છે. નિંદામણની ઉપેક્ષા કરે છે. મુખ્ય ધ્યેયને પ્રાપ્ત કરવા સતત પ્રયત્ન કરવો એ એક જાતની પોઝિટિવિટી છે.

પોઝિટિવિટીને કારણે વ્યક્તિ હળવીફૂલ રહે છે. તેના મગજ કે હૃદય ઉપર કોઈ ભાર રહેતો નથી. તે વ્યક્તિ પ્રેમ અને આનંદનો અનુભવ કરી શકે છે.

પોઝિટિવિટીનો સૌથી મોટો ફાયદો એ છે કે, નકારાત્મક લાગણીઓ ધીમે ધીમે ઘટે છે અને તેથી વ્યક્તિને કંઈક નવું કરવાની પ્રેરણા મળે છે.

ભારત દેશમાં સંવેદના અને લાગણી કરતાં લાગણીવેડા મોટી માત્રામાં જોવા મળે છે. એમાંથી જ અનેક મૂંઝવણો અને ગૂંચવણો ઊભી થાય છે. પોઝિટિવિટી લાગણીવેડાને ઉકેલી શકે છે. ઈમોશન્સની બિનજરૂરી ગૂંચવણો તમે પોઝિટિવિટીની કાંસકીથી ઉકેલી શકો છો.

પોઝિટિવિટી લાગણીવેડાને સંવેદનામાં પરિવર્તિત કરી શકે છે.

પોઝિટિવ વિચારોને કારણે વ્યક્તિ પોતાની જાતનું વિશ્લેષણ (સેલ્ફ એનાલિસિસ) તટસ્થ રીતે કરી શકે છે.

પોઝિટિવિટી ધરાવતી વ્યક્તિનો અભિગમ મક્કમ બને છે. તેનામાં દૃઢતા આવે છે. તેનો આત્મવિશ્વાસ વધે છે. તે કહે છે કે, "આઈ કેન". હું આ કરીશ જ. તે કહે છે "ઈટ ઈઝ પોસિબલ". આ શક્ય છે. "આઈ એમ ડુઈંગ માય બેસ્ટ ટુ ઈમ્પ્રુવ માય સેલ્ફ એન્ડ માય લાઈફ". એટલે કે, મારી જાત અને મારી જિંદગીને સંવર્ધિત કરવા હું મારાથી બનતા શ્રેષ્ઠ પ્રયાસો કરીશ.

પોઝિટિવ અભિગમ ધરાવતી વ્યક્તિ નેગેટિવિટીથી ડરતી નથી અને તેનાથી ભાગતી પણ નથી. આ ખૂબ મહત્ત્વની વાત છે. નકારાત્મકતાને આવી વ્યક્તિ હકારાત્મક દૃષ્ટિકોણથી જુએ છે. જિંદગીના વિકટ સંજોગોમાંથી પોઝિટિવ વ્યક્તિ શીખવા જેવું હોય તે શીખી લે છે અને જે છોડવા જેવું હોય તે છોડે છે. ભૂલવા જેવું હોય તે ભૂલી જાય છે. ખરેખર તો આવી વ્યક્તિ નકારાત્મકતાનો ઉપયોગ પોતાની હકારાત્મકતાને વધારે સંગીન બનાવવામાં કરે છે. શીખવાનું હોય એ શીખીને આગળ વધી જવાનું.

પોઝિટિવ અભિગમ ધરાવતી વ્યક્તિ ટીકા-ટિપ્પણ અને નિંદામાં પડતી નથી. એમાં એ સમય બગાડતી જ નથી. લોકોનો મોટાભાગનો સમય બીજાની નિંદા કરવામાં જતો હોય છે. પોઝિટિવ વ્યક્તિ સમજે છે કે, જે સારું છે તે મારું છે. જે સારું છે તે સહિયારું છે. પોઝિટિવ વ્યક્તિ માને છે કે, દરેક વ્યક્તિમાં સારી બાબત હોય જ છે. આ અભિગમ ખૂબ મહત્ત્વનો છે.

જેમ નકારાત્મકતાની અસર પડે છે એ જ રીતે હકારાત્મકતાની પણ અસર પડતી જ હોય છે. નકારાત્મકતા એટલે અસ્વીકાર અને હકારાત્મકતા એટલે સ્વીકાર. હકારાત્મક વ્યક્તિના વિચારો અને વર્તનની અસર ધીમે ધીમે તેની જાત ઉપર, તેના સમગ્ર પરિવાર ઉપર અને આગળ જતાં સમાજ ઉપર પડે છે.

પોઝિટિવિટી મોટી તાકાત છે. પોઝિટિવિટી પ્રચંડ શક્તિ છે.

શ્લોકાર્ધેન પ્રવક્ષ્યામિ યદુક્તં ગ્રંથકોટિભિઃ ।
પરોપકારઃ પુણ્યાયય પાપાય પરપીડનમ્ ॥
(મહાભારત)

જે વાત કરોડો ગ્રંથોમાં કહેલી છે તે હું - વ્યાસ તમને અર્ધા શ્લોકમાં કહી દઉ છું. "બીજાઓને સુખ પહોંચાડવામાં, એટલે કે પરોપકાર કરવામાં, પુણ્ય છે અને અન્યને પીડાદાયી કર્મ કરવામાં પાપ છે."

૩૦૨, યશ એકવા, વિજય ચાર રસ્તા,
નારણપુરા, અમદાવાદ.
મો-૯૮૨૪૦૩૪૪૧૫

૬ રોજગારી શોધવી કે નવી ઊભી કરવી ?

- પંકજ ઔંધિયા

ભારત જેવા 'યુવા' દેશમાં કે જયાં યુવા વસ્તીનું પ્રમાણ અન્ય દેશોના સરખામણીમાં વિશેષ હોવાથી આ પ્રશ્ન ખૂબ મહત્ત્વનો બની રહ્યો છે. રોજગારી શોધવી કે નવી ઊભી કરવી Job Seekers બનવું કે Job givers બનવું એમ પણ કહી શકાય. આ બાબતે એક રસપ્રદ સંજોગને આપણે સમજવાનો પ્રયત્ન કરીએ. બે પ્રકારની માનસિકતા ધરાવતાં લોકો હોય છે. જેમ કે,

(A) કેટલીક વખત વર્ષોથી એક જ જગ્યાએ કામ કરતો કર્મચારી બોસ દ્વારા જાહેરમાં અપમાનિત થવાથી કે ઠપકો મળવાથી તાત્કાલિક નારાજ થઈને નોકરીને લાત મારી દે છે. વર્ષોની મહેનત અને લગનથી કામ કરતો કર્મચારી ક્ષણિક આવેગમાં રાજીનામું આપવામાં વિલંબ નથી કરતો. તો સામે બાજુએ એવા કેટલાય કર્મચારીઓ/નોકરો છે કે શેઠની, માલિકની, પ્રમોટરની ગાળો ખાવાથી તેઓ વધુ ખીલે છે કે જરા પણ ક્ષોભ નથી અનુભવતા. ઘણી વખત પ્રમોટર અપમાન ન કરે તો તેમને ચેન ન પડે. તેઓ આવા વાતાવરણથી ટેવાઈ ગયા છે કે તેમણે આ સામાન્ય છે તેનું સમાધાન કરી લીધું છે. આમ, સ્વમાની સ્વભાવ અને રોજગારીના વિવિધ વિકલ્પોની હાજરી વચ્ચે રોજગારી શોધવી કે નવી રોજગારી ઊભી કરવાનો ખ્યાલ અને એ પ્રમાણે સરેરાશ રોજગાર વાંચ્છુક યુવાનની વિચારધારા વહેંચાઈ રહે છે.

રોજગારી શોધવી Job Seekers એમાં સલામતી વધારે અને જોખમ ઓછું પસંદ કરવાની વાત છે જયારે Job Givers જેમાં જોખમ ખેડીને Entrepreneur વ્યાપાર કે ઉદ્યોગ સાહસિક બનવાની મથામણ અને હિંમત છે. જેઓનો રોજગારી ઊભી કરવાના વર્ગમાં સમાવેશ થાય છે.

પોસ્ટ કોરોના સમયની શરૂઆત થઈ હોય તેવું લાગી રહ્યું છે ત્યારે વ્યવસાય-ઉદ્યોગોના ક્ષેત્રે નવીન પ્રકારની તકો ઉત્પન્ન થઈ રહી છે. જે કામો, વ્યવસાયો ઓફિસમાંથી ઓનલાઈનની સિસ્ટમમાં રૂપાંતરીત થયા છે તેવા ક્ષેત્રોમાં Digital અને Web Based Online Technologies ક્ષેત્રે અને Equipments અને Web Experts અને Web Application Demand તથા Future Developmentના ક્ષેત્રમાં અનેકવિધ રોજગારી ઉત્પન્ન થઈ છે.

રોજગારી ઊભી કરવાના ક્ષેત્રમાં Start Upનું કેન્દ્ર સરકાર અને વિવિધ રાજય સરકારોનું કદમ એક નવી જ વ્યવસાયિક દિશા અને ક્રાંતિનું સ્વરૂપ બની રહ્યું છે. એક ઉત્તમ ઉદહારણ તરીકે ચર્ચા કરીએ અને સમજીએ તો અમદાવાદ માઈકાના વરૂણનું Start Up ભારતનું યુનિકોર્ન બન્યુ છે.

વિગતે જાણીએ તો માઈકા એમ.આઈ.સી.એ.૨૦૦૩ બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી વરૂણ દુઆના Start Up ACKO, ખાનગી ઈક્વિટી ફર્મ, જનરલ એપ્લાન્ટીક અને મલ્ટીપલ પ્રાઈવેટ, ઈક્વિટીની આગેવાની હેઠળના ફંડ એકઠું કરવાના રાઉન્ડમાં ૧.૧ બિલિયનના મૂલ્યાંકન સર્વે ૨૫૫ મિલિયન ડોલર એકત્ર કર્યા પછી ભારતમાં તાજેતરનું યુનીકોર્ન બન્યુ છે.

વરૂણ દુઆ અને રૂચિ દિપક દ્વારા સ્થપાયેલ ACKO વીમા પ્રોડક્ટસ માટેનું એક ડિજિટલ પ્લેટફોર્મ છે. જેમાં ૭૦ મિલિયનથી વધુ કસ્ટમર્સ છે અને પ્રિમિયમમાં ૧૫૦ મિલિયન ડોલરનો રનરેટ ધરાવે છે. આ Start Up વિષે વરૂણ જણાવે છે કે, Technology Firstના વિચારને માન્ય રાખ્યો હોવાથી ACKO ગેમ-ચેન્જર બની શકી છે. ટેકનોલૉજીના હોવાને કારણે અમારી પ્રોડ્કટસની વધુ સારી કિંમત આપવામાં મદદ મળી, અમે સસ્તુ વેંચાણ કરી શકીએ છીએ કારણ કે અમારી પાસે એજન્ટ કે વચેટીયા નથી. જેથી ડાયરેકટ સોદા કરીએ છીએ. સમય સાથે કસ્ટમર્સ પણ ઈન્વોલ્વ થઈ રહ્યાં છે.

એક Skill Report -2022 અનુસાર રોજગારી મેળવવાના મુદા વિષે ચર્ચા કરીએ.

દેશમાં Skilled લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે એ વાત સાચી કે વિદ્યાર્થીઓ પહેલા કરતા

પણ વધારે હાયરેબલ સ્કીલ છે, પણ ડિગ્રી હોવા છતાં દેશના અડધા વિદ્યાર્થીઓ એમ્પ્લોયેબલ નથી. ઈન્ડિયા સ્કીલ રીપોર્ટ-૨૦૨૨ મુજબ ૨૦૨૨માં ફક્ત ૪.૨% વિદ્યાર્થીઓ રોજગારને લાયક હશે. ૨૦૨૧ માટે આંકડો ૪૫.૯ % જ હતો. આમ, જોવા જઈએ તો આ વર્ષની ટકાવારી ગયા વર્ષની તુલનામાં વધારે છે પણ પેન્ડેમિક પહેલાથી જ આ સ્તર ખૂબ જ ઓછું છે. ૨૦૧૫માં ૪૭.૩૮ ટકા વિદ્યાર્થીઓ એમ્પ્લોયેબલ હતા અને એ અત્યાર સુધીની સૌથી વધુ ટકાવારી હતી.

કોઈને વધુ એમ્પ્લોયેબલ એટલે કે સામેથી રોજગારી મળે છે ?

B.E/B.Tech એમ્પ્લોયેબલ :

રીપોર્ટ મુજબ B.E/B.Tech ડિગ્રી ધારકો સૌથી વધુ એમ્પ્લોયેબલ છે. તેમજ પોલિટેકનિક અને M.C.A. વાળા સૌથી ઓછા એમ્પ્લોયેબલ છે. ઈન્ટરનેટ, સોફ્ટવેર, હાર્ડવેર, આઈ.ટી., ફાર્મા, બી.એફ.એસ.આઈ.-૨૦૨૨માં ટોપ રીક્રુટર્સ હશે.

રોજગારી મેળવવામાં આજે યુવાનો પાસે પ્રત્યેક સ્ટેટના (જેમ કે GPSC) સ્ટેટ સર્વિસ કમિશન અને કેન્દ્રીય સ્તરે UPSC મારફત વિવિધ સરકારી હોદ્દાઓમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરી વિવિધ સરકારી હોદ્દાની ઉચ્ચ સરકારી નોકરી/રોજગારી મેળવવાની ઉમદા તકો છે.

સ્ટાફ સિલેકશન બોર્ડ, N.D.A. કે અન્ય બેકીંગ, વીમા કંપનીઓમાં અર્ધસરકારી તેમજ ખાનગી રોજગારીઓ પણ સ્પર્ધાત્મક પરીક્ષા મારફત મેળવી શકાય છે. Airline, Digital Technology, Film Industries, T.V. મનોરંજન અને Press, Electronic Mediaમાં પણ પુષ્કળ રોજગારી મેળવવાની તેમજ સ્વરોજગારી કે રોજગારી ઊભી કરવાની તકો છે. વિવિધ Start up દ્વારા Industry સ્થાપક બની રોજગારી ઊભી કરવા દરેક રાજય સરકારે કેન્દ્ર સરકારોની વિવિધ યોજનામાં મદદ મળે છે. આમ, વિવિધ જોખમ કે સ્વામાન કે સલામતીની વ્યકિતગત સ્થિતિને ધ્યાનમાં રાખીને યુવાનો રોજગારી મેળવી કે ઊભી કરવી Job Seekers કે Job Givers/ Entrepreneurship પસંદ કરે છે.

અનેક નાના ક્ષેત્રો, ખાણી-પીણી, Chain Food Storeનું બ્રાન્ડીંગ કરી, રોજબરોજની સર્વિસ જેવી કે, ટર્નિંગ, ફિટીંગ, હાઉસ કીપીંગ, ડે કેર, હોમ નર્સીંગ કેર કે ઓલ્ડ એજ કેર પણ આજે ઉતમ વ્યવસાયો પૈકીમાં સ્થાન પામ્યા છે. Even Wedding Function, અંગત Social Function અને છેલ્લે Funeral Social Service (અંતિમ સંસ્કાર) પણ આજે એક સ્વરોજગાર/રોજગારી ઊભી કરવાના ક્ષેત્ર તરીકે ઊભરી આવ્યા છે. અંતમાં,

સ્પાર્ક પ્લગ :

"મંઝીલે તો મીલતી હે, ભટક કરી હી સહી,
પર ગુમરાહ વહી હે, જો ઘર સે નીકલતે હી નહીં"

અધિક કલેકટર અને નિયામક,
રાજય ગ્રામવિકાસ અને પંચાયતીરાજ ભવન
અને પી.આર. ગુજરાત સરકાર. મો-૯૦૯૯૯૦૧૩૯૯

ધો.-૧૦ પછી કારકિર્દીના વિકલ્પો

- જો તમારા મનથી તમને કઈંક કરવાની ઈચ્છા હોય તો દુનિયામાં કંઈ અસંભવ નથી.
- જિંદગીમાં મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવાથી ડરવું નહિ. કાંતો જીત મળશે અથવા શીખ મળશે.
- મુશ્કેલીઓથી ભરેલો રસ્તો ના બદલો, જો મનગમતી મંઝીલ સુધી પહોંચવું હોય તો ખુદ પોતાનો રસ્તો બનાવો.
- ગમે તેટલા વ્યસ્ત હોય તો પણ રોજ ૩૦ મિનિટ અભ્યાસ સિવાયના ઉત્તમ વાંચનને ફાળવો. આજનો રીડર એ આવતીકાલનો લીડર છે.

ધોરણ-૧૦ પછી કારકિર્દીના વિકલ્પો

ક્રમ	વિષય	લેખક	પા.નં.
૧	ધોરણ-૧૦ પછીના વિકલ્પો	- પી. આઈ. રબારી	૨૧
૨	ઔદ્યોગિક તાલીમ સંસ્થાના વિવિધ અભ્યાસક્રમો	- પ્રશાંતકુમાર કે. ત્રિવેદી	૨૨
૩	જેમ્સ-જ્વેલરી ક્ષેત્રે કારકિર્દી	- ચાંદની ધવલ ગોકાણી	૪૩
૪	સી-ડેકના અભ્યાસક્રમો	- ડૉ. રાજેન્દ્ર ઉપાધ્યાય	૪૫

૧ ધોરણ-૧૦ પછીના વિકલ્પો

- પી. આઈ. રબારી

અત્યાર સુધી આપે કરેલ અભ્યાસમાં મતલબ કે ધોરણ ૧ થી નવ સુધી આગળના ધોરણમાં પ્રવેશ મેળવવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હતો, પરંતુ ધોરણ - ૧૦ પાસ કર્યા બાદ કારકિર્દીના ઘડતર માટે ઘણા વિકલ્પો રહેલા છે . આ વિકલ્પોમાંથી કયો વિકલ્પ પસંદ કરવો તેની મૂઝવણ આપને થતી જ હશે. આ મૂઝવણનો ઉપાય આપ જ શોધી શકો છો. આપની રસ, રુચિ, ક્ષમતા વગેરેને ધ્યાને લઈ યોગ્ય વિકલ્પો પસંદ કરીને ઉજ્જવળ ભવિષ્યનું ઘડતર કરવું શક્ય છે. ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે ધોરણ - ૧૦ પછીના વિવિધ વિકલ્પો નીચે મુજબ છે.

ધોરણ-૧૦ પછીના મુખ્ય વિકલ્પો

- ધોરણ: ૧૧ - ૧૨માં અભ્યાસ
- ડિપ્લોમા અભ્યાસક્રમ
- ITI અભ્યાસક્રમ
- કૃષિ વિષયક અભ્યાસક્રમ
- અન્ય અભ્યાસક્રમો
- સંરક્ષણ દળ ક્ષેત્રે કારકિર્દી

ધોરણ:૧૧ - ૧૨માં અભ્યાસ :

ધોરણ-૧૦ પાસ કર્યા પછી ધો.-૧૧ સામાન્ય પ્રવાહમાં પ્રવેશ લઈ શકાય છે. સ્ટાન્ડર્ડ ગણિત સાથે ધોરણ-૧૦ પાસ થયેલ વિદ્યાર્થીઓ ધો.- ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં A GROUP માં અને બેઝિક ગણિત સાથે ધોરણ-૧૦ પાસ થયેલ વિદ્યાર્થીઓ ધો.- ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં B GROUPમાં પ્રવેશ મેળવી શકે છે.

ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહ પાસ કર્યાબાદ B.A., B.COMમાં સ્નાતક થઈને G.P.S.C., UPSC તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી શકાય છે.

ધો.- ૧૨ વિજ્ઞાન પ્રવાહ પાસ કર્યા બાદ NEET,GUJ-CAT જેવી પ્રવેશ પરીક્ષામાં ઉચ્ચ સ્કોર પ્રાપ્ત કરી મેડિકલ, ઈજનેરી, ફાર્મસી તેમજ બી.એસસી.માં સ્નાતક થઈને G.P.S.C., UPSC તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી શકાય છે.

ડિપ્લોમા અભ્યાસક્રમો :

ધોરણ ૧૦ પછીના વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં ડિપ્લોમા એન્જિનિયરિંગ મોખરે છે. ડિપ્લોમા સરકારી કોલેજોમાં અને સ્વનિર્ભર કોલેજોમાં રેગ્યુલર અભ્યાસક્રમ ઉપલબ્ધ છે જેમાં અંદાજીત ૩૧ જેટલા અભ્યાસક્રમો છે. જ્યારે ડિસ્ટન્સ લર્નિંગ મોડ સિવિલ ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ અભ્યાસક્રમોમાં જ ઉપલબ્ધ છે

વધુ માહિતી માટે સંપર્ક કરો

(ACPC) એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસ, એડમિશન બિલ્ડીંગ, સરકારી પોલિટેકનિક, પાંજરાપોળ પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ અથવા GTU, ગાંધીનગર હાઈવે, અમદાવાદ.

વેબસાઈટ : www. gujacpc.nic.in

- ફાઈન આર્ટ્સ ડિપ્લોમા અને મલ્ટિમીડિયાના અભ્યાસક્રમો:-
  - ડિઝાઈનનું ફિલ્ડ
  - જાહેરાતની દુનિયા
  - ફાઈન આર્ટ ડિપ્લોમા
  - ડ્રોઈંગ એન્ડ પેઈન્ટિંગ
  - સ્કલ્પચર એન્ડ મોડેલિંગ
  - એપ્લાઈડ/કોમર્શિયલ આર્ટ

I.T.I. કક્ષાના અભ્યાસક્રમો :

આજના ટેકનિકલ યુગમાં તાલીમ પામેલા ટેકનિશિયનોની જરૂરિયાત હોય એ સ્વાભાવિક છે. આ પ્રકારની કારકિર્દી ઘડવા માટે I.T.I. નાં અભ્યાક્રમો ઉપલબ્ધ છે. આ અભ્યાસક્રમોને મુખ્યત્વે બે પ્રકારમાં વહેંચી શકાય.

1. N.C.V.T. નાં રાષ્ટ્રિય કક્ષાના અભ્યાસક્રમો.
2. G.C.V.T. પેટર્નનાં રાજ્ય કક્ષાના અભ્યાસક્રમો

ઉપરોક્ત અભ્યાસક્રમો પૈકી N.C.V.T. પેટર્નનો અભ્યાસક્રમ સફળતાપૂર્વક પાસ કરનારને નેશનલ ટ્રેડ

સર્ટિફિકેટ અને G.C.V.T. પેટર્નનો અભ્યાસક્રમ સફળતા પૂર્વક પાસ કરનારને સ્ટેટ સર્ટિફિકેટ આપવામાં આવે છે. અત્યારે આપણા રાજ્યમાં દરેક તાલુકા મથકે I.T.I. ની સંસ્થા છે. સરકારી અને ગ્રાન્ટેડ સંસ્થાઓ છે. આ I.T.I. સંસ્થામાં ઘણા લાંબા અને ટૂંકા ગાળાના અભ્યાસક્રમો ચાલે છે. સરકારી ધારા-ધોરણ મુજબ તેમાં પ્રવેશ અપાય છે. I.T.I. માં લગભગ ૧૨૫ પ્રકારના કોર્સ ચાલે છે. રોજગાર મેળવવા માગતા યુવાનો માટે I.T.I. આશીર્વાદરૂપ છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો.રોજગાર તાલીમ નિયામકશ્રીની કચેરી, ૧/૩ ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.www.talimrojgar.org/ www.itiadmission.guj.nic.in

કૃષિ વિષયક અભ્યાસક્રમો :

ભારત કૃષિપ્રધાન દેશ હોવાથી કૃષિ અને પશુ પાલન સૌથી વધારે મહત્વ ધરાવે છે. પશુ પાલન ક્ષેત્રે તો ગુજરાત કદાચ સૌથી મોખરે છે.

ડિપ્લોમા અભ્યાસક્રમો

- કૃષિ ડિપ્લોમા
- બાગાયત ડિપ્લોમા
- કૃષિ ઈજનેરી
- કૃષિ સહાકાર, બેન્કિંગ અને માર્કેટિંગ
- ગૃહ વિજ્ઞાન (બહેનો માટે)
- ચિકિત્સા અને પશુપાલન
- ન્યુટ્રીશન એન્ડ ડાયટેટીક્સ

સર્ટિફિકેટ અભ્યાસક્રમો

- પશુધન નિરીક્ષક તાલીમ
- ગૃહવિજ્ઞાન તાલીમ
- બેકરી તાલીમ
- બેકિંગ ટેક્નોલોજી
- મરઘા ઉછેર તાલીમ
- ગ્રામ્ય કારીગર તાલીમ
- માળી તાલીમ

- કામધેનુ યુનિવર્સિટી - ગાંધીનગર- www.ku_guj.org
- સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી દાંતીવાડા - www.sdau.edu.in
- આણંદ કૃષિ યુનિવર્સિટી- www.aau.in
- જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી- www.jau.in
- નવસારી કૃષિ યુનિવર્સિટી- www.nau.in

સર્ટિફિકેટ અભ્યાસક્રમોઃ

● **પશુધન નિરીક્ષક :** (લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર)

લાયકાત:-ધોરણ ૧૦ પાસ અંગ્રેજી સાથે. ખેડૂત પુત્રને ૫% વેઈટેજ આપવામાં આવે છે.

● **ગૃહ વિજ્ઞાન તાલીમ :**

ધોરણ ૧૦ પાસ. બે વર્ષનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ.

● **બેકરી તાલીમ :**

ધોરણ ૧૦ પાસ. બેકરી સંસ્થામાંથી બે વર્ષનો બેકરી ઉદ્યોગનો અનુભવ ધરાવનાર માટે ધોરણ-૯ પાસ. ઉમર - ૧૫ થી ૩૫ વર્ષ

મુદત:-૨૦ અઠવાડિયાનો કોર્સ

● **બેકિંગ ટેક્નોલૉજી :**

મુદત:- ૨૦ અઠવાડીયા (૨૫ બેઠકો)

પ્રવેશ લાયકાત : ધોરણ-૧૦ પાસ

● **મરઘા ઉછેર તાલીમ :** ધોરણ-૭ પાસ

મુદત : ૧૦ અઠવાડિયાનો કોર્સ

● **ગ્રામ્ય કારીગર તાલીમ :** ધોરણ-૭ પાસ, મુદત : ૯ માસ

ખેતીવાડીમાં વપરાતા ઓજારો બનાવવા, રીપેર કરવા અંગેનો ધંધો શરૂ કરી સ્વરોજગારી મેળવી શકાય છે.

● **માળી તાલીમઃ-** ધોરણ- ૭ પાસ

મુદતઃ- છ માસનો પ્રમાણપત્ર કોર્સ

બાગ-બગીચા, ફાર્મ તેમજ પાર્કમાં સુપરવાઈઝરની જોબ મળે છે. ઈચ્છુક ઉમેદવારો સ્વતંત્ર કામ કરી શકે છે.

ડિપ્લોમા અભ્યાસક્રમોઃ-

અંગ્રેજી વિષય સાથે ધોરણ ૧૦ પાસ. અથવા માન્ય સમકક્ષ બોર્ડની પરીક્ષા સાથે પાસ કરેલ હોય તેવા ઉમેદવારો આ કોર્સ માટે અરજી કરી શકે છે.

● **કૃષિ ડિપ્લોમા :-** અંગ્રેજી વિષય સાથે ધોરણ -૧૦ પાસ

મુદતઃ- ૩ વર્ષ (છ સેમેસ્ટર)

● **બાગાયત ડિપ્લોમાઃ-** ધોરણ -૧૦ પાસ

મુદત:- ૩ વર્ષ (છ સેમેસ્ટર)

● **કૃષિ ઈજનેરી :-** ધોરણ -૧૦ પાસ

મુદત:- ૩ વર્ષ (છ સેમેસ્ટર)

● **ગૃહ વિજ્ઞાન ડિપ્લોમા** (બહેનો માટે)

અંગ્રેજી વિષય સાથે ધોરણ:-૧૦ પાસ

મુદત:- ૩ વર્ષ (છ સેમેસ્ટર)

● **ચિકિત્સા અને પશુપાલન :-** અંગ્રેજી વિષય સાથે ધોરણ:-૧૦ પાસ

મુદત:- ૩ વર્ષ (છ સેમેસ્ટર)

સ્વરોજગારીની તકો:-

કૃષિક્ષેત્રે નિપુણ ઉમેદવારો પોતાની આવડત, કુશળતા અને અનુભવના આધારે ખેતીવાડી ક્ષેત્રે સ્વ-રોજગારી ઊભી કરી શકે છે જેવી કે જંતુનાશક દવાઓ બનાવવી અને ખેતીવાડીમાં વપરાતા ઓજારો બનાવવા તેમજ જથ્થાબંધ અને છૂટક વેચાણ કરી સ્વ-રોજગારી ઊભી કરી શકે છે. વેટરનરી તથા ડેરી ઉદ્યોગ શરૂ કરીને સ્વ-રોજગારી મેળવી શકે છે.

ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે મળતા અભ્યાસક્રમોનો સમાવેશ કરવામાં આવેલો છે. જે અંગે વધુ વિગતો તેમજ અદ્યતન માહિતી માટે જે-તે કૃષિ યુનિવર્સિટીનો સંપર્ક કરી શકાય.

IGNOU (ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી)નાં અભ્યાસક્રમો :

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાં સર્ટિફિકેટ તેમજ અન્ય અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. આ અભ્યાસક્રમોનું માધ્યમ હિંદી અથવા અંગ્રેજી રહે છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો.

S. G. હાઈવે, છારોડી- અમદાવાદ

વેબસાઈટ:- www.ignou.ac.in

BAOU (ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)નાં અભ્યાસક્રમો :

ધોરણ-૧૦ પછી જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૧ તેમજ ૧૨ની પરીક્ષા આપી શક્યા નથી અથવા અભ્યાસ છોડી દીધો હોય તેવા વિદ્યાર્થીઓ જો વધુ અભ્યાસ કરવા માંગતા હોય તે વિદ્યાર્થીઓએ BPEની પરીક્ષા પાસ કરી ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીમાં સીધા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી શકે છે. આ ઉપરાંત અન્ય અભ્યાસક્રમો પણ ઉપલબ્ધ છે.

માહિતી માટે સંપર્ક કરો

ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

નિરમા યુનિવર્સિટીની બાજુમાં,

S. G. હાઈવે, છારોડી- અમદાવાદ

વેબસાઈટ:- www.baou.org

ઈન્ડો-જર્મન ટૂલ રૂમના જોબ ઓરીએન્ટેડ કોર્ષ :

ઈન્ડો-જર્મન ટુલરૂમ નામની સંસ્થા અમદાવાદમાં વટવા જી.આઈ.ડી.સી. ખાતે આવેલી છે. ભારત સરકારની Ministry Of Small.. ISO 9001-2000 સર્ટિફાઈડ ટ્રેનિંગ સેન્ટર છે. આ સંસ્થાના પ્રોફેશનલ અભ્યાસક્રમોની Industryમાં ડિમાન્ડ સારી છે.

● ડિપ્લોમા ઈન ટૂલરુમ એન્ડ ડાયમેકિંગ - (DMT)

● સર્ટીફિકેટ ઈન ટૂલરૂમ એન્ડ ડાયમેકિંગ

● પોસ્ટ ડિપ્લોમા ઈન CAD/CAM વગેરે અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

મુદત:- ૩ માસથી ૪ વર્ષ- કોર્સ મુજબ ફુલ ટાઈમ

વધુ માહિતી માટે સંપર્ક કરો

ઈન્ડો-જર્મન ટૂલ રૂમ, ૫૦૦૩, ફેઝ-૪, GIDC-વટવા, અમદાવાદ. વેબ સાઈટ www.igtrahd.com

અન્ય અભ્યાસક્રમો

ડી-ફાર્મસી (આયુર્વેદ) : મુદત:- બે વર્ષ

સંસ્થા:- IPS (INSTITUTE OF PHARMA-SUTICAL SCIENCE)

C/O ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, એ. કે. જમાલ બિલ્ડીંગ, ગુરુ નાનક રોડ, જામનગર.

વેબસાઈટ: ayurveduniversity.com

ફીમેલ હેલ્થ વર્કર : વિવિધ જિલ્લાઓમાં આવેલી જિલ્લા પંચાયત હેઠળની સરકારી હોસ્પિટલોમાં ફિમેલ હેલ્થ વર્કરનો અભ્યાસ ચાલતો હોય છે.

મુદત:- ૧૮ માસ, વય:- ૨૫ થી ૩૫ વર્ષની બહેનો માટે.

વધુ માહિતી માટે સંપર્ક કરો.

આ અંગે જિલ્લા પંચાયત દ્વારા જાહેરાત બહાર પાડવામાં આવે છે. આ માટે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયતનો સંપર્ક કરવો.

આયુર્વેદ કમ્પાઉન્ડર : સંસ્કૃત વિષય સાથે ધોરણ:- ૧૦ પાસ.

મુદત:- એક વર્ષ વય:- ૧૬ થી ૨૩ વર્ષ

સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, આજવા રોડ, વડોદરા.

સેનેટરી ઈન્સ્પેકટર ડિપ્લોમા : ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ (LSG) રાજકોટ, સુરત, વડોદર, અમદાવાદ ખાતે સેનેટરી ઈન્સ્પેકટર ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલે છે.

ધોરણ:- ૧૦ પાસ. મુદત:- ૧૮ માસ

સંસ્થા:- ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સેલ્ફ ગવર્નમેન્ટ,

બરફીવાલા ભવન, કામા હોટેલની સામે, ખાનપુર, અમદાવાદ.

વેબસાઈટ: www.aiilsg.org

ફાયરમેન કોર્સ : ધોરણ:- ૧૦ પાસ, મુદત : ૧ વર્ષ

જે ઉમેદવારે સાહસિકવૃત્તિ, શારીરિક ક્ષમતા અને રોમાંચક કારકિર્દી બનાવવી હોય તેવા લોકો આ અભ્યાસક્રમ પસંદ કરે છે.

સંસ્થા:- ગુજરાત સરકારનાં શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા G.C.V.T. માન્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થા. વેબ સાઈટ: www.talimrojgar.org/www.itiadmission.guj.nic.in

રોજગારીની તકો : સરકારી ક્ષેત્રોમાં, મ્યુનિસિપાલિટી તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતનાં ફાયર સ્ટેશન, સંરક્ષણ ક્ષેત્રે, રેલ્વે, એરપોર્ટ, જીઈબી વગેરેમાં નોકરીની સારી તકો છે.

સંરક્ષણદળ : ભારતીય ભૂમિદળમાં જોડાવવાની પ્રવેશ પરીક્ષાઓ સુવર્ણ તક પૂરી પાડે છે. આ ભરતી પ્રક્રિયા ગુજરાતમાં લશ્કરી ભરતી કાર્યાલય દ્વારા જિલ્લા અથવા તાલુકા મથકોએ થાય છે. તેમાં જિલ્લાની રોજગાર કચેરીઓ મદદરૂપ બને છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો:-

૧. આર્મી રિક્રુટમેન્ટ કચેરી, કેમ્પના હનુમાન મંદિરની સામે, કેન્ટોન્મેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ.

૨. આર્મી રિક્રુટમેન્ટ કાર્યાલય, સેનેટોરીયમ પાસે, જી.જી. હોસ્પિટલ રોડ, જામનગર

વેબસાઈટ:-www.joinindianarmy.nic.in

વિવિધ જગ્યાઓ માટે યુવાનોની ભરતી :

૧. સોલ્જર જનરલ ડ્યૂટિ :

ધોરણ:- ૧૦ પાસ.

સોલ્જર ટેકનિકલ અને નર્સિંગ આસિસ્ટન્ટ

ધોરણ:- ૧૦ પાસ. ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી સાથે.

૨. સોલ્જર (ટ્રેડ્સ મેન):-

લાયકાત:- નોન મેટ્રિક.

ઈન્ડિયન એર ફોર્સ :

ઈન્ડિયન એર ફોર્સમાં એરમેન ઈન ડ્રાઈવર મિકેનિકલ ટ્રાન્સપોર્ટ (MTD) ટ્રેડ, એરમેન નોન ટેક્નિકલ ટ્રેડ વગેરેની પ્રવેશ પરીક્ષાઓ તેમજ ભરતી પ્રક્રિયા ગુજરાતમાં લશ્કરી ભરતી કાર્યાલય દ્વારા જિલ્લા અથવા તાલુકા મથકોએ થાય છે. તેમાં જિલ્લાની રોજગાર કચેરીઓ મદદરૂપ બને છે. તેથી જે-તે જિલ્લામાં આ

કચેરીનો સંપર્ક કરવાથી માહિતી માટે માર્ગદર્શન મળે છે.

સંપર્ક સ્થાન:- એરમેન ભરતી કાર્યાલય (પશ્ચિમ વિભાગ) મુંબઈ

કમાન્ડિંગ ઓફિસર-૬ એરમેન સિલેકશન સેન્ટર, કોટન ગ્રીન એરફોર્સ સ્ટેશન,

મુંબઈ-૪૦૦ ૦૩૩. ફોન: (૦૨૨) ૨૩૭૧૪૯૮૨ (એક્ષટેન્શન ૩૧૬)

વધુ માહિતી માટે સંપર્ક www.airmenselection.gov.in

ઈન્ડિયન નેવીમાં સેઈલર

ભારતીય નૌકા દળમાં સેઈલરનું સ્થાન મહત્ત્વનું છે. નૌકા દળની મશીનરી, શસ્ત્રો, વિજાણું "સેન્સર્સ" અને જહાજ પરના સાધનોને કાર્યાન્વિત કરવાનું અને યોગ્ય રીતે જાળવવાનું કાર્ય સેઈલર દ્વારા થાય છે. વળી નાવિકોને નૌકાદળમાંથી છૂટા કરતા પહેલા તેમને પ્રિ-રીલીઝ અભ્યાસ દ્વારા નાગરિક જીવનમાં ગોઠવાઈ શકે તેની તાલીમ પણ આપવામાં આવે છે. ફક્ત અપરણિત ભારતીય પુરુષ નાગરિક જ અરજીપાત્ર છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો:-

ઈન્ડિયન નેવી, C/O INS, વાલસુરા- જામનગર

વેબસાઈટ : www.indiannavy.nic.in

સંરક્ષણ દળ ક્ષેત્રે ભરતી અને તાલીમ માટે સંબંધિત ક્ષેત્રની વેબસાઈટ, રોજગાર સમાચાર, એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ, વર્તમાનપત્રો વગેરેમાં લાયકાત, વય અને ફિઝિકલ ટેસ્ટ અંગેની વિગતે માહિતી આવે છે.

રેલ્વે રિક્રુટમેન્ટ બોર્ડ :

રેલવે સુરક્ષા દળમાં વોટર કેરિયર, સફાઈ વાળા, માળી, ધોબી, દરજી, મોચી જેવા ગૌણ કર્મચારીઓની ભરતી પણ થાય છે. આ પદો માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત ધોરણ-૮ પાસ છે. અને વય મર્યાદા ૧૮ થી ૨૫ વર્ષ છે. ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ તથા લેખિત કસોટી અને મૌખિક કસોટીમાં પાસ થવું ફરજિયાત છે.

રેલવેમાં ગ્રુપ "ડી" પોસ્ટ અંતર્ગત ગેંગમેન, ટ્રેકમેન, ખલાસી, પ્લેટફોર્મ પોર્ટર, પાર્સલ પોર્ટર, સફાઈ વાલા જેવી પોસ્ટ પર પણ ભરતી થાય છે. લેખિત પરીક્ષા અને શારીરિક ક્ષમતા કસોટી ફરજિયાત છે.

વિદ્યાર્થી મિત્રો, ધો. ૧૦ પછી ઉપરોક્ત યોગ્ય અભ્યાસક્રમ પસંદ કરીને સફળતાના શિખર સર કરી શકાય છે.

નોંધ : પ્રસ્તુત લેખમાં આપેલ વિગતો જાણકારી અને દિશાસૂચન માટે છે. તેને આખરી ન ગણતા ચોક્કસ અને આખરી માહિતી માટે જે તે સંસ્થાનો સંપર્ક સાધવો તેમજ પ્રવેશ ફોર્મ સાથે અપાતી માહિતી પુસ્તિકા તથા ફોર્મ સાથેની સૂચનાનો અભ્યાસ કરવો જરૂરી છે..

મદદનીશ,
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
રાયખડ, અમદાવાદ

૨ ઔદ્યોગિક તાલીમ સંસ્થાના વિવિધ અભ્યાસક્રમો

- પ્રશાંતકુમાર કે. ત્રિવેદી

માનનીય પ્રધાનમંત્રીશ્રીના "સ્કીલ ઈન્ડિયા" પ્રકલ્પને સાકાર કરવા રાજ્ય સરકાર દ્વારા યુવાનો માટે કૌશલ્ય થકી રોજગારના મંત્ર સાથે રોજગાર ઈચ્છુકો વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવી વ્યવસાયિક કૌશલ્ય હસ્તગત કરી રોજગારીની શ્રેષ્ટતમ તક પ્રાપ્ત કરે તેના માટે રાજ્યભરમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત કરવામાં આવી છે. રાજયમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ મારફતે અપાતી વ્યવસાયલક્ષી તાલીમ દ્વારા કૌશલ્ય પ્રાપ્ત કરનાર ઘણા બધા ઉમેદવારો આજે માત્ર રાષ્ટ્રમાં જ નહીં પણ વિદેશમાં પણ સારી એવી રોજગારી મેળવી રહ્યા છે આથી, સરળતાથી રોજગારી / સ્વરોજગારી પ્રાપ્ત કરવા માટે વ્યવસાયલક્ષી શિક્ષણ અપનાવવું એ જ શ્રેષ્ઠ વિકલ્પ છે. રાજય સરકારના શ્રમ અને રોજગાર વિભાગના નેજા હેઠળ રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળ રાજયના તમામ તાલુકાઓમાં / અંતરિયાળ વિસ્તારો સુધી કાર્યરત સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ(ITI)માં વ્યવસાયલક્ષી તાલીમ ઉપલબ્ધ કરાવવા માટે વિસ્તૃત અને વ્યાપક તાલીમી સુવિધાઓ ઉપલબ્ધ છે.

વ્યવસાયલક્ષી તાલીમ આપવા માટે ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય હસ્તકની ડાયરેક્ટર જનરલ ઓફ ટ્રેઈનીંગ, ન્યુ દિલ્હી (DGT) દ્વારા ઘડાયેલ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિવિધ ઉદ્યોગો અને સેવાક્ષેત્રને કુશળ માનવબળ ઉપલબ્ધ કરાવવાનો તેમજ જુદા જુદા ક્ષેત્રે વિકસતી જતી ટેકનોલોજી અંગે ઉમેદવારોને તાલીમ આપી, રોજગારી / સ્વરોજગારી મેળવવામાં સહાયભૂત થવાનો છે. કારીગર તાલીમ યોજના હેઠળ નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (NCVT) પેટર્નના રાષ્ટ્રિય કક્ષાના વ્યવસાયોનું સંચાલન સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI), ગ્રાન્ટ-ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો (GIA), સરકારી ટેકનિકલ હાઈસ્કૂલો વગેરે દ્વારા થાય છે. ઉપરાંત, આ યોજના તળે રાજયકક્ષાના ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ (GCVT/SCVT) પેટર્ન હેઠળના વ્યવસાયોનો પણ સમાવેશ થાય છે.

રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળની સરકારી ગ્રાન્ટ-ઈન-એઈડ સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં વિવિધ પ્રકારના રોજગાર / સ્વરોજગારલક્ષી અભ્યાસક્રમોમાં તાલીમ આપવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે.

- વ્યવસાયો / અભ્યાસક્રમનો પ્રકાર

1. એન.સી.વી.ટી. પેટર્નના વ્યવસાયો
2. જી.સી.વી.ટી. પેટર્નના વ્યવસાયો
3. દિવ્યાંગ ઉમેદવારો માટેના અભ્યાસક્રમો

એન.સી.વી.ટી પેટર્નનાં NSQF Align વ્યવસાયો

વ્યવસાયનો ક્રમ નં.	ટ્રેડ કોડ	વ્યવસાયનું નામ	NSQF Leved	ન્યુનતમ શૈક્ષણિક લાયકાત	વ્યવસાયનો પ્રકાર	વ્યવસાયની મુદત
૧	૧૨૪	એટેન્ડન્ટ ઓપરેટર (કેમિકલ પ્લાન્ટ)	૫	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે) અથવા તેને સમકક્ષ	એન્જિનિયરિંગ	૨ વર્ષ
૨	૧૦૧	ડ્રાફ્ટસમેન (મિકેનિકલ)	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૩	૧૧૪	ઈલેક્ટ્રિશિયન	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૪	૧૨૧	ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ

૫	૧૦૪	ફિટર	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૬	૧૧૧૩	ફાઉન્ડ્રીમેન	૪	ધોરણ-૧૦ પાસ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૭	૧૬૮	ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલૉજી સિસ્ટમ મેન્ટેનન્સ	૫	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે) અથવા તેને સમકક્ષ	એન્જિનિયરિંગ	૨ વર્ષ
૮	૧૧૦	ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૯	૧૨૫	ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક (કેમિકલ પ્લાન્ટ)	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૧૦	૧૫૬	ઈન્ટિરીયર ડિઝાઈન એન્ડ ડેકોરેશન	૪		એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૧	૧૨૬	લેબોરેટરી આસીસ્ટન્ટ (કમિકલ પ્લાન્ટ)	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૧૨	૧૦૬	મશીનીસ્ટ	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૧૩	૧૦૭	મશીનીષ્ટ (ગ્રાઈન્ડર)			એન્જિનિયરિંગ	૨ વર્ષ
૧૪	૧૨૩	મેન્ટેનન્સ મિકેનિક (કેમિકલ પ્લાન્ટ)	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૧૫	૧૧૮૨	મરીન ફીટર	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૧૬	૧૩૬	મિકેનિક ટ્રેક્ટર	૪		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૧૭	૧૩૫	મિકેનિક ડીઝલ	૪		એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૮	૧૧૭	મિકેનિક મોટર (વ્હીકલ)	૫		એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૯	૧૦૯	રેફ્રીજરેશન એન્ડ એર કન્ડીશનીંગ	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૨૦	૧૧૭૭	મલ્ટીમીડિયા એનિમેશન એન્ડ સ્પેશ્યલ ઈફેક્ટસ	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ અથવા તેને સમકક્ષ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૨૧	૧૩૯	પ્લાસ્ટીક પ્રોસેસિંગ ઓપરેટર	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે) અથવા તેને સમકક્ષ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૨૨	૧૦૩	સર્વેયર	૫		એન્જિનિયરિંગ	૧ વર્ષ
૨૩	૧૧૧	ટુલ એન્ડ ડાઈમેકર (પ્રેસ ટુલ્સ, જિગ્સ એન્ડ ફિક્સ્ચર	૫		એન્જિનિયરિંગ	૧ વર્ષ
૨૪	૧૦૫	ટર્નર	૫		એન્જિનિયરિંગ	૧ વર્ષ
૨૫	૧૧૦૬	કોસ્મેટોલોજી (જુનું નામ બેઝિક કોસ્મેટોલોજી)	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ અથવા તેને સમકક્ષ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૨૬	૧૪૦	કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ			નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૨૭	૧૬૭	ડેસ્ક ટોપ પબ્લિશીંગ ઓપરેટર	૪		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૨૮	૧૦૨	ડ્રાફ્ટસમેન (સિવિલ)	૫	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે) અથવા તેને સમકક્ષ	એન્જિનિયરિંગ	૨ વર્ષ

૨૯	૧૬૦	ડ્રેસ મેકીંગ	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૮ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૦	૧૧૦૭	ફેશન ડિઝાઈન એન્ડ ટેકનોલોજી	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૧	૧૭૬	હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર	૪		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૨	૧૩૩	પ્લમ્બર	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૮ પાસ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૩	૧૧૦૮	સુઈંગ ટેકનોલોજી	૪		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૪	૧૧૧૧	સ્ટેનોગ્રાફર સેક્રેટરીયલ આસિસ્ટન્ટ (અંગ્રેજી)	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૮ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૫	૧૧૦૯	સરફેસ ઓર્નામેન્ટેશન ટેકનિક્સ (એમ્બ્રોઈડરી)	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૮ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૬	૧૨૨	પેઈન્ટર જનરલ	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૩૭	૧૩૧	શીટ મેટલ વર્કર	૩		એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૮	૧૨૮	વેલ્ડર	૪		એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૯	૧૧૬	વાયરમેન	૪		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૪૦	૧૮૬	ફિઝિયોથેરાપી ટેકનિશિયન	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૪૧	૧૯૯	કૉમ્પ્યુટર હાર્ડવેર એન્ડ નેટવર્કિંગ મેન્ટેનન્સ	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે)	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૪૨	૧૫૨	ડેઈરીંગ		ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૪૩	૧૮૫	ફાયરટેકનોલોજી એન્ડ ઈન્ડસ્ટ્રીયલ સેફટી મેનેજમેન્ટ	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ ઉંચાઈ ૧૬૫ સે.મી. વજન-૫૨ કિલો છાતી ૮૧ સે.મી. ફુલાવીને ૮૫ સે.મી., MMBS ડૉ.નું મેડિકલ સર્ટિફિકેટ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૪૪	૧૫૩	ડિજિટલ ફોટોગ્રાફર	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૪૫	૧૩૦	કારપેન્ટર (જુનું નામ : જનરલ કારપેન્ટર)	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૪૬	૧૩૮	મેશન (બિલ્ડીંગ કન્સ્ટ્રકશન)	૪	ધોરણ-૮ પાસ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૪૭	૧૫૮	ફૂટ પ્રોડકશન (જનરલ) જૂનું ક્રાફ્ટમેન ફૂડ પ્રોડકશન (વેજીટેરિયન)		ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ

૪૮	૧૧૪૫	મિકેનિક ઓટોબોડી રીપેર	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે) અથવા તેને સમકક્ષ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૪૯	૧૧૨૨	મિકેનિક ઓટોબોડી પેઈન્ટીંગ	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૫૦	૧૮૧	ડ્રાયવર કમ મિકેનિક (લાઈટ મોટર વ્હીકલ)	૩	ધોરણઃ૮ પાસ (૧૮ વર્ષ)	નોન એન્જિનિયરિંગ	૬ માસ
૫૧	૧૧૨૪	એડિટિવ મેન્યુફેક્ચરીંગ ટેકનિશિયન (૩-ડી પ્રિન્ટિંગ)	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે)	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૫૨	૧૧૨૫	આર્કિટેક્ચરલ ડ્રાફ્ટ્સમેન	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૫૩	૧૧૨૬	સિવિલ એન્જિનિયરિંગ આસિસ્ટન્ટ	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૫૪	૧૧૨૯	IOT ટેકનિશિયન (સ્માર્ટ એગ્રિકલ્ચર)	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે) અથવા તેને સમકક્ષ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૫૫	૧૧૩૦	IOT ટેકનિશિયન (સ્માર્ટ સિટી)	૪		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૫૬	૧૧૩૧	IOT ટેકનિશિયન (સ્માર્ટ હેલ્થકેર)	૪		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૫૭	૧૧૩૨	મિકેનિક ટુ એન્ડ થ્રી વ્હીલર	૪		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૫૮	૧૨૦૧	મિકેનિક મશીન ટુલ મેન્ટેનન્સ	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૫૯	૧૧૩૩	રીમોટલી પાઈલોટેડ એરક્રાફ્ટ-ડ્રોન પાઈલોટ	૪	ધોરણ-૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે) (૧૮ વર્ષ)	નોન એન્જિનિયરિંગ	૬ માસ
૬૦	૧૧૩૪	સ્માર્ટ ફોન ટેકનિશિયન કમ એપ ટેસ્ટર	૩	ધોરણ-૧૦ પાસ	નોન એન્જિનિયરિંગ	૬ માસ
૬૧	૧૧૩૬	સોલાર ટેકનિશિયન (ઈલેક્ટ્રીકલ)	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે)	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૬૨	૧૧૩૭	ટેકનિશિયન મેકાટ્રોનિક્સ	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૬૩	૧૧૩૮	ટેકનિશિયન મેડિકલ ઈલેક્ટ્રોનિક્સ	૫		એન્જિનિયરિંગ	૨ વર્ષ
૬૪	૧૧૪૦	વેલ્ડર (ફેબ્રીકેશન એન્ડ ફીટીંગ)	૩	ધોરણ-૮ પાસ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૬૫	૧૧૪૧	વેલ્ડર (જીએમએડબલ્યુ એન્ડ જીટીએડબલ્યુ)	૩	ધોરણ-૮ પાસ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૬૬	૧૧૪૨	વેલ્ડર (પાઈપ)	૩	ધોરણ-૮ પાસ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૬૭	૧૧૪૩	વેલ્ડર (સ્ટ્રકચરલ)	૩	ધોરણ-૮ પાસ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૬૮	૧૧૪૪	વેલ્ડર (વેલ્ડીંગ એન્ડ ઈન્સ્પેકશન)	૩	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે) અથવા તેને સમકક્ષ	એન્જિનિયરિંગ	૧ વર્ષ

૬૯	૧૮૪	હેલ્થ સેફટી એન્ડ એન્વાયર્મેન્ટ	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ ઉંચાઈ ૧૬૫ સે.મી. વજન-૫૦ કિલો છાતી ૮૧ સે.મી. ફુલાવીને ૮૫ સે.મી.	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૭૦	૧૯૯	મરીન એન્જિનિયરિંગ ફીટર	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે)	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૭૧	૧૭૨	અર્લી ચાઈલ્ડહુડ એજ્યુકેટર	૪	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૭૨	૧૯૫	ઓલ્ડ એઈજ કેર આસિસ્ટન્ટ	૪		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૭૩	૪૭૧	હાઉસ કીપર	૪		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૭૪	૧૯૩૧	ફાયરમેન	૩		નોન એન્જિનિયરિંગ	૬ માસ
૭૫	૨૪૪૧	હોસ્પિટલ હાઉસ કીપીંગ	૪		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૭૬	૧૮૦	ડેટા એન્ટ્રી ઓપરેટર	૪		નોન એન્જિનિયરિંગ	૬ માસ
૭૭	૧૯૩	કોમ્પ્યુટર એડેડ એમ્બ્રોયડરી એન્ડ ડિઝાઈનીંગ	૪		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ

જી.સી.વી.ટી. પેટર્નનાં વ્યવસાયો

વ્યવસાયનો ક્રમ નં.	ટ્રેડ કોડ	વ્યવસાયનું નામ	ન્યુનતમ શૈક્ષણિક લાયકાત	વ્યવસાયનો પ્રકાર	વ્યવસાયની મુદત
૧૦૧	૯૪૧	એડવાન્સ ઈન્ડસ્ટ્રીયલ સબ ફાયરમેન ઓફિસર	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	નોન એન્જિનિયરિંગ	૬ માસ
૧૦૨	૨૭૧	સર્ટિફિકેટ કોર્સ ઈન હાર્ડવેર ટેકનોલૉજી એન્ડ ડીટીપી		એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૦૩	૨૭૪	સર્ટિફિકેટ કોર્સ ઈન મલ્ટીમીડિયા ટેકનોલોજી એન્ડ ડીટીપી	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ AICTE માન્ય ઈજનેરી ડિપ્લોમા ફાઈન આર્ટસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૦૪	૯૩૧	સર્ટિફિકેટ કોર્સ ઈન લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ	ધોરણઃ૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	નોન એન્જિનિયરિંગ	૬ માસ
૧૦૫	૨૬૯	સર્ટિફિકેટ કોર્સ ઈન ઈ-કોમર્સ		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૦૬	૨૭૦	સર્ટિફિકેટ કોર્સ ઈન સોફ્ટવેર પ્રોગ્રામીંગ		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૦૭	૨૭૫	સર્ટિફિકેટ કોર્સ ઈન વેબ ડિઝાઈન		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ

૧૦૮	૨૧૦	સર્ટિફિકેટ કોર્સ ઈન મશીનિસ્ટ ટૂલરૂમ	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે)	એન્જિનિયરિંગ	૨ વર્ષ
૧૦૯	૨૫૭	ફાયરમેન		એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૧૦	૨૯૨૮	ડોમેસ્ટીક હોમ એપ્લાયન્સીસ રીપેરર	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૧૧	૨૦૮	સેફટી એન્ડ સિક્યુરિટી મેન	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે)	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૧૨	૨૦૨	મેડ મેન ફાયબર ટેકનોલૉજી	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	એન્જિનિયરિંગ	૨ વર્ષ
૧૧૩	૨૦૭	મેન મેડ યાર્ન પ્રોસેસીંગ ટેકનોલોજી	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	એન્જિનિયરિંગ	૨ વર્ષ
૧૧૪	૨૦૪	ઓફસેટ પ્રિન્ટર એન્ડ પેકેજર્સ		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૧૫	૨૯૫	સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર (અંગ્રેજી)	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ અંગ્રેજી સાથે	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૧૬	૨૮૧	સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર (ગુજરાતી)	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ ગુજરાતી સાથે	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૧૭	૨૭૩	સ્ટેનોગ્રાફી (ગુજરાતી)	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ ગુજરાતી સાથે	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૧૮	૨૬૭	ટેલિફોન મોબાઈલ ફોન રીપેરીંગ	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	એન્જિનિયરિંગ	૬માસ
૧૧૯	૨૧૧	આર્મેચર મોટર રિવાઈન્ડીંગ-કોઈલ વાઈન્ડર	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૭ પાસ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૨૦	૨૯૨૯	કન્સ્ટ્રકશન ટેકનિશિયન	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૮ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૨૧	૨૨૭	એમ્બ્રોયડરી એન્ડ નિકલ વર્ક્સ		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૨૨	૨૧૫	જનરલ મિકેનિક	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૭ પાસ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૨૩	૨૯૪	સર્ટિફિકેટ કોર્સ ઈન હેર એન્ડ સ્કીન કેર	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૮ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૨૪	૨૦૧	મરીન એન્ડ વુમેન ગારમેન્ટ મેકીંગ		એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૨૫	૨૨૪	મેન્સ એન્ડ વુમેન ગારમેન્ટ મેકીંગ	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૭ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૨૬	૨૦૩	ઑફસેટ પ્રિન્ટીંગ એન્ડ બુક બાઈન્ડીંગ	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૮ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૨૭	૨૯૨	પ્લમ્બીંગ આસીસ્ટન્ટ		એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૨૮	૨૮૮	ટુ વ્હીલર ઓટો રીપેરર		એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૨૯	૨૯૭	વેલ્ડર કમ ફેબ્રિકેટર	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૭ પાસ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૩૦	૮૫૮	સબ ફાયરમેન ઓફિસર	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	એન્જિનિયરિંગ	૬ માસ

૧૩૧	૯૪૦	એમએલટી (ટેકનોલૉજીસ્ટ)	B.Sc. (Chemistry/Micro Biology Bio-Chemistry/ Zoology/Botony	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૩૨	૨૯૩૬	મિકેનિક રેડિયો એન્ડ ટેલિવિઝન	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે)	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૩૩	૨૧૦૪	લીફ્ટ મિકેનિક	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૩૪	૯૩૯	એમએલટી (ટેકનિશિયન)	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ (with Biology)	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૩૫	૨૧૩	સર્ટિફિકેટ કોર્સ ઈન કોમ્પ્યૂટર ટીચર્સ ટ્રેનિંગ	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	નોન એન્જિનિયરિંગ	૬ માસ
૧૩૬	૨૯૨૦	ઑટોમોબાઈલ બોડી રીપેરર	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૩૭	૨૯૨૩	ઑટોમોબાઈલ પેઈન્ટ રીપેરર		એન્જિનિયરિંગ	૧ વર્ષ
૧૩૮	૨૪૯૧	કૉમ્પ્યૂટર એડેડ ડ્રેસમેકીંગ એન્ડ ડ્રેસ ડિઝાઈન	ધોરણ-૧૦ પાસ (અંગ્રેજી વિષય સાથે)	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ

નોંધ :

(૧) એન.સી.વી.ટી. પેટર્નના વ્યવસાયો માટે ન્યૂનત્તમ પ્રવેશ લાયકાત, વ્યવસાયનો પ્રકાર તથા વ્યવસાયની મુદત ભારત સરકારના ડાયરેકટર જનરલ ઑફ ટ્રેનિંગ, નવી દિલ્હીની વેબસાઈટ http://www.dget.nic.in/ માં દર્શાવ્યા મુજબ રહેશે. જે સમયાંતરે ફેરફારને આધિન રહેશે. જે તાલીમાર્થીઓને બંધનકર્તા રહેશે.

(૨) જી.સી.વી.ટી. પેટર્નના વ્યવસાયો માટે ન્યુનત્તમ પ્રવેશ લાયકાત, વ્યવસાયનો પ્રકાર તથા વ્યવસાયની મુદત ગુજરાત કાઉન્સિલ ઑફ વોકેશનલ ટ્રેનિંગ, ગાંધીનગરની વેબસાઈટ http://www.gcvt.org/ માં દર્શાવ્યા મુજબ રહેશે. જે સમયાંતરે ફેરફારને આધિન રહેશે. જે તાલીમાર્થીઓને બંધનકર્તા રહેશે.

દિવ્યાંગ ઉમેદવારો માટે વિશિષ્ટ અભ્યાસક્રમો					
વ્યવસાયનો ક્રમ નં.	**ટ્રેડ કોડ**	**વ્યવસાયનું નામ**	**ન્યુનતમ શૈક્ષણિક લાયકાત**	**વ્યવસાયનો પ્રકાર**	**વ્યવસાયની મુદત**
૩૦૧	૨૮૩	કોમ્પ્યૂટર ઓપરેટર	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૦૨	૨૮૨	સ્ટેનોગ્રાફી (અંગ્રેજી)	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ (અંગ્રેજી વિષય સાથે)	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૦૩	૨૭૨	ટેલિફોન ઓપરેટર કમ રિસેપ્સનીસ્ટ		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૦૪	૨૪૫	કટીંગ એન્ડ ટેલરીંગ	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૮ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૦૫	૨૨૬	ડેસ્કટોપ પબ્લિશીંગ ઓપરેટર (ડીટીપી)		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૦૬	૨૨૭	એમ્બ્રોઈડરી એન્ડ નીડલ વર્ક્સ		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૦૭	૨૯૪	હેર એન્ડ સ્કીન કેર		નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૦૮	૨૧૯	પ્લમ્બીંગ આસિસ્ટન્ટ		એન્જિનિયરિંગ	૧ વર્ષ

૩૦૯	૨૮૪	ઑફસેટ પ્રિન્ટર	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૧૦ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૧૦	૨૮૮	ટુ વ્હીલર ઓટો રિપેર	ધોરણ:૧૦+૧૨ની પદ્ધતિમાં ધોરણ-૮ પાસ	એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૧૧	૯૪૨	પેપર બેગ મેકીંગ	Disability Certificate from Competent Authority	નોન એન્જિનિયરિંગ	૬ માસ
૩૧૨	૯૩૨	સર્ટિફિકેટ કોર્સ ઈન આર્ટ એન્ડ ક્રાફ્ટ	ધોરણ-૫ પાસ	નોન એન્જિનિયરિંગ	૬ માસ
૩૧૩	૨૪૮	બુક બાઈન્ડર	ધોરણ-૭, ૮ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ
૩૧૪	૧૯૯	કટીંગ એન્ડ સુઈંગ	ધોરણ-૮ પાસ	નોન એન્જિનિયરિંગ	૧ વર્ષ

રાજયમાં આવેલ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તથા ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ચાલતા જુદા જુદા વ્યવસાયોમાં પ્રવેશ અને તાલીમને લગતી માહિતી નીચે મુજબ છે.

૧, પ્રવેશ માટેની વય મર્યાદા :

૧.૧ ઉમેદવાર પ્રવેશનાં વર્ષના ઑગષ્ટ માસની ૧લી તારીખે નીચે મુજબ વયમર્યાદા ધરાવતા હોવા જોઈએ.

૧.૨ સત્ર શરૂ થવાના પ્રથમ દિવસે તમામ ઉમેદવારની ન્યૂનત્તમ વય ૧૪ વર્ષ પૂર્ણ કરેલી હોવી જોઈએ.

૧.૩ વિધવા અને ત્યકતાની ન્યૂનત્તમ વય ૧૮ વર્ષ હોવી જોઈએ.

૧.૪ માજી સૈનિકો અને સૈનિકોની વિધવાઓની ન્યૂનત્તમ વય ૧૮ વર્ષ હોવી જોઈએ.

૧.૫ તમામ ઉમેદવારને ઉપલી વયમર્યાદામાંથી મુકિત છે.

૨. પ્રવેશ માટેની શારીરિક યોગ્યતા :

ઉમેદવાર તંદુરસ્ત અને ચેપી રોગથી મુકત હોવા જોઈએ જે સંસ્થા ખાતે પાર્ટ ટાઈમ મેડીકલ ઓફિસર ન હોય તેવી સંસ્થા તાલીમાર્થીઓની સ્થાનિક ડૉકટર પાસે દાકતરી તપાસ કરાવી શકશે. પરંતુ શકય બને ત્યાં સુધી સરકારી/પંચાયત/જાહેર ટ્રસ્ટ અથવા વિનામૂલ્યે આવી સેવા પૂરી પાડતી હોસ્પિટલોમાં દાકતરી તપાસ કરાવવાની રહેશે.

૩. અનામત બેઠકો :

૩.૧ અનામત બેઠકોની વિગતો નીચેના પત્રકમાં દર્શાવેલ છે.

ક્રમ	કેટેગરી	અનામત બેઠકોની ટકાવારી	નોંધ
૧	બક્ષીપંચની જાતિઓ	૨.૭ ટકા	
૨	અનુસૂચિત જાતિ	૭ ટકા	
૩	અનુસૂચિત જનજાતિ	૧૫ ટકા	
૪	આર્થિક રીતે નબળા વર્ગો (EWS)	૧૦ ટકા	EWS કક્ષા માટે અનામતની ૧૦ ટકા બેઠકો પૈકી ૩૩ ટકા બેઠકો EWS કક્ષાની મહિલા ઉમેદવારો માટે અનામત રાખવાની રહેશે. આ જગ્યાઓ મહિલા ઉમેદવારોથી ભરવાની રહેશે.
૫	દિવ્યાંગ	૪ ટકા	સંસ્થા દીઠ
૬	* મહિલાઓ	૩૩ ટકા	વ્યવસાયદીઠ ભરવાપાત્ર બેઠકો

*** નોધ:**

(અ) મહિલા ઉમેદવારોને પ્રવેશ આપવા માટે કેટેગરી પ્રમાણે દા.ત. એસ.સી., એસ.ટી., સા.શૈ.પ. તથા અન્યમાં

કેટેગરીવાઈઝ ૩૩ ટકા બેઠકો અનામત રાખવામાં આવશે. જો કોઈ કેટેગરીમાંથી યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તે બેઠકો ઉપર પુરુષ ઉમેદવારોને પ્રવેશ આપી શકાશે.

(બ) નવરચિત જિલ્લાઓ માટે જૂના જિલ્લામાં જે અનામતનું ધોરણ નકકી કરવામાં આવ્યું હોય તે ધોરણ અપનાવવાનું રહેશે. કોઈ એક જિલ્લો બે કે તેથી વધુ જિલ્લામાંથી અસ્તિત્વમાં આવેલ હોય તો તે નવા જિલ્લાનું મુખ્ય મથક જે જૂના જિલ્લાનો અગાઉ ભાગ હતો તે જૂના જિલ્લાની અનામતની ટકાવારી નવા જિલ્લામાં અપનાવવાની રહેશે.

૪. અનામત બેઠકો ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ સરકાર દ્વારા જે તે હેતુ માટે નીચે જણાવ્યા મુજબના ઠરાવેલ સક્ષમ સત્તાધિકારીઓ પૈકી કોઈ પણ દ્વારા અપાયેલ પ્રમાણપત્રની સ્વપ્રમાણિત નકલ અરજીપત્ર સાથે રજૂ કરવાની રહેશે.

૪.૧ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(બક્ષીપંચ)ની જાતિઓના ઉમેદવારો માટેઃ

(૧)કલેકટરશ્રી (૨) મદદનીશ કલેકટરશ્રી/નાયબ કલેકટરશ્રી (૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી (૪) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (૫) તાલુકા વિકાસ અધિકારીશ્રી (૬) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (૭) મહાલકારીશ્રી (૮) મામલતદારશ્રી (૯) નાયબ મામલતદારશ્રી.

૪.૨ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે :

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી /વધારાના જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી/નાયબ કમિશનરશ્રી /કલેકટરશ્રી વધારાના નાયબ કમિશનરશ્રી/ નાયબ કલેકટરશ્રી પહેલા વર્ગના સવેતન મેજિસ્ટ્રેટશ્રી/સીટી મેજિસ્ટ્રેટશ્રી/ પેટા વિભાગીય મેજિસ્ટ્રેટશ્રી (પહેલા વર્ગના સવેતન મેજિસ્ટ્રેટશ્રીથી ઉતરતી કક્ષાના નહિ /તાલુકા મેજિસ્ટ્રેટશ્રી / કાર્યપાલક મેજિસ્ટ્રેટશ્રી) (૨) મુખ્ય પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટશ્રી / વધારાના મુખ્ય પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટશ્રી / પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટશ્રી (૩) સમાજ કલ્યાણ નિયામકશ્રી અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (૪) મામલતદારશ્રીથી ઉતરતી કક્ષાના નહિ તેવા મહેસૂલ અધિકારીશ્રીઓ (૫) ઉમેદવાર અને/અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટાવિભાગીય અધિકારીશ્રી (૬) વહીવટદારશ્રી / વહીવટદારના સેક્રેટરીશ્રી/ વિકાસ અધિકારીશ્રી લક્ષદ્વીપ અને મિનિકોય ટાપુઓ (૭) જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (૮) તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ (૯) જિલ્લા પછાત કલ્યાણ અધિકારીશ્રી (વર્ગ-૧)

૪.૩ આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Section)ના ઉમેદવારો માટે :

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી/ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી/ કલેકટરશ્રી/ અધિક કલેકટરશ્રી/નાયબ કલેકટરશ્રી/ આસી. કલેકટરશ્રી (૨) મામલતદારશ્રી/ તહસીલદારની કક્ષાથી નીચેની કક્ષાના ન હોય તેવા રેવન્યુ અધિકારીઓ (૩) તાલુકા વિકાસ અધિકારી (૪) જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ કલ્યાણ) / જિલ્લા સમાજકલ્યાણ અધિકારી (વિકસતી જાતિ કલ્યાણ) (૫) અત્રે સ્પષ્ટ કરવામાં આવે છે કે, ભારત સરકાર હેઠળના અનામતનો લાભ લેવા માટે પાત્રતાના પ્રમાણપત્ર આપવા માટે મામલતદાર / તહેસીલદારની કક્ષાથી ઉતરતા ન હોય તેવા અધિકારીઓ સક્ષમ સત્તાધિકારીઓ ગણાશે.

૪.૪ લઘુમતી કોમોના ઉમેદવારો માટે :

સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીધામ તથા અંકલેશ્વર ખાતે લઘુમતિ કોમના ઉમેદવારો માટે બેઠકો દાખલ કરવામાં આવી છે. લઘુમતિ કોમમાં મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, પારસી, બુદ્ધ તેમજ જૈન જાતિના લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે, આ માટે નીચે મુજબના સક્ષમ અધિકારી પાસેથી લઘુમતી જાતિનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

(૧) કલેકટરશ્રી (૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી (૩) મદદનીશ કલેકટરશ્રી / નાયબ કલેકટરશ્રી (૪) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (૫) તાલુકા વિકાસ અધિકારીશ્રી (૬) મામલતદારશ્રી (૭) મહાલકારીશ્રી (૮) નાયબ મામલતદારશ્રી.

૪.૫ દિવ્યાંગ ઉમેદવારો માટે :

દિવ્યાંગ ઉમેદવારો માટે કુલ ભરવાપાત્ર બેઠકોના ૪ ટકા બેઠકો અનામત રાખવામાં આવેલી છે. દિવ્યાંગ ઉમેદવારો માટેની અનામત બેઠકો ઉપર પ્રવેશ મેળવવા અરજી કરતાં ઉમેદવારોએ સુપ્રિટેન્ડેન્ટશ્રી, નેશનલ કેરિઅર સર્વિસ ફોર ડિફરન્ટલી એબ્લેડડ આઈ.ટી.આઈ. હૉસ્ટેલ કેમ્પસ, કુબેરનગર, અમદાવાદ તરફથી જે તે વ્યવસાય માટે યોગ્યતાનું સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે. આ માટે દિવ્યાંગ ઉમેદવાર પાસે ૪૦ ટકા કે તેથી વધુ ટકાવારી દર્શાવતું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે. એક આંખે દિવ્યાંગતા ધરાવતી વ્યકિતનો દિવ્યાંગતાની વ્યાખ્યામાં સમાવેશ થશે નહીં. દિવ્યાંગ ઉમેદવારો માટે પ્રવેશ આપવા અનામત રાખવામાં આવતી ૦૪ ટકા બેઠકોનો મહત્તમ ઉપયોગ થઈ શકે તે માટે મહાનિર્દેશાલય, શ્રમ અને રોજગાર, નવી દિલ્હી દ્વારા ઈજનેરી તથા બિનઈજનેરી વ્યવસાયોમાં પ્રવેશ આપવા માટે વિવિધ પ્રકારની શારીરિક ક્ષતિ ધરાવતા ઉમેદવારો માટે ભલામણો કરવામાં આવેલા વ્યવસાયોની યાદી પરિશિષ્ટ:૮ ઉપર સામેલ છે.

રાજ્યમાં આવેલી દિવ્યાંગો માટે વ્યવસાયિક તાલીમ આપતા કેન્દ્રોની યાદી

તાલુકાનું નામ	સંસ્થાનું નામ તથા સરનામું	સંપર્ક નંબર	સંસ્થામાં ચાલતા ટ્રેડનો ક્રમ નંબર (પરિશિષ્ટ-૭ પ્રમાણે)
અમદાવાદ સિટી	અંધજન મંડળ (માત્ર દિવ્યાંગો માટે) ઔ.તા.સંસ્થા વસ્ત્રાપુર, ડૉ. જગદીશ પટેલ ચોક, તા. અમદાવાદ(સિટી) જિ. અમદાવાદ-૩૮૦૦૧૫	૦૭૯-૨૬૩૦૫૦૮૨	૨૬, ૩૦૨, ૩૦૩, ૩૦૪, ૩૦૫, ૩૦૭, ૩૦૯,
	બહેરા મૂંગા શાળા, નવરંગપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯	૦૭૯-૬૫૮૬૧૩૮	૩૦૬
	ધી સોસાયટી ફોર ફિઝિકલી હેન્ડીકેપ્ડ, હોસ્ટેલ બિલ્ડીંગ, આઈ.ટી. આઈ. કુબેરનગર સામે, કુબેરનગર, અમદાવાદ	--	--
જિલ્લો અરવલ્લી			
મોડાસા	લાયન્સ ક્લબ સોસાયટી, લાયન્સ ઈન્ડસ્ટ્રિયલ ટ્રેનિંગ સેન્ટર ફોર ડિસેબલ, શ્રી વાડીલાલ હીરાલાલ ગાંધી બહેરા મૂંગા શાળા, મુ.પો. મોડાસા, જિ. અરવલ્લી પીન-૩૮૩૩૧૫	૦૨૭૭૪-૨૪૬૮૦૧	૧૧૯, ૩૦૪, ૩૦૫, ૩૦૭, ૩૦૮, ૩૦૯, ૩૧૦
જિલ્લો ગાંધીનગર			
ગાંધીનગર	સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ મુકબધિર શિશુવિદ્યામંદિર, ગાંધીનગર કૃષ્ણભવન, મોટેરા, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫	૦૭૯-૨૩૨૧૧૩૩૨	૩૦૪
	સરસ્વતી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સમર્પણ મુકબધિર શિશુવિદ્યામંદિર ૧૧૧ ચ ટાઈપ, સેકટર-૨૮ ગાંધીનગર	૦૭૯-૨૩૩૧૩૩૨	૧૨૬, ૩૦૪
જિલ્લો વડોદરા			
વડોદરા	ગુજરાત રક્તપિત નિવારણ સેવા સંઘ, જુનીગઢી, મ્યુનિ. ક્વાર્ટર્સ પાસે, મીલરોડ, યાકુતપુરા, વડોદરા-૩૯૦૦૦૬.	૦૨૬૫-૨૯૭૪૧૮૭	૩૦૧, ૩૦૪, ૩૦૬
	વૉકેશનલ રિહેબિલિટી સેન્ટર ફોર હેન્ડીકેપ્ડ વુમન, એમ.આઈ. એસ્ટેટ, જલારામ મંદિર, કારેલી બાગ, વડોદરા-૩૯૦૦૧૮		
જિલ્લો સુરત			
સુરત સિટી	ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા, શ્રી સાંઈ સમર્થની પાસે, શારદાયતન સ્કૂલની પાછળ, લેક વ્યૂ ગાર્ડનની સામે, ઉધના, સુરત-૩૯૫૦૦૭	૦૨૬૧-૨૨૫૨૯૪૨	૩૦૫

જિલ્લો નવસારી			
ગણદેવી	સંચાલકશ્રી, ગાંધીધર, મુ.પો. કછોલી, સ્ટે. અમલસાડ, તા. ગણદેવી, જિલ્લો નવસારી-૩૯૬૩૭૦	૦૨૬૩૪-૨૭૨૨૫૯	૩૦૫
જિલ્લો સુરેન્દ્રનગર			
વઢવાણ	પ્રજ્ઞાચક્ષુ સેવા કુંજ, નિર્મળનગર સોસાયટી, દાલમીલ રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧	૦૨૪૫૨-૨૯૩૧૦૦	૩૦૧, ૩૦૭
જિલ્લો ભાવનગર			
ભાવનગર	શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી પી.એન.આર. શાહ, પ્રજ્ઞાચક્ષુ વિદ્યાલય, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૨	૦૨૭૮-૨૪૨૩૯૧૭	૩૦૧

રાજ્યમાં દિવ્યાંગ ઉમેદવારો માટે કૌશલ્યની તાલીમ

રાજ્યમાં દિનપ્રતિદિન થતા ઔદ્યોગિક વિકાસને ધ્યાને લેતા ઔદ્યોગિક વિકાસના પ્રમાણમાં આવેલી જુદા-જુદા ઔદ્યોગિક એકમોને કુશળ કારીગરો પૂરાં પાડવાની તેમજ રાજ્યના યુવાધનને રોજગારી/સ્વરોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાની બાબતને રાજ્ય સરકાર દ્વારા અગ્રીમતા આપવામાં આવેલી છે.

દિવ્યાંગ તાલીમાર્થીઓને પ્રોત્સાહન મળે અને તેઓ નિમ્નતાનો અનુભવ ન કરે તે માટે ઉત્સાહભર્યું અને તંદુરસ્ત વાતાવરણ તૈયાર કરીને તે નિભાવવામાં આવે તેમજ આવા તાલીમાર્થીઓ શૈક્ષણિક અને સામાજિક રીતે અલગતાનો અનુભવ કરે નહી તે માટે દિવ્યાંગ ધારો અધિનિયમ,૨૦૧૬ અન્વયે જરૂરી સગવડો પૂરી પાડવાનો પ્રયાસ કરવાના નિર્દેશ અન્વયે દિવ્યાંગો માટેની સરકારી ડિસેબલ આઈ.ટી.આઈ. શરૂ કરવાનું આયોજન કરવામાં આવે છે.

દિવ્યાંગોને વધુ ટેકનિકલ તાલીમ સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુસર રાજ્યમાં હાલ (૧) વડોદરા (૨) રાજકોટ (૩) સુરત જિલ્લામાં દિવ્યાંગ ઉમેદવારો માટેની સરકારી આઈ.ટી.આઈ. કાર્યરત છે.

- ઉપરાંત રાજ્યની અન્ય તમામ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે ૪ % બેઠકો અનામત રાખવામાં આવે છે.
- દિવ્યાંગ તાલીમાર્થીઓને ટ્યુશન ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવે છે.
- દિવ્યાંગ તાલીમાર્થીઓને બેન્કેબલ લોન સબસિડી યોજનાનો લાભ આપવામાં આવે છે.
- ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈ.ટી.આઈ.)માં તાલીમ મેળવતા દિવ્યાંગ તાલીમાર્થીઓને માસિક રૂ. ૨૦૦/- થી રૂ.૪૦૦/- લેખે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.
- ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમ મેળવતા દિવ્યાંગ તાલીમાર્થીઓને પણ "ગુજરાત સામુહિક જૂથ(જનતા) અકસ્માત વીમા યોજના" હેઠળ રૂ. ૧.૦૦ લાખનું વીમા કવચ પૂરું પાડવામાં આવે છે.
- ધોરણઃ૧૦/ધોરણઃ૧૨ સમકક્ષ ગણવા માટેની શરતો પરિપૂર્ણ થતાં તેઓને સમકક્ષતાનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

પ્રવેશ મેળવવાની પદ્ધતિઃ

આ માહિતી માત્ર સરકારી/ ગ્રાન્ટ-ઈન-એઈડ/ સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોને લાગુ પડે છે, અને તે ફકત એક વર્ષ અને બે વર્ષના (જી.સી.વી.ટી./ એન.સી.વી.ટી.)ના વ્યવસાયોમાં પ્રવેશ મેળવવા સારું ઉપયોગમાં લઈ શકાશે.

જ્યારે એક વર્ષથી ઓછી મુદતના વ્યવસાયોમાં પ્રવેશ માટે સંબંધિત સંસ્થા કક્ષાએથી સ્થાનિક રીતે અલાયદી કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોઈ સંબંધિત સંસ્થાઓનો રૂબરૂમાં સંપર્ક કરવો. સરકારી ટેકનિકલ હાઈસ્કૂલ, દિવ્યાંગ ઉમેદવારોને તાલીમ આપતી સંસ્થાઓ તેમજ સ્વનિર્ભર સંસ્થાઓમાં ચાલતા સી.ટી.એસ. યોજના હેઠળના એન.સી.વી.ટી. / જી.સી.વી.ટી. પેટર્નના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જે તે સંબંધિત ટેકનિકલ હાઈસ્કૂલ, દિવ્યાંગ ઉમેદવારોને તાલીમ આપતી સંસ્થાઓ અને સ્વનિર્ભર કેન્દ્રોનો સંપર્ક કરી શકો છો.

ઉમેદવાર ઓનલાઈન પ્રવેશફોર્મ ઈન્ટરનેટના માધ્યમથી ભરી શકે છે. તેમ છતાં ઉમેદવારોની સુવિધા માટે રાજયમાં આવેલી કોઈ પણ નજીકની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા કે ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાંથી કામકાજના દિવસો દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવાથી ઓનલાઈન ફોર્મ દીઠ નિયત કરેલી ફી રૂ. ૨૦/- રોકડેથી ભરીને એસ.એસ.સી.નું પરિણામ જાહેર થયાનાં બીજા દિવસથી કચેરીના કામકાજના દિવસો દરમ્યાન નિયત તારીખ સુધીમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ ફોર્મ ઈન્ટરનેટના માધ્યમથી આ ખાતાની વેબસાઈટ (1) https://www.talirojgar.gujarat.gov.in (2) https://armissiongujarat.gov.in પર ઓનલાઈન ભરી શકાશે.

સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા કે ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં કચેરી કામકાજના સમય દરમ્યાન ફી રૂ. ૫૦/- સાથે ઓનલાઈન પ્રવેશ અરજી ફોર્મ ભરીને એસ.એસ.સી.નું પરિણામ જાહેર થયાના બીજા દિવસથી કચેરીના કામકાજના દિવસ દરમ્યાન નિયત તારીખ સુધીમાં રજૂ કરવાનું રહેશે. પ્રવેશ અરજી ફોર્મ સ્વીકારવાની તારીખમાં ફેરફાર અંગેની જાણકારી સંબંધિત સંસ્થાઓમાંથી મેળવી શકાશે અથવા ઉપરોકત વેબસાઈટ ઉપરથી પણ જાણી શકાશે.

સંપૂર્ણ ભરેલ ઓનલાઈન પ્રવેશ અરજી ફોર્મ ઉમેદવાર તેમના રહેઠાણની નજીકની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા કે ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં નિયત કરેલ તારીખ સુધીમાં અને નિયત ફી ચૂકવી જરૂરી સ્વપમાણિત પ્રમાણપત્રો સહીત જમા કરાવી શકશે, જો કોઈ ઉમેદવાર એક કરતા વધુ સંસ્થામાં પ્રવેશ ફોર્મ ભરવા ઈચ્છતા હોય તો તેઓએ પ્રિન્ટેડ અરજી ફોર્મમાં દરેક સંસ્થાનું નામ તથા સંસ્થા કોડ દર્શાવી સહી કરી ફોર્મ દિઠ રજિસ્ટ્રેશન ફી રૂ. ૫૦/- લેખે જમા કરાવવાનું રહેશે.

સરકારી ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓમાં તાલીમી ફીનું ધોરણ :

ક્રમ	ઉમેદવારની કેટેગરી	કોશમની ડિપોઝીટની રકમ રૂ.	૬ માસની ટ્યુશન ફી ની રકમ રૂ.	કુલ રકમ રૂ.
૧	જનરલ	રૂ. ૨૫૦.૦૦	રૂ. ૬૦૦/-	રૂ. ૮૫૦/-
૨	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (બક્ષીપંચ)	રૂ. ૨૫૦.૦૦	રૂ. ૬૦૦/-	રૂ. ૮૫૦/-
૩	આર્થિક રીતે નબળા વર્ગો	રૂ. ૨૫૦.૦૦	રૂ. ૬૦૦/-	રૂ. ૮૫૦/-
૪	અનુસૂચિત જનજાતિ	રૂ. ૨૫૦.૦૦	મુક્તિ	રૂ. ૨૫૦/-
૫	અનુસૂચિત જાતિ	રૂ. ૨૫૦.૦૦	મુક્તિ	રૂ. ૨૫૦/-
૬	મહિલાઓ	રૂ. ૨૫૦.૦૦	મુક્તિ	રૂ. ૨૫૦/-
૭	દિવ્યાંગ	રૂ. ૨૫૦.૦૦	મુક્તિ	રૂ. ૨૫૦/-

નોંધ : તાલીમાર્થીઓ પાસેથી લેવામાં આવતી રજિસ્ટ્રેશન ફી રૂ. ૫૦/ તથા ટ્યુશન ફી માસિક રૂ.૧૦૦/- લેખે છ માસિક રૂ. ૬૦૦/- https://e-trams.gujarat.gov.in પરથી ઓનલાઈન ભરવાની રહેશે.

સ્વનિર્ભર સંસ્થાઓ :

રાજયમાં વ્યવસાયિક તાલીમની સુવિધાઓનું વિસ્તૃતિકરણ કરવા સારૂ સ્વ-રોકાણથી (રાજય સરકાર તરફથી કોઈપણ પ્રકારના અનુદાન કે સહાય વગર) એન.સી.વી.ટી. કે જી.સી.વી.ટી. પેટર્નના અભ્યાસક્રમો ચલાવવા જાહેર ટ્રસ્ટો / પબ્લિક લિમિટેડ કંપનીઓને વર્ષ ૧૯૯૯થી મંજૂરી આપવામાં આવેલી છે. સ્વનિર્ભર સંસ્થાઓના તાલીમાર્થીઓની પરીક્ષા એન.સી.વી.ટી.

પેટર્નના એફિલિએટેડ ટ્રેડો માટે ભારત સરકારના શ્રમ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ અત્રેથી લેવામાં આવે છે, જયારે જી.સી.વી.ટી. પેટર્નના ટ્રેડો માટે રાજયકક્ષાનું એફિલિએશન મેળવેલ હોય તેની જી.સી.વી.ટી. દ્વારા પરીક્ષા યોજવામાં આવે છે. તેમજ લાગુ પડતા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવે છે. ભારત સરકારના ડી.જી.ટી. નવી દિલ્હી દ્વારા તાલીમ ફીનું મહત્તમ ધોરણ નીચે દર્શાવ્યા મુજબ નકકી કરવામાં આવેલું છે. ઑગષ્ટ-૨૦૨૦ ના પ્રવેશસત્રમાં સ્વનિર્ભર સંસ્થાઓએ NCVT અથવા GCVT એફિલિએશન મેળવેલું હોય તેવા વ્યવસાયો માટે જ આ કચેરીના તારીખ ૩૦/૦૧/૨૦૧૯ના કચેરી આદેશ ક્રમાંકઃરોતાનિ/જીઆઈએ/ઘ-૭/ઓનલાઈન/૨૦૧૯/૪૦૬ ની સુચનાઓ ધ્યાને લઇ ઓનલાઈન પ્રવેશ આપવાનો રહેશે.

વિસ્તાર	વ્યવસાયનો પ્રકાર	વ્યવસાય દીઠ મહત્તમ ફી નું ધોરણ
ગ્રામ્ય	એન્જિનિયરિંગ વ્યવસાયો	૧૬૦૦૦/-
	નોન એન્જિનિયરિંગ વ્યવસાયો	૧૨૮૦૦/-
શહેરી	એન્જિનિયરિંગ વ્યવસાયો	૧૭૬૫૦/-
	નોન એન્જિનિયરિંગ વ્યવસાયો	૧૪૧૦૦/-

સ્વનિર્ભર સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારે સબંધિત સંસ્થાઓનો સંપર્ક કરવાનો રહેશે. આવી સંસ્થાઓમાં પ્રવેશ મેળવતાં પહેલાં ઉમેદવારોએ ટયુશન ફી તથા એફિલિએટેડ બેઠકોની જાણકારી મેળવી લેવી હિતાવહ છે. સ્વનિર્ભર સંસ્થાના ઉમેદવારોને રોજગાર અને તાલીમ ખાતા દ્વારા કોઈ પણ પ્રકારની શિષ્યવૃત્તિ આપવામાં આવતી નથી.

અરજી પ્રવેશ ફોર્મ ભરવા સંબંધિત સામાન્ય સૂચનાઓ

૧. સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં નેશનલ ઈન્ફોમેટીક સેન્ટર તથા ગુજરાત ઈન્ફોર્મેટીકસ લિમિટેડના સહયોગથી ઓન લાઈન પ્રવેશ ફોર્મ ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવેલી છે.

૨. પ્રવેશ સત્ર ઑગષ્ટ-૨૦૨૧ માં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ/ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ ફોર્મ ઈન્ટરનેટના માધ્યમથી આ ખાતાની વેબ સાઈટ (1) https://www.talimrojgar.gujarat.gov.in (2) https://t\iaiadmission.gujarat.gov.in/ પરથી ઓન લાઈન ભરી શકાશે.

૩. જે ઉમેદવારો ગરીબી રેખા હેઠળ આવતા હોય તેમણે તેમનો બીપીએલ યાદીનો નંબર પ્રવેશ ફોર્મમાં દર્શાવવાનો રહેશે.

૪. વેબસાઈટ ઉપર એપ્લીકેશન ફોર્મ ઉપર કલીક કરવાથી કોરું ફોર્મ કોમ્પ્યુટર સ્ક્રીન ઉપર આવશે આ પ્રવેશ ફોર્મ જે સંસ્થા માટે ભરવું હોય તે સંસ્થાનું નામ સિલેકટ કરીને ઉમેદવારે બાકીની વિગતો ભરવી. ફોર્મમાં ઉમેદવાર દ્વારા જે સંસ્થાનું નામ સિલેકટ કરવામાં આવેલું હશે તે સંસ્થામાં આ ફોર્મ આપોઆપ સબમિટ થઈ જશે.

૫. પ્રવેશ ફોર્મની તમામ વિગતો સંપૂર્ણ ભરી સબમીટ ઓપ્શન ઉપર કલીક કરવાથી આઈ.ટી.આઈ.ના યુનિક નંબર સાથે અરજી નોંધાઈ જશે.

૬. ઉમેદવાર એક કરતાં વધુ સંસ્થાનું ઓનલાઈન

પ્રવેશ ફોર્મ ભરી શકશે.

૭. ઉમેદવારે તેમનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો (15KB Size, 5c.m x 3.6 c.m. image resolution 200 dip) ફોટો અપલોડ કરવાનો રહેશે.

૮. ઉમેદવારના ઓનલાઈન પ્રવેશ ફોર્મમાં કોઈ ક્ષતિ હોય તો એડિટ એપ્લિકેશન મેનુમાં જઈ પોતાનો અરજી નંબર તથા જન્મ તારીખ એન્ટર કરીને જરૂરી સુધારો-વધારો કરી સેવ કરવાનું રહેશે.

૯. ઉમેદવારે અરજી સંપૂર્ણ રીતે ચકાસીને યોગ્ય લાગે તો અરજી કન્ફર્મ કરી લોક કરવું તેના માટે કન્ફર્મ એપ્લિકેશન મેનુ ઉપર કલીક કરવાનું રહેશે. કન્ફર્મ કરેલી અરજી જ માન્ય ગણાશે. અને આ અરજીની પ્રિન્ટ લઈને રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. ઉમેદવાર ઑનલાઈન ભરેલ અરજી ફોર્મ રાજયની કોઈ પણ સરકારી / ગ્રાન્ટ- ઈન- એઈડ સંસ્થા ખાતે રૂબરૂ જમા કરાવી શકશે.

૧૦. પ્રવેશ ફોર્મ રજિસ્ટ્રેશન ફી રૂ. ૫૦/- ઉમેદવારે ઑનલાઈન પ્રવેશ ફોર્મ સંસ્થામાં જમા કરાવતા સમયે જે તે સંસ્થામાં જમા કરાવવાની રહેશે. રજિસ્ટ્રેશન ફી ની પહોંચ ઉમેદવારે ઑનલાઈન પ્રવેશ ફોર્મમાં નીચે આપવામાં આવેલી છે જે તે સંસ્થા ખાતેથી રૂ. ૫૦/- ભરી સહી / સિકકા કરાવી મેળવી લેવાની રહેશે.

૧૧. પ્રવેશ ફોર્મ ભરતાં પહેલાં પ્રવેશ ફોર્મ ભરવા સંબંધેની જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આ ખાતાની વેબ સાઈટ (1) https://www.talimrojgar.gujarat.gov.in (2) https://t\iaiadmission.gujarat.gov.in/ ઉપરથી વાંચી, સમજી, વિચારી પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. ઉમેદવારે ઓનલાઈન ફોર્મમાં વિગતો સાચી ભરેલી છે તેમ માનીને મેરીટ જનરેટ કરવામાં આવશે અને ઉમેદવારની રૂબરૂ મુલાકાત દરમિયાન અસલ પ્રમાણપત્રોની ચકાસણી થતાં જો કોઈ ફેરફાર જણાશે તો તે ઉમેદવારને બંધનકર્તા રહેશે.

૧૨. પ્રવેશવાંચ્છું ઉમેદવારોને પ્રવેશ સંબંધિત વધુ વિગતો તેમની નજીકની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોના માર્ગદર્શન સેન્ટરનો રૂબરૂ સંપર્ક કરવાથી મળી શકશે.

૧૩. રોજગાર અને તાલીમ ખાતા દ્વારા વ્યવસાયલક્ષી તાલીમી અભ્યાસક્રમો થકી ઉમેદવારોને રોજગારી /સ્વરોજગારી પૂરી પાડવા સતત અને સઘન પ્રયત્નો થતા રહે છે. તેમાં સમયની જરૂરિયાત મુજબ વખતો વખત ઉચિત ફેરફારો, સંશોધન, પ્રયોગો ખાતા દ્વારા અમલમાં મૂકવામાં આવે છે અને તેના હકારાત્મક પરિણામો પણ હાંસલ થાય છે. ઑનલાઈન પ્રવેશ ફોર્મ પણ હાલના સમયમાં એટલું જ પ્રસ્તુત હોવાથી ખાતાએ જનહિતમાં તેનો અમલ કરવાનું નકકી કરેલું છે.

૧૪. ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેનો SMS તેઓએ અરજી ફોર્મ માં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર મળશે આથી પ્રવેશ દરમ્યાન મોબાઈલ નંબર બદલવો નહીં. કે બંધ રાખવો નહીં.

૧૫. પ્રવેશ અંગેની માહિતી રાજ્યની તમામ સરકારી/ જી.આઇ.એ. / સ્વનિર્ભર આઇ.ટી.સી. ખાતે પરિશિષ્ટ-૩ થી પરિશિષ્ટ-૫ માં દર્શાવેલ સંપર્ક નંબર ઉપરથી મેળવવાની રહેશે. વધુ વિગતો માટે નીચે દર્શાવેલ કચેરીઓ ખાતેના હેલ્પ લાઈન નંબર પરથી સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦

કલાક દરમિયાન ઉપલબ્ધ બનશે.

ક્રમ	કચેરીનું નામ	હેલ્પલાઈન નંબર
૧	ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર	૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦
૨	નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, બ્લોક નં.૧,૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦	(૦૭૯)૨૩૨૫૩૮૧૦
૩	નાયબ નિયામકશ્રી,(તાલીમ), પ્રાદેશિક કચેરી, આઈ.ટી.આઈ. હૉસ્ટેલ બિલ્ડીંગ, કુબેરનગર, અમદાવાદ - ૩૮૨૩૪૦	(૦૭૯) ૨૨૮૨૨૪૨૬
૪	નાયબ નિયામકશ્રી, (તાલીમ), પ્રાદેશિક કચેરી, ૯૧૩, 'ઈ' બ્લોક, નવમો માળ, કુબેરભવન, કોઠી કેમ્પસ, વડોદરા-૩૯૦૦૦૧	(૦૨૬૫)૨૪૩૮૪૭૭ / ૨૪૨૭૦૭૪
૫	નાયબ નિયામકશ્રી, (તાલીમ), પ્રાદેશિક કચેરી, એનેક્ષી ભવન, બીજો માળ, બહુમાળી ભવન કંપાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧	(૦૨૮૧) / ૨૪૫૮૪૮૮
૬	નાયબ નિયામકશ્રી, (તાલીમ), પ્રાદેશિક કચેરી, બહુમાળી મકાન, બી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧	(૦૨૬૧) ૨૪૭૫૧૯૫

૧૬. પ્રવેશ અંગેના નિયમો પ્રથમ કાળજીપૂર્વક વાંચી, સમજી અને પછી જ પ્રવેશ ફોર્મમાં જણાવ્યા મુજબ જ વિગતો ભરવી.

૧૭. નજીકની કોઈ પણ સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાંથી પ્રવેશ ફોર્મ દીઠ નિયત ફી રૂ. ૨૦/- રોકડેથી ચૂકવીને ઓનલાઈન ભરી શકાશે. જરૂરી શૈક્ષણિક પ્રમાણપત્રો સાથેનું સંપૂર્ણ રીતે ભરેલું ઓનલાઈન પ્રવેશ ફોર્મ રૂ. ૫૦/- રજિસ્ટ્રેશન ફી સાથે જમા કરાવવાનું રહેશે.

૧૮. ઑનલાઈન પ્રવેશ ફોર્મ અંગ્રેજી તથા ગુજરાતીમાં ભરી શકાશે. ગુજરાતીમાં અનુક્રમ નંબરઃ ૧ થી ૧૮ સુધીમાં દર્શાવેલી માહિતી ભરવાની રહેશે.

૧૯. પ્રવેશ ફોર્મમાં જયાં ૧ લખેલું છે ત્યાં ઉમેદવારનું નામ, પિતા/પતિનું નામ,અટક, માતાનું નામ, સરનામાની વિગતો પીનકોડ નંબર સહિત લખવાની રહેશે. લિંગ દર્શાવવા, માતૃભાષા ડ્રોપબોકસમાંથી પસંદ કરવાની રહેશે., એસ.ટી.ડી. કોડ સહિત ફોન નંબર, SMS માટે મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ, ઉમેદવારે પોતાનું જે બેંકમાં ખાતું હોય તે બેંકનું નામ, બેંકની શાખાનું નામ, બેંકનો ખાતા નંબર, બેંકનો IFSC કોડ નંબર લખવો, ફોટો આઈડી કાર્ડની વિગતો ડ્રોપબોકસમાંથી પસંદ કરવાની રહેશે. તથા નંબર લખવાનો રહેશે. અટક અને નામ, સ્કૂલ લિવીંગ સર્ટિફિકેટમાં દર્શાવ્યા મુજબ અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં જ લખવા. આધારકાર્ડની વિગતો અચૂક આપવી. SSA Aadhaar Unique ID (સર્વશિક્ષા અભિયાન ૧૮ આંકડાનો ફરજિયાત નાખવાનો રહેશે.)

૨૦. ૨ લખેલ છે ત્યાં ઉમેદવારની જન્મ તારીખની વિગતો દર્શાવવા માટે છે. આ ખાનાઓમાં સ્કૂલ લિવીંગ સર્ટિફિકેટમાં દર્શાવ્યા મુજબ જન્મ તારીખ દર્શાવવી. દા.ત. : જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૮૦ હોય તો તે મુજબ જન્મ તારીખ દર્શાવવી.

૨૧. ૩ લખેલ છે ત્યાં ઉમેદવારે પોતાને લાગુ પડતા ખાનામાં ઉમેદવારના ધર્મ અને જાતિ ડ્રોપબોકસમાંથી પસંદ કરવાના રહેશે.

૨૨. ૪ લખેલ છે ત્યાં ઉમેદવારે પોતાને લાગુ પડતા ખાનામાં ઉમેદવારની કેટેગરી ડ્રોપબોકસમાંથી પસંદ કરવાની રહેશે.

૨૩. ૫ લખેલ છે ત્યાં ઉમેદવારે પિતા / વાલીની વાર્ષિક આવકની વિગતો દર્શાવવાની છે. તેમજ સામેના ખાનામાંથી આવકનો દાખલો આપનાર સક્ષમ સત્તાધિકારીની વિગતો ડ્રોપબોકસમાંથી પસંદ કરવાની રહેશે.

૨૪. ૬ લખેલ ખાનામાં ધોરણ-૭ થી ધોરણ-૧૦ અથવા સમકક્ષ પરીક્ષા પાસ કરી હોય તેની વિગતો દર્શાવવી.

૨૫. ૭ લખેલ ખાનામાં SSC પાસ કર્યાનું વર્ષ અને તેની સામેની લાઈનના ખાનામાં ગુણ પત્રકનો નંબર દર્શાવવો.

૨૬. ૮ લખેલ ખાનામાં ડ્રોપબોક્સમાંથી મેળવેલી લાયકાત પસંદ કરવાની રહેશે. તેમજ સામેના ખાનામાં જે તે ધોરણ પાસ કરવા માટે કરેલ પ્રયત્ન, કુલ ગુણ, મેળવેલ ગુણ, ધોરણ-૧૦ માં મેળવેલ ગણિત તથા વિજ્ઞાન વિષયના માર્કસ દર્શાવવા. (ધોરણ-૧૦ના માર્કસ માર્કસશીટમાં દર્શાવ્યા પ્રમાણે ૫૦૦ માંથી લખવા, ધોરણ-૧૦ના ત્રણ મુખ્ય વિષયો અને બે ભાષાઓ એમ કુલ પાંચ વિષયના કુલ ગુણ લખવા) કોઈ પણ ધોરણ માટે ગણિત અને વિજ્ઞાન વિષયના માર્કસ ફરજિયાત છે. જો ગણિત અને વિજ્ઞાન વિષયના માર્કસ ના હોય તો તે ખાનામાં ૦૧ માર્કસ લખી આગળ વધવું.

૨૭. ૯ લખેલ ખાનામાં ધોરણ-૧૨ પાસ કર્યાનું વર્ષ તેમજ ગુણ પત્રકનો નંબર દર્શાવવો.

૨૮. ૧૦ લખેલ ખાનામાં ડ્રોપબોક્ષમાંથી ધોરણ-૧૨ની સ્ટ્રીમ પસંદ કરવાની રહેશે. તેની સામેના ખાનામાં પ્રયત્ન, કુલ ગુણ અને મેળવેલ ગુણની વિગતો દર્શાવવાની રહેશે. (ધોરણ-૧૨ની પરીક્ષાના થિયરી અને પ્રેકટીકલના કુલ ગુણ નાખવા)

૨૯. ૧૧ લખેલ ખાનામાં ફેશન ડિઝાઈન / મેડિકલ ઈક્વિપમેન્ટ મિકેનિકમાં પ્રવેશ માટે આઈ.ટી. આઈ. પાસ કરેલ ટ્રેડની વિગતો તેમજ તેના સામેના ખાનામાં પ્રયત્ન, કુલગુણ અને મેળવેલ ગુણની વિગતો દર્શાવવાની રહેશે.

૩૦. ૧૨ લખેલ ખાનામાં સ્ટેનોગ્રાફર એન્ડ સેક્રેટરીયલ આસિસ્ટન્ટ (અંગ્રેજી) તેમજ સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર (અંગ્રેજી) વ્યવસાય માટે પસંદગી દર્શાવનાર ઉમેદવારે ફોર્મમાં ધોરણ:૧૦/ ધોરણ:૧૨માં અંગ્રેજી વિષયમાં મેળવેલ ગુણ દર્શાવવાના છે.

૩૧. ૧૩ લખેલ ખાનામાં ડી.ટી.પી. ઓપરેટર વ્યવસાય માટે પસંદગી દર્શાવનાર ઉમેદવારે અંગ્રેજી ટાઈપમાં પ્રતિ મિનિટ શબ્દોની ઝડપની સંખ્યા દર્શાવવી,

૩૨. ૧૪ લખેલ ખાનામાં ઉમેદવારે ઉચ્ચ લાયકાત મેળવી હોય તો તે ડ્રોપબોકસમાંથી પસંદ કરવાની રહેશે. દા.ત.B.sc. / B.com. વિગેરે દર્શાવવું .

૩૩. ૧૫ લખેલ ખાનામાં ઉમેદવારે શાળા છોડયાના પ્રમાણપત્ર (સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ) મુજબનો જિલ્લો દર્શાવવાનો રહેશે. દા.ત. : ઉમેદવારે છેલ્લી પરીક્ષા અમદાવાદ જિલ્લામાંથી પસાર કરી હોય તો અમદાવાદ દર્શાવવો.

૩૪. ૧૬ લખેલ ખાનામાં ઉમેદવારે તેમના માતા / પિતા / વાલી ગરીબી રેખા હેઠળ BPL (ગરીબી રેખાની નીચે) આવતા હોય તો ત્યાં ટીક કરવું અને BPL કાર્ડ નંબર /BPL નંબર દર્શાવવાનો રહેશે.

૩૫. ૧૭ લખેલ ખાનામાં અગાઉના પ્રવેશસત્રમાં પ્રવેશ મેળવેલ અને કોઈ પણ કારણોસર ૮૦ ટકાથી ઓછી હાજરી હોવાના કારણે નામ કમી થયેલ હોય કે પરીક્ષામાં બેસી શકેલ ન હોય તેવા પુનઃપ્રવેશવાળા ઉમેદવારોએ વિગતો ભરવી.

૩૬. ૧૮ લખેલ ખાનામાં ડ્યુઅલ સિસ્ટમ ઓફ ટ્રેનિંગમાં તાલીમ લેવા ઈચ્છતા હોય તો ખરાની નિશાની કરવી. ડ્યુઅલ સિસ્ટમની તાલીમ સંબંધિત વિગતો મુખ્ય પેજના પાછળના ભાગમાં આપવામાં આવેલી છે.

૩૭. ઓનલાઈન પ્રવેશ ફોર્મની સંપૂર્ણ વિગતો ભરી છેલ્લે બાંહેધરીમાં હા પસંદ કરી સ્ક્રીન ઉપર જે કોર્ડ દેખાય તે ટાઈપ કરી ફોર્મ સબમિટ કરવાનું રહેશે

જેથી અરજી કન્ફર્મ માટેનો સંદેશ ડિસ્પ્લે થશે તથા અરજી નંબર દેખાશે જે ઉમેદવારે નોંધી રાખવાનો રહેશે. ત્યાર બાદ કન્ફર્મેશન નંબર, એપ્લીકેશન નંબર અને જન્મ તારીખ એન્ટર કરી પ્રિન્ટ બટન કલીક કરી પ્રિન્ટઆઉટ મેળવી લેવાની રહેશે.

૩૮. ઓનલાઈન પ્રવેશફોર્મ સબમીટ કર્યા પછી અરજી નંબરનો ઉપયોગ કરી કન્ફર્મ એપ્લીકેશન કરવાથી કન્ફર્મશન નંબર આપને SMS દ્વારા તથા કોમ્પ્યુટર સ્ક્રીન ઉપર જોવા મળશે.

૩૯. એક કરતાં વધુ સંસ્થા માટે ફક્ત એક જ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન ભરેલ પ્રવેશ ફોર્મની પ્રિન્ટઆઉટ મેળવી તેમાં ઉમેદવાર જે આઇ.ટી.આઇ.માં અરજી કરવા ઇચ્છતા હોય તે તમામ સંસ્થાઓના કોડ નંબર તથા સંસ્થાનું નામ લખી સહી કરી જરૂરી પ્રમાણપત્રો બિડાણ કરી નજીકની સંસ્થામાં સંસ્થા દીઠ રૂ. ૫૦/- લેખે રજિસ્ટ્રેશન ફી ભરી જમા કરાવી તેની પહોંચ મેળવી લેવાની રહેશે.

તાલીમનું સ્વરૂપ / સમયપત્રક :

આઈ.ટી.આઈ.માં અઠવાડિયાના કામના કુલ-૪૨ કલાકો હોય છે, જેમાં પ્રાયોગિક તાલીમ તેમજ થિયરીની તાલીમ હોય છે. એન્જિનિયરિંગ વ્યવસાયોમાં નીચે મુજબ તાલીમાર્થીઓને જે તે વ્યવસાયના સિલેબસ મુજબ થિયરી/પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે. નોન એન્જિનિયરિંગ વ્યવસાયોમાં એન્જિનિયરિંગ ડ્રોઈંગ તથા વર્કશોપ કેલક્યુલેશન એન્ડ સાયન્સના વિષયોનો સમાવેશ થતો નથી.

અ	પ્રાયોગિક તાલીમ	૨૮ કલાક/અઠવાડિયા
બ	થિયરીઃ (૧૦ કલાક/અઠવાડીયા)	
	ટ્રેડ થિયરી	૦૪ કલાક/અઠવાડિયા
	એન્જિનિયરિંગ ડ્રોઈંગ	૦૨ કલાક/અઠવાડિયા
	વર્કશોપ કેલક્યુલેશન એન્ડ સાયન્સ	૦૨ કલાક/અઠવાડિયા
	એમ્પ્લોયબિલીટી સ્કીલ	૦૨ કલાક/અઠવાડિયા
ક	એક્સ્ટ્રા કરીક્યુલર એક્ટીવીટી	૦૪ કલાક/અઠવાડિયા

સંસ્થાના તાલીમી સમયપત્રકની વિગતઃ

સામાન્ય રીતે જિલ્લા/તાલુકા કક્ષાની મુખ્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં પ્રથમ, બીજી અને ત્રીજી પાળીમાં જયારે અન્ય સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તેમજ ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં પ્રથમ અને બીજી પાળીમાં નીચે દર્શાવેલ સમયપત્રક મુજબ તાલીમ આપવામાં આવે છે. સમય પત્રકમાં સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ સામાન્ય ફેરફાર સંભવિત છે.

કમ	પાળી	સમય
૧	પ્રથમ પાળી	સવારે ૦૭.૨૦ થી બપોરે ૨.૫૦ સુધી
૨	બીજી પાળી	સવારે ૦૯.૩૦ થી સાંજે ૫.૩૦ સુધી
૩	ત્રીજી પાળી	બપોરે ૧૪.૦૦ થી રાત્રે ૯.૦૦ સુધી

"વધુ માહિતી અને માર્ગદર્શન માટે સંબંધિત ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો સંપર્ક કરી શકો છો.

જિલ્લા રોજગાર અધિકારી, બોટાદ અને સંશોધક
આઈટીઆઈ, ગાંધીનગર.
માર્ગદર્શક : ડૉ. શિતલ હેલૈયા, આસિ. પ્રોફેસર,
આઈટીઆઈ, ગાંધીનગર.

3 જેમ્સ-જ્વેલરી ક્ષેત્રે કારકિર્દી

- ચાંદની ધવલ ગોકાણી

જેમ્સ અને જ્વેલરી ક્ષેત્રે વિશ્વભરમાં સદીઓથી અસ્તિત્વ ધરાવે છે. પ્રાચીન કાળથી લઈને આજના ટેકનોલૉજી યુગ સુધી તે ટકી રહ્યું છે. આ ઉદ્યોગ ડિઝાઇન, ઉત્પાદન, વેપાર અને શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી ધરાવે છે.

પોલિશિંગ, ડિઝાઇનિંગ, ઉત્પાદન - તમે કાચા હીરાને પોલિશ કરી શકો છો, વિવિધ ડિઝાઇન અને પેટર્ન બનાવી શકો છો તથા વિવિધ પ્રકારની ઇમિટેશન જ્વેલરીના ઉત્પાદનમાં આગળ વધી શકો છો.

વેપાર - તમે કાચો માલ તથા પોલિશ કરેલ માલનું લે-વેચ કરી શકો છો અથવા સોના, ચાંદી, હીરાના ઘરેણાંનો વેપાર કરી શકો છો. ઇમિટેશન જ્વેલરીના વેપારમાં પણ ઘણી તકો છે.

શિક્ષક - તમે લોકોને કુશળ બનાવવા માટે તાલીમ આપી શકો છો.

ભારત સદીઓથી આ ક્ષેત્રમાં વિશ્વભરમાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે. હાલમાં, હીરાને કાપી તેને પોલિશિંગ કરવાનાં ક્ષેત્રમાં ભારત વિશ્વનું સૌથી મોટું કેન્દ્ર છે. આપણે સૌ સુરત - ધ ડાયમંડ સિટિ વિશે જાણીએ જ છીએ. આથી જો તમે આ ક્ષેત્રમાં આગળ વધવાનું વિચારી રહ્યા હોવ તો સુરત અને અન્ય ઘણા શહેરોમાં પણ તમારી પાસે કામની સારી તકો છે.

તમે વિવિધ કંપનીઓમાં જ્વેલરી ડિઝાઇનર તરીકે નોકરી કરી શકો છો, અનેક જ્વેલરી સ્ટોર્સમાં જેમ્સ અને જ્વેલરી સંબંધિત ડિઝાઇનિંગ અને રિપેરિંગ જેવા વિવિધ કાર્યો કરવા માટેની નોકરી મેળવી શકો છો અથવા તો સ્વતંત્ર રીતે પણ ડિઝાઇનિંગ અને રિપેરિંગનું કામ કરી શકો છો.

ઉપર આપેલાં તમામ ક્ષેત્રોમાં સારી રોજગારીની માંગ છે. દરેક ક્ષેત્રને વિવિધ પ્રકારના કૌશલ્યોની જરૂર હોય છે, તમે તમારા રસના ક્ષેત્રમાં આગળ વધી શકો છો. આ ક્ષેત્રમાં તમારી કારકિર્દીનું આયોજન કરવા માટેના નીચેના પગલાંઓ અનુસરી શકો છો.

1. આ ક્ષેત્રના નિષ્ણાતો, તમારા મિત્રો અથવા સંબંધીઓ સાથે વાત કરો, ઈન્ટરનેટ પર માહિતી શોધો અને તમામ ક્ષેત્રો વિશે વિગતવાર માહિતી મેળવો.
2. આ ક્ષેત્રમાં ચાલતાં વિવિધ કોર્ષ વિષે જાણો.
3. જે-તે કોર્ષ ચલાવતી કોલેજો તપાસો.
4. જે-તે કોર્ષમાં ભણાવવામાં આવતા વિષયો તેમજ તેના કાર્યક્ષેત્ર તપાસો.
5. તમે કરેલી બધી તપાસ ના આધારે અને તમારા રસના ક્ષેત્ર મુજબ તમારો કોર્સ પસંદ કરો.

શિક્ષણ પ્રણાલીમાં આ 3 પ્રકારના કોર્ષ ચાલે છે

1. સર્ટિફિકેટ (પ્રમાણપત્ર) કોર્ષ - 6 મહિનાથી લઈને 2 વર્ષના ટૂંકા ગાળાના કોર્ષ : આ પ્રકારના કોર્ષ ચલાવતી ગુજરાતમાં ઘણી સંસ્થાઓ છે. પણ ધ્યાનમાં રાખજો કે આ કોઈ કોલેજ કે યુનિવર્સિટી નથી હોતી અને આ કારણોસર આ સંસ્થાઓ કોઈ ડિગ્રી નથી આપતી , ફક્ત એક પ્રમાણપત્ર આપે છે.

2. ડિપ્લોમા કોર્ષ : આ 3 વર્ષના અભ્યાસક્રમો હોય છે. આ ક્ષેત્રમાં ડિપ્લોમા કોર્સ ચલાવતી ગુજરાતમાં કોઈ કૉલેજ કે યુનિવર્સિટી નથી. કોઈ કોઈ સંસ્થાઓ ડિપ્લોમા નામ રાખી 2 થી 3 વર્ષના કોર્ષ ચલાવે છે

પરંતુ તે લોકો ડિપ્લોમા ડિગ્રી નહીં સર્ટિફિકેટ આપે છે.

૩. ડિગ્રી કોર્સ : આ કોર્સ 3 થી 4 વર્ષ માટે હોય છે જે વિવિધ કૉલેજ અને યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવે છે. કોર્ષ પૂર્ણ થયા બાદ તમને ડિગ્રી એનાયત કરવામાં આવતી હોય છે દા.ત. Bachelor of Design - B.Des. આ કોર્ષ ની વધુ મહિતી નીચે આપેલી છે.

B. Des. ACCESSORY DESIGN (Bachelor of Design) - 4 Years

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ નવી શિક્ષણ નીતિ અંગે જણાવ્યા અનુસાર, રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ઉદ્દેશ એક તરફ રાષ્ટ્રીય મૂલ્યો અને રાષ્ટ્રીય લક્ષ્યાંકો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે, તો બીજી તરફ આપણી યુવા પેઢીને ભવિષ્યના પડકારો ઝીલવા સક્ષમ બનાવવાનો છે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, ભારત સરકાર દ્વારા માન્ય અને ગુજરાત રાજ્ય પ્રાઈવેટ યુનિવર્સિટીના કાયદા-૨૦૦૯ અંતર્ગત સ્થપાયેલી તથા ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં સાબરમતી નદીના સાનિધ્યમાં, ગીફ્ટ સિટીની બાજુમાં આવેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ (IAR)ની સ્થાપના ૨૦૦૬ના વર્ષમાં કરવામાં આવી હતી જેને ગુજરાત સરકાર દ્વારા પ્રાઈવેટ યુનિવર્સિટી તરીકેની માન્યતા ૨૦૧૧ના વર્ષમાં આપવામાં આવી હતી.

આ સંસ્થાનું ઉદ્ઘાટન ભારતના તત્કાલિન

રાષ્ટ્રપતિ માનનીય શ્રી અબ્દુલ કલામ સાહેબ તથા ગુજરાતના માનનીય મુખ્યમંત્રી તથા હાલના આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સંસ્થાની સ્થાપનામાં આ બંને મહાનુભાવોનો ફાળો અમુલ્ય રહ્યો છે.

ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ, ધ યુનિવર્સિટી ફોર ઈનોવેશનનું સંચાલન વિશ્વવિખ્યાત પ્યુરિકો ગ્રૂપ ઓફ કંપનીઝ, લંડનના સામાજિક જવાબદારીના પ્રોજેકટ (CSR) અંતર્ગત "ધ પૂરી ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન ઈન ઈન્ડિયા" નામના ટ્રસ્ટ થકી કરવામાં આવે છે. જેના અધ્યક્ષ પ્રોફેસર નાથુરામ પુરી છે તથા સંસ્થાના પ્રેસિડેન્ટ પ્રોફેસર રાવ.

IAR તેના અતિ વિશિષ્ટ બાયોટેક્નોલોજીના અભ્યાસ માટે એક પ્રિમિયર ઈન્સ્ટિટ્યૂશન તરીકે ભારતભરમાં જાણીતી છે. સંસ્થા બાયોટેક્નોલોજી (DBT સપોર્ટેડ) સાથે બાયોએન્જિનિયરિંગ, ટેકનૉલોજી, કોમ્પ્યુટર સાયન્સ, ઈન્ફોર્મેશન ટેક્નોલૉજી, ડેટા સાયન્સ, મોલેક્યુલર મેડિસિન, ઈન્ડસ્ટ્રિયલ બાયોટેક્નોલોજી , નેનો સાયન્સ, મિકેનિકલ એન્જિનિયરિંગ, કેમિકલ એન્જિનિયરિંગ, સાઈબર સિક્યુરિટી, બિઝનેશ એન્ડ મેનેજમેન્ટ, આંત્રપ્રિનિયોરશિપ, પ્રોજેકટ મેનેજમેન્ટ, માર્કેટિંગ, એચ.આર., ફાયનાન્સ જેવા પ્રોગ્રામમાં સ્નાતક, અનુસ્નાતક તથા પી.એચ.ડી. જેવા અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

યુનિવર્સિટીના પ્રોફેસરો વિશ્વવિખ્યાત યુનિવર્સિટીઓમાંથી પીએચ.ડી. થયેલા છે તથા રિસર્ચનો અનુભવ મેળવેલો છે સાથે વિદ્યાર્થીઓ પણ આ યુનિવર્સિટીમાં અભ્યાસ બાદ વિશ્વવિખ્યાત યુનિવર્સિટીઓમાં ઉચ્ચ અભ્યાસ અર્થે જાય છે જેમ કે યેલ યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ ઓરેગોન, યુનિવર્સિટી ઓફ ઓક્લાહોમા, મેસેચ્યુસેટ્સ

યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ રૂટજર્સ, વર્જિનિયા ટેક. યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ નોટિંગહામ જેવી વિવિધ યુનિવર્સિટી તેના સ્ટાર્ટ-અપ તથા ઇનોવેશન માટે ખૂબ જ ગુણવત્તાયુક્ત તાલીમ પૂરી પાડે છે. સંસ્થાના ઘણા વિદ્યાર્થીઓએ સ્ટાર્ટ-અપ તથા ઇનોવેટીવ પ્રેક્ટિસસ દ્વારા તેમની સફળ કારકિર્દી બનાવી છે. યુનિવર્સિટી પ્લેસમેન્ટ થકી ઘણા વિદ્યાર્થીઓને સારી તકો પૂરી પાડી છે.

આ ઉપરાંત યુનિવર્સિટી દ્વારા મેરિટોરીયસ તથા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ પૂરી પાડવામાં આવે છે તેમજ યુનિવર્સટીમાં કેફે, જીમનેશિયમ, બોયઝ અને ગલ્સ હોસ્ટેલની પણ સુંદર વ્યવસ્થા છે.

સંસ્થા દ્વારા ચલાવાતા અભ્યાસક્રમો :

Sr. no.	Program Name	Specialization
Undergraduate Level		
1	B.Sc. (Hons.)	Biotechnology
2	B.Sc. (Hons.)	Chemistry
3	B.Sc. (Hons.)	Microbiology
4	B.Sc. (Hons.)	Biomedical Science
5	B.Sc. (Hons.)	Physics
6	B.Tech.	Chemical Engineering
7	P.G.D	Bioinformatics
8	B.Tech.	Electrical and Electronics Engineering
9	B.Tech.	Information and Communication Technology
10	B.Tech.	Computer Engineering
11	B.Tech.	Mechanical Engineering
12	B.Tech.	Biotechnology
13	B.Tech.	Information
14	BBA	Bachelor of Business Administration
15	BCA	Bachelor of Computer Application
Postgraduate Level		
1	M.Sc.	Biotechnology
2	M.Sc.	Biotechnology (DBT Supported)
3	M.Sc.	Chemistry Analytical

4	M.Sc.	Chemistry Industrial
5	M.Sc.	Chemistry-Organic
6	M.Sc.	Computational Biology
7	M.Sc.	Industrial Biotechnology
8	M.Sc.	Material Science
9	M.Sc.	Microbiology
10	M.Sc.	Molecular Medicine
11	M.Sc.	Nanoscience and Technology
12	M.Sc.	Environmental Science & Technology
13	M.Tech.	Chemical Engineering
Ph.D.		
1	Ph.D. in	Biotechnology
2	Ph.D. in	Physics
3	Ph.D. in	Chemistry
4	Ph.D. in	Computer Engineering
5	Ph.D. in	Chemical Engineering
6	Ph.D. in	Business and Management

યુનિવર્સિટીમાં વાર્ષિક ધોરણે વિવિધ ટેક ફેસ્ટ, સ્ટાટ-અપ ઈવેંટ્સ, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, પિકનિક વિવિધનું આયોજન કરવામાં આવે છે. વધુ માહિતી માટે યુનિવર્સિટીના એડમિશન વિભાગનો સંપર્ક કરવો.

વધુ માહિતી માટે સંપર્ક કરો

રજિસ્ટ્રારશ્રી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ, ધ યુનિવર્સિટી ફોર ઈનોવેશન, કોબા ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા, ગાંધીનગર, ગુજરાત, પીન-૩૮૨ ૪૨૬

મો. નં. ૭૨૭૭૭૭૦૭૫૭-૫૮

લેન્ડલાઈન નં. : ૦૭૯-૬૧૮૦૪૩૦૦

વેબસાઈટ : www.iar.ac.in., admissions@iar.ac.in

રજિસ્ટ્રાર, ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ,
ધ યુનિવર્સિટી ફોર ઈનોવેશન, કોબા. ગાંધીનગર.

૧૧ નેનો-ટેક્નોલોજી અને બાયો-ટેક્નોલોજી ક્ષેત્રે કારકિર્દી

- ચાંદની ધવલ ગોકાણી

બાયોટેક્નોલોજી શુ છે?

Use Technological Advancements in the field of Biology [Biology+Technology]

"બાયોટેક્નોલૉજી" નામ પરથી એવું લાગે કે આ જીવવિજ્ઞાન ને લગતું વિજ્ઞાન છે પણ વાસ્તવમાં તો એ જીવવિજ્ઞાન ઉપરાંત ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત જેવાં વિવિધ વિષયોનો સમન્વય છે તદઉપરાંત એન્જિનિયરિંગ કાર્યક્રમો પણ તેના આંતરિક ભાગ તરીકે રહેલા છે. આ બ્રાંચ એક સ્વતંત્ર બ્રાંચ તરીકે બંધાયેલી નથી પણ તે વિવિધ બ્રાંચો સાથે સંકળાયેલી અને ઝડપથી વિકસતી બહુ મહત્ત્વની બ્રાંચ છે. બાયોટેક્નોલૉજી માઈક્રો-ઓર્ગેનિઝમ જેમ કે બેક્ટેરિયા અથવા Yeast, જીવ-વૈજ્ઞાનિક પદાર્થો જેવા કે Enzymesને ઔદ્યોગિક રીતે ઉત્પાદન પ્રક્રિયામાં વાપરવામાં આવે છે. અણુ અને આનુવંશિક સ્તર પર સજીવોના આરોગ્ય, સુરક્ષા, પોષણ અને પર્યાવરણને સુધારવા માટે પણ છે.

બાયોટેક્નોલૉજી ફાર્માસ્યુટિકલના સંશોધનથી નવી રસીઓ અને તપાસ કાર્યવાહીનો ખૂબ વિકાસ થયો છે. પર્યાવરણીય બાયોટેક્નોલૉજી ઘણાં બિનજરૂરી ઔદ્યોગિક પદાર્થો પર વિશ્લેષણાત્મક અને નિદાન ટેકનિકની મદદથી તેનું રિસાયક્લિંગ કરી અથવા માઈક્રોબાયલ પ્રક્રિયાઓ કરી તેનો નિકાલ કરે છે. આનુવંશિક સુધારણા, કૃષિ, પશુ અને માનવના જિનેટિક્સ પર કાર્યો સમાવતો વ્યાપક વિસ્તાર છે. બાયોટેક્નોલૉજીમાં કારકિર્દી સંશોધન અને વિકાસ, Quality Control, ક્લિનિકલ સંશોધન, ઉત્પાદન અને પ્રોડક્શન, પેટન્ટ વહીવટ, મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન સંબંધિત, હોસ્પિટલની પ્રયોગશાળાઓ,શૈક્ષણિક સંશોધન પ્રયોગશાળાઓ, Forensics, પર્યાવરણીય સફાઈ અને બાયો-ઇન્ફોર્મેટિક્સ વગેરેને સંબંધિત છે.

બાયોટેક્નોલૉજીમાં કામ કરતા ઘણાં વ્યવસાયિકો વિવિધ પ્રયોગશાળામાં સંશોધન અને વિકાસના કાર્યો હાથ ધરે છે. એક તરફ, વિવિધ ઔદ્યોગિક ક્ષેત્ર જેમકે ખોરાક અને પીણા ઉદ્યોગ, કાપડ ઉદ્યોગ, જૈવિક ઉત્પાદનો, દવાઓ અને ફાર્માસ્યુટિકલ્સ વગેરે જેવા ક્ષેત્રોને ઉપયોગી નીવડે છે, બીજી તરફ, કૃષિ ક્ષેત્રમાં જેમકે કૃષિ, પશુપાલન, પોષણ અને પર્યાવરણ સંરક્ષણની જરૂરિયાતો પૂરી પાડે છે.

બાયો-ટેક્નોલૉજી વિશ્વભરમાં વૃદ્ધિ પામતો ઉદ્યોગ છે. દરરોજ જુદા-જુદા ક્ષેત્રો જેમ કે જૈવિક રસાયણશાસ્ત્ર, જિનેટિક એન્જિનિયરિંગ માઈક્રોબાયોલોજી, દવા, કૃષિ, બાગાયત અને ફોરેન્સિક વિજ્ઞાનમાં આકર્ષક વિકાસ થાય છે. બાયો-ટેક્નોલૉજીના વિવિધ કોર્સ વિકસતા વિશ્વમાં તાજેતરની તકો પૂરી કરવા શૈક્ષણિક વાતાવરણ અને સંબંધિત કુશળતા વિકસાવે છે.

- બાયોટેક્નોલૉજીના ક્ષેત્રમાં સંશોધન લેખનની કુશળતા વિકસાવવી
- એવાં વિદ્યાર્થીઓ તૈયાર કરવા, જે અન્ય લોકો સાથે જ્ઞાન અને વિચારો વ્યક્ત કરીને જાગૃતિ ફેલાવવા સમર્થ હોય.
- જોખમી પદાર્થો સંબંધિત સલામતી કાર્યવાહીનું જ્ઞાન આપવું.
- આનુવંશિક ઇજનેરીને લગતી કાનૂની અને નૈતિક જવાબદારીઓની સમજણ આપવી.



● વૈજ્ઞાનિક સાધનોનું સંચાલન અને પ્રયોગોને લગતી જરૂરી આવડતો કેળવવી.

● સંશોધનના પરિણામોનું વિશ્લેષણ અને અર્થઘટન કરવા માટે જરૂરી કૌશલ્ય પ્રાપ્ત કરવું.

● કરેલા સંશોધનોને લોકો સુધી પહોંચાડવા માટે જરૂરી કોમ્યુનુકેશન સ્કિલ્સ વિકસાવી.

બાયોટેકનોલોજીના ક્ષેત્રમાં કામના પ્રકાર

- Laboratory Technician
- Laborartory Manager
- Production Associate
- Technologist
- Research Scientist
- Food Processing
- Teacher/Professor
- Sterilization Technician
- Quality Control Officer
- Environment control
- Waste Management
- Agriculture
- Research Associate
- Assay Analyst
- DNA Researcher
- Fermentation Scientist
- Process Engineering Technician
- Technical Recruiter
- Consultant
- Installation, Maintenance and Repair Technician
- Drug and pharmaceutical research
- Manufacturing Devices or Instruments

● Production in-charge in the Food, Chemical and Pharmaceutical industry

● HEALTH SECTOR: Environmental Health And Safety Expert, Microbiology Technician, Pharmacy Technician

● REGULATORY: Regulatory Affairs Expert, Bio Satatetician, Patent, Agent, Clinical Data Expert, GMP /GLP Expert.

● QUALITY: Quality Assurance Auditor, Documentation / Standard Expert, Instrumation / Calibration Technician

કામના ક્ષેત્ર અને ભરતી કરતી કંપનીઓ

- કૃષિ અને બાગાયત ક્ષેત્ર
- ડેરી અને ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ
- બાયોલોજીકલ ઈન્ટ્રુમેન્ટ મેન્યુફેકચરીંગ ઈન્ડસ્ટ્રી
- બાયોટેકનોલૉજી ઉદ્યોગ
- હોસ્પિટલ અને અન્ય સ્વાસ્થ્ય કેન્દ્રો
- રિસર્ચ અને ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ
- શૈક્ષણિક સંસ્થાઓ
- કેમિકલ ઉદ્યોગ
- ટેક્સટાઈલ ઉદ્યોગ
- કન્સલ્ટન્સીસ

કેટલાક ઉદ્યોગો તેમના માર્કેટિંગ વિભાગોમાં બાયોટેક્નોલૉજીસ્ટની નિયુક્તિ કરે છે જેથી તેઓના ઉત્પાદનોની આવશ્યકતા હોય તેવા ક્ષેત્રોમાં વ્યવસાય વિકસી શકે.

બાયો ટેક્નોલોજિસ્ટને રોજગારી આપતા કેટલાક ઉદ્યોગો: Bincon India Limited, Bivcol, Cadila, Hindustan Antibiotics, Hindustan Lever, IDPL, Indian Vaccines Corporation, Indo American Hybrid Seeds, and Sun Pharma.

મેડિકલ બાયોટેક ઉદ્યોગમાં નીચેની કમ્પનીનો સમાવેશ થાય છે: Bayer, DuPont, Glaxo Wellcome, Monsanto, Novartis, Pfizer, Piramal, Ranbaxy, RPG Life Sciences, Torrent, Uniliver

કૃષિ બાયોટેક્નોલૉજીની અગ્રણી કંપનીઓ: Dupont, EID Parry, Hindustan Lever, Indo-American Hybrid, ITC Zeneca, Mahyco, Pro Agro, SPIC National Laboratories & Institutes employ Bio technologists.

બાયોટેક્નોલોજી ક્ષેત્રમાં થતાં વિવિધ કોર્સ

1. બી.એસસી. બાયોટેકનોલૉજી - ૩ વર્ષ
2. એમ.એસસી. બાયોટેકનોલૉજી - ૨ વર્ષ
3. બી.ટેક. બાયોટેકનોલૉજી એન્જિનિયરિંગ - ૪ વર્ષ
4. એમ.ટેક. બાયોટેકનોલૉજી એન્જિનિયરિંગ - બે વર્ષ

બાયો-ટેક્નોલૉજીના વિવિધ અભ્યાસક્રમોમાં ભણાવવામાં આવતા મુખ્ય વિષયો*

*આ બધા વિષયો દરેક અભ્યાસક્રમમાં ભણાવવામાં આવતા નથી, અભ્યાસક્રમો સાથે કોઇ કોઇ વિષયો બદલાઈ શકે છે.

Agricultural & Food Biotechnology, Animal and Plant Biotechnology, Basic Taxonomy & Techniques, Bioprocess Plant Design, Bioethics, Patents & IPR, Advanced Molecular Biology, Basic Biochemistry, Biostatistics Stoichiometry, Basics of Reaction Engineering, Biochemical Engineering, Enzymes & Proteins, Introductory Biology, Bioinformatics Immunology, Instrumentation and Control for Bioengineering , Cell Biology and Industrial Biotechnology, Chemical Engineering Materials, Molecular Biology & genetics, Nano-Biotechnology, Fundamentals of Organic Chemistry, Principles of Process Engineering, Animal & Plant Biotechnology, Animal & Plant Physiology, Bioenergetics & Bio-membranes, Biophysical Chemistry, Industrial & Environmental Biotechnology

B.Tech. Biotechnology Colleges in Gujarat		
1	Department of Bio-Technology and Bio-Engineering, Gandhinagar (Constituent Institute of Advanced Research University - IAR, Gandhinagar) Koba Institutional Area, Near GIFT City Bridge, Gandhinagar-382 426. Phone: 079-6180 4300, 7277 7707 57/58 E-mail : admissions@iar.ac.in www.iar.ac.in	30
2	PARUL INSTITUTE OF TECHNOLOGY (Constituent Institute of Parul University, Vadodara) Po. Limda, Ta. Waghodia,Dist. Vadodara-391760 Ph.: 02668-260202/312/300/307 E-mail: pit@paruluniveristy.ac.in www.paruluniversity.ac.in	30

B.Sc. Bio-Technology Colleges in Gujarat	
C U Shah Institute of Life Science, Wadhwan City, Dist. Surendranagar, Ph.: 02752-247711 registrar@cushahuniversity.org www.cushahuniversity.ac.in	C U Shah University
Shree P M Patel Institute of Bioscience, Opp. New Bus Stand, Anand, Ph.: 02692-253658 pmpbioscience@pmpeduapms.org www.pmpbioscience.in	Sardar Patel University
Sardar Patel Institute of Applied Science, D-Mart Road,V.V.Nagar Ph: 757 483 1734 spcam2008@gmail.com www.spec.edu.in	Sardar Patel University
Natubhai V Patel College of Pure & Applied Science, Near Mota Bazar,Vallabh Vidyanagar Ph: +91-02692-235500 nvpascollege@yahoo.co.in www.nvpas.edu.in	Sardar Patel University

M B Patel Science College, Near Sardar Gunj, Anand,Phone: (02692) 244415 mbpatel@cesociety.in www.mbpatelscience.ac.in	Sardar Patel University
Anand Mercantile College of Science, Management & Computer Technology, Bhalej Road, Anand Phone: 02692 257658, 257411 www.amcost.edu.in	Sardar Patel University
FACULTY OF SCIENCE, Kalawad Road, Rajkot - 360005, Phone: 0281 - 2563445 info@atmiya.edu.in www.atmiyauni.ac.in	Atmiya University
Bhakta Institute of Biotechnology, Bardoli Mahuva Road, Tarsadi. Dist: Surat Phone: 02625 254122 - 02625 254122 krishnamurthy@utu.ac.in www.utu.ac.in	UKA Tarsadia University
Parul Institute of Applied Science, P.O.Limda,Dist. Vadodara, Ph: 02668-260312 admissions@paruluniversity.ac.in www.paruluniversity.ac.in	Parul University
Swarrnim Science College, Adalaj Kalol Highway, Gandhinagar Phone: +91 9512343333 info@swarrnim.edu.in www.swarrnim.edu.in	Swarnim Startup & Innovation University
Smt. S.S. Patel Nootan Science and Commerce College, Ambaji-Gandhinagar State Highway, Visnagar, Dist: Mehsana, Phone: 02765 - 227345 www.spu.ac.in	R K University
School of Life Sciences (SOLS), Saroda, Dholka Taluka, Ahmedabad, Phone: +91-8980004322 crc@raiuniversity.edu www.raiuniversity.edu	Rai University
Institute of GSFC, P. O. Fertilizernagar, Vadodara- Phone: 0265-3093740 admission@gsfcuniversity.ac.in www.gsfcuni.edu.in	GSFC University
P D Patel Institute of Applied Science, Nadiad-Petlad Highway, Changa Anand, Phone: +91 2697 265311 info@charusat.ac.in www.charusat.edu.in	Charotar University of Science & Technology
Atmiya College, Shri M. & N. Virani Science College, Rajkot	Atmiya University
Anand Mercantile College Of Science, Anand (02692) 257658 www.amcost.edu.in	
Sardar Patel University, Vallabh Vidyanagar - www.spuvvn.edu	Sardar Patel University, Vallabh Vidyanagar - www.spuvvn.edu
M.B. Patel Science College, Near Sardar Gunj, Anand (02692) 244415 www.mbpatelsciencecollege.org.in	
N V Patel College of Pure & Applied Sciences (Nvpas), V.V.nagar, (02692) 235500 www.nvpas.edu.in	
Sardar Patel Institute Of Applied Science, Bakrol, Anand (02692) 23526	
P.M. Patel Institute of Biosciences, Anand (02692) 253658 www.pmpeduapms.org	

Bhagwan Mahavir College of M.Sc. Biotechnology, Surat	Veer Narmad South Gujarat University, Surat - www.vnsgu.ac.in
Department of Biotechnology, **VNSGU Campus, Surat (0261) 2227141 www.vnsgu.ac.in	
Ramkrishna Inst. Of Comp. Edu. & Applied Sciences, Surat (0261) 2240172 www.sicesurat.org	
Dr. Indudayal Meshri College of Science & Technology, Patan 9427682179	Hemchandr acharya North Gujarat University, Patan - www.ngu.ac.in
Municipal Arts And Urban Bank Science College, Mahesana 02762 253325 www.svtmehsana.org	
Pramukh Swami Science & H.D. Patel Arts College, Kadi Mahesana 02764262634 www.psshda.org	
Smt S M Panchal Science College, Talod, Sabarkantha 02770 220788 www.smpscicoltalod.com	
S S Patel Nootan Science College, Visnagar, Mahesana 02765 227125 www.nscvisnagar.org	
Institute of Life Science (079) 26302414 ils.ahduni.edu.in www.ahduni.edu.in	Ahmedabad University, Ahmedabad
C U Shah Inst. Of Life Science, Wadhwan (02752) 294005 www.cushahuniversity.ac.in	C U Shah University, Wadhwan, Surendranagar
School Of Engg & Applied Science, 89800 04322 www.raiuniversity.edu	Rai University, Dholka
Mehsana Urban Institute Of Sciences, Ganpat Vidyanagar (02762) 289170 www.mubiob.ac.in www.ganpatuniversity.ac.in	Ganpat University, Kerva
B.Sc. (Hons.) Bio-Technology	
Institute of Advanced Research Gandhinagar, Koba Institutional Area, Gandhinagar Ph: 72777 70757 contact@iar.ac.in www.iar.ac.in	Institute of Advanced Research
B.Sc. + M.Sc. Bio-Technology	
Shri P M Patel Institute of Integrated M.Sc. in Biotechnology, Bhalej Road, Anand Phone: 02692 - 253658 info@pmpeduapms.org www.pmpeduapms.org	Sardar Patel University

ARIBAS - Ashok & Rita Patel Institute of Integrated Study & Research in Biotechnology & Allied Sciences,Vallabh Vidyanagar, Dist-Anand Ph: 02692-229189 www.aribas.edu.in	Sardar Patel University
Bhakta Institute of Biotechnology, Bardoli Mahuva Road, Tarsadi. Dist: Surat Phone: 02625 254122 krishnamurthy@utu.ac.in www.utu.ac.in	UKA Tarsadia University
Mehsana Urban Institute of Sciences (MUIS),Mehsana-Gozaria Highwa,Mehsana Phone: +91-2762- 286080 info@ganpatuniversity.ac.in www.ganpatuniversity.ac.in	Ganpat University

M.Sc. Bio-Technology Colleges in Gujarat

1	Anand Mercantile College Of Science And Computer Technology B/H New S.T. Station, Bhalej Road, Anand, 388001 Ph. (02692) 257658, 257411	amcost.anad@gmail.com www.amcost.edu.in
2	ARIBAS - Ashok And Rita Patel Institute Of Integrated Study And Research In Biotechnology And Allied Science New Vallabh Vidyanagar, 388121 Ph. (02692) 229189	academic@aribas.edu.in www.aribas.edu.in
3	Atmiya University - Yogidham Gurukul, Kalawad Road, Rajkot 360005 Ph. (0281) 2563445	info@atmiyauni.ac.in www.atmiyauni.ac.in
4	Bhagwan Mahavir College Of Biotechnology New City Light Road, Bharthana, Vesu, Surat, 395017, India Ph. (0261) 2268085	bmbiotech@gmail.com
5	Bhagwan Mahavir College Of Science And Technology BMEF Campus, Vip Road, Bharthana Vesu, Surat, 395017 Ph. (0261) 6770103	bmebmef_1@rediffmail.com bmcst.bmefcolleges.edu.in
6	Bhagwan Mahavir University VIP Road, Vesu, Surat - 395007 Ph. (0261) 6770104, 6770103, 6770104	bmef.admin@bmefcolleges.edu.in www.bmusurat.ac.in
8	C U Shah University Surendranagar-Ahmedabad Highway, Near Kothariya Village, Wadhwan City, Surendranagar, 363030 Ph. (02752) 247711	registrar@ cushah university.org www.cushahuniversity.ac.in
9	Charotar University Of Science And Technology - Charusat Campus-Changa, Off. Nadiad-Petlad Highway, Anand - 388421 (02697) 265011, 265021	info@charusat.ac.in www.charusat.ac.in
10	CVM University Beside BVM College, Opp. Shastri Maidan, Vallabh Vidyanagar, 388120, Ph. (02692) 238001	adminoffice@cvmu.edu.in www.cvmu.edu.in

11	Ganpat University Ganpat Vidyanagar, Mehsana-Gozaria Highway , Mehsana, 384012, Ph. (02762) 286080, 286924	info@ganpatuniversity.ac.in www.ganpatuniversity.ac.in
12	Government Science College K K Shastri Educational Campus, Khokhara Road, Maninagar (E), Ahmedabad, 380008, Ph. (079) 22934008, 29293503	kksbiotech@gmail.com www.gscitech.ac.in
13	GSFC University Vigyan Bhavan, P.O. Fertilizernagar, Vadodara, 391750 Ph. 7573002444, 6358788891, 6358788892, 6358788893	dmission@gsfcuniversity.ac.in www.gsfcuni.edu.in
14	Gujarat Biotechnology University - GBU Near Gujarat International Finance Tec-City, Gandhinagar, 382355, Ph. (079) 23252197	info-gbu@gujarat.gov.in gbu.gujarat.gov.in
15	Gujarat University - GU Navrangpura, Ahmedabad - 380009, Ph. (079) 26301341, 26300342, 26300343	registrar@gujaratuniversity.ac.in www.gujaratuniversity.ac.in
16	Hemchandracharya North Gujarat University - HNGU Post Box No. 21, University Road, Patan - 384265, Ph. (02766) 231917	www.ngu.ac.in
17	Institute of Advanced Research Koba Institutional Area, Near Gift City Bridge, Gandhinagar, 382426 (079) 6180 4300, 72777 707 57 / 58	contact@iar.ac.in www.iar.ac.in
18	Institute Of Science Sarkhej-Gandhinagar Highway, Post-Chandlodia, Via- Gota, Ahmedabad, 382 481 Ph. (02717) 241911, 241915	os.ip@nirmauni.ac.in www.nirmauni.ac.in
19	Kadi Sarva Vishwavidyalaya - KSV Sector 15, Near Kh-5, Gandhinagar, 382015 Ph. (079) 23244690	host@ksv.ac.in www.ksv.ac.in
20	Lok Jagruti (L J) University Near Sarkhej-Sanand Circle, Off. S.G. Road, Ahmedabad, 382210, Ph. 70966 60382	info@ljku.edu.in www.ljku.edu.in
21	Mehsana Urban Institute Of Bio-Sciences Ganpat University, Mehsana-Gozaria Highway, Kherva, Mehsana, 384012 Ph. 97232 53971	info.muis@ganpatuniversity.ac.in www.muis.guni.ac.in
22	Municipal Arts And Urben Bank Science College Nagarpur Road, Highway, Mehsana, 384002, Ph. (02762) 253325	yanranli54@gmail.com www.masc.co.in
23	Navrachana University Vasna Bhayli Road, Vadodara, 391410 Ph.(0265) 2617000, 2617100	nuv@nuv.ac.in www.nuv.ac.in

24	Nirma University Sarkhej- Gandhinagar Highway, Post Chandlodia, Via. Gota, Ahmedabad, 382481 Ph. (02717) 71652000, 241900, 241911	exe_registrar@ nirmauni.ac.in www. nirmauni.ac.in
25	Parul University P.O. Limda, Ta. Waghodia, Vadodara, 391760 Ph. (02668) 260201	info@paruluniversity. ac.in www. paruluniversity.ac.in
26	P P Savani University Nh-8, Getco, Near Biltech, Village-Dhamdod, Kosamba, Surat, 394125, Ph. 9879608000, 9512035611, 9512035612	info@ppsu.ac.in www. ppsu.ac.in
27	Rai University - RU Saroda, Dholka Taluka, Ahmedabad, 382260 Ph. 8980004322	info@raiuniversity.edu www.raiuniversity.edu
28	Sankalchand Patel University Ambaji-Gandhinagar State Highway, Visnagar, Mehsana, 384315 Ph. 70690 06374, 82380 88591	info@spu.ac.in www. spu.ac.in
29	Sardar Patel University - SPU Vallabh Vidyanagar, 388120, Ph. (02692) 226801, 226848	registrar_spu@spuvvn. edu www.spuvvn.edu
30	Saurashtra University, Munjka, Rajkot, 360005, Ph. (0281) 2578501, 2578512	registrar@sauuni. ac.in www.saura shtrauniversity.edu
31	Sheth Motila Nyalchand Science College Rajmahel Road, Patan, 384265, Ph. (02766) 220812	mnscnges@gmail.com www.mnscpatan.org
32	P M Patel Institute of Postgraduate Studies and Research in Science - Near Sardar Baug, Opp. New Bus Stand, Anand, 388001, Ph. 9824010362	pmppg@pmpeduapms. org www. pmppgmicrobtbc.in
33	Shri Manibhai Virani And Smt. Navalben Virani Science College - Yogidham Gurukul, Kalawad Road, Rajkot, 360005 Ph. (0281) 2563952	admin@vsc.edu.in www.vsc.edu.in
34	Swarnim Startup And Innovation University - SSIU Bhoyan Rathod, Opposite Iffco, Near Ongc Wss, Adalaj Kalol Highway, Gandhinagar, 382420 Ph. 9512343333, 7069003003	info@swarrnim.edu.in www.swarrnim.edu.in
35	Uka Tarsadia University - Maliba Campus, Gopal Vidyanagar, Bardoli-Mahuva Road, Tarsadi, Surat, 394350, Ph. 6353030096, 6353033853	registrar@utu.ac.in www.utu.ac.in
36	Veer Narmad South Gujarat University - VNSGU Post Box No. 49, Udhna Magdalla Road, Surat, 395007 (0261) 2227141, 2227142, 2227143, 2227144, 2227145, 2227146	info@vnsgu.ac.in www.vnsgu.ac.in
37	St. Xavier's College, PB No. 4168, Navrangpura, Ahmedabad - 380 009 Ph. 079-29708056	info@sxca.edu.in www. sxca.edu.in
38	Gujarat Forensic Sciences University - GFSU Sector 9, Gandhinagar-382007, Ph. (079) 239 77103	exe_registrar@nfsu. ac.in www.gfsuums. gipl.in

39	Silver Oak University Opp. Bhagwat Vidyapith, S. G. Road, Gota, Ahmedabad - 382481 Ph. 079-66046300 90990 63464	info@silveroakuni.ac.in www.silveroakuni.ac.in
40	Shree Ramkrishna Institute Of Computer Education And Applied Sciences M.T.B. College Campus, B/H P.T Science College, Opp.Chowpati, Athwalines, Surat-395001 Ph. 72280 18498	info@srki.ac.in www.srki.ac.in
41	Monark University At. & Post Vahelal, Naroda-Dahegam Road, Ta. Dascroi, Dist. Ahmedabad-382330 Ph. 02718-247131	admissions@monarkuni.ac.in www.monarkuni.ac.in
42	Aspee College Of Horticulture, Navsari Agricultural University Eru Char Rasta, Dandi Road, Navsari - 396 450 Ph. (02637) 282771-75,282823	registrar@nau.in www.nau.in
43	Sardarkrushinagar Dantiwada Agricultural University Sardarkrushinagar - 385506. Dist : Banaskantha Ph. (02748) 278226	registrar@sdau.edu.in www.sdau.edu.in
44	Virani Science and Shri Yogiji Maharaj Arts, Commerce and Science Kalawad Rd, Nandanavan Society, Yogidham, Gurukul,Rajkot, 360005 Ph. 0281-2562681	admin@vsc.edu.in www.vsc.edu.in

NANO TECHNOLOGY - નેનો ટેક્નોલૉજી

નેનો ટેક્નોલૉજી અણુ અને પરમાણુ સ્તર પરની બાબતોનો અભ્યાસ છે. નેનો ટેક્નોલોજી અત્યંત વૈવિધ્યપુર્ણ છે, જેમાં પરંપરાગત ભૌતિકશાસ્ત્રના વિસ્તરણથી લઈને પરમાણુ સેલ્ફ એસેમ્બલી પર આધારિત સંપૂર્ણપણે નવા અભિગમો, નેનો સ્કેલ પરિમાણો સાથે નવી સામગ્રીના વિકાસ સુધીની તપાસ કરવામાં આવે છે, કે શું આપણે અણુ સ્તરે વસ્તુઓને સીધું નિયંત્રિત કરી શકીએ છીએ. નેનો ટેક્નોલૉજીનો ઉપયોગ સર્ફેસ સાયન્સ, ઓર્ગેનિક કેમિસ્ટ્રિ, મોલેક્યુલર બાયોલૉજી, સેમિકન્ડક્ટર ફિઝિક્સ, માઈક્રો ફેબ્રિકેશન વગેરે જેવા વિવિધ વિજ્ઞાનમાં થાય છે. દરેક ટેક્નોલોજી નેનો સાઈઝમાં રૂપાંતરિત કરવામાં આવી રહી હોવાથી આ ક્ષેત્ર વધુને વધુ મહત્ત્વ મેળવી રહ્યું છે.

કામના ક્ષેત્ર

- આરોગ્ય ક્ષેત્ર
- કૃષિ
- પર્યાવરણીય ઉદ્યોગ
- ફોરેન્સિક સાયન્સ
- ફૂડ એન્ડ બેવરેઝીસ
- સ્પેસ રિસર્ચ
- જિનેટિક
- બાયોટેકનોલૉજી
- શિક્ષણ
- યુનિવર્સિટી અને ખાનગી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ

નેનો ટેક્નોલૉજી ક્ષેત્રમાં થતાં વિવિધ અભ્યાસક્રમોઃ

1. બી.ટેક નેનોટેકનોલૉજી (એન્જિનિયરિંગ) - ૪ વર્ષ
2. એ.ટેક નેનોટેકનોલૉજી (એન્જિનિયરિંગ) - ૨ વર્ષ
3. એમ.એસસી. નેનેટેકનોલૉજી / એમ.એસસી. નેનો સાયન્સ એન્ડ નેનોટેકનોલૉજી - ૨ વર્ષ

નેનો-ટેક્નોલૉજીના વિવિધ અભ્યાસક્રમોમાં ભણાવવામાં આવતા મુખ્ય વિષયો*

*આ બધા વિષયો દરેક અભ્યાસક્રમમાં ભણાવવામાં આવતા નથી, અભ્યાસક્રમો સાથે કોઈ કોઈ વિષયો બદલાઈ શકે છે.

Coating Technology,Fundamentals of Solid State Technology,Thin Film Technology, Photonics Mechanics of Solids,Spintronics

Engineering Economics & Management, Nanotechnology and Environment,

Mathematics, Elements of Nano science&Nanotechnology, Microelectronics and VLSI

Nanosensors and Transducers, Nanotechnology and Medicine,Disaster Management,Elements of Material Science, Characterization of Nanomaterials

Physics of Nanomaterials, Nanolithography Nanopolymers and Nano-composites, Nano Ceramic and Applications, Non-conventional Energy Sources, Fabrication of Nano- Devices

Nanotechnology in Health Care, Synthesis of Nano materials, Application of CNT and Metallic Nanoparticles, Nanotechnology for Advanced, Drug Delivery, Applications of Nanotechnology

B.E./B.Tech. Nano-Technology COLLEGES IN GUJARAT

No.	College Name	Fees	Seats
1	BHAGWAN ARIHANT INSTITUTE OF TECHNOLOGY (Constituent Institute of Bhagwan Mahavir University, Surat) - Survey No. 149, Nr. VIP Road, B/h. Shyam Mandir, Vesu-Bharthana, Surat-395 017. Ph.: 0261-6770103-04 E-mail: bmeftrust2002@gmail.com www.bmefcolleges.edu.in	67,000	60

* Fees are subject to change, for the latest fee refer their website or contact the consent college or university

M.Sc. Nano-Science and/or Nano-Technology COLLEGES IN GUJARAT	
1	DEPARTMENT OF BIO-TECHNOLOGY AND BIO-ENGINEERING (CONSTITUENT INSTITUTE OF ADVANCED RESEARCH UNIVERSITY - IAR, GANDHINAGAR) Koba Institutional Area, Near GIFT City Bridge, Gandhinagar-382 426. Phone: 079-6180 4300, 7277 7707 57/58 E-mail : admissions@iar.ac.in www.iar.ac.in
2	CHAROTAR UNIVERSITY OF SCIENCE AND TECHNOLOGY - CHARUSAT Campus-Changa, Off. Nadiad-Petlad Highway, Anand, Gujarat 388421, India Ph. (02697) 265011, 265021 Email ID: info@charusat.ac.in Website: www.charusat.ac.in
3	SARDAR PATEL UNIVERSITY - SPU Vallabh Vidyanagar, Vallabh Vidyanagar, Gujarat 388120, India Ph. (02692) 226801, 226848 Email ID: registrar_spu@spuvvn.edu Website:www.spuvvn.edu

શિવકૃપા, ટેલિ. એક્ષચેન્જ,
જીઈબીની પાછળ, ગાંધી રોડ, ઓખા
પોર્ટ, દેવભૂમિ દ્વારકા

૧૨ ધોરણ-12 પછી કૃષિ ક્ષેત્રે રોજગારીની વિશાળ તકો...

- દિવ્યા બુહા

દેશની 60 ટકા કરતા વધુ વસ્તી કૃષિ તથા કૃષિ સંલગ્ન વ્યવસાય સાથે સંકળાયેલી છે. ત્યારે કૃષિ ક્ષેત્રે રોજગારીની અઢળક તકો રહેલી છે. વિદ્યાર્થી ધો.12 પછી કૃષિ ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને પોતાની સુંદર કારકિર્દીનું ઘડતર કરી શકે છે. ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન ગુજરાતમાં એક કૃષિ યુનિવર્સિટીમાંથી ચાર યુનિવર્સિટીનો વિસ્તાર કર્યો હતો. જેના પરિણામે આજે ગુજરાતમાં આણંદ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી,નવસારી કૃષિ યુનિવર્સિટી અને સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી આવેલી છે. જેનો આજે ગુજરાતના અનેક વિદ્યાર્થીઓને લાભ મળી રહ્યો છે.

કૃષિના સ્નાતકો માટે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, સહકારી ક્ષેત્ર, બેંકિગ, ખાનગી કૃષિ સંલગ્ન કંપનીઓમાં નોકરીની વિશાળ તકો રહેલી છે. આ ઉપરાંત કૃષિ ક્ષેત્રે પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કરી ઉદ્યોગસાહસિક પણ બની શકે છે. સાથે પોતાની ખેતીમાં પણ પોતાના શિક્ષણનો ઉપયોગ કરી આધુનિક ખેતી કરી ખૂબ સારી આર્થિક કમાણી કરી શકે છે. કૃષિ ક્ષેત્રમાં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે અત્રે માર્ગદર્શન અર્થે વિગતવાર માહિતી પ્રસ્તૃત કરવામાં આવી છે.

કૃષિ ક્ષેત્રે ધો.12 સાયન્સ પછી બી ગૃપના વિદ્યાર્થીઓ બી.એસસી., (એગ્રિકલ્ચર) અને એ ગૃપના વિદ્યાર્થીઓ બી.એસસી., (એગ્રિકલ્ચર એન્જિનિયરિંગ)નો અભ્યાસ કરી પોતાની ઉત્તમ કારકિર્દી બનાવી શકે છે.

ધો.12 B ગૃપના વિદ્યાર્થીઓ માટે :

ધોરણ-12ના પરિણામ જાહેર થયા બાદ ગુજરાતની કૃષિ યુનિવર્સિટીમાં 'બી' ગૃપમાં પ્રવેશ માટેની જાહેરાત ગુજરાતના દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ બી.એસસી., (એગ્રીકલ્ચર)માં પ્રવેશ અંગેની તમામ માહિતી b.gsauca.in ઉપર આપવામાં આવે છે. ધોરણ-12ના પરિણામ જાહેર થયા બાદ 'બી' ગૃપમાં પ્રવેશ માટેની જાહેરાત માટે b.gsauca.in વેબસાઇટ ચકાસવાની રહેશે. આ પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઇન કરવામાં આવે છે. જરૂર પડ્યે રૂબરૂ કાઉન્સીલીંગ કરવામાં આવે છે.

કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમ :

ધો.12 સાયન્સ'બી' ગૃપ પછી કૃષિ યુનિવર્સિટીમાં બી.એસસી.(ઓનર્સ) એગ્રીકલ્ચર, બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર, બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી, બી.ટેક. (બાયોટેક્નોલોજી) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો અહીં ઉપલબ્ધ છે.

બી ગૃપના અભ્યાસક્રમોમાં કેટેગરી વાઇઝ બેઠકો સને ૨૦૨૧-૨૨																
કોલેજ/યુનિવર્સિટી	કુલ બેઠકો	આ.ન.વ. (EWS)	આ.ન.વ. (EWS) બાદની બેઠકો	ICARની બેઠકો	ICAR બાદની બેઠકો	અન્ય બોર્ડ	જનરલ	આ.ન.વ. (EWS) **	અનુ. જાતિ	અનુ. જન જાતિ	શા.શૈ.પ.વ.	સેના કર્મચારીઓ	દિવ્યાંગ જન#	પારસી જાતિ *	કાશ્મીરી માઇગ્રેટ *	NRG *
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭
બી.એસ.સી.(ઓનર્સ) એગ્રીકલ્ચર																
બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ	૧૪૯	૧૪	૧૩૫	૨૦	૧૧૫	૭	૫૫	૧૪	૭	૧૬	૨૯	૧	૫	૧	૨	૧
કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, વસો	૬૬	૬	૬૦	૦	૬૦	૩	૩૧	૬	૩	૮	૧૫	૦	૨	૧	0	૦
કૃષિ મહાવિદ્યાલય,આકૃયુ, જબુગામ	૫૫	૫	૫૦	૦	૫૦	૩	૨૫	૫	૩	૭	૧૨	૦	૨	૧	0	૦

ચી.પ. કૃષિ મહાવિધાલય, સદાકૃયુ, સ.કૃ.નગર	૧૪૯	૧૪	૧૩૫	૨૦	૧૧૫	૭	૫૫	૧૪	૭	૧૬	૨૯	૧	૫	૧	૨	૧
કૃષિ મહાવિદ્યાલય, સદાકૃયુ, થરાદ	૬૬	૬	૬૦	૯	૫૧	૩	૨૫	૬	૩	૭	૧૩	૦	૨	૧	0	૦
કૃષિ મહાવિદ્યાલય, સદાકૃયુ, ભુજ (હાલ ભચાઉ)	૩૩	૩	૩૦	૦	૩૦	૨	૧૫	૩	૨	૪	૭	૦	૧	૧	૦	૦
કૃષિ મહાવિદ્યાલય, જૂકૃયુ, જૂનાગઢ	૧૪૯	૧૪	૧૩૫	૨૦	૧૧૫	૭	૫૫	૧૪	૭	૧૬	૨૯	૧	૫	૧	૨	૧
કૃષિ મહાવિદ્યાલય, મોટા ભંડારિયા, જૂકૃયુ, અમરેલી	૭૭	૭	૭૦	૧૦	૬૦	૩	૩૧	૭	૩	૮	૧૫	૦	૨	૧	૦	૦
કૃષિ મહાવિદ્યાલય, જુકૃયુ, ખાપટ (પોરબંદર)	૪૪	૪	૪૦	૦	૪૦	૨	૨૦	૪	૨	૬	૧૦	૦	૧	૧	0	૦
ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી	૧૪૯	૧૪	૧૩૫	૨૦	૧૧૫	૭	૫૫	૧૪	૭	૧૬	૨૯	૧	૫	૧	૨	૧
કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, ભરૂચ	૭૭	૭	૭૦	૧૦	૬૦	૩	૩૧	૭	૩	૮	૧૫	૦	૨	૧	0	૦
કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, વઘઇ	૭૭	૭	૭૦	૧૦	૬૦	૩	૩૧	૭	૩	૮	૧૫	૦	૨	૧	0	૦

બી.એસ.સી.(ઓનર્સ) હોર્ટીકલ્ચર														
કોલેજ/યુનિવર્સિટી	કુલ બેઠકો	આ.ન.વ. (EWS)	આ.ન.વ. (EWS) બાદની બેઠકો	ICAR ની બેઠકો	ICAR બાદની બેઠકો	અન્ય બોર્ડ	જનરલ	આ.ન.વ. (EWS) **	અનુ. જાતિ	અનુ. જન જાતિ	શા.શૈ.પ.વ.	સેના કર્મચારીઓ	દિવ્યાંગ જન#	પારસી જાતિ *
બાગાયત મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ	૭૭	૭	૭૦	૦	૭૦	૪	૩૬	૭	૪	૯	૧૭	૦	૩	૧
અસ્પી બાગાયત-વ-વનવિદ્યા મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી	૭૭	૭	૭૦	૧૦	૬૦	૩	૩૧	૭	૩	૮	૧૫	૦	૨	૧
બાગાયત મહાવિદ્યાલય, સદાકૃયુ, જગૂદણ	૭૭	૭	૭૦	૧૦	૬૦	૩	૩૧	૭	૩	૮	૧૫	૦	૨	૧
બાગાયત મહાવિદ્યાલય, જૂકૃયુ, જૂનાગઢ	૭૭	૭	૭૦	૧૦	૬૦	૩	૩૧	૭	૩	૮	૧૫	૦	૨	૧
બી.એસ.સી.(ઓનર્સ) ફોરેસ્ટ્રી														
અસ્પી બાગાયત-વ-વનવિદ્યા મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી	૭૨	[illegible]	૬૬	૯	૫૭	૩	૨૯	૭	૩	૮	૧૪	૦	૨	૧
બી.ટેક.(બાયો ટેક્નોલૉજી)														
અસ્પી શકીલમ એગ્રી બાયોટેક્નોલોજી ઇન્સ્ટિટ્યૂટ, નકૃયુ, સુરત	૬૬	૬	૬૦	૯	૫૧	૩	૨૬	૬	૩	૭	૧૨	૦	૨	૧
કોલેજ ઓફ બેઝિક સાયન્સ એન્ડ હ્યુમાનિટીસ, સદાકૃયુ, સ.કૃ.નગર	૬૬	૬	૬૦	૦	૬૦	૪	૨૯	૬	૪	૮	૧૫	૦	૩	૧

કોને એડમિશન મળી શકે ? :

બી.એસસી.(ઓનર્સ) એગ્રિકલ્ચર, બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર, બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી, બી.ટેક. (બાયોટેક્નોલોજી) માં પ્રવેશ માટે ઉમેદવાર ગુજરાતનો રહેવાસી હોવો જોઈએ અને તેણે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ-૧૨) વિજ્ઞાન પ્રવાહના ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી વિષય સાથે ગુજરાત બોર્ડ અથવા રાજ્યના અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી પાસ કરેલ હોવી જોઈએ.

તેમજ ધોરણ-૧૨ની પરીક્ષામાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી,

બાયોલોજીના માત્ર થીયરીમાં (ગ્રેસિંગ માર્કસ સિવાય) અનુસૂચિત જાતિના અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ૧૦૫ માર્કસ (35%) તથા અન્ય કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૧૨૦ માર્કસ (40%) ગુણ મેળવેલ હોવા જોઈએ.

જે ઉમેદવારેધોરણ-૧૨ની પરીક્ષા કૃષિ વ્યવસાયલક્ષી પ્રવાહ અથવા ઉત્તર બુનિયાદી પ્રવાહ (કૃષિના વિષયો સાથે) ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોય તેઓ બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર, બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર, બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી તથા બી.ટેક (બાયોટેક્નોલૉજી)માં પ્રવેશ મેળવી શકે છે. આવા ઉમેદવારોને અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વધારાના ૫% ગુણ મળવાપાત્ર છે.

તેમજ ખેડૂતના પુત્ર/પુત્રી/ભાઈ/બહેન/પૌત્ર/પૌત્રીને વધારાના ૫% ગુણ (ભારાંક - Weightage) બી.એસસી.(ઓનર્સ) એગ્રીકલ્ચર, બી.એસસી.(ઓનર્સ) હોર્ટીકલ્ચર, બી.એસસી.(ઓનર્સ) ફોરેસ્ટ્રી અને બી.ટેક (બાયોટેક્નોલૉજી) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જ મળવાપાત્ર છે. આ માટે ઉમેદવારે તેના પિતા/માતા/દાદા (પિતૃ પક્ષ)/દાદી (પિતૃ પક્ષ) કે ભાઈ/બહેન ગુજરાત રાજ્યમાં ખેતીલાયક જમીન ધરાવે છે તે અંગેનો ૭-૧૨/૮-અ નો ચાલુ નાણાકીય વર્ષનો ઉતારો તેમજ જમીનધારક અને ઉમેદવાર વચ્ચેનો સંબંધ દર્શાવતું તલાટી/મામલતદારનું પેઢીનામું રજૂ કરવાનું રહેશે.

મેરીટ લીસ્ટ :

બી.એસસી.(ઓનર્સ) એગ્રીકલ્ચર/બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર/બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી/ બી.ટેક.(બાયોટેક્નોલોજી)અભ્યાસક્રમોમાંપ્રવેશ માટેચાલુ વર્ષની GUJCET કે રાજ્ય સરકાર દ્વારા માન્ય પરીક્ષાના 40 ટકા અને ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં (ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી વિષયની ફક્ત થીયરીમાં) મેળવેલ કુલ ગુણના ૬૦ ટકા પરથી મેરીટ બને છે. તેમાં ખેડૂતના પુત્ર/પુત્રી/ભાઈ/બહેન/પૌત્ર/ પૌત્રીને વધારાના ૫% ગુણ તથા રમતગમતમાં મેળવેળ સિદ્ધિના નિયમ મુજબ ગુણ મળી મુખ્ય મેરીટ બને છે.

એડમિશનમાં અનામત સીટ :

કષિ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થાના ઉમેદવારો માટે 15% અને. ગુજરાત રાજ્યના ઉમેદવારો માટે ૮૫% બેઠકો અનામત રાખવામાં આવી છે. જેમાં ગુજરાત રાજ્યના ઉમેદવારો માટેની બેઠકો આ મુજબ અનામત રહેશે:

અનુસૂચિત જાતિ (SC) ૭% અને અનુસૂચિત જૂનજાતિ (ST) માટે ૭૫% અનામત બેઠકો છે. આ ઉપરાંત SEBC માટે ૨૭%, EWS ઉમેદવારો માટે ૧૦%અનામત બેઠકો રાખવામાં આવી છે.

શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦-૨૧ના પ્રવેશના કટ ઓફ માર્કસ

ગત વર્ષે ટકાવારી મુજબ અટકેલ પ્રવેશની માહિતી (કેટેગરી પ્રમાણે)

અભ્યાસક્રમ	કોલેજ/યુનિવર્સિટી	જનરલ	અનુસુચિત જાતિ	અનુસુચિત જનજાતિ	શા.શૈ.પ.વર્ગ	અન્ય બોર્ડ	દિવ્યાંગ જન	એક્સ-આર્મીમેન	EWS
બી.એસ. સી. (ઓનર્સ) એગ્રીકલ્ચર	બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ	67.37	59.65	48.53	69.25	70.58	40.65	50.45	67.52
	કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, વસો	61.78	55.68	40.65	58.70	57.68	-	-	60.37
	કૃષિ મહાવિદ્યાલય,આકુયુ, જબુગામ	56.48	53.45	40.53	57.18	56.37	-	-	56.18
	ચી.પ. કૃષિ મહાવિધાલય, સદાકૃયુ, સ.કૃ.નગર	61.48	62.37	39.82	61.32	64.42	-	47.77	58.80
	કૃષિ મહાવિદ્યાલય, સદાકૃયુ, થરાદ	57.13	56.62	39.35	58.27	48.76	-	-	58.05
	કૃષિ મહાવિદ્યાલય, જૂકૃયુ, જૂનાગઢ	66.83	51.40	40.80	67.57	62.14	-	57.85	68.58
	કૃષિ મહાવિદ્યાલય, મોટા ભંડારિયા, જૂકૃયુ, અમરેલી	56.13	48.22	36.17	56.72	50.33	-	-	60.90

	કૃષિ મહાવિદ્યાલય, જુકૃયુ, ખાપટ (પોરબંદર)	54.50	48.07	36.70	54.42	50.29	-	-	54.33
	ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી	61.53	56.04	51.57	60.03	53.79	36.87	46.92	61.28
	કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, ભરૂચ	57.47	50.73	45.42	56.43	61.11	-	-	57.38
	કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, વઘઇ	58.83	48.07	42.48	54.07	51.13	-	-	54.35
બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર	અસ્પી બાગાયત-વ-વનવિદ્યા મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી	-	46.32	41.63	52.75	42.83	-	-	-
	બાગાયત મહાવિદ્યાલય, સદાકૃયુ, જગૂદણ	52.50	48.88	37.88	52.45	46.47	-	-	53.28
	બાગાયત મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ	53.72	50.48	39.13	53.43	52.67	-	-	53.85
	બાગાયત મહાવિદ્યાલય, જૂકૃયુ, જૂનાગઢ	52.53	45.68	34.90	53.30	46.17	-	-	55.20
બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી	અસ્પી બાગાયત-વ-વનવિદ્યા મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી	50.13	42.10	36.82	45.42	37.00	-	-	48.88
બી.ટેક (બાયોટેક્નોલોજી)	અસ્પી શકીલમ એગ્રી બાયોટેક્નોલોજી ઇન્સ્ટિટ્યૂટ, નકૃયુ, સુરત	32.52	50.58	42.23	37.42	43.61	-	-	37.90

ધો.12 'A' ગૃપના વિદ્યાર્થીઓ માટે

ધોરણ-૧૨ના પરિણામ જાહેર થયા બાદ ગુજરાતની કૃષિ યુનિવર્સિટીમાં 'એ' ગૃપમાં પ્રવેશ માટેની જાહેરાત ગુજરાતના દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ પ્રવેશ અંગેની તમામ માહિતી a.gsau-ca.in ઉપરથી જોઈ શકાશે. ધોરણ-૧૨ના પરિણામ જાહેર થયા બાદ 'એ' ગૃપમાં પ્રવેશ માટેની જાહેરાત માટે a.gsauca.in વેબસાઇટ ચકાસવાની રહેશે. આ પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઇન કરવામાં આવે છે. જરૂર પડ્યે રૂબરૂ કાઉન્સીલીંગ કરવામાં આવે છે.

કૃષિ યુનિવર્સિટીમાં અભ્યાસક્રમ :

ધો.12 સાયન્સ 'એ' ગૃપ પછી કૃષિ યુનિવર્સિટીમાં બી.ટેક. (એગ્રી.એન્જિનિયરિંગ.), બી.ટેક. (ફૂડ ટેક્નોલૉજી), બી.ટેક. (રીન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયર્મેન્ટલ એન્જિનિયરિંગ.), બી.ટેક. (એગ્રિ. ઈન્ફર્મેશન ટેક્નોલૉજી) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો થાય છે.

1. પ્રવેશ ક્ષમતા (કેટેગરી પ્રમાણે)

ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ અંતર્ગત ચાલતા સ્નાતક કક્ષાના એ-ગૃપના વિવિધ અભ્યાસક્રમોની પ્રવેશ ક્ષમતા ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ (એ-ગૃપ)

અભ્યાસક્રમ	કોલેજ/યુનિવર્સિટી	કુલ બેઠકો	ICAR 15 %	ICAR બાદની બેઠકો	અન્ય બોર્ડ 6.33 %	ICAR / અન્ય બોર્ડ બાદની બેઠકો	જનરલ	અનુ સુચિત જાતિ 7%	અનુ સુચિત જનજાતિ 15%	શા.શૈ.પ.વ 27%	સેના કર્મચારી ઓ માટે 1%	EWS 10 % (વધારા ની)	દિવ્યાંગજન # 5%	પારસી જાતિ (વધારા ની)	કાશ્મીરી માઈગ્રેંટ (વધારાની)	NRG
1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17
બી.ટેક. (એગ્રીકલ્ચરલ એન્જીનીયરીંગ)	કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ., જૂનાગઢ	૯૦	૧૩	૭૭	૦૪	૭૩	૩૯	૦૫	૧૦	૧૯	-	૦૯	૦૩	૦૧	૦૨	૦૧
	કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલય, આ.કૃ.યુ., ગોધરા	૫૦	૦૭	૪૩	૦૨	૪૧	૨૨	૦૨	૦૬	૧૧	-	૦૫	૦૨	૦૧	૦૨	૦૧
	કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલય, ન.કૃ.યુ., ડેડીયાપાડા	૩૦	-	૩૦	૦૧	૨૯	૧૬	૦૨	૦૪	૦૭	-	૦૩	૦૧	૦૧	૦૨	૦૧
બી.ટેક. (ફૂડ ટેક્નોલોજી)	ફૂડ પ્રોસેસીંગ ટેક્નોલોજી એન્ડ બાયો એનર્જી મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ	૫૦	૦૭	૪૩	૦૨	૪૧	૨૨	૦૨	૦૬	૧૧	-	૦૫	૦૨	૦૧	૦૨	૦૧
	ફૂડ ટેક્નોલોજી મહાવિદ્યાલય, સ.દા.કૃ.યુ., સરદારકૃષિનગર	૩૦	૦૪	૨૬	૦૧	૨૫	૧૩	૦૨	૦૪	૦૬	-	૦૩	૦૧	૦૧	૦૨	૦૧
બી.ટેક. (રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટલ એન્જીનિયરીંગ)	રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટલ એન્જીનિયરીંગ મહાવિદ્યાલય, સ.દા.કૃ.યુ., સરદારકૃષિનગર	૪૦	૦૬	૩૪	૦૨	૩૨	૧૭	૦૨	૦૫	૦૮	-	૦૪	૦૧	૦૧	૦૨	૦૧

નોંધ : #સંબંધિત કેટેગરીમાં એડજસ્ટ કરવામાં આવશે.

ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ/બાયોલોજી ('એ'-ગૃપ અથવા 'એબી'-ગૃપ)

અભ્યાસક્રમ	કોલેજ / યુનિવર્સિટી	કુલ બેઠકો	ICAR 15 %	ICAR બાદની બેઠકો	અન્ય બોર્ડ 6.33 %	IC AR / અન્ય બોર્ડ બાદની બેઠકો	જનરલ	અનુ સુચિત જાતિ 7%	અનુ સુચિત જનજાતિ 15%	શા.શૈ.પ.વ 27%	સેના કર્મચારી ઓ માટે 1%	EWS 10 % (વધારાની)	દિવ્યાંગજન # 5%	પારસી જાતિ (વધારા ની)	કાશ્મીરી માઈગ્રેંટ (વધારાની)	NRG
1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17
બી.ટેક. (એગ્રીકલ્ચરલ ઇન્ફર્મેશન ટેક્નોલોજી)	એગ્રીકલ્ચરલ ઇન્ફર્મેશન ટેક્નોલોજી મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ	૪૦	-	૪૦	૦૨	૩૮	૨૧	૦૨	૦૫	૧૦	-	૦૪	૦૧	૦૧	૦૧	૦૧

પ્રવેશ લાયકાત :

ઉપરોક્ત સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ઉમેદવાર ગુજરાતનો રહેવાસી હોવો જોઈએ અને તેણે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ના ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ (એ-ગૃપ) / ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ / બાયોલોજી (એબી-ગૃપ) સહિત અંગ્રેજી વિષય સાથે ગુજરાત બોર્ડ અથવા માન્યતા પ્રાપ્ત રાજ્યના અન્ય બોર્ડમાંથી પાસ કરેલી હોવી જોઈએ.

બી.ટેક (એગ્રી. એન્જિનિયરિંગ.), બી.ટેક. (ફુડ ટેક્નોલૉજી), બી.ટેક. (રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયર્મેન્ટલ એન્જિનિયરિંગ)માં પ્રવેશ માટે ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષા ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ (એ-ગૃપ)ના વિષયો સાથે પાસ કરેલી હોવી જોઈએ. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓએ ૧૦૫ માર્કસ (૩૫ ટકા) અને બાકીની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે 120 માર્કસ (40 ટકા) મેળવેલા હોવા જોઈએ.

બી.ટેક. (એગ્રી. ઈન્ફમેશન ટેક્નોલૉજી) મા પ્રવેશ માટે ઉમેદવારે ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ (એ-ગૃપ), ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ / બાયોલોજી (એબી-ગૃપ) (માત્ર મેથેમેટિક્સના માર્ક ગણતરીમાં લેવામાં આવશે) વિષયોની થિયરીમાં (ગ્રેસિંગ માર્ક સિવાય) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓએ ૧૦૫ માર્કસ (૩૫ ટકા) અને બાકીની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૧૨૦ માર્કસ (૪૦ ટકા) મેળવેલા હોવા જોઈએ.

મેરીટ લિસ્ટ :

GUJCET કેરાજ્ય સરકાર દ્વાર માન્ય પ્રવેશ પરીક્ષના ૪૦% અનેધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહની)ની પરીક્ષામાં (ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ વિષયની થીયરી) મેળવેલા કુલ ગુણના ૬૦%મૂજબ મેરીટ લિસ્ટ બનશે.

૧૪.૦ શૈક્ષાણિક વર્ષ : ૨૦૨૦-૨૧ના પ્રવેશના કટ ઓફ માર્કસ

ગત વર્ષે ટકાવારી મુજબ અટકેલ પ્રવેશની માહિતી (કેટેગરી પ્રમાણે)

ફિજીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ (એ - ગૃપ)

ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) ની પરીક્ષામાં ફિજીક્સ (ભૌતિક વિજ્ઞાન), કેમેસ્ટ્રી (રસાયણિક વિજ્ઞાન) અને મેથેમેટીક્સ (ગણિત) / બાયોલોજી (જીવવિજ્ઞાન) વિષયની ફક્ત થીયરીમાં મેળવેલ કુલ ગુણના ૬૦ % અને GUJCET પરીક્ષામા મેળવેલ કુલ ગુણના ૪૦ % મૂજબ મેરીટ ગણવામા આવેલ છે.

ફિજીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ (એ - ગૃપ)

અભ્યાસક્રમ	કોલેજ/યુનિવર્સિટી	જનરલ	EWS	અનુસુચિત જાતિ ૭ %	અનુસુચિત જનજાતિ ૧૫ %	શા.શૈ.પ.વ ૨૭ %	અન્ય બોર્ડ	દિવ્યાંગજન
બી.ટેક.(એગ્રીકલ્ચરલ એન્જીનીયરીંગ)	કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલય, આ.કૃ.યુ., ગોધરા *	-	-	-	-	-	-	-
	કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ., જૂનાગઢ	૩૨.૮૩	૩૨.૧૫	૨૭.૯૩	૩૭.૩૭	૩૭.૪૭	૩૭.૭૦	-
	કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલય, ન.કૃ.યુ., ડેડીયાપાડા *	-	-	-	-	-	-	-
બી.ટેક. (ફૂડ ટેક્નોલોજી)	ફૂડ ટેક્નોલોજી મહાવિદ્યાલય, સ.દા.કૃ.યુ., સરદારકૃષિનગર	૩૬.૯૫	૩૬.૬૮	૨૫.૭૨	૨૬.૧૫	૪૧.૭૩	૪૬.૧૦	-
	ફૂડ પ્રોસેસીંગ ટેક્નોલોજી એન્ડ બાયો એનર્જી મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ	૫૨.૧૦	૪૯.૬૦	૪૯.૩૦	૩૨.૬૮	૪૮.૩૮	૭૨.૯૨	-
બી.ટેક. (રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયરમેન્ટલ એન્જીનિયરીંગ)	રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયરમેન્ટલ એન્જીનિયરીંગ મહાવિદ્યાલય, સ.દા.કૃ.યુ., સરદારકૃષિનગર *	-	-	-	-	-	-	-

*** ગત શૈક્ષણિક વર્ષ દરમ્યાન સદરહુ કોલેજ ખાતે બેઠકો ખાલી રહેલ હોય કટ ઓફ માર્કસ દર્શાવવામા આવેલ નથી.**

ફિજીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ અથવા મેથેમેટીક્સ /બાયોલોજી (એ-ગ્રુપ અને એબી-ગ્રુપ)

અભ્યાસક્રમ	કોલેજ/યુનિવર્સિટી	જનરલ	EWS	અનુસુચિત જાતિ ૭ %	અનુસુચિત જનજાતિ ૧૫ %	શા.શૈ.પ.વ ૨૭ %	અન્ય બોર્ડ	દિવ્યાંગજન
બી.ટેક.(એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી)	એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ	૩૨.૦૫	૩૫.૦૩	૫૬.૩૩	૩૩.૧૭	૩૦.૦૨	૫૯.૯૨	-

કૃષિ સ્નાતક થયા બાદ રોજગારીની તકો..

કૃષિના સ્નાતકો માટે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, સહકારી ક્ષેત્ર, બેંકિંગ, ખાતર કંપનીઓ, ખાનગી કૃષિ સંલગ્ન કંપનીઓમાં નોકરીની તકો રહેલી છે. કૃષિ સ્નાતકો માટે ગુજરાત સરકારમાં કૃષિ અધિકારી તરીકે જોડાઈ શકે છે. જેની ભરતી GPSC દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત વિસ્તરણ અધિકારી તરીકે પણ જોડાઈ શકે છે. તાજેતરના નવા જીઆર પ્રમાણે ગ્રામ સેવક તરીકે પણ કૃષિ સ્નાતકોને અરજી કરી શકે છે. વિસ્તરણ અધિકારી અને ગ્રામ સેવક તરીકેની ભરતી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત કૃષિ યુનિવર્સિટીમાં એગ્રીકલ્ચર આસિસ્ટન્ટ, એગ્રીકલ્ચર ઓફીસર તરીકે નોકરીની તકો છે. હોર્ટિકલ્ચરના વિદ્યાર્થીઓની પણ હોર્ટિકલ્ચર ઓફિસર તરીકે ભરતી કરવામાં આવે છે. GPSC દ્વારા લેવામાં આવતી રાઉન્ડ ફોરેસ્ટ ઓફિસર એટલે કે RFOની પરીક્ષા કૃષિ સ્નાતકો આપી શકે છે.

આ ઉપરાંત નાબાર્ડ, કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા(CCI), FSSAI, NSC, FROમાં જોડાઈ શકે છે. GSFC, IFFCO, KRIFCO, ATMA, MFSM, NMSAમાં પણ નોકરીની તકો છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સોઈલ ટેસ્ટીંગ લેબ, સીડ ઓફિસર તરીકે પણ સેવા કરવાનો અવસર મળે છે. કિસાન કોલ સેન્ટર તથા ખાનગી કૃષિ સંલગ્ન વ્યવસાય ધરાવતી કંપનીઓ જેવી કે, જંતુનાશક કંપની, ખાતર કંપની વગેરેમાં કૃષિ વિશેષજ્ઞ તરીકે નોકરીની તકો પ્રાપ્ય છે.

કૃષિ સ્નાતક બાદ અનુસ્નાતકનો અભ્યાસ કરી NET, Ph.D. કરીને આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાઈ શકાય છે. તેમજ ICAR દ્વારા પણ JRF તરીકે જોડાઈ કૃષિ ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કરી શકાય છે. તેમજ ICARના વિવિધ પ્રોજેકટમાં કામ કરવાનો અવસર મળે છે.

ખાનગી કંપનીઓમાં કૃષિ માર્કેટિંગ, ખેડૂત તાલીમ વિશેષજ્ઞ બની શકાય છે. તેમજ SBI, અને IBPS દ્વારા લેવાતી પરીક્ષા પાસ કરીને દેશની ગણમાન્ય બેંકમાં એગ્રીકલ્ચર ઓફિસર તરીકે સુવર્ણ કારકિર્દી ઘડવાની તક રહેલી છે.

કૃષિ નિષ્ણાંત,
ગામ : વધાવી, જિલ્લો જૂનાગઢ.

૧૩ "હોટેલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ ક્ષેત્રે કારકિર્દી"

- એસ. આર. વિજયવર્ગીય

ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ઈન્ડસ્ટ્રીઝમાં ૨૦૨૫ સુધીમાં ભારતમાં ૪૬ મિલિયન રોજગારનો અવસર ઉત્પન્ન થઈ શકે તેમ જણાય છે. ભારતની અંદર ટુરિઝમનું ફિલ્ડ ખૂબજ શક્તિશાળી માધ્યમ છે. ભારત દેશમાં ભૌગોલિક દૃષ્ટીએ ખૂબજ સૌન્દર્ય અને સમૃધ્ધિ વિખરાયેલી છે. જેને ટુરિઝમ ક્ષેત્રો વિકસાવવા માટે ભારત સરકાર દ્વારા યથાર્થ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

"કુછ દિન તો ગુજારો ગુજરાત મે
કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા"

ઉક્ત જાહેરાત ફિલ્મસ્ટાર અમિતાભ બચ્ચનના મુખે સાંભળ્યા બાદ તેમજ ટીવી ઉપર જાહેરાત આપ્યા બાદ કચ્છના ટુરિઝમનો ખૂબજ પ્રચાર-પ્રસાર થયો છે. આપ પણ ફિલ્મસ્ટારની જેમ ટુરિઝમ ગાઈડ તેમજ ટુર ઓપરેટર તરીકે એક અલગ છાપ અને વ્યક્તિત્વ ઊભું કરી શકો છો. ભારતમાં ગુજરાત, ગોવા, મધ્યપ્રદેશ, રાજસ્થાન, કર્ણાટક, કેરાલા, મહારાષ્ટ્ર, ઉતર પ્રદેશ, પંજાબ, ચંદીગઢ, હરિયાણા, જમ્મુ કાશ્મીર, આંદામાન નિકોબાર, નેપાળ જેવા પ્રદેશોમાં ખૂબજ વિપુલ પ્રમાણમાં હોટલ, ટુરિઝમ અને હોસ્પિટાલિટી ક્ષેત્રે રોજગારના અવસરો ઉપલબ્ધ છે.

આવો હોટલ, ટુરિઝમ અને હોસ્પિટાલિટી ક્ષેત્રે કારકિર્દી ઘડતર દ્વારા બૌદ્ધિક, આર્થિક અને દેશની સમૃધ્ધિનો વિકાસ કરીએ.

ડિગ્રી ઇન હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ (BHTM)

સંસ્થાનું નામ : ઈન્સ્ટીટયુટ ઓફ હોટલ મેનેજમેન્ટ

સરનામું : ભાઈજીપુરા, કુડાસણ (અડાલજ) ગાંધીનગર

ફોન નંબર : (૦૭૯)૨૩૨૭૬૬૫૭

વેબસાઈટ : www.nchmct.org

ફેક્સ નંબર : (૦૭૯)૨૩૨૭૬૬૫૬

શૈક્ષણિક લાયકાત : અંગ્રેજી વિષય સાથે ધો. ૧૨ પાસ અથવા સમકક્ષ પરીક્ષા પાસ હોવી જોઈએ.

સંસ્થાનું નામ : ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ હોસ્પિટાલિટી એન્ડ મેનેજમેન્ટ

સરનામું : આઈ.આઈ.એચ.એમ., પ્લોટ નંબર ૪૪, વાત્રક પોલિટેકનિક કૉલેજ પછી, ગણપતિ મંદિર, શાસ્ત્રી નગર, રેલ્વે સ્ટેશન પાસે વસઈ,

વેબસાઈટ : www.iihm.co.in

ઈ-મેઈલ : info@iihm.co.in / bci.2007@rediffmail.com

ફોન નંબર : ૦૨૫૦ ૨૩૩૦૦૭૭/૨૩૪૭૮૩૩ /૮૫૫૪૦૨૨૫૫૫/૯૦૧૧૪૧૩૪૪૭

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ હૉસ્પિટાલિટી એન્ડ મેનેજમેન્ટ સંસ્થામાં નીચે મુજબ કોર્સ ઉપલબ્ધ છે.

ડિગ્રી કોર્સ :

- B.Sc in Hospitality & Tourism Studies
- B.Sc in Hospitality Studies

ડિપ્લોમા એન્ડ સર્ટીફીકેટ કોર્સ :

- Hotel Operations (2 year)
- Hotel Management & Tourism Studies
- Cookery, Bakery & Confectionary
- Food & Beverage Production / Service
- Front Office Management
- House Keeping Management

ઉપરોક્ત સંસ્થામાં હોસ્ટેલની પણ સગવડ છે. ગમે

તે પ્રવાહના વિદ્યાર્થીઓ ઓનલાઈન અથવા ઓફલાઈન ફોર્મ ભરી શકે છે. ત્રણ કલાકની પ્રવેશ પરીક્ષા એપ્રિલ અંતમાં લેવાય છે. સેમેસ્ટર સિસ્ટમ છે. ૯:૦૦ થી ૫:૦૦ કૉલેજનો સમય છે. તેમજ પ્રેક્ટીકલ પણ લેવાય છે.

અન્ય સંસ્થાઓ પણ છે જે આ પ્રમાણેના કોર્સ ચલાવે છે. જે નીચે મુજબ છે.

- એશિયા પેસિફિક ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ - એશિયા પેસિફિક હાઉસ

ઉસ્માનપુરા પાણીની ટાંકી પાસે, ઉસ્માનપુરા અમદાવાદ.

- એલ.ડી.કૉલેજ ઓફ એન્જિનિયરિંગ કેમ્પસ-નવરંગપુરા અમદાવાદ

- કૉલેજ ઓફ હોસ્પિટાલિટી એન્ડ ટુરિઝમ (CHNT) - રાય યુનિવર્સિટી સરોડા, તા.ધોળકા, અમદાવાદ.

- વિવેકાનંદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ - બોધીગ્રામ, ને. હા. નં. ૮-બી, કુવાડવા રોડ, કુચીયાદળ, રાજકોટ.

- એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ વેબસાઈટ

www.jacpcidce.ac.in

ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા નેશનલ કાઉન્સિલ ફોર હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ ટેક્નોલૉજી (NCHMCT)ની સ્થાપના આ વ્યવસાય માટે વ્યવસાયિકોને તાલીમ આપવા કરવામાં આવી છે. આ (NCHMCT) ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિ. સાથે મળીને એક સંયુક્ત પ્રવેશ પરીક્ષા લે છે. આ JEE દ્વારા ત્રણ વર્ષના બેચલર ઓફ સાયન્સ ઈન હોસ્પિટાલિટી એન્ડ હોટલ એડમિનિસ્ટ્રેશનના કોર્સમાં પ્રવેશ મળે છે. આ અભ્યાસક્રમ અમદાવાદ, બેંગ્લોર, મુંબઈ, દિલ્હી, ગોવા, જયપુર, સહિત ચોવીસ જેટલા સ્થળોએ ગવર્મેન્ટ સ્પોન્સર્ડ હોટલ મેનેજમેન્ટ સંસ્થાઓમાં ચાલે છે.

- **હોટેલ મેનેજમેન્ટ પ્રોગ્રામ માટે કયો દેશ શ્રેષ્ઠ છે?**

હોટેલ મેનેજમેન્ટ માટે નીચે દર્શાવેલ દેશો શ્રેષ્ઠ છે:

1. સ્વિટ્ઝર્લેન્ડ
2. યુએસએ
3. UK
4. ઓસ્ટ્રેલિયા
5. નેધરલેન્ડ
6. સ્પેઇન
7. દુબઇ
8. હોંગ કોંગ
9. કેનેડા
10. ફ્રાન્સ
11. ન્યૂઝીલેન્ડ

- **હોટલ મેનેજમેન્ટના કોર્સ કયા છે?**

હોટલ મેનેજમેન્ટ નોકરીમાં બહુવિધ કુશળતા જેમ કે ભોજન અને પીણાની સેવા, સ્વાગત કામગીરી, વેચાણ અને માર્કેટિંગ, એકાઉન્ટિંગ વગેરે સામેલ છે. ઘણી સરકારી યુનિવર્સિટીઓ અને ખાનગી સંસ્થાઓ હોટલ મેનેજમેન્ટમાં ડિગ્રી, ડિપ્લોમા અથવા યુનિવર્સિટી અભ્યાસક્રમો પ્રદાન કરે છે.

આ કોર્સ માટે નામ નોંધાવવા માટે, હોટલ મેનેજમેન્ટના અભ્યાસક્રમો માટેની શ્રેષ્ઠ શાળાઓની રૂપરેખા નીચે મુજબ છે. જે તમને યોગ્ય પસંદગી કરવામાં સહાય રૂપ થશે.

આતિથ્યની ડિગ્રી પ્રાપ્ત કરવાથી હોટલ, રેસ્ટોરાં, કેસિનો, ક્રુઝ લાઇનો, રિસોર્ટ્સ, થીમ પાર્ક અને વ્યવસાયિક રમત ગમત ટીમોની કારકિર્દી માટે સ્નાતકની યોગ્યતા જરૂરી છે. આ કોર્સમાં નામ નોંધાવવા માટે, વર્ષ 2022 માં હોટલ મેનેજમેન્ટના અભ્યાસક્રમો માટેની શ્રેષ્ઠ શાળાઓની રૂપરેખા આપવામાં આવી છે .

હોટેલ મેનેજમેન્ટનું ક્ષેત્ર ખૂબ વૈવિધ્યસભર છે અને આતિથ્યની ડિગ્રી વાળા સ્નાતકોને ઉમદા અને સારા પગારની કારકિર્દી બનાવવા માટે ઘણી તકો છે.

હોટેલ મેનેજમેન્ટની ડિગ્રી મેળવવા માટે કેટલો સમય લાગે છે ?

સામાન્ય રીતે, હોટલ મેનેજમેન્ટની ડિગ્રી મેળવવા માટે કોઈ પ્રોગ્રામ પૂર્ણ થવા માટે લગભગ ચાર વર્ષનો સમય લાગે છે.

મોટાભાગના કિસ્સાઓમાં, તમારે ઈન્ટર્નશીપ, ફિલ્ડવર્કના અનુભવો અને વિદેશમાં અભ્યાસ ટ્રિપ્સ દ્વારા વ્યવહારુ અભિગમ માટે તમારે નોંધપાત્ર સમયનો વ્યય કરવો પડશે.

યુ.એસ.એ.માં શ્રેષ્ઠ હોટેલ મેનેજમેન્ટ શાળાઓ શું છે ?

યુ.એસ.એ.માં ઘણી બધી હોટલ મેનેજમેન્ટ સ્કૂલ છે જે આશ્ચર્યજનક રીતે સારી કામગીરી કરે છે. પરંતુ નીચેની સૂચિબદ્ધ શાળાઓ તેની શૈક્ષણિક ગુણવત્તાને કારણે શ્રેષ્ઠમાંની એક બની છે; સારું અનુકૂળ શિક્ષણ માટેનું વાતાવરણ, વ્યવહારુ ગુણવત્તાવાળું શિક્ષણ માટેનું સારું માળખું અને પસંદ, સ્વીકૃતિ દર, સ્નાતક દર, રોજગાર દરનું પ્રમાણ ઘણું વધારે છે.

- કોર્નેલ યુનિવર્સિટી
- મિશિગન સ્ટેટ યુનિવર્સિટી
- નેવાડા યુનિવર્સિટી - લાસ વેગાસ
- વર્જિનિયા પોલિટેકનિક સંસ્થા અને રાજ્ય યુનિવર્સિટી
- સેન્ટ્રલ ફ્લોરિડા યુનિવર્સિટી
- ફેરલેહ ડિકિન્સન યુનિવર્સિટી - મેટ્રોપોલિટન કેમ્પસ
- પેન્સિલવેનિયા સ્ટેટ યુનિવર્સિટી - વર્લ્ડ કેમ્પસ
- હ્યુસ્ટન યુનિવર્સિટી
- આયોવા સ્ટેટ યુનિવર્સિટી
- પરડ્યુ યુનિવર્સિટી
- ઉત્તરી એરિઝોના યુનિવર્સિટી
- મેસેચ્યુસેટ્સ યુનિવર્સિટી - એમ્હર્સ્ટ
- મંદિર યુનિવર્સિટી
- ઓક્લાહોમા સ્ટેટ યુનિવર્સિટી

● હોટેલ મેનેજમેન્ટની ડિગ્રી શું છે?

મોટી અથવા પૂર્ણ-સેવા હોટલના સંચાલકોને સામાન્ય રીતે હોટલ મેનેજમેન્ટમાં સ્નાતકની જરૂર હોય છે. જો કે, ઓછી સેવાઓ અને ઓછી અત્યાધુનિક સગવડતાઓવાળી હોટેલ્સ, હોટેલ મેનેજમેન્ટમાં ડિગ્રી અથવા પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારોને નોકરી આપે છે .

વિશ્વની શ્રેષ્ઠ હોટેલ મેનેજમેન્ટ શાળાઓની પસંદગીમાં, કેટલાક પરિબળો પર વિચારણા કરવામાં આવે છે તે નીચે મુજબ છે.

એક્રેડિએશન, સ્નાતક દર, સ્વીકૃતિ દર, અંડર ગ્રેજ્યુએટ, અનુસ્નાતક અથવા ડૉક્ટરલ ડિગ્રી મેળવવા માટે વિશ્વની ટોચની 13 શ્રેષ્ઠ હોટેલ મેનેજમેન્ટ શાળાઓ છે.

● ધોરણ 12 પછી હોટલ મેનેજમેન્ટના અભ્યાસક્રમો શા માટે ?

જો તમારામાં સારી વાતચીત કરવાની કુશળતા, પ્રભાવશાળી વ્યક્તિત્વ અને અન્ય શહેરોમાં કે દેશમાં જવાની ઇચ્છા હોય તો ધોરણ-૧૨ની પરીક્ષા પૂર્ણ કર્યા પછી હોટલ મેનેજમેન્ટ વિશે વિચારી શકો છો.

આ અભ્યાસક્રમોની લોકપ્રિયતા નાના બાળકો માટે આતિથ્ય અને હોટલ મેનેજમેન્ટ ઉદ્યોગ ક્ષેત્રે તકો દર્શાવે છે. ધોરણ 12 પછી હોટલને મેનેજમેન્ટમાં ડિગ્રી, ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સમાં અભ્યાસથી સ્વરોજગારીની પણ ઘણી તકો ઉપલબ્ધ છે.

● હોટલ મેનેજમેન્ટ શું છે?

હોટેલ મેનેજમેન્ટ એ એક ક્ષેત્ર અને કારકિર્દી છે જે હોટેલ અને આતિથ્ય ઉદ્યોગમાં કામ કરવા માટે શ્રેષ્ઠ સંપર્ક વ્યવહાર કુશળતાવાળી સારી વ્યક્તિત્વ ધરાવનારી ઇચ્છુક વ્યક્તિની આવશ્યકતા ધરાવે છે.

વૈશ્વિકરણને કારણે હોટેલ ઉદ્યોગ દિન પ્રતિદિન વિકસી રહ્યો છે. ભારતીય કંપનીઓ જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય હોટલ અને આતિથ્યની ચેન પણ વિદ્યાર્થીઓને નોકરીની ઓફર કરે છે. આ ઉદ્યોગ માટે ચોક્કસ કૌશલ્યો પ્રાપ્ત કર્યા પછી, કોઈ પણ વિદ્યાર્થી નિશ્ચિંતપણે નોકરી પ્રાપ્ત કરી શકે છે.

આ ક્ષેત્રના સંતોષકારક પગાર પેકેજો અને મનોરંજક વાતાવરણ એ એક કારણ છે, કેમ કે આ અભ્યાસક્રમ ભારતની યુવા પેઢીમાં એક નવો ટ્રેન્ડ છે. એવા વિદ્યાર્થીઓ કે જેઓ ઉદ્યોગસાહસિક બનવા માંગતા હોય અથવા એક અલગ વ્યવસાય ધરાવતા હોય, તો તેવા વિદ્યાર્થીઓ માટે આ કોર્સ સુવર્ણ તકથી ઓછો નથી. કોર્સનો સમયગાળો 3 વર્ષ છે. હોટેલ મેનેજમેન્ટ નોકરી ખોરાક અને પીણા સેવા, ફ્રન્ટ ઓફિસ કામગીરી, વેચાણ અને માર્કેટિંગ, એકાઉન્ટિંગ વગેરે જેવી બહુવિધ કૌશલ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

હવે ભારતમાં ઘણી સરકારી કૉલેજો અને સંસ્થાઓ HM (હોટેલ મેનેજમેન્ટ) કોર્સ ઓફર કરે છે.

કારકિર્દીની નિસરણીમાં વધારો કરવા માટે પૂરતો અવકાશ રહે છે, જ્યારે હોટલ મેનેજમેન્ટ ક્ષેત્રની જોબની વાત આવે છે. ત્યારે અનુભવ પ્રાપ્ત કરીને, કોઈ એક

પોસ્ટ્સ દ્વારા ઉભા થઈ શકે અને લાભદાયક કારકિર્દી બનાવી શકાય તેમજ કોઈ વ્યક્તિ પોતાનું સાહસ પણ શરૂ કરી શકે છે.

● હોટેલ મેનેજિંગના ફાયદા :

આખો હોટેલ મેનેજમેન્ટ પ્રોગ્રામ તમને હોટેલ ઉદ્યોગના દરેક પાસાઓ અને તેની કામગીરીનું સંચાલન કેવી રીતે કરવું તે વિશે જાણવામાં ઉપયોગી થશે.

ધોરણ 12 પછી કરવા માટેના ટોચના હોટેલ મેનેજમેન્ટ કોર્ષ

1. હોટેલ મેનેજમેન્ટ બેચલર
2. હોટેલ મેનેજમેન્ટમાં ડિપ્લોમા
3. એસસી. (હોટેલ મેનેજમેન્ટ અને કેટરિંગમાં)
4. હોટેલ અને મેનેજમેન્ટમાં બી.એ

● હોટલ મેનેજમેન્ટ સ્નાતક :

આ પ્રોગ્રામ BHM (બેચર ઓફ હોટેલ મેનેજમેન્ટ) કોર્સ તરીકે પણ ઓળખાય છે. તે નિયમિત રીતે સંપૂર્ણ રેગ્યુલર 4 વર્ષ લાંબો અંડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામ છે.

4 વર્ષનો કોર્સ 8 સેમેસ્ટરમાં વહેંચાયેલો છે. આ 8 સેમેસ્ટર દરમિયાન, વિદ્યાર્થીઓએ સૈદ્ધાંતિક વિષયોના વિવિધ સેટ તેમજ વ્યવહારિક વર્ગો સાથે કામ કરવાનું હોય છે.

આ કોર્સ કૌશલ્યો વિકસાવવામાં મદદ કરશે જે સ્નાતકોને હોટેલ તેમજ ટુરીઝમ મેનેજમેન્ટ સેક્ટરમાં વિકાસ કરવામાં મદદરૂપ થાય.

તે તેમને ઉપરોક્ત ક્ષેત્રોમાં સંચાલકીય હોદ્દા પર લેવામાં મદદરૂપ થાય.

આ પ્રોગ્રામમાં શીખવવામાં આવતા કેટલાક મહત્વપૂર્ણ વિષયો નીચે મુજબ છે.

1. કૉમ્યુનિકેશન સ્કીલ્સ (અંગ્રેજી)
2. ખાદ્ય ઉત્પાદન (થિયરી અને પ્રેક્ટિકલ) યોગ્યતાના માપદંડ
3. હાઉસ કીપિંગ
4. ફ્રન્ટ એન્ડ ઓપરેશન્સ
5. મેનેજમેન્ટ સ્કિલ્સ
6. નામું
7. વ્યવસાય કાયદો
8. પોષણ અને ખોરાક
9. વ્યાપાર નીતિશાસ્ત્ર
10. હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ
11. ઈવેન્ટ મેનેજમેન્ટ
12. જાહેર સંબંધો
13. ટ્રાવેલ મેનેજમેન્ટ
14. ઉદ્યોગસાહસિક કૌશલ્યો

● હોટેલ મેનેજમેન્ટ યોગ્યતાના માપદંડ નીચે મુજબ છે

જે વિદ્યાર્થીઓએ 12 મા ધોરણનું શિક્ષણ પૂર્ણ કર્યું છે (કોઈપણ પ્રવાહ) તે આ કોર્સ માટે અરજી કરવા પાત્ર છે. કેટલીક સંસ્થાઓના કિસ્સામાં, દસમા ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ પણ આ અભ્યાસક્રમ મેળવવા માટે પાત્ર છે.

● બી.એસસી. હોટેલ મેનેજમેન્ટ અને કેટરિંગ :

આ 3 વર્ષ લાંબો બી.એસ.સી. કોર્સ. તે બીએચએમ પ્રોગ્રામ કરતા 1 વર્ષ ટૂંકો છે પરંતુ DHM પ્રોગ્રામ કરતાં પૂર્ણ થવા માટે વધુ સમય લે છે.

ઉપર જણાવેલ પ્રોગ્રામ્સની જેમ, આ પણ સૈદ્ધાંતિક અને વ્યવહારુ , કુશળતા પર મહત્વ આપે છે.

આ પ્રોગ્રામમાં સમાવિષ્ટ કેટલાક મહત્વપૂર્ણ વિષયો છે-

1. કૉમ્યુનિકેશન સ્કીલ્સ
2. હોટેલ મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન
3. ફ્રન્ટ ઓફિસ મેનેજમેન્ટ
4. ઈવેન્ટ મેનેજમેન્ટ
5. ખાદ્ય ઉત્પાદન
6. ટ્રાવેલ મેનેજમેન્ટ
7. હાઉસકીપિંગ
8. હિસાબ
9. પ્રવાસન અને પ્રવાસ વ્યવસ્થાપન
10. માર્કેટિંગ મેનેજમેન્ટ

જે વિદ્યાર્થીઓએ ધોરણ 12 (કોઈપણ પ્રવાહ સાથે) પાસ કર્યું હોય તેઓ આ કોર્સ માટે અરજી માટે પાત્ર છે

● હોટલ મેનેજમેન્ટમાં બી.બી.એ.

BBA એટલે બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન. અંડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામ જે 3 વર્ષનો છે. જો તમે હોટેલ મેનેજમેન્ટના ક્ષેત્રમાં રસ ધરાવતા હોય તો તમે BBAમાં જઈ શકો છો અને આ ક્ષેત્રમાં નિષ્ણાત બની શકો છો

BBA પ્રોગ્રામ્સ દ્વારા જે વિદ્યાર્થીઓને પ્રોગ્રામના છેલ્લા વર્ષમાં કોઈ ચોક્કસ વિદ્યાશાખામાં નિષ્ણાત બનવાની મંજૂરી આપે છે.

આમ, આવા પ્રોગ્રામમાંથી પસાર થવું એ સુનિશ્ચિત કરે છે કે વ્યક્તિને મેનેજમેન્ટ કૌશલ્ય મળે છે જે હોટેલ અને પર્યટન ઉદ્યોગ માટે યોગ્ય છે.

પરંપરાગત મેનેજમેન્ટ વિષયોની સાથે આ અભ્યાસક્રમમાં આવરી લેવામાં આવેલા કેટલાક મહત્વપૂર્ણ વિષયો નીચે મુજબ છે.

1. પ્રવાસન વ્યવસ્થાપન
2. હોટેલ અને હોસ્પિટાલિટી મેનેજમેન્ટ
3. હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ
4. ટ્રાવેલ મેનેજમેન્ટ
5. પીઆર

હોટેલ મેનેજમેન્ટનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી ટોચની રોજગાર આપતી કંપનીઓ નીચે મુજબ છે.

1. ફાઈવ સ્ટાર હોટેલ્સ અને રિસોર્ટ્સનું જેપી ગ્રૂપ
2. તાજ ગ્રૂપ ઓફ હોટેલ્સ
3. મેરિયોટ ઈન્ટરનેશનલ
4. રેડિસન બ્લુ હોટેલ્સ
5. આઈટીડીસી ગ્રૂપ ઓફ હોટેલ્સ
6. ઓબેરોય ગ્રૂપ ઓફ હોટેલ્સ
7. લે મેરિડિયન ગ્રૂપ ઓફ હોટેલ્સ
8. શાંગરી લા હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સ
9. ઈન્ટરકોન્ટિનેન્ટલ હોટેલ જૂથો
10. એમ્બેસેડર ગ્રૂપ ઓફ હોટેલ્સ
11. સરોવર પાર્ક ગ્રૂપ ઓફ હોટેલ્સ

આ ભારતમાં તેમજ આંતરરાષ્ટ્રીય હોટલની ચેન નીચે મુજબ છે

1. એકોર હોટેલ્સ
2. હિલ્ટન હોટેલ જૂથો
3. વિન્ડહામ હોટેલ ગ્રૂપ
4. હયાત હોટેલ્સ કોર્પોરેશન
5. મેરિયોટ ઈન્ટરનેશનલ, ઈન્ક
6. મેલીઆ હોટેલ્સ ઈન્ટરનેશનલ
7. શાંગરી-લા હોટેલ્સ અને રિસોર્ટ્સ
8. જિન જિયાંગ ઈન્ટરનેશનલ હોટેલ મેનેજમેન્ટ કંપની લિ.

હોટેલ મેનેજમેન્ટમાં વિવિધ કાર્યક્ષેત્રોનો સમાવેશ થાય છે, જે નીચે મુજબ છે

1. હોટેલ અને રેસ્ટોરન્ટ મેનેજમેન્ટ
2. હોસ્પિટલ એડમિનિસ્ટ્રેશન
3. હોટલ અને ટૂરિઝમ એસોસિએશન
4. એરલાઈન કેટરિંગ અને કેબિન સેવાઓ
5. ફોરેસ્ટ લોજ
6. ક્લબ મેનેજમેન્ટ
7. ગેસ્ટ હાઉસ વગેરે.

એવી ઘણી નોકરીઓ છે જે આ ક્ષેત્રમાં આપવામાં આવી રહી છે અને અનુભવ અને શિક્ષણની સાથે જોબ પ્રોફાઈલ વધે છે.

ઉચ્ચ-સ્તરથી મધ્યમ-સ્તરની સ્થિતિઓ માટે, વ્યક્તિ પાસે વ્યવસાયિક હોટલ મેનેજમેન્ટ ડિગ્રી હોવી જરૂરી છે.

રસ ધરાવતા ઉમેદવારો 10+2 પછી કોઈપણ પ્રતિષ્ઠિત સંસ્થામાંથી કોર્સ કરી શકે છે હોટેલ મેનેજમેન્ટ અને આ સર્જનાત્મક ક્ષેત્રમાં તેમની ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે છે.

હોટેલ મેનેજમેન્ટ અવકાશ, જોબની તકો અને પગાર

બૂમિંગ હોટેલ અને હૉસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રિ મુખ્ય રોજગાર આપનાર છે. પર્યટનના વૈકલ્પિક સ્વરૂપો, જેમ કે હેલ્થ ટુરિઝમ, એડવેન્ચર ટુરિઝમ અને હેરિટેજ ટુરિઝમ વિપુલ પ્રમાણમાં વધી રહ્યા છે.

સ્નાતકો હોટેલ મેનેજમેન્ટ અભ્યાસક્રમો દ્વારા સર્જાયેલી નોકરીઓ પ્રાપ્ત કરી શકે છે

કુશળ અને હોંશિયાર સ્નાતકો ફાઈવ સ્ટાર તેમજ લોકપ્રિય હોટલ અને રિસોર્ટ સાંકળોમાં વ્યવસ્થાપકની ભૂમિકા ભજવવા માટે સક્ષમ હશે સમય સાથે, અનુભવ પ્રાપ્ત કરીને, તેઓ ઉચ્ચ હોદ્દા પર બઢતી પણ મેળવી શકે છે .

સરકાર પણ ઘણી રોમાંચક યોજનાઓ સાથે રેલ્વે પ્રવાસન, રાજ્ય સરકારની પ્રવાસન યોજનાઓને મહત્ત્વ આપી રહી છે.

સ્નાતકો પણ આ યોજનાઓ દ્વારા સર્જાયેલી નોકરીઓ મેળવી શકે છે . ફ્રેશર્સના કિસ્સામાં પગાર દર વર્ષે 2 લાખ થી 5 લાખ રૂપિયા વચ્ચે પગાર મેળવી શકે છે. અનુભવ વાળી વ્યક્તિઓ વર્ષે ૧૦ લાખ થી

૫૦ લાખ સુધીનું પેકેજ મેળવી શકે છે.

● ટ્રાવેલ અને ટુરિઝમ ક્ષેત્રે ઉત્તમ તક :

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઉપર ગ્રાહકોને આકર્ષવા માટે સર્વિસ કસ્ટમરકેર એક્ઝિક્યુટિવ, ગ્રાઉન્ડ સ્ટાફ, ટૂર ઓપરેટર, ઈવેન્ટ મેનજર, ટીકીટીંગ ઓફિસર, એડવેન્ચર ટુરિઝમ એક્ઝિક્યુટિવ, ટ્રાન્સપોર્ટ ઓફિસર, હોટલ કન્સલ્ટન્ટ, લોજીસ્ટીક, એરલાઈન્સ હોટલ અને ટુરિઝમ ડિપાર્ટમેન્ટ અને ખાનગી ક્ષેત્રમાં રોજગારીની વિશાળ તકો રહેલી છે. હોટલ ઉદ્યોગમાં ઓપરેશન, ફ્રન્ટ ઓફિસ, હાઉસકીપિંગ, ફૂડ એન્ડ બેવરેજીસ, એકાઉન્ટન્ટ, મેન્ટેનન્સ, સેલ્સ માર્કેટિંગ, પબ્લિક રિલેશન, અને સિક્યુરીટી ક્ષેત્રે રોજગારના અવસરો ઉપલબ્ધ છે.

ટુરિઝમ ડિપાર્ટમેન્ટમાં ટુરપ્લાનર અને ટુર ગાઈડની જગ્યાઓ સારા પગારની હોય છે. રિઝર્વેશન અને કાઉન્ટર સ્ટાફ, સેલ્સ અને માર્કેટિંગનો સ્ટાફ તેમજ ઈન્ટરપેટર એટલે કે દુભાષિયોની આવશ્યકતા હોય છે. ઉપરોક્ત તમામ કામગીરી માટે ધોરણ ૧૨ પાસ, સોફ્ટ સ્કિલ જેમાં કોમ્પ્યુટરનું જ્ઞાન, ભાષાઓનું સારું જ્ઞાન જેમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી હોવું જોઈએ ટુરિઝમ ક્ષેત્રે વિદેશી ભાષાઓના જાણકાર યુવાનોની ખોટ વર્તાય છે. ટુરિઝમ અને ટ્રાવેલ ક્ષેત્રે ગ્રેજ્યુએટ યુવાનો પોતાનું કૌવત વધુ સારી રીતે દર્શાવી શકે છે. ઉદાહરણ સ્વરૂપે B.A થયેલ યુવાનો ઈતિહાસ/ભૂગોળ અને કળા તથા આર્કિટેક ઓફ ઈન્ડિયાનું સારું જ્ઞાન ધરાવતા હોય તો ટુરિસ્ટોને આકર્ષી શકે છે. તેમજ પોતાની કામગીરીને આનંદિત બનાવવા સાથે પોતાના કૌશલ્યની સારી કિંમત

મેળવી શકે છે.

ડિપ્લોમા ઈન પબ્લિક રિલેશન અથવા ડિપ્લોમા ઈન એડવરટાઈઝીંગ હોટલ અને ટુરિઝમ ક્ષેત્રે કારકિર્દી ઘડવામાં ખૂબજ મહત્ત્વનું છે. સારું બોલવાની કળા, સારું લખવાની કળા, કારકિર્દી ઘડવામાં મહત્વનું યોગદાન આપી શકે છે. પોસ્ટ ગ્રેજ્યુએટની ડિગ્રી એડમિનિસ્ટ્રેટર અથવા મેનેજર બનવા માટે ખૂબજ મહત્વની છે. કેટલાક શોર્ટ ટમ કોર્સ કે જેના એટીકેટ, પ્રેઝન્ટેશન તથા ગ્રાહકોને ગમતી બાબતો સમજવી અને સંક્ષિપ્તમાં રજૂ કરતા આવડે તેવા કૌશલ્યની માંગ રહે છે.

ટુર્સ એન્ડ ટ્રાવેલિંગમાં માસ્ટર ઓફ બિઝનેસ મેનેજમેન્ટમાં મહત્ત્વનું યોગદાન આપે છે. વર્ષે પાંચ લાખથી વધુ શરૂઆતની સેલેરી મળતી હોય છે. આ ક્ષેત્રમાં મહિલા અને પુરુષ બંને માટે સમાન તકો રહેલી છે. મોટી હોટલો, ફાઈવ સ્ટાર હોટલો, સેવન સ્ટાર હોટલો તેમજ રિસોર્ટ અને નાના મોટા રેસ્ટોરન્ટ તથા હોટેલ્સમાં સરળતાથી રોજગારી પ્રાપ્ત થાય છે. હોટલ ટુરિઝમ ક્ષેત્રે રોજગારી મેળવનાર વ્યક્તિ ચુસ્ત, દુરસ્ત, તંદુરસ્ત તેમજ પ્રફુલ્લિત રહે છે. કેમ કે રોજ નવા નવા વ્યક્તિ સાથેના સંપર્કથી કૌશલ્યની કદર મેળવી શકે છે.

● હોટલ મેનેજમેન્ટ અને હોસ્પિટાલિટી મેનેજમેન્ટ:

જયારે આપણે ધંધાકીય કારણોસર નોકરી અર્થે રજાઓ માણવા કે બીજા કોઈ કારણોસર ઘરથી દુર રહેવાનું થાય ત્યારે મોટાભાગે આપણે હોટલમાં રહેવું પડે. હોટલને એક વ્યવસાય તરીકે ઓળખવામાં આવે છે. વ્યવસાયિક કારણોસર મીટિંગ્સ, કોન્ફરન્સનું આયોજન તથા હવે લગ્ન પ્રસંગ, રિસેપ્શન સમારંભ પણ હોટલમાં થાય છે. મનોરંજનને ખાણી-પીણી માટે પણ આપણે હોટલમાં જ જઈએ છીએ.

હોટલ મેનેજમેન્ટ એ બહુ વિશાળ શબ્દ છે. હોટલમાં ફ્રન્ટ ઓફિસે બધી જ પ્રવૃત્તિઓનું કેન્દ્ર કહી શકાય. અહી બુકિંગના રેકોર્ડસ રાખવામાં આવે છે. સામાન્ય માહિતી પૂરી પાડવામાં આવે છે. મુલાકાતીઓના આગમનથી લઈને ફૂડ અને બેવરેજ ડિપાર્ટમેન્ટ એ નામ પ્રમાણે રસોડાની સંપૂર્ણ વ્યવસ્થા સંભાળે છે. હાઉસકીપીંગ એ હોટલના રૂમોની વ્યવસ્થા, ચોખ્ખાઈ, દેખાવ સુવિધા ઈત્યાદિની સંભાળ રાખે છે. રૂમ સર્વિસની કાળજી પણ લે છે. આ ઉપરાંત હોટલમાં એકાઉન્ટસ, સિક્યોરિટી,

મેઈન્ટેનન્સ ઈત્યાદિ વિભાગો પણ કાર્યરત હોય છે.

● રોજગારની તકો :

ભારતમા ટુરિઝમ ક્ષેત્રે અઢળક રોજગારીની તકોનું નિર્માણ થયું છે. જે નીચે મુજબ મેળવી શકાય.

એરલાઈન્સ, રેલવે, કાર રેન્ટલસ એન્ડ કોચીસ, રેલવે રીઝર્વેશન, પેકેજર્સ, કુરિયર સર્વિસીસ, પાસપોર્ટ વિઝા અને અન્ય આનુષાંગિક સેવાઓ, ટ્રાવેલ એજન્ટ, ટૂર ઓપરેટર, ટુરિસ્ટ ઓફિસર તરીકે રોજગારીની તકો રહેલી છે.

ધો.૧૨ પાસ પછીના વિદ્યાર્થીઓ માટે ટુરિઝમ એડમિનિસ્ટ્રેશન આશીર્વાદ રૂપ નીવડી શકે છે. વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિ તથા એક-એકથી ચઢિયાતા પ્રવાસન કેન્દ્રો હોવાથી હાલમાં પ્રવાસન ક્ષેત્રે ભારત તરફ પ્રવાસીઓની અવાર-જવરમાં વૃદ્ધી થઇ રહી છે. સ્નાતક થયેલ ઉમેદવારો "માસ્ટર ઓફ ટુરિઝમ એડમિનિસ્ટ્રેશન" (M.T.A.) કોર્સ કરી શકે છે.

પ્રવાસન ક્ષેત્રેનું મહત્વ હવે સર્વસ્વીકૃત બન્યું હોવાથી અર્થતંત્રમાં તેનું યોગદાન વધવા લાગ્યું છે. આજે વિશ્વનો દરેક દેશ પ્રવાસના ઉદ્યોગને મહત્વ આપવા લાગ્યો છે. જેને કારણે પ્રવાસન ક્ષેત્રે માનવ શ્રમનું આયોજન કરી તેમને શિક્ષણ તાલીમ દ્વારા સુસજ્જ બનાવવા ઉપર ખાસ ભાર મૂકવામાં આવે છે. ભારતભરમાં વિવિધ યુનિ.માં ટુરિઝમને લગતા કોર્સ શરુ કરવામાં આવ્યા છે. જે નીચે મુજબ છે.

ક્રમ	યુનિ.નું નામ	કોર્સ	વેબસાઈટ
૧	દિલ્હી યુનિ.	B.A. (ટુરિઝમ)	www.du.ac.in
૨	I.I.T.T.M. ગ્વાલિયર	P.G ડિપ્લોમા	www.iittm.org
૩	બનારસ હિન્દુ યુનિ. વારાણસી, યુ.પી.	M.A. ટુરિઝમ (૨ વર્ષ)	www.bhu.ac.in
૪	બેંગ્લોર યુનિ., કર્ણાટક	M.T.A. (૨ વર્ષ) M.T.A. (૫વર્ષ)	www.bub.ernet.in
૫	મેંગલોર યુનિ., કર્ણાટક	M.B.A. (ટુરિઝમ)	www.mangalore university.ac.in
૬	લખનૌ યુનિ. લખનૌ	M.T.A., P.G. ડિપ્લોમા	www.lkouniv.ac.in
૭	મરાઠવાડા યુનિ., ઔરંગાબાદ મહારાષ્ટ્ર	M.T.A. (૨ વર્ષ) P.G. ડિપ્લોમા	www.bamu.net

ટુરિઝમ એટલે જનમાનસમાં પ્રવર્તતી સામાન્ય છાપ મુજબ પ્રવાસન, પર્યટન, રોમાંચક મુસાફરી, ખાણી-પીણી, રાત્રી રોકાણ, સાઈટ -સીઈંગ વગેરે વગેરે. પરંતુ હકીકતમાં ટુરિઝમ ઈન્ડસ્ટ્રિઝમાં અનેકવિધ ફિલ્ડમાં કારકિર્દીની એક-એકથી ચઢિયાતી તકો છે. ટુરિઝમનું ફલક આજે ખુબજ વિસ્તૃત બની ચૂક્યું છે. આ ક્ષેત્રમાં તાલીમ પામેલા કુશળ વ્યવસાયિકો માટે અગણિત તકો છે.

હોસ્પિટાલિટીનો વ્યવસાય હવે ખૂબ આકર્ષક અને સાહસિક છે જેને ચલાવવા અને કાર્ય કરવા માટે વિશેષ કુશળતાની જરૂરિયાત રહે છે. આતિથ્ય અને પર્યટન ક્ષેત્રે કારકિર્દી બનાવવાની ઈચ્છા ધરાવતા યુવકો સક્ષમ અને ખૂબ કુશળ હોવા જરૂરી છે.

આવી યોગ્યતા ફક્ત ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે જો તમે વિશ્વની કોઈપણ શ્રેષ્ઠ આતિથ્ય શાખાઓમાં તાલીમ પ્રાપ્ત કરી હોય. શક્ય બને તો તે તકનો લાભ લેવો જોઈએ અને હોટેલ ટુરિઝમ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી ઘડવી જોઈએ.

જિલ્લા રોજગાર અધિકારીશ્રી,
છોટા ઉદેપુર.

૧૪ જાહેર આરોગ્ય અને હોસ્પિટલ વહીવટક્ષેત્રે કારકિર્દી : ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક હેલ્થ - ગાંધીનગર

- પ્રો. દિલીપ માવળંકર

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક હેલ્થ (IIPH) ગાંધીનગરની સ્થાપના 2007માં ગુજરાત સરકાર અને પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઑફ ઇન્ડિયા વચ્ચેના એમઓયુ દ્વારા કરવામાં આવી હતી. સ્વતંત્ર ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા સંચાલિત આ સંસ્થા ગુજરાત સરકાર અને પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઑફ ઇન્ડિયાના પ્રતિનિધિત્વ સાથે કાર્યરત છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક હેલ્થ ગાંધીનગર (IIPHG), PHFI દ્વારા સ્થાપિત કરાયેલી પાંચ સંસ્થાઓમાંની પ્રથમ સંસ્થા છે. દેશની પ્રથમ પબ્લિક હેલ્થ યુનિવર્સિટી તરીકે માન્યતા પ્રાપ્ત આ સંસ્થા ગુજરાત રાજ્યના IIPHG એક્ટ ૨૦૧૫ હેઠળ સ્થાપિત યુનિવર્સિટી છે. સંસ્થાનો શિલાન્યાસ ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી (ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી) દ્વારા વર્ષ ૨૦૦૭માં કરવામાં આવ્યો હતો. ગુજરાત સરકાર દ્વારા ગાંધીનગરના પૂર્વ ભાગમાં ફાળવવામાં આવેલ ૫૦-એકરના વિશાળ કેમ્પસમાં આ યુનિવર્સિટી બાંધવામાં આવી છે (કુલ બિલ્ટ અપ એરિયા - ૧,૩૦,૦૦૦ ચોરસ ફૂટ). ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક હેલ્થ-ગાંધીનગર (IIPHG)નું અત્યાધુનિક નવું કેમ્પસ એ પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઑફ ઇન્ડિયા (PHFI)નું પશ્ચિમ વિભાગનું પ્રાદેશિક કેમ્પસ છે અને તેનું ઉદ્ઘાટન ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ૨૫મી ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. આ સંસ્થાનો ઉદ્દેશ્ય જાહેર આરોગ્ય ક્ષેત્રે IIM અથવા IITની સમકક્ષ બનવાનો છે.

IIPHG એ શૈક્ષણિક અને સંશોધન માટેનું આધુનિક કેમ્પસ છે. આ કેમ્પસ ૩૦૦ વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સુવિધા સાથે પ્રયોગશાળાઓ, આધુનિક વર્ગખંડો, એમ્ફી થિયેટર, પુસ્તકાલય, સેમિનાર હોલ, કોમ્પ્યુટર પ્રયોગશાળાઓ, કેન્ટીન અને હોસ્ટેલ જેવી સુવિધાઓ ધરાવે છે. સંસ્થામાં ૧૬ ઉચ્ચ-લાયકાત ધરાવતા, પૂર્ણ-સમયના અધ્યાપકો છે અને તે પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઑફ ઇન્ડિયાના ફેકલ્ટી અને સંશોધકોના વિશાળ સમૂહની શક્તિઓને પણ આકર્ષે છે.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ભંડોળ એજન્સીઓ અને યુનિવર્સિટીઓ સાથે વિવિધ સંશોધન પ્રોજેક્ટ્સમાં II-PHG સક્રિયપણે સામેલ છે. રાજ્ય સરકારના સ્થાનિક પ્રોજેક્ટ્સ, નીતિ સંશોધન, મૂલ્યાંકન અને તાલીમ વગેરે

પ્રોજેક્ટસને સંસ્થા સમર્થન આપે છે. સંસ્થા હાલમાં પાંચ પૂર્ણ-સમયના કાર્યક્રમો (PhD, MPH, MHA, PGDPHM અને AFIH) ચાલે છે. આ સંસ્થા ઘણા ઈ-લર્નિંગ પ્રોગ્રામ્સ અને ટૂંકા ગાળાના તાલીમ કાર્યક્રમો પણ પ્રદાન કરે છે. IIPHG પાસે સંશોધન, શૈક્ષણિક અને ક્લિનિકલ સંસ્થાઓના સહયોગ સાથેનો મજબૂત સંશોધન પોર્ટફોલિયો છે અને અત્યાર સુધીમાં 300થી વધુ સંશોધન પેપર પ્રકાશિત થયા છે.

પોતાના નેટવર્કનો વિસ્તાર વધારવા અને ભારતના જાહેર આરોગ્ય ભવિષ્યને પુનઃ આકાર આપવા માટે NGO, ખાનગી કંપનીઓ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સહયોગ સાધવા IIPHG હંમેશા ઉત્સુક છે.

"અમારું વિઝન ભારતની જાહેર આરોગ્ય સંસ્થાકીય અને સિસ્ટમની ક્ષમતાને મજબૂત બનાવવાનું છે અને બધા માટે સારા સ્વાસ્થ્ય પરિણામો પ્રાપ્ત કરવા માટે જ્ઞાન પ્રદાન કરવાનું છે."

મિશનઃ

- જાહેર ક્ષેત્રના આરોગ્ય કર્મચારીઓનો વિકાસ કરવો અને તે માટેના ધોરણો નક્કી કરવા
- જાહેર ક્ષેત્રે આરોગ્ય સંશોધન અને ટેક્નોલૉજીનો વિકાસ કરવો
- જ્ઞાન આપતી એપ્લિકેશન અને પુરાવા આધારિત જાહેર આરોગ્ય પ્રથા અને નીતિઓ મજબૂત બનાવવી

જાહેર આરોગ્ય વિશે : ૧૩૫ કરોડની વસ્તી ધરાવતો વિશાળ ભારત દેશ રોગચાળાના સંક્રમણમાંથી પસાર થઈ રહ્યો છે અને તેને આરોગ્ય સંભાળની અઢળક જરૂરિયાતો છે. માતા અને બાળકના મૃત્યુની વર્ષો જૂની સમસ્યાઓ, કુપોષણ, મેલેરિયા અને ટીબી જેવા ચેપી રોગોમાં નોંધપાત્ર સુધારો થયો હોવા છતાં હજુ પણ તે પડકારરૂપ છે. વળી શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં હાયપરટેન્શન, ડાયાબિટીસ, મનોવિકૃતિ અને અકસ્માતો જેવા જીવનશૈલીના રોગો ઝડપથી વધી રહ્યા છે. આ ઉપરાંત ઉભરતા સંભવિત રોગચાળાઓ (સ્વાઈન ફ્લૂ, બર્ડ ફ્લૂ) અને ચેપી રોગો (પ્લેગ, કોલેરા)આરોગ્ય પ્રણાલી માટે પ્રચંડ પડકારો ઊભા કરે છે, જે આપણે COVID-19 રોગચાળા દ્વારા જોઈ ચૂક્યા છીએ. એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે માત્ર ઉપચારાત્મક સેવાઓ દ્વારા આ પડકારોનું સંચાલન કરવું શક્ય નથી. મેડિસિન, સામાજિક વિજ્ઞાન, મેનેજમેન્ટ, એન્જિનિયરિંગ, ઈન્ફર્મેશન ટેક્નોલૉજી વગેરે વિવિધ શાખાઓમાંથી નિષ્ણાતોને એકસાથે લાવીને આરોગ્ય પ્રણાલીને મજબૂત બનાવવી એ સમયની જરૂરિયાત છે. આરોગ્ય કાર્યક્રમો અને ખાસ લાયકાત ધરાવતા જાહેર આરોગ્ય પ્રબંધકો દ્વારા પ્રણાલીઓનું કાર્યક્ષમ સંચાલન એ આ પડકારોનો સામનો કરવાની ચાવી છે. કમનસીબે, ભારતમાં જાહેર આરોગ્યમાં પ્રશિક્ષિત માનવશક્તિની અછત છે. તાજેતરના રોગચાળાએ સારી રીતે પ્રશિક્ષિત જાહેર આરોગ્ય વ્યવસાયિકોની જરૂરિયાતને વધુ મજબૂત બનાવી છે. ભારતીય રાજ્યો જાહેર આરોગ્ય સંભાળ નીતિઓમાં નોંધપાત્ર રસ દર્શાવી રહ્યા છે.

IIPHG, ભારતની પ્રથમ જાહેર આરોગ્ય યુનિવર્સિટીએ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સરકારના આરોગ્ય સુધારણાના કાર્યક્રમોમાં યોગદાન આપ્યું છે. જાહેર આરોગ્ય વ્યાવસાયિકોને તાલીમ આપવાનું લક્ષ્ય સાથે ભારત અને અન્ય દેશો જે સમાન પડકારોનો સામનો કરે છે તેવી જાહેર આરોગ્ય જરૂરિયાતો માટે તેઓ સુસંગત હશે.

IIPHG ખાતે શૈક્ષણિક અભ્યાસક્રમો

માસ્ટર ઓફ પબ્લિક હેલ્થ (MPH) - દર વર્ષે ઓગસ્ટમાં શરૂ થાય છે (2 વર્ષ)

IIPHG દ્વારા ઓફર કરવામાં આવેલ MPH પ્રોગ્રામ બે વર્ષનો પૂર્ણ-સમયનો કાર્યક્રમ છે જેનો હેતુ જાહેર આરોગ્ય માનવશક્તિમાં રહેલા અંતરાયને દૂર કરવાનો છે. સહભાગીઓને વર્તમાન અને ભાવિ જાહેર આરોગ્ય પડકારોની તપાસ કરવા અને તેનો પ્રતિસાદ આપવા માટેનું કૌશલ્ય પ્રાપ્ત કરવામાં મદદ કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ એક વિવિધ અભ્યાસ શાખાઓ ધરાવતો અભ્યાસક્રમ છે જેમ કે - જાહેર આરોગ્ય વ્યવસ્થાપન, રોગશાસ્ત્ર, બાયોસ્ટેટિસ્ટિક્સ, ડેમોગ્રાફી, આરોગ્યમાં સામાજિક અને વર્તણૂકીય વિજ્ઞાન, આરોગ્ય પ્રમોશન, આરોગ્ય અર્થશાસ્ત્ર, આરોગ્ય ધિરાણ

અને આરોગ્ય નીતિ. વિવિધ પ્રકારની શીખવાની/શિક્ષણ તકનિકોનો ઉપયોગ કરીને આ અભ્યાસક્રમ બનાવવામાં આવે છે, દા.ત. પ્રવચનો, કેસ ચર્ચાઓ, પ્રાયોગિક કસરતો, લેબ વર્ક, ફિલ્ડ વિઝિટ, સેમિનાર, જર્નલ ક્લબ, જૂથ ચર્ચાઓ અને અસાઇન્મેન્ટ, ઇન્ટર્નશિપ્સ અને નિબંધ.

MPH પછી કારકિર્દીની સંભાવનાઓ: MPH ડિગ્રી જાહેર આરોગ્યમાં કારકિર્દી માટેના રસ્તાઓ ખોલે છે, જે સ્નાતકોને આરોગ્ય સુધારણા અને વસ્તીના કલ્યાણમાં યોગદાન આપવા સક્ષમ બનાવે છે. સંભવિત નોકરી દાતાઓમાં બહુપક્ષીય અને દ્વિપક્ષીય સંસ્થાઓ જેમ કે વિશ્વ આરોગ્ય સંસ્થા, યુનિસેફ, વિવિધ રાજ્ય/કેન્દ્ર સરકારના વિભાગો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બિન-સરકારી સંસ્થાઓ (એનજીઓ), ઉદ્યોગ-સમર્થિત (CSR) ફાઉન્ડેશનો, શૈક્ષણિક/સંશોધન સંસ્થાઓ, હોસ્પિટલો, આરોગ્ય વીમા કંપનીઓનો અને સંલગ્ન આરોગ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે. વ્યક્તિ જાહેર આરોગ્યમાં ઉચ્ચ અભ્યાસ માટે ભારત અથવા વિદેશની પસંદગી કરી શકે છે. IIPHG ખાતે પ્લેસમેન્ટ સેલ વિદ્યાર્થીઓને યોગ્ય પ્લેસમેન્ટ શોધવાની સુવિધા આપે છે.

યોગ્યતા : ભારત અથવા વિદેશની માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીમાંથી કોઈ પણ વિદ્યાશાખામાં ઓછામાં ઓછા 50% ગુણ સાથે સ્નાતકની ડિગ્રી ધરાવનાર ઉમેદવારો આ કાર્યક્રમ જોડાઈ શકે છે. વિવિધ શૈક્ષણિક પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓ દા.ત. મેડિસિન, દંત ચિકિત્સા, ફિઝિયોથેરપી, આયુષ, નર્સિંગ, અન્ય પેરામેડિકલ અને વેટરનરી સાયન્સ, મેનેજમેન્ટ, નેચરલ સાયન્સ (બાયોલોજી સહિત), સામાજિક વિજ્ઞાન અને સામાજિક કાર્ય, એન્જિનિયરિંગ, કાયદો, વાણિજ્ય અથવા એકાઉન્ટિંગ, સંચાર, વગેરે વિદ્યાશાખાના ઉમેદવારો જાહેર આરોગ્ય ક્ષેત્ર માટે અરજી કરી શકે છે. જો આરોગ્ય અને વિકાસ ક્ષેત્રે સંબંધિત કામનો અનુભવ હશે તો તે લાભકારક રહેશે પરંતુ અનુભવ હોવો ફરજિયાત નથી.

MPH પ્રોગ્રામની અનોખી વિશેષતાઓ

- આંતર-શિસ્ત અભિગમ
- યોગ્યતા આધારિત અભ્યાસક્રમ
- જાહેર આરોગ્ય પ્રેક્ટિસ સાથે જોડાણ
- સમસ્યાનું નિરાકરણ, કેસ આધારિત શિક્ષણ પર ભાર
- નવીન શિક્ષણશાસ્ત્રનો ઉપયોગ
- પરિવર્તનશીલ શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરો
- વર્કશોપ અને કોન્ફરન્સમાં એક્સપોઝર
- પ્રાયોગિક જોડાણો અને ફીલ્ડ એક્સપોઝર

પ્લેસમેન્ટ: ૧૦૦% પ્લેસમેન્ટ સહાય

શિષ્યવૃત્તિ અને ફેલોશિપ: જરૂરિયાતમંદ અને યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો માટે શિષ્યવૃત્તિ અને ફેલોશિપ ઉપલબ્ધ છે

હૉસ્પિટલ એડમિનિસ્ટ્રેશન વિશે : ભારતીય આરોગ્યસંભાળ ક્ષેત્ર ઝડપી દરે વિકસી રહ્યું છે. એક અંદાજ મુજબ ૨૦૨૨ સુધીઆ ક્ષેત્ર 16% ના સંચિત સરેરાશ દરે વૃદ્ધિ પામશે અને US$ 372 બિલિયન રેવન્યુ માર્ક (IBEF) ને સ્પર્શશે. આ ક્ષેત્ર 2022 સુધી 7.4 મિલિયન નોકરીઓનું સર્જન કરશે (KPMG India). આમાંની મોટાભાગની આવક અને નોકરીઓ હોસ્પિટલ સેક્ટર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે જે હેલ્થકેર સેક્ટરનો 70% હિસ્સો ધરાવે છે. આ સેક્ટરમાં વધતી જતી વૃદ્ધિ સાથે, વ્યવસાયિક રીતે પ્રશિક્ષિત હોસ્પિટલ મેનેજરની માંગ પણ વધી રહી છે. સારી રીતે સંચાલિત હોસ્પિટલ દ્વારા આરોગ્યના ઉચ્ચ ગુણવત્તા ધરાવતા પરિણામો મળે છે અને દર્દીઓને સંતોષ મળે છે. હાલમાં ભારતમાં વ્યવસાયિક રીતે પ્રશિક્ષિત હોસ્પિટલ સંચાલકોની ભારે અછત છે. ઘણી ઓછી શૈક્ષણિક સંસ્થાઓ અમારી સાથે જોડાઈને વ્યવસાયિક હોસ્પિટલ સંચાલકો બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પ્રોફેશનલ હોસ્પિટલ એડમિનિસ્ટ્રેટરનો અભાવ તબીબી સ્ટાફને તબીબી સંભાળ પર ધ્યાન કેન્દ્રિત કરવાની મંજૂરી આપતું નથી. જેને કારણે હોસ્પિટલ બિનકાર્યક્ષમ બને છે અને નબળા પરિણામો મળી શકે છે. પ્રશિક્ષિત એડમિનિસ્ટ્રેટર્સના અભાવે ઘણી હોસ્પિટલોમાં દ્વિતિય સ્તરના નેતૃત્વનો અભાવ જોવા મળે છે અને જે હોસ્પિટલોના નિભાવ સામે ગંભીર પડકાર ઊભો કરે છે. આમ, એક પ્રોફેશનલ હોસ્પિટલ એડમિનિસ્ટ્રેટરની

હેલ્થકેર સેક્ટરમાં મહત્ત્વની ભૂમિકા છે જે લોકોની સેવા કરવા માટે કટિબદ્ધ છે.

માસ્ટર ઓફ હોસ્પિટલ એડમિનિસ્ટ્રેશન (MHA) - દર વર્ષે ઓગષ્ટમાં શરૂ થાય છે (૨ વર્ષ)

MHA એ બે વર્ષનો પૂર્ણ-સમયનો કાર્યક્રમ છે. તે વ્યવસાયિક રીતે પ્રશિક્ષિત વહીવટકર્તાઓ ઊભા કરવા માટે બનાવાયેલ છે જેથી આ પ્રશિક્ષિત વહીવટકર્તાઓ અસરકારક વ્યવસ્થાપકની ભૂમિકા ભજવી શકે અને જાહેર અને ખાનગી હોસ્પિટલો અને આરોગ્ય સંભાળ સંસ્થાઓમાં નેતૃત્વ પ્રદાન કરી શકે. પોતાના ધારેલા ઉદ્દેશ્ય મેળવવા માટે આ અભ્યાસક્રમ મલ્ટી-ડિસીપ્લનરી પરિપ્રેક્ષ્ય સાથે રચાયેલ છે, જેમાં સામાન્ય વ્યવસ્થાપન અને હોસ્પિટલ મેનેજમેન્ટ સિદ્ધાંતો અને પદ્ધતિઓનો સમાવેશ થાય છે. શિક્ષણ અને શીખવાની વિવિધ તકનીકો જેમ કે વ્યાખ્યાનો, કેસ ચર્ચાઓ, પ્રાયોગિક કસરતો, લેબ-વર્ક, હોસ્પિટલની મુલાકાતો, સેમિનાર, જર્નલ ક્લબ, સહયોગી શિક્ષણ, જૂથ ચર્ચાઓ, અસાઇન્મેન્ટ, હેન્ડ-ઓન ટ્રેનિંગ, હોસ્પિટલોમાં ઇન્ટર્નશિપ અને નિબંધ વગેરેનો ઉપયોગ કરીને વર્ગની વહેંચણી કરવામાં આવે છે.

સલાહકાર બોર્ડ : એપોલો, સિમ્સ, ઝાયડસ, સ્ટર્લિંગ, શેલ્બી, એચસીજી, એશિયન બેરિયાટ્રિક્સ, પારેખ, સામવેદ વગેરે જેવી પ્રખ્યાત હોસ્પિટલોના અગ્રણી ડોકટરો અને વ્યવસાયિકો આ કાર્યક્રમના સલાહકાર બોર્ડમાં સામેલ છે.

MHA પછી કારકિર્દીની સંભાવનાઓ : MHA ડિગ્રી આરોગ્ય અને હોસ્પિટલ વહીવટમાં કારકિર્દી માટે માર્ગો ખોલે છે જે લોકોના આરોગ્ય અને કલ્યાણમાં સુધારો કરવા માટે યોગદાન આપે છે. સંભવિત નોકરીદાતાઓમાં કોર્પોરેટ, સરકારી અને ટ્રસ્ટ હોસ્પિટલો, વીમા કંપનીઓ, TPAs, આરોગ્ય સંભાળ કન્સલ્ટિંગ કંપનીઓ, તબીબી ઉપકરણોના ઉત્પાદકો અને સપ્લાયર્સ, ફાર્માસ્યુટિકલ કંપનીઓ, નિદાન પ્રયોગશાળાઓ અને ક્લિનિક્સ, મેડિકલ ટ્રાન્સક્રિપ્શન કંપનીઓ, હોમ બેઝ્ડ કેર માટે કામ કરતી કંપનીઓ, મેડિકલ ટુરિઝમ, મેડિસિન અને હૉસ્પિટલ સંબંધિત સ્ટાર્ટ-અપ્સનો સમાવેશ થાય છે. બહુપક્ષીય અને દ્વિપક્ષીય સંસ્થાઓ જેમ કે વિશ્વ આરોગ્ય સંસ્થા અને અન્ય સંયુક્ત રાષ્ટ્ર એજન્સીઓ, વિવિધ રાજ્ય અને કેન્દ્ર સરકારના વિભાગો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બિન-સરકારી સંસ્થાઓ, અથવા ઉદ્યોગ-આધારિત ફાઉન્ડેશનો (કોર્પોરેટ સામાજિક જવાબદારી), શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ મહત્ત્વપૂર્ણ એમ્પ્લોયર સેગમેન્ટ્સની રચના કરે છે. MHA પૂર્ણ કર્યા પછી વિદ્યાર્થીઓ ભારત અથવા વિદેશમાં હોસ્પિટલ એડમિનિસ્ટ્રેશનમાં ઉચ્ચ અભ્યાસ કરવા જઈ શકે છે. IIPHG ખાતે પ્લેસમેન્ટ સેલ પ્રોગ્રામ પૂર્ણ થયા પછી વિદ્યાર્થીઓને યોગ્ય પ્લેસમેન્ટની સુવિધા આપે છે.

યોગ્યતા: આ કાર્યક્રમ ભારત અને વિદેશની માન્ય યુનિવર્સિટીમાંથી મેડિસિન અને સર્જરી, ડેન્ટિસ્ટ્રી, ફિઝિયોથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી, આયુષ, નર્સિંગ અને પેરામેડિકલ સાયન્સ, હેલ્થકેર સાયન્સ, બીફાર્મ, ફાર્માડી, બીએસસી(ટ્રોમા કેર મેનેજમેન્ટ,લાઇફસાયન્સ, ફાર્મસી, ન્યુટ્રિશન એન્ડ ડાયેટિક્સ, ફાર્માકોલોજી), BSc/DMLT, બાયો ટેક્નોલોજી, મેડિકલ સોશ્યલ વર્ક એન્ડ સોશિયલ સાયન્સ, મેડિકલ માઇક્રોબાયોલોજી, મેડિકલ બાયોકેમિસ્ટ્રી, મેડિકલ ફિઝિયોલોજી વગેરેમાં ઓછામાં ઓછા 50% માર્ક્સ સાથે સ્નાતકની ડિગ્રી ધરાવતા ઉમેદવારો માટે ખુલ્લો છે. જો આરોગ્ય અને હૉસ્પિટલ ક્ષેત્ર સંબંધિત કામનો અનુભવ હશે તો તે લાભકારક રહેશે પરંતુ અનુભવ હોવો ફરજિયાત નથી.

MHA પ્રોગ્રામની વિશિષ્ટ વિશેષતાઓ:

- જાહેર આરોગ્ય અને હોસ્પિટલ ક્ષેત્રે મજબૂત પકડ
- કેસ સ્ટડી અને હોસ્પિટલની મુલાકાત દ્વારા અનુભવ મેળવીને શિક્ષણ
- ભારત અને વિદેશની હોસ્પિટલના પ્રખ્યાત નિષ્ણાતો દ્વારા અતિથિ પ્રવચનો
- આંતર-શિસ્ત અભિગમ
- પરિવર્તનશીલ શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું
- વર્કશોપ અને કોન્ફરન્સમાં એક્સપોઝર
- નવીનતા અને સાહસિકતા પર ધ્યાન કેન્દ્રિત કરવું
- હોસ્પિટલ અને પ્રેક્ટિસ જોડાણો

પ્લેસમેન્ટ: 100% પ્લેસમેન્ટ સહાય :

શિષ્યવૃત્તિ અને ફેલોશિપ: જરૂરિયાતમંદ અને યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો માટે શિષ્યવૃત્તિ અને ફેલોશિપ ઉપલબ્ધ છે

અન્ય શૈક્ષણિક અભ્યાસક્રમો:

- પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન પબ્લિક હેલ્થ મેનેજમેન્ટ (PGDPHM) - દર વર્ષે ઓગષ્ટમાં શરૂ થાય છે (1 વર્ષ)
- એસોસિયેટ ફેલો ઑફ ઇન્ડસ્ટ્રિયલ હેલ્થ (AFIH) - દર વર્ષે એપ્રિલમાં શરૂ થાય છે (3 મહિના)
- ડૉક્ટર ઓફ ફિલોસોફી (પીએચડી) પ્રોગ્રામ - દર વર્ષે જાન્યુઆરી અને જૂનમાં શરૂ થાય છે (5 વર્ષ) ઑફ કેમ્પસ (ઈ-લર્નિંગ) કાર્યક્રમો
- નર્સિંગ અને એલાઇડ હેલ્થ પ્રોફેશનલ્સ માટે જાહેર આરોગ્ય અને હોસ્પિટલ મેનેજમેન્ટમાં ઇ-પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ- ૧ વર્ષ
- સંશોધન પદ્ધતિમાં ઈ-પ્રોગ્રામ- ૬ મહિના
- આરોગ્ય, સલામતી અને પર્યાવરણ વ્યવસ્થાપનમાં ઈ-પ્રોગ્રામ- ૩ મહિના
- અસરકારક ગ્રાન્ટ રાઈટિંગમાં ઇકોર્સ- ૩ મહિના
- હોસ્પિટલ મેનેજમેન્ટમાં એડવાન્સ સર્ટિફિકેશન પ્રોગ્રામ- ૬ મહિના

ટૂંકા ગાળાના તાલીમ કાર્યક્રમો

- IIPHG દ્વારા સંશોધન પદ્ધતિઓ, રોગશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, આરોગ્ય અર્થશાસ્ત્ર અને નાણાશાસ્ત્ર, પ્રોગ્રામ મેનેજમેન્ટ, અર્ગનોમિક્સ વગેરે ક્ષેત્રોમાં ટૂંકા ગાળાના કેટલાક તાલીમ કાર્યક્રમો ઓફર કરવામાં આવે છે.
- અત્યાર સુધીમાં સંસ્થામાં ૨૧૦૦+ ઉમેદવારો આવા તાલીમ કાર્યક્રમોમાં ભાગ લઈ ચૂક્યા છે.

INDIAN INSTITUTE OF PUBLIC HEALTH GANDHINAGAR

(University established under IIPHG Act 2015 of Gujarat State)

Opposite Air Force Head Quarters,
Near Lekawada Bus stop,
Gandhinagar-Chiloda Road,
Lekawada, CRPF.P.O,
Gandhinagar - 382042, Gujarat, INDIA
Phone No: 079-66740700
E-mail: contact@iiphg.org, URL: www.iiphg.edu.in

ડિરેક્ટર,
ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ
પબ્લિક હેલ્થ, ગાંધીનગર.

KNOWLEDGE TO ACTION
phfi
INDIAN INSTITUTE OF PUBLIC HEALTH GANDHINAGAR

૧૫ પ્રોફેશનલ અભ્યાસક્રમો - ICWA/CA/CS

- જીતુભાઈ મહેતા

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA)

The Institute of Chartered Accountants of India

Web : www.icai.org

કંપનીજ એક્ટ પ્રમાણે હાલના સમયમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA)ની ડિમાન્ડ ઘણી રહે છ. મલ્ટીનેશનલ કંપનઓ, આયાત-નિકાસમાં વધારો સર્વિસ ઈન્ડસ્ટ્રીઝનો વધતો જતો વ્યાપ, કેપીટલ અને મનીમાર્કેટ (શેર બજાર) માં પણ લોકોનો રસ વધી રહ્યો છે. જૂના ઉદ્યોગોનું નવીનીકરણ અને નવા ઉદ્યોગો સ્થપાઈ રહ્યા છે. આ સંજોગોમાં CAની ડિમાન્ડ ઘણી ઝડપે વધી રહી છે.

CAના કાર્યક્ષેત્રમાં એકાઉન્ટીંગ, ઓડિટીંગ, કોર્પોરેટ ફાઈનાન્સ, પ્રોજેક્ટ ઈવોલ્યુશન, કંપની અને બીજા ઉદ્યોગોને લગતા કાયદાઓ વગેરેનો સમાવેશ થાય છે.

સ્પેશ્યલાઈઝડ એરિયા -

નોલેજ રીલેટેડ ફાઈનાન્સ, ફાયનાન્શિયલ એકાઉન્ટીંગ, મેનેજમેન્ટ એકાઉન્ટીંગ, ફાઈનાન્શિયલ મેનેજમેન્ટ, ઈન્ટરનેશનલ મેનેજમેન્ટ

ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ -

એનાલિટીકલ ફિલ્ડ જેમાં ઈકોનોમિક્સ રેજીસ લેશન, ક્વોન્ટીટીય ટેકનિક્સ, સિક્યુરિટી ઈવેલ્યુએશન વિગેરે વિષયો ઉપર પકડ હોવી જરૂરી.

ફાઇનાન્સિયલ સર્વિસીસ

લિઝીંગ, હાયર પરચેઝ પ્રોજેક્ટ પ્લાનીંગ પબ્લિક ઈસ્યુ મેનેજમેન્ટ ક્રેડિટ રેટીંગ વિ.નો સમાવેશ થાય છે.

CAના શિક્ષણનો ખર્ચ

CA ફાઈનલ સુધી રૂ. ૯૦,૦૦૦ અંદાજે, CA પાસ કર્યા પછી અથવા સાથે MBA, કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ, કંપની સેક્રેટરી, પોસ્ટ ગ્રેજ્યુએશન ઈન કોમર્સ વગેરેનો આગળ ઉપર ઉચ્ચ શિક્ષણનો અભ્યાસ કરી શકાય.

ICAI -જુદી જુદી સંસ્થાઓ સાથે B.Com/M. Com/ BBA/ MBAના તેમના સભ્યો તેમજ વિદ્યાર્થીઓ માટે MOUs કરવામાં આવ્યા છે. જેથી CAનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ/ સભ્યોને આગળ અભ્યાસમાં સુગમતા રહે.

પ્લેસમેન્ટ -

નોકરી / કેરિયર

- પબ્લિક અને પ્રાઈવેટ સેકટરમાં મેનેજમેન્ટ કક્ષા
- CA પોતાની પ્રેક્ટિસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે કરી શકે છે.
- CA બિઝનેસ તથા ટેક્ષ સલાહકાર તરીકે કામ કરી શકે છે. CA ઉદ્યોગમાં સરકારી કચેરીઓમાં/ સહકારી સંસ્થામાં / ખાનગી કંપનીઓ નોકરી કરી શકે છે.

કારકિર્દીમાં પ્રગતિ -

- જુનિયર લેવલથી શરૂ કરી એક્ઝિક્યુટિવ લેવલ સુધી જઈ શખાય.
- શરૂઆતમાં રૂ. બે લાખ થી રૂ. ચાર લાખ વાર્ષિક આવકનો અંદાજ કરી શકાય.
- હોંશિયાર, કુશળ વિદ્યાર્થીઓ રૂ. છ લાખથી રૂ. નવ લાખ વાર્ષિક આવક અંદાજી શકાય.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ :

આ અભ્યાસક્રમનું સંચાલન ધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઑફ ઈન્ડિયા (ICAI), નોઈડા www.icai.org કરે છે. કંપની ધારા મુજબ દરેક કંપનીએ

તેમના વાર્ષિક હિસાબો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ઓડિટ કરાવવા ફરજિયાત છે. નિર્ધારિત મર્યાદાથી વધારે વકરો કરતી કંપનીઓ માટે ''ટેક્ષ ઓડિટ'' કરાવવું ફરજિયાત છે.

આ અભ્યાસક્રમ પાસ કરનારને જાહેર અને ખાનગી ક્ષેત્રની કંપનીઓમાં અને બેન્ક, ઈન્સ્યુરન્સ વગેરે ક્ષેત્રોમાં ઉચ્ચ પગારે નોકરી મળી શકે છે. વ્યવસાયિક ક્ષેત્રે ઓડિટ, ટેક્ષેસન, મેનેજમેન્ટ કન્સલ્ટન્સીના ક્ષેત્રમાં વ્યવસાય કરી શકાય છે. આ અભ્યાસક્રમ ત્રણ તબક્કામાં ઉપલબ્ધ છે. નીચે જણાવાયેલ ટૂંકા શબ્દો વિષે (૧) CPT - કોમન પ્રોફિશિયન્સી ટેસ્ટ (સીપીટી) (૨) IPCC-ઈન્ટિગ્રેટેડ પ્રોફેશનલ કોમ્પિટન્સી કોર્સ (આઈ.પી.સી.સી.) (૩) IPCE ઈન્ટિગ્રેટેડ પ્રોફેશનલ કોમ્પીટન્સી એક્ઝામિનેશન (આઈ.પી.સી.ઈ.) (૪) Final - ફાઈનલ.



C. A. Education and Training at a Glance

બીઓએસ વિદ્યાર્થીઓ માટે અભ્યાસ સામગ્રીનો ભંડાર છે. બોર્ડ ઑફ સ્ટડીઝ (BOS)ના તમામ પ્રકાશનો જેમાં સ્ટડી મટિરિયલ રિવિઝન ટેસ્ટ પેપર્સ, સૂચવેલા જવાબો, પૂરક અભ્યાસ સામગ્રીનો સમાવેશ થાય છે. મોક ટેસ્ટ પેપર, નમૂનાના પ્રશ્નો અને અગાઉના પ્રયાસોના પ્રશ્નપત્રો અહીં PDF ફોર્મેટમાં ઉપલબ્ધ છે. માસિક સ્ટૂડન્ટ્સ જર્નલ - ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વિદ્યાર્થીઓ અહીં પીડીએફ ફોર્મેટમાં પણ એકસેસ કરી શકે છે. વિદ્યાર્થીઓ તેમની પરીક્ષાઓની તૈયારી કરતી વખતે આપોર્ટલ દ્વારા ICAI દ્વારા જારી કરાયેલ તમામ સંબંધિત સામગ્રીનો સંદર્ભ લઈ શકે છે.

ઈન્ફોર્મેશન ટેક્નોલૉજી અને સોફ સ્કીલ્સ (ICITSS) પર એકિકૃત કોર્સ વિદ્યાર્થીઓએ આર્ટિકલસીપની નોંધણી કરતા પહેલા દરેક ૧૫ દિવસ પહેલા માહિતી ટેક્નોલૉજી (IT) અને ઓરિએન્ટેશન કોર્સ (OC) પર મદદ કરતી માહિતી ટેક્નોલૉજી અને સોફ્ટ-કૌશલ્ય (ICITSS) પર માહિતી અભ્યાસક્રમ પર સફળતાપૂર્વક ઈન્ટરગ્રેટેડ કોર્સ પૂર્ણ કરવો જરૂરી છે. ICITSSનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને એકાઉન્ટન્સી વ્યવસાયના વૈવિધ્યસભર ક્ષેત્રથી પરિચિત કરવાનો છે. તેમને શીખવવા અને તેમના સંચાર અને પ્રસ્તુતિ કૌશલ્યોનો વિકાસ કરવાનો છે અને ભવિષ્યમાં તેમને વ્યવસાયિકો તરીકે તૈયાર કરવા માટે પ્રામાણિકતા, પારદર્શિતા જેવા મૂલ્યોને પ્રોત્સાહન આપવાનો છે.

CA- Foundation Course Papers

Papers	Details	Papers	Details
1	Principles and Practice of Accounting	2	Business Law and Business correspondence and Reporting
3	Business Mathematics and Logical Reasoning Statistics	4	Business Economics Business and Commercial Knowledge

CA- Intermediate Course Papers

Papers	Details	Papers	Details
1	Accounting	2	Corporate and other Laws Other Laws
3	Cost and Management Accounting	4	Taxation
5	Advance Accounting	6	Auditing & Assurance
7	Enterprise Information Systems Strategic Management	8	Financial Management Economics for Finance

Accounting Technician Course (ATC) New Scheme of Education and Training Qualify either Group-I OR Group-II

Group-I

Paper	Syllabus	Paper	Syllabus
1	Accounting	2	Corporate and other Laws
3	Cost and Management Accounting	4	Taxation

Group-II

Paper	Syllabus	Paper	Syllabus
5	Advance Accounting	6	Auditor & assurance
7	Enterprise Information System & Strategic Mgt.	7	Financial Management & Economics for Finance

CA - Final Course Papers

Papers	Details	Papers	Details
1	Financial Reporting	2	Strategic Financial Management
3	Advanced Auditing and Professional Ethics	4	Corporate Laws and
5	Strategic Cost Management and Performance Evaluation	6	Elective Paper (One to be chosen from the list of Elective Paper Mentioned below)
6 A	Risk Management	6 B	Financial Service & Capital Markets
6 C	International Taxation	6 D	Economical Laws
6 E	Global Financial Reporting Standards	6 F	Multi-disciplinary Case Study
7	Direct Tax Laws International Taxation	8	Indirect Tax Laws

Western India Regional Councils

1) Ahmedabad - www.icaiahmedabad.com / E-- ahmedabad@icai.org
2) Anand - www.anand.icai.org / E - anand@icai.org
3) Bharuch - E-bharuch@icai.org
4) Bhavnagar - www.icaibhavnagar.org / E - bhavnagar@icai.org
5) Bhuj - E-bhuj@icai.org
6) Gandhidham - E-gandhidham@icai.org / E-gandhidhambranch.wirc@gmail.com
7) Jamnagar - www.jamnagar.icai.org
8) Navsari - E-navsari@icai.org
9) Rajkot - www.rajkot.icai.org / E rajkot@icai.org
10) Surat - E- surat@icai.org
11) Vadodara - www.baroda.icai.org / E - baroda@icai.org
12) Vapi - E- vapi@icai.org

(૨) કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ (CMA)

ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા (ICAI), www.icwai.org/www.icmai.in

કંપની ધારા મુજબ નિર્ધારિત કંપનીઓએ તેમણે ઉત્પાદન કરેલ વસ્તુઓના અથવા સર્વિસ ક્ષેત્રે વિજળી ટેલિફોન જેવી નિર્ધારિત સેવાઓ માટે કોસ્ટ (ખર્ચ અને આવક) રેકર્ડ રાખવા ફરજિયાત છે. એ ભારત સરકારનું ડિપાર્ટમેન્ટ ઑફ કંપની એફર્સ જ્યારે આ વસ્તુ અથવા સર્વિસિઝનાં કોસ્ટ ઓડિટનો આદેશ આપે ત્યાર પછી દર ર્ષે કોસ્ટ ઓડિટ કોસ્ટ એકાઉન્ટન્ટ દ્વારા કરાવવું ફરજિયાત છે.

નવા કાયદા મુજબ મેન્યુફેક્ચરિંગ તથા અન્ટ મુકરર કરેલી કંપનીઓ જેનું વાર્ષિક વેચાણ રૂ. ૨૦ કરોડ અથવા નેટવર્થ રૂ. ૫ કરોડ અથવા લિસ્ટેડ હોય તેમણે કાયદાકીય રીતે પડતર કિંમતના હિસાબો રાખી માન્ય કોસ્ટ એકાઉન્ટન્ડ દ્વારા તે પ્રમાણિત કરાવવા પડશે તે ઉપરાંત અમુક ઉદ્યોગોના વાર્ષિક વેચાણ રૂ. ૧૦૦ કરોડ હોય તેના પણ પડતર કિંમતના હિસાબો માનનીય કોસ્ટ એકાઉન્ટન્ટ દ્વારા ઓડિટ કરાવવાના રહેશે. આ કાયદો અમલમાં આવવાથી આ વ્યવસાયમાં વિશાળ તકો ઉપલબ્ધ છે. પરંતુ આ કાયદામાં ફેરફાર કરવાનો પ્રચાર થઈ રહ્યો છે.

આ અભ્યાસક્રમ પાસ કરનાર નોકરીમાં ચાર્ટર્ડ

એકાઉન્ટન્ટ સમકક્ષ ગણાય છે. અને જાહેર અને ખાનગી ક્ષેત્રની કંપનીના હિસાબી ખાતામાં ઉચ્ચ પગારે નોકરી મેળવી શકે છે. ઘણી કંપનીઓ આ પરીક્ષા પાસ કરનારની કોસ્ટ એકાઉન્ટન્ટ તરીકે નિમણૂંક કરે છે.

વ્યાવસાયિક ક્ષેત્રે કોસ્ટ ઓડિટ ઉપરાંત એકસાઈઝ ઓડિટ, ઈન્ટરનલ વેટ (કરવેરા) ઓડિટનું કામ કોસ્ટ એકાઉન્ટન્ટ જ કરી શકે છે. અન્ય ક્ષેત્રો જેવા કે સ્ટોક ઓડિટ ખર્ચ નિયંત્રણોને લગતી પદ્ધતિઓ વિકસાવવામાં પણ કોસ્ટ એકાઉન્ટન્ટની વ્યાવસાયિક ધોરણે નિમણૂંક કરાય છે. આ અભ્યાસક્રમ ત્રણ તબક્કામાં ઉપલબ્ધ છે.

CMA કન્ફકશનલ મેનેજમેન્ટ, ઓપરેશન એફિસીયન્સી પ્રોડકશનની કિંમત (કોસ્ટ) તેમજ વેચાણ કિંમત નક્કી કરવામાં કંપનીની પ્રોડક્ટીવિટીના પ્રમાણમાં પગાર, ઈન્સેન્ટિવ નક્કી કરવામાં મદદરૂપ થાય છે.

સ્પેશ્યલાઈઝેશન :

કોસ્ટ અંગેની માહિતીનું વર્ગીકરણ, નાણાકીય માહિતીનું સમન્વય કરવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા CSRનું નિયમન અને દેખરેખ કરી શકે છે.

કોસ્ટ ઓડિટર તરીકે સરકારના નિયમોનુસાર રેકર્ડ મેઈન્ટેન કરવા અને ઓડિટ કરાવવાની જવાબદારી હોય છે.

શિક્ષણનો ખર્ચ :

ફાઈનલ પરીક્ષા સુધી રૂ. ૭૫૦૦૦ (અંદાજે)

આગળનો અભ્યાસક્રમ CA/CS/MBA/ પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાના અભ્યાસક્રમો કરી શકાય.

કેરિયર ગ્રોથ :

વિવિધ ક્ષેત્રોનાં અનુભવ દ્વારા જુનિયર લેવલથી એક્ઝિક્યુટિવ લેવલ સુધી જઈ શકાય.

અંદાજે વાર્ષિક આવક શરૂઆતમાં રૂ. ૧.૫ થી ૨.૫ લાખ સુધી સ્માર્ટ વિદ્યાર્થી માટે રૂ. ૫ થી ૭ લાખ સુધી હોઈ શકે.

પ્લેસમેન્ટ (નોકરી જોબ)

પોતે પ્રેકટીસ કરી શકે છે કોસ્ટ કન્સલ્ટન્ટને ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂટમાં સરકારી ખાતાઓ પબ્લિક પ્રાઈવેટ ક્ષેત્રના ઉદ્યોગોમાં ઈન્સ્યુરન્સ કંપનીમાં નોકરી મળી શકે છે.



CMA COURSE AT A GLANCE



Foundation Examination (CMA)

પેપર્સ વિષયો - સિલેબસ - ૨૦૧૬ ફન્ડામેન્ટલ્સ ઑફ

૧. ઈકોનોમિક્સ એન્ડ મેનેજમેન્ટ - ન્યુ એડિશન
૨. એકાઉન્ટીંગ - ન્યુ એડિશન
૩. લૉઝ એન્ડ એથીક્સ - ન્યુ એડિશન એથિક્સ
૪. બિઝનેસ મેથેમેટિક્સ એન્ડ સ્ટેટેસ્ટિક્સ - ન્યુ એડિશન

Intermediate Examination (C.M.A.)

પેપર્સ વિષયો-સિલેબસ

ગ્રુપ-૧

૫. ફાઈનાન્સિયલ એકાઉન્ટીંગ
૬. લૉઝ, એથિક્સ
૭. ડાયરેકટ ટેક્ષેસન
૮. કોસ્ટ એકાઉન્ટીંગ

ગ્રુપ-૨

૯. ઓપરેશન મેનેજમેન્ટ એન્ડ સ્ટ્રેટેજિક મેનેજમેન્ટ
૧૦. કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટીંગ એન્ડ ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ
૧૧. ઈનડાયરેક્ટ ટેક્ષેશન
૧૨. કંપની એકાઉન્ટ્સ એન્ડ ઑડિટ

Final Examination (C.M.A.)

પેપર્સ વિષયો

ગ્રુપ-૩

૧૩. કોર્પોરેટ લૉઝ એન્ડ કમ્પ્લાયન્સ

૧૪. સ્ટ્રેટેજી ફાઈનાન્શિયલ મેનેજમેન્ટ

૧૫. સ્ટ્રેટેજી કોસ્ટ મેનેજમેન્ટ એન્ડ ડિસીસન મેકીંગ

૧૬. ડાયરેકટર ટેક્ષ લૉઝ એન્ડ ઈન્ટરનેશનલ ટેક્ષેસન

ગ્રુપ-૪

૧૭. કોર્પોરેટ ફાઈનાન્સિયલ રિપોર્ટીંગ

૧૮. ઈનડાયરેક્ટ ટેક્ષ લૉઝ એન્ડ પ્રેકટીસ

૧૯. કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ ઓડીટ

૨૦. સ્ટ્રેટેજિક પરફોર્મન્સ મેનેજમેન્ટ એન્ડ બિઝનેસ વેલ્યુએશન

Terms of Examination	Existing cut-off Date	Exam Date
For December Term examinagion	31st May of the same year	10-17 Dec.
For June term examination	30th November of the Previous year	11-18 Dec.

સર્ટિફિકેટ ઈન એકાઉન્ટીંગ ટેકનિશિયન (CAT)

www.icmai.in

જે વિદ્યાર્થીઓ કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટની ડિગ્રી મેળવી ન શકે તેમના માટે સર્ટિફિકેટ અભ્યાસક્રમ લાભકારક છે. આ અભ્યાસક્રમમાં હિસાબો રાખવાની પદ્ધતિ, આવકવેરો અને અન્ય વેરાઓને લગતાં પત્રકો ભરવા. કંપની ધારા હેઠળ ભરવાનાં પત્રકો, એકસાઈઝ, કસ્ટમ, ઈમ્પોર્ટ-એકસ્પોર્ટને લગતી માહિતી અને પત્રકોની ભરતી વગેરે આવરી લેવામાં આવેલ છે.

પ્રવેશ લાયકાત :

(૧) કેન્દ્ર અથવા રાજ્ય સરકારના બોર્ડ દ્વારા લેવાયેલ ધો. ૧૦ પરીક્ષા અથવા સમકક્ષ પાસ ઉમેદવાર આ અભ્યાસક્રમમાં પોતાનું નામ નોંધાવી શકે છે અને સાથે સાથે ધો. ૧૦+૨ની પરીક્ષા આપી શકે છે. અથવા

(૨) કેન્દ્ર અથવા રાજ્ય સરકારના બોર્ડ દ્વારા લેવાયેલ ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦+૨ પાસ અથવા

(૩) નેશનલ ડિપ્લોમા ઈન કોમર્સ પાસ (ACTE દ્વારા પરીક્ષા) અથવા

(૪) રાજ્યના ટેકનિકલ બોર્ડની પરીક્ષા પાસ અથવા

(૫) ડિપ્લોમા ઈન રૂરલ સર્વિસ એક્ઝિમિનેશન પાસ (નેશનલ કાઉન્સિલ ઑફ હાયર એજ્યુકેશન દ્વારા પરીક્ષા)

મીડિયમ - હિન્દી/ઇંગ્લિશ

કોચિંગ - ઓરલ કોચિંગ - પ્રાદેશિક કાઉન્સિલ / ચેપ્ટર્સ /માન્ય કોચિંગ કેન્દ્ર

પરીક્ષા - જે વિદ્યાર્થિઓએ ધો. ૧૦+૨ પાસ ઉમેદવાર ઈન્ટરમિડિયેટ કોર્સ માટે રજિસ્ટર કરાવી શકે છે.

ક્રમ	સ્થળ/શહેર - સંસ્થાનું સરનામું	વેબસાઈટ/ઈમેઈલ
(૧)	ધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટસ ઑફ ઈન્ડિયા, કોલકત્તા	www.icmai.in
(૨)	વેસ્ટર્ન ઈન્ડિયા રિજિયોનલ કાઉન્સિલ મુંબઈ	www.icwai-wirc.com

ગુજરાત રાજ્યના ચેપ્ટર્સના સ્થળ અને ઈ-મેઈલ

(૧) અમદાવાદ - ahmedabad@icwai.org

(૨) વડોદરા - baroda@icwai.org

(૩) કચ્છ - kutch@icwai.org

(૪) રાજકોટ - Rajkot@icwai.org

(૫) સૂરત - surat@icwai.org

(3) કંપની સેક્રેટરી (C.S.)

ધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ કંપની સેક્રેટરીઝ ઑફ ઈન્ડિયા, ન્યુ દિલ્હી (ભારત સરકારની પાર્લામેન્ટ એક્ટ દ્વારા માન્ય કરેલ સંસ્થા)

વેબસાઈટ - www.icsi.edu/www.icsi.in

કંપની સેક્રેટરીએ કંપની ઉદ્યોગમાં વહીવટમાં

વિશિષ્ટ હોદ્દો અધિકાર ધરાવે છે. અને સરકાર દ્વારા નિયુક્ત કરેલી રજિસ્ટ્રાર ઑફ કંપનીઝ એન્ડ સિક્યુરિટીઝ એક્ષચેન્જ બોર્ડ ઑફ ઇન્ડિયાના કાયદા કાનૂની અને પ્રોસેસનું પાલન કરવાની જવાબદારી હોય છે.

નીચે પ્રમાણે જણાવેલ કેટેગરીની કંપનીઓએ કંપની સેક્રેટરીને પૂર્ણ સમય માટે નિમણૂક કરવાની હોય છે.

(૧) પ્રાઈવેટ કંપની - પેઈડઅપ કેપિટલ રૂ. ૫ કરોડ અથવા વધુ

(૨) પબ્લિક કંપની - પેઈડઅપ કેપિટલ રૂ. ૫ કરોડ થી રૂ. ૧૦ કરોડ સુધીની હોય

(૩) પબ્લિક કંપની - પેઈડઅપ કેપિટલ રૂ. ૧૦ કરોડ અને વધુ C.S. ની નિમણૂક Key Managerial Person તરીક થાય છે.

સ્પેશલાઈઝડ ક્ષેત્ર

- C.S. વિવિધ ક્ષેત્રો જેવાં કે કાયદો, મેનેજમેન્ટ, ફાઈનાન્સ અને કોર્પોરેટ ગવર્નન્સમાં કાબેલિયત હોવી જરૂરી.
- C.S. કંપની બોર્ડને જવાબદાર હોય છે. બોર્ડને જવાબદાર હોય છે એટલે દરેક ગતિ વિધિથી બોર્ડને માહિતગાર રાખવાની જવાબદારી હોય ચે.
- C.S. બોર્ડની કમિટિ મિટિંગ બોર્ડની મિટિંગ એન્યુઅલ જનરલ મિટિંગની વ્યવસ્થા સંચાલનની તમામ માહિતી રાખવાની હોય છે.
- C.S. કંપની શેરહોલ્ડર્સ અને રેગ્યુલેટરી ઑથોરિટી

The Institute of Chartered Accountants of India
(Setup by an Act of Parliament)

વચ્ચે સંકલન કરવાનું હોય છે.

અભ્યાસ ખર્ચ / કારકિર્દી પ્રગતિ

● ફાઈનલ સુધી અભ્યાસનો ખર્ચ રૂ. ૮૦,૦૦૦/- (અંદાજિત)

● આગળ ઉચ્ચ અભ્યાસ માટે MBA, CA, CMA પોસ્ટ ગ્રેજ્યુએશન વગેરે વિચારી શકાય.

● કેરિયરમાં શરૂઆતમાં જુનિયર લેવલથી શરૂ ડરી એક્ઝિક્યુટિવ લેવલ સુધી અનુભવના આધારે પ્રગતિ કરી શકાય શરૂઆતમાં રૂ. ૨ થી ૩ લાખ સુધી વાર્ષિક આવક અંદાજી શકાય. સ્માર્ટ કેન્ડિડેટને વધારે પેકજ મળી શકે છે.

પ્લેસમેન્ટ

● સરકારી, સહકારી (અર્ધ સરકારી) ખાનગી કંપનીઓ મોટા ઉદ્યોગો શેર-બજારો (સ્ટોક એક્સચેન્જિસ) અથવા પોતાના પ્રાઈવેટ ધંધા (પ્રોફેશનલ)માં તકો રહેલી છે.

● C.S. કોર્પોરેટ ક્ષેત્રે આર્બિસ્ટ્રેશન અને કન્સિલિએશનનું પણ કામ કરી શકે છે.

A Company Secretary (An exerting company Law, corporate and Securities Law) being multidiscriplinary professional renders services in the following areas: (a) Corporate Governance Legal and Secretarial services (b) corporate Laws Advisory and Representation services (c) Final Market Services (d) Management Services.

The institute of company secretaries of India

Eligibility	Cut off Dates of Registration	Subjects
CS Executive Entrance Test (CSEET)*		
Students who have passed Senior Secondary Examination (10+2 Pattern) or appearing in senior Secondary Examination (10+2)	• 16 December to 15 April Saturday / Sudnay in 2nd/3rd week of May** • 16 April to 15 June Saturday / Sunday in 2 /3 week of July** • 16 June to 15 October Saturday / Sunday in 2 /3 Week of November** • 16 October to 15 December Saturday/ Sunday in 2nd 3rd Week of January** **Tentative CSEET Dates	Computer Based Test 1. Business Communication 2. Legal Aptitude and logical Reasoning\ 3. Economic and Business Environment 4. Current Affairs Viva-Voce : presentation and Communication Skills

The institute of company secretaries of India

Eligibility	Cut off Dates of Registration	Subjects
CS Executive Programmes CS Executive Entrance Test (CSEET)* Passed students. CS Foundation Programme Passed students ICAI (The Institute of Chartered Accountants of India) Final Course Passed Students, ICMAI (The Institute of Cost Accountants of India) Final Course Passed students. Graduates (Minimum 50% Marks) / Post Graduates	• 31 May (eligible to appear in both Modules of Executive programme in December examination of the same year) • 31 July (eligible to appear in only one Module of Executive programme in December examination of the same year) • 30 November (eligible to appear in both Modules of Executive Programme in June examination of the next year) • 31 January (eligible to appear in on Module of Executive Programme in June examination of the same year)	(Students are provided with the study material at the time of admission) Module-1 1. Jurisprudence, Interpretation General Law 2. Company Law 3. Setting up of Business Entities and Closure 4. Tax - Laws Module - 2 5. Corporate & Management Accounting 6. Securities Law & Capital Markets 7. Economic, Business and commercial Laws 8. Financial and strategic Management

CS Professional Programme		
CS Executive Programme pass Students	• 31 May (eligible to appear in all Modules of • professional programme in December examination of the same year) • 31 July (eligible to appear in only One Module of • Professional programme in December examination of the same year) • 30 November (eligible to appear in all Modules of • professional programme in June examination of the next year) • 31 January (eligible to appear in one Module of • professional programme in June examination of the same year)	(Students are provided with the study material at the time of admission) Module -1 1. Governance, Risk Management, Compliances and Ethics 2. Advanced Tax Laws 3. Drafting, Pleadings and Appearances Module -2 4 Secretarial Audit Compliance Management and Due Diligence 5. Corporate Restructuring, Insolvency, Liquidation & winding-up 6 Resolution of Corporate Disputes, Non Compliances & Remedies Module -3 7. Corporate funding & Listings in Stock Exchanges 8 Multi disciplinary Case Studies (The examination for this paper will be open book examination) 9. Electives 1 paper out of below 5 papers 9.1 Banking - Law & Practice 9.2 Insurance - Law & Practice 9.3 Intellectual Property Rights-Laws and Practices 9.4 Labour La ws & Practice 9.5 Insolvency - Law and Practice (The examination for elective paper will be open book examination)

DISTANCE LEARNING :

- ICSI imparts Company Secretaries Course by Distance Learning enabling students of qualify as Company Secretaries.
- Study material is provided to all registered students of Executive / Professional programme.
- Students may pursue the Course through self study mode.
- ICSI Provides best class room teaching facility through Regional Councils/ Chapters / Study Centers on payment of nominal fees. Classes are organized in both physical and digital mode. Video lectures are also made & available to the students through e-learning platform of the Institute. Click on the following link to contact the Regional / Chapter Offices for classes.
  https://www.icsi.edu/medial webmodules/ websiteclassroom.pdf
- e -learning facility through web based training and live virtual classroom is also available.

MEDIUM OF EXAMINATION :

The Institute allows the students to appear in Institute's examination in English or Hindi Medium, subject to other prescribed guidelines in this regard.

TRAINING :

Students are required to undergo one month EDP (15 days classroom mode and 15 days online mode), 21 months Practical Training after passing the Executive Programme examination. After professional Programmes, Students are required to undergo Residential Corporate Leadership Development Programme (CLDP) in order to get their membership OR Exempted there from on the basis of working experience prescribed.

Western India Regional Office (Mumbai) 61307900

Gujarat - (1) Ahmedabad - 265 75 334 (2) Rajkot - 2482489 (3) Surat - 2463404 (4) Vadodara - 2331498

નિર્દેશ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન,
૧૧૦ ઓફટેલ ટાવર્સ,
આર.સી. દત્ત રોડ,
વડોદરા-૩૯૦૦૦૭

૧૬ અકાઉન્ટિંગ ક્ષેત્રે કારકિર્દીની ઉત્તમ તક અપાવતો અભ્યાસક્રમ : એમ.બી.એ. ઈન ફોરેન્સિક અકાઉન્ટિંગ એન્ડ ફ્રોડ ઇન્વેસ્ટિગેશન

- પ્રો. (ડૉ.) એસ. ઓ. જુનારે

ફાઈનાન્સિયલ ફ્રોડના નિવારણ માટે ફોરેન્સિક અકાઉન્ટિંગ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. ખાસ કરીને બેંકિંગ સેકટર અને નાણાકીય સંસ્થાનોમાં ફોરેન્સિક અકાઉન્ટિંગ હવે જરૂરિયાત બની રહ્યું છે ત્યારે ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે એક અલાયદો અભ્યાસક્રમ ચાલી રહ્યો છે. જેનું નામ છે, એમ.બી.એ. ઈન ફોરેન્સિક અકાઉન્ટિંગ એન્ડ ફ્રોડ ઈન્વેસ્ટિગેશન. વિશ્વની સૌપ્રથમ અને એકમાત્ર આ નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે ફોરેન્સિક અકાઉન્ટિંગ ક્ષેત્રે કુશળ માનવબળ તૈયાર કરવું - એ આ અભ્યાસક્રમનો મુખ્ય હેતુ છે.

વિશ્વભરમાં જ્યારે નાણાકીય સંસ્થાનોમાં છેતરપિંડી જેવી ઘટનાઓ વધી રહી છે ત્યારે ભારતમાં આવા ગુનાઓ પર નિયંત્રણ આવે અને તેની યોગ્ય તપાસ થાય તે અંગેની વિગતો સંપૂર્ણ વૈજ્ઞાનિક પદ્ધતિ સાથે આ અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કરવામાં આવી છે. બે વર્ષના આ અભ્યાસક્રમમાં કુલ ચાર સેમેસ્ટર છે.

સાંપ્રત સમયમાં આંતરરાષ્ટ્રિય ફલક ઉપર વેપાર ક્ષેત્રે નાણા-વ્યવહાર ડિજિટલી થઈ રહ્યો છે અને વ્યવસાયિક પ્રવૃત્તિઓના બહુધા તમામ ક્ષેત્રોમાં વિશાળ માત્રામાં Data-ડેટા જનરેટ થઈ રહ્યો છે, એવા સમયમાં ડેટા એનાલિટિક્સ મહત્ત્વનું પરિબળ છે. જે આ અભ્યાસક્રમનો ભાગ છે.

વૈશ્વિક સ્તરે અનેક ખાનગી નાણાકીય સંસ્થાનો ફોરેન્સિક ઈન્વેસ્ટિગેટર અથવા અલાયદી ઇકોનોમિક ઓફેન્સ વિંગ પણ ધરાવે છે. કોર્ટની કાર્યવાહીમાં પુરાવા તરીકે ફોરેન્સિક અકાઉન્ટન્ટ દ્વારા અપાયેલા રીપોર્ટનું મહત્ત્વ પણ વધી જાય છે, તેવા સમયમાં આ પ્રકારનો અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને એક વિશિષ્ટ ક્ષેત્રે કારકિર્દીના નિર્માણની તક પૂરી પાડે છે.

આ અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને એક્ઝિક્યુટિવ મેનેજમેન્ટ ટીમ, તપાસ એજન્સીઓ અને અન્ય લોકો માટે નાણાકીય ગુનાના નિવારણ, તેની તપાસ તથા તે સંબંધી રીપોર્ટ બનાવવાના ક્ષેત્રે પણ તજજ્ઞ-એક્સપર્ટ બનાવે છે. સાથોસાથ એક ઉત્તમ મેનેજર તરીકે પણ ફોરેન્સિક અકાઉન્ટિંગનું જ્ઞાન હોવું એક વિશિષ્ટ સિદ્ધિ-ઉપલબ્ધિ બની રહે છે. ફાઈનાન્સિયલ ફ્રોડ ઈન્વેસ્ટિગેટર તરીકે ફોરેન્સિક અકાઉન્ટન્ટ મહત્ત્વનો ભાગ ભજવી શકે છે.

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના કુલપતિ, ડો. જે. એમ. વ્યાસના કુશળ માર્ગદર્શન હેઠળ આ પ્રકારનો એક વિશિષ્ટ અભ્યાસક્રમ શરૂ કરાયો છે. અકાઉન્ટિંગ ક્ષેત્રે સૌથી ઝડપથી વિકસિત થઈ રહેલી કારકિર્દી પૈકીની એક છે, ફોરેન્સિક અકાઉન્ટિંગ. વર્તમાન સમયમાં જ્યારે માર્કેટમાં મેનેજમેન્ટ તથા ફોરેન્સિક અકાઉન્ટિંગનું જ્ઞાન ધરાવનારા કુશળ માનવબળની જરૂર છે ત્યારે આ અભ્યાસક્રમ ઉચ્ચ ગુણવત્તા અને કૌશલ્ય ધરાવનારું માનવબળ પૂરું પાડીને એક નવી ઊંચાઈ સર કરી રહ્યું છે. આ અભ્યાસક્રમમાં છેતરપિંડીનું નિવારણ, નિષ્ણાત દ્વારા મૂલ્યાંકન, તપાસ અને અહેવાલનું વિશ્લેષણ અને રીપોર્ટ તૈયાર કરવા જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ડેટા એનાલિટિક્સ, ડિજિટલ ફોરેન્સિક્સ, બનાવટી દસ્તાવેજોની તપાસ, ડેટા સાયન્સનો ઉપયોગ નાણાકીય છેતરપિંડી-કૌભાંડની તપાસમાં થાય છે, તે તમામ વિષયોની વિસ્તૃત જાણકારી આ અભ્યાસક્રમનો હિસ્સો છે.

સમગ્ર અભ્યાસક્રમ વર્તમાન વેપાર ક્ષેત્રના વલણોને આધારે તૈયાર કરવામાં આવ્યો છે ત્યારે ફોરેન્સિક અકાઉન્ટિંગ ક્ષેત્રે કારકિર્દી ઘડવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવો ઉત્તમ બની રહેશે.

લાયકાત : કોઈપણ પ્રવાહમાંથી સ્નાતકની ડિગ્રી ઓછામાં ઓછા ૫૫ ટકા સાથે પાસ. આરક્ષિત વિદ્યાર્થીઓ માટે ૫૦ ટકા (સરકારના ધારા ધોરણો મુજબ). ફી : સેમેસ્ટર દીઠ રૂ. ૬૦,૦૦૦ ઉપરાંત યુનિવર્સિટીની ફી. બેઠકો-૩૦. આ અંગે વધુ વિગતો માટે www.nfsu.ac.in ની મુલાકાત પણ લઈ શકાશે.

કેમ્પસ ડાયરેક્ટર, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર.

૧૭ કાયદો અને કાયદા ક્ષેત્રે વિકાસ પામતાં ક્ષેત્રોમાં કારકિર્દી ઘડતર

- ડૉ. ડી. બી. દેસાઇ

વર્તમાન સમયમાં વિકાસની દોટ સાથે, સમાજના પ્રત્યેક નાગરિકને કાયદાની સાચી અને યોગ્ય સમજ અને માહિતી હોય, તે જરૂરી જ નહીં, પણ અનિવાર્ય બનતું જાય છે. ઘણા લોકો એવું માને છે કે આપણે ક્યાં વકીલ બનીને કોર્ટમાં કેસ લડવા જવું છે? આપણે થોડું કોઇનુંય બગાડયું છે કે જેથી આપણી પર કોઇ ફરિયાદ કરે? વગેરે વગેરે, પરંતુ મને લાગે છે કે આજના સમયમાં આપણે સૌએ પોતાના અથવા અન્ય સગાં-સંબંધીઓ-મિત્રો... માટે પણ, ડગલે અને પગલે અનેક કાયદાકીય બાબતો સાથે સંપર્કમાં આવવું પડે છે. આવા સમયે હજારો લોકોનો અનુભવ છે કે જો યોગ્ય કાયદાકીય સમજ કે માહિતી હોત તો વધુ હેરાનગતિ ન થઇ શકી હોત અથવા તો જે તે સમસ્યા-ગૂંચવણમાંથી સરળતાથી ઉગરી ગયા હોત. તદુપરાંત, કાયદા ક્ષેત્રે વૈધિક અભ્યાસ કર્યા બાદ, આપણા રાજય, રાષ્ટ્ર કે રાજ્ય સ્તરે પણ અનેકવિધ ક્ષેત્રે રોજગારીની તકો ઉપલબ્ધ છે અર્થાત કારકિર્દી ઘડતર પણ કરી શકીએ છીએ.

આવા અનેક વિચારો અને પાસાંઓને લક્ષે લઇ તેમજ સમાજ પ્રત્યેની જવાબદારીના ભાગરૂપે, લોકોને દિન-પ્રતિદિન ઉપયોગી થાય, તેવી કાયદાકીય બાબતોની મુદાસર છણાવટ "કારકિર્દી વિશેષાંક"ના માધ્યમ થકી, સમાજ સમક્ષ મૂકવાનો આ એક વિનમ્ર પ્રયાસ છે. આશા છે કે કાયદાક્ષેત્રે કારકિર્દી ઘડવા ઇચ્છતા વ્યકિતઓ અને કાયદાક્ષેત્રે રૂચિ રાખનાર લોકોને ખૂબ ઉપયોગી નીવડશે.

કાયદો એટલે શું અને કાયદો કેવી રીતે ઘડાય છે ?

સામાન્ય રીતે કાયદો એટલે "પ્રજાના પ્રતિનિધિઓથી બનેલી સરકાર દ્વારા બહુમતિથી બહાર પાડેલા નીતિ-નિયમો કે જેના થકી રાજય કે રાષ્ટ્રનું શાસન-વહીવટ ચાલે."

સામાન્ય રીતે કહી શકાય કે આપણા દેશના બંધારણ મુજબ કોઇપણ રાજયની વિધાનસભા અથવા તો રાષ્ટ્રની પાર્લામેન્ટ (સંસદ) કે જે પ્રજાના પ્રતિનિધિઓથી બનેલી સરકાર ગણાય છે, તેમાં પ્રજાના પ્રતિનિધિઓ કે જેને આપણે ધારાસભ્ય (એમએલએ) કે સંસદસભ્ય (એમપી) કહીએ છીએ, તેઓ થકી બહુમતિના ધોરણે (કુલ સભ્યોની 2/3 બહુમતિ હોવી અનિવાર્ય છે) ખરડો પસાર કરી, રાજ્ય કે રાષ્ટ્રના હિત અને કલ્યાણ માટે જે કાચો મુસદ્દો તૈયાર થાય, તેને ખરડો કહે છે, જે બહુમતિથી પસાર કરી, શાસક પક્ષ રાજ્યપાલ કે રાષ્ટ્રપતિને મંજૂરી અર્થે મોકલે છે. આ પછી તે ખરડા પર રાજ્યપાલ કે રાષ્ટ્રપતિની આખરી મહોર લાગ્યા પછી, જે તે કાચો મુસદ્દો-ખરડાને જે અંતિમ સ્વરૂપ મળે છે, જે "કાયદા" તરીકેનું રૂપ ધારણ કરે છે.

બંધારણ શું છે ?

સામાન્ય રીતે કાયદા ક્ષેત્રે કારકિર્દી ઘડવા ઇચ્છતા વ્યકિતને બંધારણની સાચી સમજ હોય તે પણ અનિવાર્ય છે. જો કે બંધારણની વ્યાખ્યા કરવી સરળ નથી, છતાં કહી શકાય કે "સંગઠિત સમુહની કામગીરીને નિયંત્રિત કરવા માટેના નિયમોનો સમૂહ એટલે બંધારણ..."

બંધારણ સભાના પ્રથમ પ્રમુખ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે ઈ.સ.1950ની 26મી જાન્યુઆરીએ ભારતીય બંધારણના અમલની ઐતિહાસિક જાહેરાત કરી હતી, જેને આપણો દેશ "પ્રજાસત્તાક દિન"ના નામથી રાષ્ટ્રીય પર્વ તરીકે ગૌરવભેર ઉજવે છે. ભારતીય બંધારણ એ માત્ર કાયદા તરીકે નથી, પરંતુ વિભિન્ન કાયદા ઘડવા માટેનો મૂળ સ્ત્રોત પણ છે. બંધારણ શાશ્વત છે અને તેમાં પ્રત્યેક બાબતોની વિશાળ અને વ્યાપક સમજણ માટેની ક્ષમતા છે. ભારતીય બંધારણને વિશ્વના સૌથી મોટા બંધારણ તરીકે માનવામાં આવે છે. આપણા બંધારણે દેશના તમામ નાગરિકોને ગૌરવભેર જીવવા અને વિકાસ કરવા માટે અનેક કાયદાકિય કવચ પૂરાં પાડ્યા છે.

કાયદામાં પાયાની બાબતો શું હોય છે ?

ખાસ કરીને જોઈએ તો કોઈપણ કાયદામાં કાયદાનું નામ, કાયદાના હેતુઓ, કાયદાની વિભિન્ન કલમો અને અમલવારીની વિગતો, અનુસૂચિની વિગત...વગેરે આપવામાં આવે છે.

અંતે, કાયદાને ગેઝેટ (રાજપત્ર)માં પ્રકાશિત કરીને, અમલી બનાવાય છે, જેને આપણે સૌ અલગ-અલગ નામથી જાણીએ છીએ. દાત.ભારતીય ફોજદારી ધારા અંગેનો કાયદો, ભરણપોષણ અંગેનો કાયદો, સ્ત્રીઓને થતાં ત્રાસ-અત્યાચારો અંગે ઘરેલું હિંસા અંગેનો કાયદો,

જમીન મહેસૂલ અંગેનો કાયદો...વગેરે. અહીં એક વાત ખાસ નોંધવી જરૂરી છે કે રાજય કે રાષ્ટ્રના કોઈપણ ઉચ્ચ કર્મચારી/અધિકારી કાયદો બનાવી શકતા નથી, માત્ર પોતાના વિભાગોનું કાર્ય સરળતાથી અમલી બને, એ માટે પરિપત્રો, આદેશો, જાહેરનામું...વિગેરે બહાર પાડી શકે છે.

કાયદા ક્ષેત્રનો અભ્યાસ શા માટે અગત્યનો છે ?

મારા માનવા મુજબ, કાયદા ક્ષેત્રના અભ્યાસ માટે અનેકવિધ પરિબળો ગણાવી શકાય, છતાં પણ સંક્ષેપમાં જોઈએ તો કાયદો એ રોજગારીની તકો પૂરી પાડતા વિશ્વના ટોપ-ટેન સેકટરમાં સમાવિષ્ટ થાય છે. આર્થિક રીતે સંકડામણ અનુભવતા કુટુંબોના વ્યકિતઓને કાયદાનો અભ્યાસ કરવામાં ઓછું મૂડી-રોકાણ અને વધુ વળતર પણ મળી રહે છે. કાયદાનો અભ્યાસ કરવાથી આપણા સમાજમાં વ્યકિત પોતાના એક સરસ વ્યકિતત્વનું નિર્માણ પણ કરી શકે છે. નેતૃત્વ ક્ષેત્રે અગ્રેસર થવા ઈચ્છતા લોકોને કાયદો ખૂબ જ સહાયરૂપ છે. કાયદાનો અભ્યાસ કર્યા બાદ, વ્યકિત પોતાનું શરીર સાથ આપે તો પોતાના જીવનના અંતિમ શ્વાસ સુધી પણ કાર્ય કરી શકે છે.

કાયદા ક્ષેત્ર ઝડપભેર વિકાસ પામતાં ક્ષેત્રોમાં કારકિર્દી ઘડવા માટે, શેનો અભ્યાસ કરવો અનિવાર્ય છે ?

સામાન્ય રીતે કાયદા ક્ષેત્રે કારકિર્દી ઘડવા ઈચ્છતાં વ્યકિતએ કાયદાના સ્નાતક બનવું આવશ્યક છે, જે ડિગ્રીને એલએલબી કહેવામાં આવે છે. ધોરણ-12નો અભ્યાસ પૂર્ણ કર્યા પછી, વ્યકિત પાંચ વર્ષનો ઈન્ટિગ્રેટેડ એલએલબી અથવા કોઈ પણ શાખાના સ્નાતક થયા બાદ, ત્રણ વર્ષનો એલએલબીનો અભ્યાસ પૂર્ણ કરી ડિગ્રી મેળવશો. વકીલાત ક્ષેત્રે પ્રવેશવા ઈચ્છતા વ્યકિતએ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સનદ ધારણ કરવા અર્થેની પરીક્ષા પણ ફરજિયાત પણે પાસ કરવાની રહે છે.

સ્નાતકનો અભ્યાસ કર્યા બાદ, વ્યકિત અનુસ્નાતક અને ત્યારબાદ પીએચડી સુધી પણ અભ્યાસ કરી શકે છે.

કાયદા ક્ષેત્રે અભ્યાસ પૂર્ણ કર્યા બાદ, કયા કયા ક્ષેત્રે નોકરી કે વ્યવસાયની તકો રહેલી છે ?

કાયદાનો અભ્યાસ પૂર્ણ કરવાથી વ્યકિતને ન્યાય ક્ષેત્ર, સરકારી, સહકારી, કંપની, ખાનગી...વગેરે ક્ષેત્રે નોકરી કે વ્યવસાયની તકો મળે છે. જેમ કે, જજ, પ્રોફેસર, સરકારી વકીલ, કાયદા અધિકારી, ખાનગી/ સ્વતંત્ર વકીલ, લીગલ એડવાઇઝર વગેરે.

મારા માનવા મુજબ, કાયદા ક્ષેત્રનો અભ્યાસ કરવાથી, સમાજમાં બેરોજગારીનું પ્રમાણ ઘણું ઓછું થઇ શકે છે. વળી, કાયદાનો અભ્યાસ કરેલ વ્યકિત સમાજને અસરકારક રાહ અને દિશા ચીંધી શકે છે.

કાયદા ક્ષેત્રે અભ્યાસ પૂર્ણ કર્યા બાદ, કારકિર્દી ઘડતર માટે વકીલાત ક્ષેત્રેના મુખ્ય એરિયા કયા કયા છે ?

કાયદા ક્ષેત્રનો અભ્યાસ કરવાથી દિવાની, ફોજદારી, મહેસૂલ, સર્વિસ, ટેક્ષેસન, અકસ્માત, શ્રમ, કંપની, પારિવારિક મુદ્દાઓ.....વગેરેને બાબતોને લક્ષે લઇને વ્યકિત તાલુકા સ્તરની નામદાર કોર્ટથી માંડીને રાષ્ટ્રની નામદાર સર્વોચ્ચ અદાલત કે આંતરરાષ્ટ્રીય અદાલતો સમક્ષ પણ પોતાની પ્રેક્ટિસ કરી શકે છે. એ સિવાય અન્ય કેટલીક સ્વતંત્ર કોર્ટ્સ, ટ્રિબ્યુનલ્સ વગેરેમાં પણ કામ કરી શકાય છે. વ્યકિત પોતાની ક્ષમતા અને કૌશલ્ય અનુસાર, આ તમામ એરિયા ક્ષેત્રે, પોતાના મનગમતાં કામ કરી, પોતાની ફરજ નિભાવી શકે છે.

કાયદાની અગત્યની વિશેષતાઓ કઇ કઇ છે ?

કાયદાની અનેક વિશેષતાઓ છે, જેમ કે કાયદામાં આપવામાં આવેલી સત્તા કે જવાબદારી જે તે વ્યકિત જ કરી શકે છે. કાયદો હંમેશા લેખિત સ્વરૂપમાં પુસ્તક સ્વરૂપે હોય છે. કાયદાનું સ્વરૂપ પામતાં દરેક કાયદાને પોતાનું આગવું નામ હોય છે. પ્રત્યેક કાયદો પોતાના નામને અનુરૂપ, જોગવાઇઓને લગતી વાચા આપતો હોય છે.

અંતે, એક વાત ચોકકસપણે યાદ રાખવા જેવી છે કે વર્તમાન હરિફાઇના યુગમાં પોતાનો કે પરિવારજનો યોગ્ય વિકાસ સાધી, સમાજની ઉત્તરોતર થતી પ્રગતિમાં સહભાગી થવા માટે, કાયદાક્ષેત્રે વિકાસ પામતા ક્ષેત્રોમાં કારકિર્દી ઘડતર માટે વ્યકિતઓને પ્રોત્સાહન આપવું એ આપણા સૌના હિતમાં છે અને રહેશે.

64, સત્યમ કોમ્પલેક્ષ, ગુજરાત હાઇકોર્ટ સામે,
એસ.જી. હાઇ-વે, સોલા, અમદાવાદ-60
મોબાઇલ : 94 26 36 24 94

૧૮ ફેશન ડિઝાઈન ક્ષેત્રમાં કારકિર્દીની તકો

- કુલસુમ ઘાંચી

વર્તમાન યુગ નવીનતા માટે હરણફાળ ભરી રહ્યો છે. પુરુષ હોય કે સ્ત્રી, બાળક હોય કે વૃદ્ધ, અમીર હોય કે ગરીબ તેમની આજુબાજુની દુનિયા અને ટાંકણીઓથી માંડી અન્ય ચીજ વસ્તુઓની બનાવટની ટેક્નોલોજીના ક્ષેત્રમાં ફેશનનું પરીબળ ઉમેરાયું છે. દરેક ક્ષેત્રમાં ફેશનનો વ્યાપ ખૂબ વધી ગયો છે. ફેશન અપનાવવી સહજ છે. આપણે કેટલાક ડિઝાઈન ક્ષેત્રના અભ્યાસક્રમોની માહિતી મેળવીએ.

સર્જનાત્મક (Creative) શકિત ધરાવતા વિદ્યાર્થીઓ માટે NID (નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન) ના અભ્યાસક્રમો

(A) ગ્રેજયુએટ ડિપ્લોમા પ્રોગ્રામ ઇન ડિઝાઇન (GDPD)

આ ૪ વર્ષનો સઘન વ્યવસાયિક શૈક્ષણિક પ્રોગ્રામ નીચે મુજબ ઉપલબ્ધ છે.

● **ઈન્ડસ્ટ્રિયલ ડિઝાઈન :** પ્રોડકટ ડિઝાઈન, ફર્નિચર અને ઈન્ટિરિયર ડિઝાઈન, સિરેમીક એન્ડ ગ્લાસ ડિઝાઈન

● **કૉમ્યુનિકેશન ડિઝાઈન :** ગ્રાફિક ડિઝાઈન, એનિમેશન ફિલ્મ ડિઝાઈન, ફિલ્મ એન્ડ વીડિયો કોમ્યુનિકેશન

● **એકિઝબિશન ડિઝાઈનઃ**

● **ટેકસટાઈલ એન્ડ એપરલ ડિઝાઈન :** ટેકસટાઈલ ડિઝાઈન, ઈન્ટિગ્રેટેડ પ્રોગ્રામ ઈન ટેકસટાઈલ એન્ડ એપેરલ ડિઝાઈન

ઉપરોક્ત કોઈ પણ ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે હાયર સેકન્ડરી (ધોરણ-૧૨) પાસ હોવું જરૂરી છે. અથવા તો જેઓ હાયર સેકન્ડરી એકઝામ આપવાના છે તેઓ પણ પ્રવેશ માટે અરજી કરી શકે છે.

(B) પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા પ્રોગ્રામ ઇન ડિઝાઇન (PGDPD)

આ અભ્યાસક્રમો ૨.૫ વર્ષનો છે. આ પ્રોગ્રામ માટે જે તે ક્ષેત્રમાં સ્નાતક પદવી ધરાવનાર અથવા સમકક્ષ લાયકાત ધરાવનાર અરજી કરી શકે છે.

(૧) કૉમ્યુનિકેશન ડિઝાઈનઃ-

- ગ્રાફિક ડિઝાઈન
- એનિમેશન ફિલ્મ ડિઝાઈન
- ફિલ્મ એન્ડ વીડિયો કૉમ્યુનિકેશન
- એક્ઝિબિશન ડિઝાઈન

(૨) ઈન્ડસ્ટ્રિયલ ડિઝાઈનઃ-

- પ્રોડકટ ડિઝાઈનઃ-
- ફર્નિચર એન્ડ ઈન્ટિરિયર ડિઝાઈન
- સિરામીક એન્ડ ગ્લાસ ડિઝાઈન

(૩) ટેકસટાઈલ એન્ડ એપેરલ ડિઝાઈન

> ટેકસટાઈલ ડિઝાઈન

> લાઈફ સ્ટાઈલ એસેસરી ડિઝાઈન

~ પ્રવેશ કાર્યવાહીઃ-

ગ્રેજયુએટ ડિપ્લોમા પ્રોગ્રામ ઈન ડિઝાઈન GDPD અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે હાયર સેકન્ડરી (ધોરણ-૧૨) પાસ હોવું જરૂરી છે. અથવા તો જેઓ હાયર સેકન્ડરી એકઝામ આપવાના છે, તેઓ પણ પ્રવેશ માટે અરજી કરી શકે છે.

GDPD અને PGDPDના લાયક ઉમેદવારો માટે પ્રવેશ પરીક્ષા (એડમિશન ટેસ્ટ) અમદાવાદ, બેંગ્લોર, ગુવાહાટી, હૈદરાબાદ, કાનપુર, કોચ્ચી, કોલકતા, મુંબઇ અને નવી દિલ્હી ખાતે યોજાય છે.

એડમિશન ટેસ્ટના આધારે પસંદ કરાયેલા - Shortlisted - ઉમેદવારોને એપ્રિલ / મે દરમિયાન NID કેમ્પસ, અમદાવાદ ખાતે સ્ટુડિયો ટેસ્ટ / ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે છે. શૈક્ષણિક વર્ષનો આરંભ જૂનની શરૂઆતમાં થશે. જાહેરાત ઓકટોબર આસપાસ આવે છે. NID ખાતે 'અંગ્રેજી માધ્યમ' છે. યોગ્યતા ધરાવતા/જરૂરીયાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે NID ફોર્ડ ફાઉન્ડેશનની Freeships સ્કોલરશીપ ઉપલબ્ધ છે જ.

*** બેચલર અને માસ્ટર ડિગ્રીના અભ્યાસક્રમો**

> Bachelor of Design - B. Des.
> Master of Design - M. Des.
> Graduate Diploma Programme in Design - GDPD

ઉપરોકત અભ્યાસક્રમોમાં પ્રવેશ પરીક્ષા DAT - Design Aptitude Test ના મેળવેલ માર્કસના આધારે પ્રવેશ મળે છે.

National Institute of Fashion Technology (NIFT) નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલૉજીના અભ્યાસક્રમો

(૧) બેચલર પ્રોગ્રામ ઇન ડિઝાઇન Bachelor of Design Programmes (B.Des.)

> લેધર ડિઝાઇન
> ફેશન કોમ્યુનિકેશન
> એસેસરી ડિઝાઇન
> ફેશન ડિઝાઇન
> નીટવેર ડિઝાઇન

લાયકાતઃ- ધોરણ-૧૨ પાસ અથવા માન્ય પોલિટેકનિક ડિપ્લોમા (૩-૪ વર્ષ)

(૨) UG પ્રોગ્રામ ઇન ટેક્નોલૉજી (B.F.Tech.)

લાયકાતઃ- મેથ્સ, ફિઝિકસ, કેમિસ્ટ્રી સાથે ધોરણ-૧૨ પાસ

(૩) PG પ્રોગ્રામ ઇન મેનેજમેન્ટઃ- (M.Des. M.F.M. and M.F.Tech.)

લાયકાતઃ- ગ્રેજયુએટ અથવા ડિપ્લોમા ઇન એસેસરીઝ / ફેશન ડિઝાઇન / FIT (NIFT માંથી જ)

(૪) PG પ્રોગ્રામ ઇન ટેક્નોલૉજીઃ-

લાયકાતઃ- B.E./B.Tech.(ટેકસટાઇલ્સ/એપેરલ / મિકેનિકલ / ઇન્ડ. એન્જિનિયરિંગ/પ્રોડકશન એન્જિનિયરિંગ/કમ્પ્યુટર ઇન્ફર્મેશન ટેક્નોલૉજી

NIFT ના અભ્યાસક્રમો માટે પ્રવેશ પરીક્ષાઃ-

NIFT ના ઉપરોકત રેગ્યુલર અભ્યાસક્રમોમાં પ્રવેશ, પ્રવેશ પરીક્ષા GAT & CAT (Creative Ability) સર્જનાત્મક ક્ષમતા દ્વારા જ આપવામાં આવે છે.

આ પ્રવેશ પરીક્ષા લેખિત અને મૌખિક ઇન્ટરવ્યૂ એમ બે તબકકાઓમાં લેવામાં આવે છે. આ ક્ષમતાઓને આધારે પ્રવેશ આપવામાં આવે છે. NIFT માં યોગ્ય ઉમેદવારોને શિષ્યવૃત્તિની સવલત મળે છે.

સંસ્થાઓનાં સરનામાં અને વેબસાઈટ :

- National Institute of Design - Paldi ,Ahmedabad -380007 www.nid.edu.
- National Institute of Design - Gandhinagar ઘ-૦,એક્ષ્ટેશન રોડ,ઈન્ફોસિટી નજીક ગાંધીનગર વેબ સાઈટ : www.nift.ac.in
- National Institute of Design - Bengaluru 12, H.M.T.Link Road,off Tumkur

Road,Bengaluru

- C E P T યુનિવર્સિટી નવરંગપુરા - અમદાવાદ
- G.T.U ગુજરાત ટેક્નોલૉજી યુનિવર્સિટી ચાંદખેડા - અમદાવાદમાં કોસ્ચ્યુમ ડિઝાઈન અને ડ્રેસ મેકિંગ ટેક્નોલૉજીમાં ડિપ્લોમા
- હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી - પાટણમાં ફેશન ડિઝાઇનમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા
- સરદાર પટેલ યુનિવર્સિટી - વલ્લભવિધાનગર ,આણંદ
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી - રાજકોટ
- વીર નર્મદ દક્ષિણ યુનિવર્સિટી - સુરત

આ ઉપરાંત આઈ.ટી.આઈ. સંસ્થાઓમાં પણ ફેશન ડિઝાઈનને લગતા સર્ટિફિકેટ અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. જેની માહિતી માટે નજીકની આઈ.ટી.આઈ. સંસ્થાનો સંપર્ક કરવો. તેમજ ગુજરાતમાં અન્ય ખાનગી સંસ્થામાં ફેશન ડિઝાઈન કોલેજોમાં ફેશન ડિઝાઈનને લગતા અવનવા કોર્સિસ ઉપલબ્ધ હોઈ તેમાં પણ પ્રવેશ મેળવી ફેશન ડિઝાઈન ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દી બનાવી શકાય.

ફેશન ડિઝાઈન ક્ષેત્રમાં રોજગારી/સ્વરોજગારીની તકો

ફેશન એ બિઝનેસનું મોટું માર્કેટ છે. ફેશન બિઝનેસમાં નાની-મોટી જોબ મળે છે પણ અનુભવ બાદ મોટા ભાગના ડિઝાઈનરો પોતાનો સ્વતંત્ર બિઝનેસ શરૂ કરે છે.

જોબ માટે પણ ઘણા ક્ષેત્રો છે જેવાં કે (૧) ફેશન ડિઝાઈનર (૨) લેધર ડિઝાઈનર (૩) એસેસરીઝ ડિઝાઈનર (૪) ટેક્સટાઈલ ડિઝાઈનર (૫) નીટવેર ડિઝાઈનર (૬) ફેશન જર્નાલિસ્ટ (૭) ફેશન કૉમ્યુનિકેશન (૮) એપેરલ પ્રોડક્શન (૯) વિઝ્યુઅલ કૉમ્યુનિકેશન (૧૦) ગ્રાફિક્સ ડિઝાઈનર (૧૧) મલ્ટી મીડિયા ડિઝાઈનર (૧૨) પ્રોડક્ટ ડિઝાઈનર (૧૩) ડિઝાઈન કન્સલ્ટન્ટ (૧૪) ડિઝાઈન મેનેજર (૧૫) એક્ઝિબિશન એક્સપર્ટ (૧૬) ફેશન ફોર કાસ્ટિંગ (૧૭) કોસ્ચ્યુમ ડિઝાઈનર (૧૮) પેટર્ન ઈજનેર (૧૯) બ્રાન્ડ મેનેજર (૨૦) ગિફ્ટવેર (૨૧) વોચ પ્રોડક્શન (૨૨) હેન્ડીક્રાફ્ટ (૨૩) ફેબ્રિક્સ (૨૪) ફેશન રાઈટર (૨૫) ફેશન ફોટોગ્રાફી વગેરે.....

ફિલ્મી કલાકારોની ફેશન ડિઝાઈન, ટીવી પ્રોગ્રામ સિરિયલના કલાકારોના વસ્ત્રોની ડિઝાઈન, ફેશન શો, ફેશન મેગેઝિન અને જર્નાલિઝમ, મોડેલીંગ ગાર્મેન્ટ અને કોસ્ચ્યુમ ડિઝાઈન એડવર્ટાઈઝિંગ, જેમ્સ એન્ડ જ્વેલરી ઈન્ડસ્ટ્રિઝ, લક્ઝરી બ્રાન્ડ ઈન્ડસ્ટ્રિઝ વગેરે ક્ષેત્રમાં પોતાનો સ્વતંત્ર બિઝનેસ પણ કરી શકે છે.

નોંધઃ ઉપરોક્ત અભ્યાસક્રમની માહિતી માત્ર આપના દિશાસૂચન માટે છે. અંતિમ માહિતી જે તે વર્ષની પ્રવેશ પ્રક્રિયા થાય તે પ્રમાણે નિયમ, વર્ષ, ફેરફારને આધિન છે. તેથી તેની વેબસાઈટ અને દૈનિક પેપરમાં આવેલ જાહેરાતને અનુસરવું.

વ્યવસાયી માર્ગદર્શન અધિકારી,
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
રાયખડ- અમદાવાદ

૧૯ ટેલિવિઝન ક્ષેત્રે કારકિર્દી

- ડૉ. દૃષ્ટિ પટેલ

છેલ્લાં બે વર્ષોમાં સમગ્ર વિશ્વમાં શાળા-કૉલેજ અને યુનિવર્સિટીનો અભ્યાસ વિદ્યાર્થીઓએ મોટે ભાગે ઘરમાં જ, ઇન્ટરનેટની મદદથી નાની-મોટી સ્ક્રીનની સામે બેસીને ઑનલાઇન કરવો પડ્યો છે. શરૂઆતમાં રોમાંચ પણ પછી કંટાળો, થાક અને એકલતા અનુભવતા વિદ્યાર્થીઓ હવે મહામારી સામે લડત આપવા ટેવાઇ ગયા છે અને બધું પૂર્વવત્ થવાની આશા સાથે ઉજ્જવળ કારકિર્દીનાં સપનાં જોવા લાગ્યા છે. ટેલિવિઝન કે મોબાઇલ ઍપ પર કે કોવિડે સર્જેલી પરિસ્થિતિ બાદ બધે જ છવાઇ ગયેલાં રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય OTT અર્થાત્ 'ઓવર ધ ટૉપ' પ્લૅટફૉર્મ્સ (જેવાં કે ડિઝની હૉટસ્ટાર, ઝીફાઇવ વગેરે) પર સમાચાર, ડૉક્યુમેન્ટરી, ધારાવાહિક, શૉર્ટ ફિલ્મ કે રિયાલિટી શો જોતી વખતે ઘણા વિદ્યાર્થી મિત્રોને આ સ્મૉલ સ્ક્રીન અર્થાત્ ટેલિવિઝન ક્ષેત્રે કારકિર્દી બનાવવાનો ઉત્સાહ થતો હશે. કોઇને રિપોર્ટર, કોઇને ઍડિટર કે કમ્પ્યુટર ગ્રાફિક ડિઝાઇનર, કોઇને કૅમેરામેન તો કોઇને સ્ક્રીપ્ટ રાઇટર કે દિગ્દર્શક બનવાની ઇચ્છા થતી હશે. મહામારીને કારણે છેલ્લાં બે વર્ષોમાં સિનેમા-નાટક જેવાં મોટા સમૂહને આકર્ષતાં માધ્યમોથી લોકો દૂર રહેવાને કારણે ઘરેલું માધ્યમ એવા ટેલિવિઝન અને ઇન્ટરનેટ થકી જોવાતાં ડિજિટલ માધ્યમોએ નાનકડા સ્ક્રીન ભણી આકર્ષણ વધાર્યું છે. શાળાકીય અભ્યાસ દરમ્યાન ઘણાં મિત્રોએ મોબાઇલની મદદથી નાની વીડિયો ફિલ્મ બનાવી હશે અને ધ્વનિ-દ્રશ્યનું વધુ સારી રીતે સંયોજન કરવા માટેની મથામણો પણ કરી હશે. ટેલિવિઝન પરના કાર્યક્રમો જોતાં વિદ્યાર્થી-મનમાં પ્રશ્નો પણ થતા હશે - ટીવી પર સમાચાર વાંચવા માટે કે રિપોર્ટીંગ કરવા માટે શું કરવું પડે? શું ટીવી કાર્યક્રમનું નિર્માણ કરવા માટે કોઇ ખાસ અભ્યાસ કે વ્યાવસાયિક તાલીમ જરૂરી છે? ટીવી કાર્યક્રમ માટેની સ્ક્રીપ્ટ કેવી રીતે લખાય? પત્રકારત્વનો કોઇ અભ્યાસક્રમ કરીએ તો ટેલિવિઝન કંપનીમાં સહેલાઇથી નોકરી મળી જાય?

ભારતમાં ટેલિવિઝન ક્ષેત્રે કારકિર્દી ધરાવનારાં બધાં જ કોઇ ડિગ્રી કે ડિપ્લોમા કે સર્ટિફિકેટ ધરાવનારાં નથી પરંતુ મોટાભાગનાં આ વ્યવસાય માટે જરૂરી કૌશલ્ય અને અનુભવ ચોક્કસ ધરાવતાં હોય છે. અક્ષરજ્ઞાનની સાથેસાથે કશીક વિશિષ્ટ કલાત્મક સૂઝ જેની પાસે છે અથવા જેઓ કમ્પ્યુટરાઇઝ્ડ ઍડિટીંગ મશીન કે આધુનિક કૅમેરાનો ઉપયોગ કરવાની યોગ્યતા ધરાવે છે તેમણે ટીવી-ફિલ્મ ક્ષેત્રે આગવું પ્રદાન કર્યું છે. ધોરણ દસ કે બાર ઉત્તીર્ણ થયા પછી તરત જ આ ક્ષેત્રમાં જોડાવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ જો એડિટીંગ કે કેમેરાવર્ક કરવા માંગતા હોય તો નવી ડિજિટલ ટેક્નોલૉજીને જાણવી અને તે માટેની પધ્ધતિસરની તાલીમ આવશ્યક છે.

પ્રત્યાયનનાં માધ્યમોમાં ટૅક્નોલૉજીને કારણે છેલ્લાં બસો વર્ષોના ગાળામાં જેટલો બદલાવ આવ્યો છે તેથી વધુ બદલાવ છેલ્લાં વીસ વર્ષોમાં આવ્યો છે. બે વર્ષ પહેલાં આપણે જેને નિબંધનો એક વિષય માનતા હતા તે 'કમ્પ્યુટર દ્વારા શિક્ષણનો યુગ' આજે વાસ્તવિકતા બન્યો છે. ઈન્ટરનેટ અને ડિજીટલ મીડિયાના વ્યાપને કારણે મનોરંજનની સાથેસાથે શિક્ષણ અને માહિતીનું ક્ષેત્ર પણ અત્યાનુધિક સાધનો અને ટૅક્નોલૉજીને કારણે સતત બદલાવ પામી રહ્યું છે.

લૉકડાઉન દરમ્યાન, ઘરની બહાર નીકળ્યા વગર, રોજિંદી પ્રવૃત્તિને દર્શાવતી નાની વીડિયો ફિલ્મ્સ અને સંગીત, નૃત્ય સહિતના કાર્યક્રમોની રજૂઆતે સાબિત કરી દીધું છે કે જો રચનાત્મકતા અને ડિજીટલ સાધનોની જાણકારી હોય તો તેમના માટે ઉમરનો કોઈ બાધ નથી. ટૅલિવિઝન ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીને એક વાત હું જરૂર કહેવા માંગીશ કે તમે આ વિશેનું ભણીને કોઈ ડિપ્લોમા કે ડિગ્રી લેશો તો સારી નોકરી મળવાની તક ભલે ઊભી થાય પરંતુ એમાં ટકી રહેવા અને આગળ વધવા માટે તમારે સતત ઘડાતા રહેવાની તૈયારીઓ રાખવી પડશે. સ્વાનુભવની વાત કરું તો મેં અમેરિકામાં ટીવી એશિયા, યુ.એસ.એ. ખાતે સમાચાર કાર્યક્રમના નિર્માતા અને સમાચારવાચક ઉપરાંત મુલાકાત લેનાર તરીકેનું કામ વર્ષો સુધી કર્યું. હું કહી શકું કે માહિતીનું આ ક્ષેત્ર વિજ્ઞાન, ગણિત, કમ્પ્યુટર વિજ્ઞાન કે ઈતિહાસ-ભૂગોળ-અર્થશાસ્ત્રના ક્ષેત્રોની સરખામણીએ અલગ છે. વિજ્ઞાનના વિષયો ભણીને નોકરી કરનારને પોતાના રોજિંદા કામમાં જે ભણ્યા છે તે એક વિષયની હોશિયારી ખપમાં લેવાની છે. ટૅલિવિઝન માટે સમાચાર લખનાર, સમાચાર રજૂ કરનાર કે જુદાજુદા ક્ષેત્રોની વ્યક્તિઓની મુલાકાતો લેનાર કે અહેવાલ આપનાર પાસે માનવજીવનને સ્પર્શતા બધા વિષયોની મૂળભૂત સમજની અપેક્ષા રખાય છે. કારકિર્દીનું આ ક્ષેત્ર અત્યંત સ્પર્ધાત્મક છે, જેમાં રોજેરોજ તમારી રચનાત્મકતા,જવાબદારી, કાર્યક્ષમતા અને હોંશિયારીની કસોટી થાય છે. ટૅલિવિઝન પર દેખાતા ન્યૂઝઍન્કર્સ કે મુલાકાત લેનારનાં વખાણ એટલા માટે થતાં હોય છે કે તેઓ પાસે વ્યક્તિત્વ ઉપરાંત અભિવ્યક્તિની ખાસ શૈલી છે, સ્પષ્ટ રજૂઆતની પદ્ધતિ છે અને આત્મવિશ્વાસ છે. મારા મતે સમૂહ માધ્યમોમાં કામ કરનાર પાસે આત્મવિશ્વાસની અનિવાર્યતા સવિશેષ રહે છે.

શાળાકીય શિક્ષણ ભલે મર્યાદિત હોય, પોતાની આગવી હોશિયારી અને નિરીક્ષણશક્તિ સાથે પરિશ્રમ કરીને, અનુભવને આધારે આગળ વધનારાં માટે કોઈ પણ વ્યવસાયમાં કારકિર્દીનું આકાશ ખુલ્લું જ છે. આપણે જ્યારે ટૅલિવિઝન ક્ષેત્રે કારકિર્દીની વાત કરીએ છીએ ત્યારે એક વાત સ્પષ્ટ કરવી જરૂરી છે કે ટૅલિવિઝન એક વીજાણુ સમૂહ માધ્યમ છે. સમૂહ માધ્યમ સંદેશનું વહન કરે છે, આપ-લે કરે છે. શિક્ષણ, માહિતી અને મનોરંજનનું પ્રસારણ કરતું, કમ્યુનિકેશનનું અર્થાત્ પ્રત્યાયન માટેનું આ એક ઈલૅક્ટ્રૉનિક- વીજાણુ માધ્યમ છે. છાપાં, મૅગેઝીન વગેરે મુદ્રણનાં માધ્યમ છે, રેડિયો એક શ્રાવ્ય વીજાણુ માધ્યમ છે, તો ફિલ્મ અને ટૅલિવિઝન દ્રશ્ય-શ્રાવ્ય વીજાણુ માધ્યમો છે. સોશ્યલ મીડિયા, જેવાં કે બ્લૉગ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ,યુટ્યુબ વગેરે આધુનિક ડિજીટલ માધ્યમો છે,

અહીં આપણે ટૅલિવિઝનને પ્રસારણના એક માધ્યમ તરીકે ઓળખીશું, જેનાં મુખ્ય ત્રણ કાર્યો છે - માહિતી, શિક્ષણ અને મનોરંજન આપવું. આ ઉપરાંત પ્રજાહિતમાં વિકાસલક્ષી અને સામાન્ય પ્રજાને લાભદાયી જાહેરખબરોનો પ્રસાર કરવો. બદલાતી ટૅક્નોલૉજીમાંથી સતત વિકસતા રહેલા આ માધ્યમની રજૂઆતની પદ્ધતિ બ્લૅક ઍન્ડ વ્હાઇટમાંથી રંગીન અને હાઇ ડૅફિનેશન એમ નવાં રૂપ ધારણ કરતી રહી છે. મોટા સ્ટુડિયો, ટ્રાઇપૉડ સાથેના ભારેખમ કૅમેરા, લાઇટ્સ, કૅસેટ્સ, મોટાં ઍડિટિંગ ટેબલ પર પથરાયેલાં ઍડિટીંગ મશીન અને મોટાં માઇક્રોફૉન્સનું સ્થાન નાનકડાં કમ્પ્યુટર અને વજનમાં હળવાં મોબાઇલ સાધનોએ લઇ લીધું છે. દ્રશ્ય અને ધ્વનિમુદ્રણની ગુણવત્તામાં પણ સતત વધારો થતો રહ્યો છે. ટૅલિવિઝન સેટનું ઉત્પાદન વધતાં અને કિંમત ઘટતાં એની પહોંચ અને માંગ વધી છે. દર્શકો વધતાં ટૅલિવિઝન માટે કાર્યક્રમોનું નિર્માણ પણ વધ્યું છે. આજે ભારતમાં નાનીમોટી મળીને નવસો જેટલી ચૅનલ્સ અનેકવિધ પ્રકારના કાર્યક્રમોનું પ્રસારણ કરે છે. કહી શકાય કે જેની પાસે આવડત અને કૌશલ્ય છે, એના માટે આ માધ્યમમાં કારકિર્દીની ભરપૂર તકો છે.

આ દસકામાં વિશ્વમાં ટૅલિવિઝનનાં આગમનને એક

સદી પૂરી થશે. ભારતમાં એના આગમનને સાત દાયકા પૂરા થયા. આપણા દેશમાં સમાચાર, રિયાલિટી શોઝ અને ધારાવાહિક શ્રેણીઓની લોકપ્રિયતા વધુ હોવાને કારણે શક્ય છે કે વિદ્યાર્થી મિત્રોનો ઝુકાવ સમાચાર વિભાગ કે પછી કૅમેરાવર્ક કે વીડિયો ઍડિટીંગ ક્ષેત્રે કામ કરવા બાબતે વધુ રહે. ટૅલિવિઝન ક્ષેત્રે કારકિર્દી ઇચ્છતા વિદ્યાર્થીઓ જો આ માધ્યમના ત્રણ તબક્કા - પ્રિ-પ્રોડક્શન અર્થાત્ નિર્માણ પૂર્વેની તૈયારીઓ, નિર્માણ અથવા શૂટિંગ અને પોસ્ટ-પ્રોડક્શન અર્થાત્ શૂટિંગ બાદ કાર્યક્રમને આખરી ઓપ આપવા માટે કરાતી કામગીરી વિશે જાણે તો તેમને કારકિર્દીની વધુ તકો વિશે પણ આશા જાગે તેવું છે.

ટી.વી. કાર્યક્રમ નિર્માણના ત્રણ તબક્કામાં ખાસ કરીને નિર્માતા, દિગ્દર્શક, સ્ક્રીપ્ટલેખક, કૅમેરાપર્સન અને ઍડિટરની ભૂમિકા મહત્વની રહે છે. સાથે જ, કાસ્ટીંગ ડિરેક્ટર,ફ્લોર મૅનેજર, લાઇટિંગ મૅનેજર, સૅટ ડૅકોરેટર,પ્રોડક્શન કૉર્ડિનેટર, મેક-અપ આર્ટિસ્ટ,સાઉન્ડ મિક્સર, મ્યુઝિક ઍડિટર,ગ્રાફિક ડિઝાઇનર, સબટાઇટલર, માર્કેટિંગ અને પબ્લિસિટી મૅનેજર વગેરે દરેકનું કામ એક સારા કાર્યક્રમ માટે મહત્વનું બની રહે છે. આજના ડિજીટલ યુગમાં કમ્પ્યુટર ટૅક્નોલૉજીની મદદથી મોટી સેનાનું દ્રશ્ય કે વિશાળકાય જીવિત પ્રાણીઓને ટીવી કે ફિલ્મના પડદે દર્શાવાય છે. આ વિઝ્યુઅલ ઇફેક્ટ્સ - VFX જેનો ખાસ કરીને ધાર્મિક, પૌરાણિક અને ઐતિહાસિક ટૅલિવિઝન કાર્યક્રમોમાં વધુ ઉપયોગ થાય છે તે શીખનારાં પણ સારી કારકિર્દી બનાવી શકે છે. નાનાંમોટા સૌને ટીવી કે ફિલ્મના પડદે ઍનિમેશન જોવું ગમે છે. આ ક્ષેત્રે પણ ઉજળી તકો છે.સારો અભિનય કરનારાં અને જેને ટીવી ઍન્કર કહે છે તે બનવા માટે સ્પર્ધા ઘણી હોવા છતાં કૌશલ્ય ધરાવનારાં માટે અનેક શક્યતાઓ છે. જેઓ પત્રકારત્વ ભણીને સમાચાર વિભાગમાં જોડાય છે તેઓ સમાચારનું લેખન, સંપાદન,રજૂઆત સાથે જીવંત પ્રસારણ માટે જરૂરી ટૅક્નિકલ સમજ મેળવીને ઘણા આગળ વધી શકે છે.

વિદ્યાર્થી મિત્રો, ટૅલિવિઝન ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે તમે જેટલી ખંતથી ભણો એટલી જ ખંતથી કામગીરીનો અનુભવ મેળવો એવું મારું સૂચન છે. બીજું એક સૂચન એ પણ છે કે માહિતી કે શિક્ષણના પ્રસારણ સાથે જોડાવા ઇચ્છનાર બાર ધોરણ સુધીનું શિક્ષણ મેળવે અને પછી આ પ્રકારના વ્યવસાયિક અભ્યાસક્રમમાં જોડાય તો પ્રત્યાયન અને સમૂહ માધ્યમોની કામગીરી વિશે વધુ સારી સમજ કેળવી શકશે. ગુજરાતમાં રહેતા વિદ્યાર્થીઓ સર્ટિફિકેટ કે ડિપ્લોમા આપતા ટૅલિવિઝન વિષયક અભ્યાસક્રમો ઑનલાઇન પણ કરી શકે છે.

ભારત સરકારનાં માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળ કાર્યરત, ફિલ્મ અને ટેલિવિઝનનું પ્રશિક્ષણ આપતી ભારતની પ્રસિદ્ધ સંસ્થા ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયા (એફટીઆઇઆઇ) પૂના, મહારાષ્ટ્ર, દ્વારા ઓનલાઇન તાલીમના વર્ગો શરૂ કરાયા છે, જે માટે સંસ્થાની વૅબસાઇટ પર માહિતી આપવામાં આવી છે. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયાના ટૂંકા સમયગાળા માટેના કોર્સ જાણવા માટે વૅબસાઇટ છે- https://www.ftii.ac.in/p/ftii-online-1

ગુજરાતમાં 250થી વધુ સ્ટડી સૅન્ટર્સ અને અમદાવાદ સહિત સાત પ્રાદેશિક કેન્દ્રો ધરાવતી ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા પત્રકારત્વ તથા દ્રશ્ય-શ્રાવ્ય ટૅક્નોલૉજી શીખવતા વિવિધ સર્ટિફિકેટ, ડિપ્લોમા અને ડિગ્રી અભ્યાસક્રમોનું સંચાલન ઑનલાઇન કરવામાં આવે છે. આ વિશ્વવિદ્યાલય દ્વારા પત્રવ્યવહાર અને અન્ય વીજાણુ સાધનો દ્વારા વિવિધ વિષયોમાં સ્નાતક, ડિપ્લોમા, સર્ટિફિકેટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાની પદવીઓ આપવામાં આવે છે. અલબત્ત, લેખિત પરીક્ષા માટે વિદ્યાર્થીએ નજીકના કેન્દ્ર પર હાજર થવું જરૂરી છે. ટૅલિવિઝન ક્ષેત્રે કારકિર્દી માટે ધોરણ દસ + બે અથવા તેને સમકક્ષ યોગ્યતા ધરાવનારાં માટે સર્ટિફિકેટ ઇન સાઉન્ડ, ઑડિયો ઍન્ડ વીડિયો ટૅક્નોલૉજી અને સર્ટિફિકેટ ઇન જર્નાલિઝમ ઍન્ડ માસ કમ્યુનિકેશન અને ડિપ્લોમા ઇન મલ્ટિમીડિયા ઍન્ડ ઍનિમેશન, જ્યારે બાર ધોરણ પસાર કરનારાં માટે ડિપ્લોમા ઇન જર્નાલિઝમ ઍન્ડ માસ કમ્યુનિકેશનના અભ્યાસક્રમો ઑનલાઇન શરુ કરવામાં આવ્યા છે.

સંપર્ક: ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય' પરિસર,સરખેજ-ગાંધીનગર હાઇવે, છારોડી,અમદાવાદ-૩૮૨૪૮૧

*ડૉ.આવા શુક્લ - ૯૯૭૮૪૪૦૬૦૪

*વૅબસાઇટ- https://baou.edu.in * ટોલ ફ્રી

નંબર- ૧૮૦૦ ૨૩૩ ૧૦૨૦

ધોરણ બાર પાસ કર્યા પછી ટેલિવિઝન ક્ષેત્રે આગળ વધવા કે પોતાનો આગવો વ્યવસાય શરૂ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ ભણવા માંગતા હોય તો તેમના માટે ગુજરાત યુનિવર્સિટી માન્ય સંસ્થાઓ -નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ માસ કમ્યુનિકેશન ઍન્ડ જર્નાલિઝમ અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ જર્નાલિઝમ ઍન્ડ કમ્યુનિકેશનના અભ્યાસક્રમોની ઉપલબ્ધ છે. વર્ગખંડમાં શિક્ષણ ઉપરાંત પ્રેક્ટિકલ ટ્રેનિંગ મળી રહે તે માટે ઇન્ટર્નશિપની વ્યવસ્થા સાથેની સ્નાતક પદવી આપતી, ત્રણ વર્ષનો બીએનો અભ્યાસક્રમ ધરાવતી અમદાવાદમાં સ્થિત બે સંસ્થાઓ છે-

૧) નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ માસ કમ્યુનિકેશન ઍન્ડ જર્નાલિઝમ (NIMCJ), ચોથો માળ, શપથ -૧, રાજપથ ક્લબ સામે, એસ.જી. હાઇવે, અમદાવાદ-૧૫.

વેસાઇટ- www.nimcj.org,

ઇમેઇલ-nimcpro@gmail.com

ફોન- ૭૬૦૦૦૬૮૪૪૩, ૦૭૯-૨૬૮૭૦૪૪૨

૨) ઇન્સ્ટિટ્યૂટ ઑફ જર્નાલિઝમ ઍન્ડ કમ્યુનિકેશન, ચીમનભાઇ પટેલ ઇન્સ્ટિટ્યૂટ કેમ્પસ, શપથ-ચાર પાસે, પ્રહલાદનગર, એસ.જી. હાઇવે, અમદાવાદ-૧૫.

આ અભ્યાસક્રમ અંગે વધુ માહિતી મેળવવા માટેનો સંપર્ક : ૯૬૨૪૨૯૮૪૭૦, ૭૫૬૭૮૬૦૦૦૫, ૦૭૯-૨૬૯૨૬૪૨૯ વેબસાઇટ- www.cpi.ed.in ઇમેઇલ : directorbjmc@cpi.edu.in / bjmc@cpi.edu.in

અન્ય સ્થળોમાં, ટેલિવિઝન તથા અન્ય દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમો માટેનું મહત્વનું ટેકનિકલ શિક્ષણ/તાલીમ માટે કર્ણાવતી યુનિવર્સિટી, ઉવારસદ-વાવોલ રોડ, ઉવારસદ, ગાંધીનગર ખાતે ધોરણ બાર પછી આઠ સેમેસ્ટરની બે સ્નાતક ડિગ્રી -બી. ડિઝાઇન ઇન વિઝ્યુઅલ કમ્યુનિકેશન (ગ્રાફિક્સ), અને બી. ડિઝાઇન ઇન એનિમેશન ઍન્ડ મોશનના અભ્યાસક્રમો છે.

ફોન-૯૨૬૬૬૬૩૨૨૫ વેબસાઇટ : https://karnavatiuniversity.edu.in ઇમેઇલ : info@karnavatiuniversity.com

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાના જર્નાલિઝમ ઍન્ડ માસ કમ્યુનિકેશન ફેકલ્ટીના, બાર ધોરણ પાસ કરનારાં માટે ચલાવાતા ત્રણ વર્ષના બેચલર ઑફ માસ કમ્યુનિકેશન ઍન્ડ જર્નાલિઝમના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ઑનલાઇન અરજી કરવાની હોય છે. સંસ્થાની વેબસાઇટ છે -msubaroda.ac.in

વડોદરા, રાજકોટ અને અમદાવાદ ખાતે કેમ્પસ ધરાવતી પારુલ યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાના અનેક અભ્યાસક્રમો છે, જે ધોરણ બાર પછી ટેલિવિઝનમાં કારકિર્દી ઘડવામાં અનેક રીતે ઉપયોગી થઇ શકે તેમ છે. બી.એસ.સી. ઇન ફિલ્મ ઍન્ડ ટીવી પ્રોડક્શન, બી. ડિઝાઇન ઇન વિઝ્યુઅલ કમ્યુનિકેશન, બી.એ. ઇન માસ કમ્યુનિકેશન ઍન્ડ જર્નાલિઝમ સહિતના અભ્યાસક્રમોનું પારુલ યુનિવર્સિટી સંચાલન કરે છે.

ફોન-૦૨૬૬૮-૨૬૦૩૦૦. ઇમેઇલ-info@paruluniversity.ac.in

વેબસાઇટ -paruluniversity.ac.in

યુજીસી સાથે સંલગ્ન એવી વડોદરામાં વાસણા-ભાયલી રોડ સ્થિત નવરચના યુનિવર્સિટીમાં 45% સાથે ધોરણ બાર પાસ કરનાર BAJMC અર્થાત્ બી.એ.ઇન જર્નાલિઝમ ઍન્ડ માસ કમ્યુનિકેશનમાં પ્રવેશ મેળવવા

અરજી કરી શકે છે.

સંસ્થાની વેબસાઇટ - nuv.ac.in ઈમેઈલ - admission@nuv.ac.in

ફોન-૯૭૩૭૦૭૧૭૦૦

ચારૂતર વિદ્યા મંડળ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર સાથે સંલગ્ન ઈન્સ્ટિટ્યૂટ ઑફ લૅન્ગ્વેજ સ્ટડીઝ ઍન્ડ ઍપ્લાઇડ સોશિયલ સાયન્સીસમાં અંગ્રેજી સાથે ધોરણ બાર પાસ કરનાર માટે બૅચલર ઑફ આર્ટ્સ્ ઈન જર્નાલિઝમ ઍન્ડ માસ કમ્યુનિકેશન ભણવાની તક છે. ભાઈકાકા ભવન, વલ્લભ વિદ્યાનગર સ્થિત આ સ્વનિર્ભર સંસ્થામાં પ્રવેશ માટે વેબસાઇટ પર ઑનલાઈન અરજી કરવાની હોય છે, જે માટેનું વેબસાઈટ ઍડ્રેસ છે - https://ilsass.edu.in/admission_ilsass.htm ફોન-૦૨૬૯૨-૨૩૦૧૯૦

પાટણ સ્થિત હેમચંદ્રાચાર્ય નૉર્થ ગુજરાત યુનિવર્સિટીમાં પણ ધોરણ બાર પછી બૅચલર ઑફ આર્ટ્સ્ ઈન જર્નાલિઝમ ઍન્ડ માસ કમ્યુનિકેશન અભ્યાસક્રમ ભણવાની તક છે. જેની માહિતી યુનિવર્સિટીની વેબસાઇટ પરથી મેળવી શકાય છે- https://ngu.ac.in/Syllabus.aspx

ટેલિવિઝનમાં સમાચાર વિભાગમાં સમાચાર વાચક, સમાચાર લેખક-સંપાદક અને રિપોર્ટર તરીકે કામ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ પત્રકારત્વ ભણવું જરૂરી છે.ગાંધીજી દ્વારા સ્થાપિત નવજીવન પ્રેસે હવે પોતાના કાર્યક્ષેત્રનો વિસ્તાર કર્યો છે અને પત્રકારત્વ ક્ષેત્રે કારકિર્દીની ઇચ્છા ધરાવનારાંને નવી તક પૂરી પાડવા માટે 'સ્કૂલ ઑફ જર્નાલિઝમ'નો આરંભ કર્યો છે. ગુજરાત યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત, ડિપ્લોમા ઈન જર્નાલિઝમનો અભ્યાસક્રમ સ્કૂલ ઑફ જર્નાલિઝમ, નવજીવન ટ્રસ્ટ પરિસર, જિતેન્દ્ર દેસાઈ મેમોરિયલ હૉલ, ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, આશ્રમ માર્ગ, અમદાવાદ-380 014 ખાતે શરૂ થયો છે. ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની યોગ્યતા બારમું ધોરણ પાસ છે, જયારે કોઇ વયમર્યાદા રાખવામાં આવી નથી. આ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને મુખ્ય ધારાનાં માધ્યમોનું પ્રાયોગિક શિક્ષણ આપવા ઉપરાંત વિવિધ વિષયોને સાંકળી લેતું પત્રકારત્વ, અનુવાદ, ફોટોગ્રાફી, વેબ જર્નાલિઝમ અને ડિજિટલ મીડિયાની તાલીમ આપવામાં આવશે. અભ્યાસક્રમની વિગતો :

- શિક્ષણકાર્યનો આરંભ : ઑગસ્ટ-સપ્ટેમ્બર
- દિવસ : સોમથી શુક્રવાર (અઠવાડિયામાં પાંચ દિવસ)
- સમય : સાંજે 5:00 વાગ્યાથી 6:30 સુધી
- શૈક્ષણિક લાયકાત : ધો.12 પાસ
- માધ્યમ : ગુજરાતી
- ફી : વાર્ષિક રૂપિયા 30,000

નવજીવન સંયોજક : કિરણ કાપુરે, સંપર્ક : 98244 73583

E-mail : kirankapure@gmail.com, navajivanjournalism@gmail.com

આશા છે વિદ્યાર્થીમિત્રો પોતાની પસંદગીના અભ્યાસક્રમમાં જોડાઈને ટેલિવિઝન ક્ષેત્રે કારકિર્દી ઘડવાના પોતાના સ્વપ્નને સાકાર કરવામાં સફળતા મેળવશે.

સી-૨૧, આર્યમાન બંગ્લો, થલતેજ,
શિલજ રોડ, શિલજ, અમદાવાદ-૩૮૦૦૫૯

૨૦ ફૂડ, ન્યુટ્રીશન અને ડાયટિશન ક્ષેત્રે રોજગારીની તકો

- ભાવનાબહેન સોનૈયા

કારકિર્દીના એવા ઘણા ક્ષેત્રો છે જે હજુ પણ વણ ખેડાયેલા છે. શિક્ષિત બેરોજગારોની સંખ્યા જ્યારે વધી રહી છે, ત્યારે રોજગારીના નવા ક્ષેત્રો યુવાનોને કારકિર્દી ઘડવામાં મદદરૂપ થઈ રહ્યાં છે. કારકિર્દીના આવા નવા અને વણખેડાયેલા ક્ષેત્રો પૈકી એક છે ફૂડ અને ન્યુટ્રીશન ક્ષેત્ર. આજના સમયમાં આ ક્ષેત્રે તાલીમબદ્ધ યુવાનોની માગ વધી રહી છે.

આહાર દરેક વ્યક્તિના જીવનનો મહત્ત્વનો ભાગ છે. સારા સ્વાસ્થ્ય માટે યોગ્ય આહાર ખૂબ જરૂરી છે. જંક ફૂડ આપણે ત્યાં ખૂબ જ છૂટથી ખવાય છે. પરંતુ તે અનેક બીમારીઓને નોતરે છે. કોરોનાકાળ બાદ હેલ્થી ફૂડનું મહત્ત્વ વધ્યું છે. હેલ્થી જીવનશૈલી અપનાવવા માટે હેલ્થી ફૂડ અપનાવવું પણ એટલું જ જરૂરી છે. સ્વાદના ચટાકાઓને છોડીને હેલ્થી લાઈફસ્ટાઈલ અપનાવતા લોકોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે ત્યારે ફૂડ એન્ડ ન્યુટ્રીશન ક્ષેત્રે કારકિર્દીની તકો પણ એટલી જ ઝડપથી વધી રહી છે. પર્સનલ ડાયટિશિયનથી માંડીને આજકાલ મોટી મોટી ફૂડ ઈન્ડસ્ટ્રિઝમાં પણ આ વિશેના જાણકારોની માંગ વધી રહી છે.

યોગ્યતા :

આ ક્ષેત્રમાં અનેક તકો ઉપલબ્ધ છે. જેમાં કારકિર્દી

બનાવવા માટે ભૌતિકશાસ્ત્ર, રસાયણવિજ્ઞાન અને ગણિત સાથે ધોરણ-૧૨ પાસ કરવું જરૂરી છે. તે પછી ફૂડ સાયન્સમાં બેચલર ડિગ્રી મેળવી શકાય છે. આ ઉપરાંત ડાયટેટિક્સ એન્ડ ન્યુટ્રિશિયન અને ફૂડ સાયન્સ અને પબ્લિક હેલ્થ ન્યુટ્રિશનમાં ડિપ્લોમા પણ કરી શકાય છે. બેચલર ડિગ્રી મેળવ્યા પછી પણ ફૂડ એન્ડ ન્યુટ્રિશન ક્ષેત્રે ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સ કરી શકાય છે.

પ્રવેશ પરીક્ષા :

ઓલ ઈન્ડિયા જોઈન્ટ એન્ટ્રેસ એકઝામ પાસ કરીને ઉમેદવાર ફૂડ ટેક્નોલૉજી અને બાયોકેમિકલ સાયન્સમાં બી.ટેક.ની ડિગ્રી મેળવી શકે છે. જ્યારે આઈઆઈટીમાં પ્રવેશ મેળવવા માટે જે.ઈ.ઈ. મેન અને જે.ઈ.ઈ. એડવાન્સ પરીક્ષા પાસ કરવી જરૂરી છે. ગેટ ફૂડ ટેક્નોલૉજી એન્ટ્રેન્સ એકઝામના માધ્યમથી આઈ.આઈ. એસ.સી. બેંગલુરુમાં એડમિશન મળી શકે છે. આ ઉપરાંત દરેક ખાનગી સંસ્થાઓ પોતાની રીતે પ્રવેશ પરીક્ષાઓનું આયોજન કરે છે.

કુશળતા :

- પ્રોફેશનલ્સ પાસે ખાદ્ય વિજ્ઞાનની પૂર્ણ જાણકારી હોવી જરૂરી છે. સાથે જ ઉત્પાદન પ્રક્રિયા સમયે તેનો અમલ કરવાની કુશળતા પણ અનિવાર્ય છે.
- બિઝનેસની સારી જાણકારીની સાથે વિશ્લેષણાત્મક અને ગણિતનું જ્ઞાન ઉપયોગી બની રહેશે.
- આ ક્ષેત્રમાં કામ કરતા પ્રોફેશનલ્સ આત્મવિશ્વાસથી ભરપૂર હોવા જોઈએ, કારણ કે આ સેકટરમાં કામ કરનારા યુવાનોનો વધારે સમય સ્વતંત્ર રીતે કામ કરવામાં જ પસાર થાય છે.
- ખાદ્યપદાર્થોનો અભ્યાસ વધારે કરવાનો હોવાથી પ્રોફેશનલ્સ પાસે કોમ્પ્યુટર સ્કિલ અને નવી તકનિક

સાથે કામ કરવાની ક્ષમતા હોવી જોઈએ.

- ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા સારી હોવી જરૂરી છે. જેના કારણે ભોજન સાથે જોડાયેલી નાની-નાની જાણકારી પત્યે સહેલાઈથી નજર રહે.
- સ્વાસ્થ્ય, સુરક્ષા અને સ્વચ્છતા વિશેની માહિતી મહત્ત્વની છે.
- પ્રોફેશનલ્સે ઉત્પાદનકર્તાઓ માટે કામ કરવાનું હોય છે. તેમની સાથે સતત સંપર્કમાં રહેવાનું હોય છે. માટે સારી રીતે વાતચીત કરવાની કુનેહ અને ટીમમાં કામ કરવાની આવડત જરૂરી છે.

જવાબદારીઓ :

- ફૂડ લેબલિંગ માટે યોગ્ય પોષણ તત્ત્વોની માહિતી આપવી.
- ખાદ્ય પદાર્થોને તાજા, સુરક્ષિત અને આકર્ષક બનાવી રાખવાની ટિપ્સ શોધવી.
- ભોજન બનાવવામાં કેટલો સમય લાગશે, પૈસાની બચત કેવી રીતે કરી શકાય તે શોધવાનું કાર્ય.
- રોજબરોજના કામમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સુરક્ષાની પરખ કરવી.
- નવી સામગ્રીનો પ્રયોગ કરવો અને નવા ખાદ્ય પદાર્થોનું નિર્માણ કરવાનું કામ.
- લેબમાં પ્રયોગ કરી, સેમ્પલ ઉત્પાદન તૈયાર કરવાનું રહે છે.
- પ્રોડકશનની પ્રક્રિયા પ્રમાણે ડિઝાઈન કરવી અને મશીનની તપાસ કરવાની જવાબદારી.
- આ પ્રોફેશનલ્સે એન્જિનિયરિંગ, પ્રોડકશન અને માર્કેટિંગના વિશેષજ્ઞોની સાથે મળીને ઉત્પાદનના નિર્માણમાં આવતી કોઈપણ સમસ્યાનું સમાધાન કરવું પડશે.
- ઘણા ફૂડ સાયન્ટિસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટમાં ક્વોલિટી કન્ટ્રોલનું કામ કરે છે. સમગ્ર નિર્માણ પ્રક્રિયાનું ધ્યાન પણ રાખવાનું કાર્ય અગત્યનું છે.
- ઉત્પાદન નિર્માણનું શિડ્યુલ બનાવવું અને સ્વચ્છતાની વ્યવસ્થા તૈયાર કરવી.
- આ પ્રોફેશનલ્સને મોટી કંપનીઓમાં સારી જોબ મળી રહે છે. સાથે જ ભારત સરકારના ખાદ્ય વિભાગમાં પણ તક ઉપલબ્ધ થાય છે.

પગાર ધોરણ :

શરૂઆતમાં પ્રોફેશનલ્સને ૨૦ થી ૨૫ હજાર રૂપિયા માસિક વેતન મળી રહે છે. ચાર-પાંચ વર્ષના અનુભવ પછી પાંચ થી છ લાખ રૂપિયાનું વાર્ષિક પેકેજ મળે છે. અનુભવમાં વધારો થવાની સાથે વાર્ષિક પેકેજમાં ૯ થી ૧૮ લાખ રૂપિયા સુધીનો વધારો થાય છે. આ ક્ષેત્રમાં આવનારા દસ વર્ષમાં સાત ટકાના આધારે નોકરીઓમાં વધારો થવાની સંભાવનાઓ છે.

ફૂડ સાયન્સ ઊભરતી કારકિર્દી છે. ઝડપથી વધી રહેલા શહેરીકરણ અને બદલાતી જીવનશૈલીના કારણે આ સેકટર નવી મંજીલ સુધી પહોંચ્યું છે. ફૂડ સાયન્સ મલ્ટિ-કન્ટ્રી વિષય છે. આ વિષયમાં આગળ વધવા માટે ખાદ્ય સામગ્રીની કેમેસ્ટ્રી અને બાયોકેમેસ્ટ્રીની જાણકારી હોવી અનિવાર્ય છે. પ્રોફેશનલ્સ તાલીમાર્થી હોય અને અનુભવી હોય તે પણ આ ક્ષેત્રમાં મહત્વનું છે. સારી સંસ્થામાંથી ડિગ્રી મેળવનારા વિદ્યાર્થીઓને સારી તક મળી રહે છે. ઉલ્લેખનીય છે કે દર વર્ષે ૧૦ થી ૧૫ ટકાના દરે આ ઈન્ડસ્ટ્રિમાં વધારો થઈ રહ્યો છે. સેકટરમાં પ્રોફેશનલ્સની ડિમાન્ડ વધુ છે, પરંતુ કામ કરનારા સારા લોકોની અછત છે. એફએમસીજી, ફાર્મા, એગ્રો, ડેરી, બેકરી અને ફૂડ પેકેજિંગ સહિત ઘણા ક્ષેત્રોમાં પ્રોફેશનલ્સને

નોકરી મળી રહે છે.

ફૂડ એન્ડ ન્યુટ્રીશન કરેલા માટે વ્યવસાયી તકો :

- લેબ કો-ઓર્ડિનેટર (શાળા)
- મદદનીશ શિક્ષક (શાળા)
- લેક્ચરર (કોલેજ)
- પ્રોફેસર (યુનિવર્સિટી)
- રિસર્ચ ઈન્ટસ્ટિટ્યૂટ - સાયન્ટિસ્ટ
- પ્રોજેક્ટ ટ્રેઈનર્સ - રિસર્સ આસિસ્ટન્ટ
- પ્રોજેક્ટ વર્કર્સ
- ન્યુટ્રિશનલ કાઉન્સેલર
- સ્પેશિયલ હેલ્થ ટ્રેઈનર (ઈન્ડસ્ટ્રી, સ્કૂલ, ચિલ્ડ્રન, પ્રેગ્નન્ટ વુમન માટે)
- રમતવીરોનાં હેલ્થ કાઉન્સેલર
- ક્વોલિટી કન્ટ્રોલ એનાલિસ્ટ
- પ્રોડકશન સુપરવાઈઝર
- રિસર્ચ એન્ડ ડવેલપમેન્ટ
- માર્કેટ સર્વેયર
- ડિપાર્ટમેન્ટ ઑફ વુમન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ
- આઈસીડીએસ પ્રોજેક્ટ ઓફિસર
- સુપ્રિન્ટેન્ડન્ટ
- હોમ ઈન્ડસ્ટ્રિ (અથાણા, પાપડ, મસાલા, નાસ્તા, સીરપ, સ્કવોશ, જામની બનાવટ વગેરેમાં)
- કેટરિંગ (રેડી ટુ યુઝ ફૂડ, લંચ પેક, પેક બ્રેકફાસ્ટ (સ્કૂલ, ઓફિસ, ઈન્ડસ્ટ્રી વગેરે માટે)
- ટ્રેઈનર (કૂકરી, હોમ સ્કેલ પ્રિઝર્વેશન)
- સર્વિસ એન્ડ ટુરિઝમ ઈન્ડસ્ટ્રિ (રિસોર્ટ, હોટેલમાં કૂક, ફૂડ એનાલિસ્ટ, કેટરિંગ એજન્ટ, બ્રેકર તરીકે)
- પ્રોડકશન ઈન્ડસ્ટ્રી (ફ્રોઝન ફૂડ, ફૂડ પ્રિઝર્વેટી, કુકીંગ, ફૂડ એનાલિસ્ટ, કવોલીટી કન્ટ્રોલર, ક્વોલિટી મેનેજર
- ફૂડ થેરપી અને ફૂડ મેનેજમેન્ટ
- બેકરી એન્ડ કન્ફેકશનરી
- ફૂડ ઈન્સ્પેકટર
- ડાયટીશન (હોસ્પિટલ, હેલ્થ ક્લબ, જીમ)
- પર્સન કાઉન્સેલિંગ સેન્ટર
- એનિમલ ન્યુટ્રીશનિસ્ટ
- કોમ્યુનિટી એજ્યુકેશન ઓફિસર
- ફૂડ ટેક્નોલૉજિસ્ટ
- હેલ્થ ઈમ્પ્રુવમેન્ટ પ્રેકટીશનર
- કૂક (હોટેલ શેફ)
- પર્સનલ ડાયેટ ટ્રેઈનર
- હેલ્થ એજ્યુકેટર
- ન્યુટ્રિશયન રાઈટર (છાપા-મેગેઝીનમાં)

સોહમ, રામેશ્વર પાર્ક-૨, ગલી નં.-૪,
બાલમુકુન્દ ફ્લેટ્સ, રૈયા રોડ, રાજકોટ.

૨૧ રમતગમત સાથે મેળવો રોજગાર - સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC)દ્વારા માન્ય સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની વર્ષ ૨૦૧૧ માં ગુજરાત સરકાર દ્વારા સ્થાપના કરવામાં આવી છે. યુનિવર્સિટી શારીરિક શિક્ષણ અને રમત ક્ષેત્રે વિવિધ સર્ટિફીકેટ, સ્નાતક, અનુસ્નાતક તેમજ સંશોધનમાં અભ્યાસક્રમો ચલાવે છે. આજના યુગમાં રમત પ્રદર્શનને સર્વોચ્ચ સ્તરે લઈ જવા માટે રમતગમત સાથે સંકળાયેલા દરેક ક્ષેત્રને પાયાથી મજબૂત અને સમ્રુધ્ધ કરવાની જરૂરીયાત છે. રમત વિજ્ઞાન અને અન્ય દરેક સંલગ્ન ક્ષેત્રો માટે વિવિધ અભ્યાસક્રમો તૈયાર કરી તથા તે ક્ષેત્રે માનવ સંસાધનનો વિકાસ કરવા શૈક્ષણિક સંસ્થાઓ અને વિશ્વવિદ્યાલયોએ ઉત્કૃષ્ટ યોગદાન આપવુ જરૂરી છે, ત્યારે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી આ તરફ પોતાનું યોગદાન આપવા માટે તત્પર છે.

રમતગમત ક્ષેત્રે યોગ્ય કુશળતા ધરાવતા માનવ સંસાધનની અછત વર્તાય રહી છે. એક તરફ શાળા અને કૉલેજોની શિક્ષણ પ્રણાલી રમતગમત ક્ષેત્રે રસ ધરાવતા યુવાનો માટે પ્રોત્સાહક બની રહી છે, તો બીજી બાજુ રમતગમત ક્ષેત્રે રસ ધરાવતા ખેલાડીઓ તૈયાર કરવા માટે વિવિધ ક્ષેત્રોમાં કુશળતા અને ઉચ્ચ જ્ઞાન ધરાવતા આકાંક્ષી યુવાનો રમતના ક્ષેત્ર તરફ રહેલી વ્યવસાયિક સંભાવનાઓથી અવગત નથી. આજના સમયમાં માત્ર

શારીરિક શિક્ષણ અને સ્વાસ્થ જ નહી પરંતુ ઉચ્ચ રમત પ્રદર્શન પ્રાપ્ત કરવા રમત ક્ષેત્રે ઉચ્ચ કક્ષાના રાહબરો, રમત મનોવૈજ્ઞાનિક, રમત જૈવયંત્રશાસ્ત્રના વિદ્વાનો, રમત ટેક્નોલૉજીના નિષ્ણાતો, રમત દેખાવ, વિશ્લેષક અને આંકડાશાસ્ત્રી, આહાર અને આરોગ્યશાસ્ત્રના વિદ્વાનોની ખાસી જરૂરિયાત જણાય રહી છે.

રમત ક્ષેત્રે વર્તમાન સમયમાં અને ભવિષ્યમાં ઊભી થનારી સંભાવનાઓ સામે માનવ સંસાધનોનું ઘડતર કરવું જરૂરી છે. રમત ક્ષેત્રે વિવિધ સંભાવનાઓને જોતા સામાન્ય રીતે નીચે જણાવેલા ક્ષેત્રોમાં માનવ સંશાધનની જરૂરીયાત રહે છે.

શારીરિક શિક્ષણ અને રમત અધ્યાપનશાસ્ત્ર :

શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં શારીરિક શિક્ષણની ખુબ જ અગત્યની તેમજ નિર્ણાયક ભૂમિકા છે. આપણી ભાવિ પેઢીને સાચી રીતે શિક્ષિત કરવા અને સ્વસ્થ અને સમૃદ્ધજીવન જીવવા માટે મદદ કરવા સામાન્ય શિક્ષણ સાથે સાથે પ્રારંભિક સ્તરથી શારીરિક શિક્ષણ આપવું અનિવાર્ય છે. શારીરિક શિક્ષણ એ એક મહત્વપૂર્ણ શૈક્ષણિક પ્રક્રિયા છે. તેનો ઉદ્દેશ શારીરિક પ્રવૃત્તિઓના માધ્યમથી માનવ કાર્યમાં સુધારો અને અસરકારક વિકાસ વૃદ્ધિ સાધવાનો છે. વ્યક્તિ જીવનના શારીરિક, ભાવનાત્મક, માનસિક અને સામાજિક પાસાંઓના વિકાસમાં તે એક મહત્વપૂર્ણ ફાળો આપનાર પરિબળ બની શકે છે. બી.પી.એડ., એમ.પી.એડ., તેમજ બી.પી. એડ. + એમ.પી.એડ. ઈન્ટીગ્રેટેડ જેવા શારીરિક શિક્ષણના કાર્યક્રમમાં શિક્ષણશાસ્ત્ર અને શારીરિક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવે છે. આજના યુગમાં રમતગમત અને ખેલકૂદે એક આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત રમતગમત અને સ્કોલરશીપને મહત્વ આપવા રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર વિવિધ કાર્યક્રમો દ્વારા તેમજ આશાસ્પદ ખેલાડીઓને વિવિધ સંસ્થાઓ તરફથી મળતા સમર્થનને પરીણામે આજે માતા-પિતા પોતાના બાળકોને નાનપણથી જ રમતનું પ્રશિક્ષણ આપવા લાગ્યા છે.

આથી દેશમાં મોટાપાયે બાળકોને પ્રશિક્ષિત કરવા માટે વધુમાં વધુ નિપુણ શિક્ષકો અને પ્રશિક્ષકોની જરૂરિયાત ઊભી થઇ રહી છે. શિક્ષણશાસ્ત્રીય સિદ્ધાંતોના આધારે અસરકારક શિક્ષણ આપી શકે તેવા શારીરિક શિક્ષણના શિક્ષકો અને રમત પ્રશિક્ષકોની આજે શાળાઓ, કૉલેજો અને યુનિવર્સિટીમાં જરૂર છે. જેના માધ્યમથી સારા વિદ્યાર્થીઓ અને ખેલાડીઓ તૈયાર કરી ઉચ્ચ રમત પ્રદર્શન મેળવી શકાય.

રમત વિજ્ઞાન :

આ ક્ષેત્રે સ્પોર્ટસ ફિજીઓલોજી, સ્પોર્ટસ બાયોમિકેનીક્સ, સ્પોર્ટસ સાયકોલોજી, સ્પોર્ટસ એન્થ્રોપોમેટ્રી, સ્પોર્ટસ ટેક્નોલૉજી, સ્પોર્ટસ પર્ફોર્મન્સ એનાલિસીસ, સ્પોર્ટસ ઇન્ફોર્મેશન ટેક્નોલૉજી તજજ્ઞ, સ્પોર્ટસ લેબોરેટરી ટેકનિશિયન, કોચિંગ માટે વિશિષ્ટ પ્રકારના સોફ્ટવેર ડેવલપર્સ વગેરે જેવા ક્ષેત્રો હજુ પણ વણ ખેડાયેલા છે.

સ્પોર્ટ્સ મેડીસીન અંગે આનુસંગિક અભ્યાસક્રમો :

સ્પોર્ટસ મેડિસીન એક્સપર્ટ, સ્પોર્ટસ ફિઝિયોથેરાપીસ્ટ, કન્ડિશનીંગ ટ્રેનર્સ, એક્સસાઇઝ થેરાપી ટેકનિશીયન જેવા ક્ષેત્રો પણ વણખેડાયેલા જણાય છે. જેમાં દેશ-વિદેશમાં અનેક શક્યતાઓ રહેલી છે, જેમાં રમતવીરો અને વિજ્ઞાનના વિદ્યાર્થીઓ આ પ્રકારના ક્ષેત્રમાં વળ્યા નથી.

સ્પોર્ટસ મેનેજમેન્ટ :

આ ક્ષેત્રેમાં મેનેજમેન્ટ ઇન સ્પોર્ટ્સ, એચ.આર. મેનેજમેન્ટ ઇન સ્પોર્ટ્સ, સ્પોર્ટ્સ ટુરીઝમ, સ્પોર્ટ્સ ઇકોનોમિક્સ એન્ડ ફાયનાન્સ મેનેજમેન્ટ, મેનેજમેન્ટ ઓફ સ્કૂલ સ્પોર્ટ્સ, મેનેજમેન્ટ ઓફ યુનિવર્સિટી સ્પોર્ટ્સ, સ્પોર્ટ્સ ગુડ્સ માર્કેટિંગ, હેલ્થ ક્લબ એન્ડ ફિટનેસ સેન્ટર મેનેજમેન્ટ, યોગ સેન્ટર મેનેજમેન્ટ, સ્પોર્ટ્સ લો, સ્પોર્ટ્સ આર્બિટ્રેશન જેવા ક્ષેત્રોમાં પણ અનેક શક્યતાઓ છે. નોકરી કરતા સ્વ-રોજગારી મેળવવાની શક્યતાઓ સૌથી વધુ જણાય છે.

સ્પોર્ટ્સ ઇન્ડસ્ટ્રીઝ :

આ ક્ષેત્રમાં મોટા પાયે રોકાણ અને માર્કેટિંગ નેટવર્કની જરૂર પડે છે. એટલું જ નહીં પરંતુ આ પ્રકારના વ્યાપાર કે ધંધાનું મોડેલ સફળ બનાવવા માટે તેમાં જે-તે રમતના ભૂતપૂર્વ ખેલાડીઓ કે નિષ્ણાંતોની સેવાઓ પણ લેવામાં આવતી હોય છે. રમતગમતને લગતા સાધન સામગ્રીના ઉત્પાદન અને વેચાણથી રોજગારીનું એક નવું ક્ષેત્ર ઉત્પન્ન થઈ રહ્યું છે સરકારના સ્ટાર્ટ અપ ઇન્ડિયા કાર્યક્રમથી ખેલકૂદ ક્ષેત્રે સાધન સામગ્રીના ઉત્પાદન ક્ષેત્રે વધુને વધુ નવી કંપનીઓ આગળ આવવાની શક્યતાઓ છે. આ ક્ષેત્રે સ્પોર્ટ્સ ગુડ્સ ઉત્પાદનમાં પણ કુશળ કારીગરોની વધુ સંખ્યાને કારણે વિદેશી ઉપકરણો પર દેશના નાણાનો વ્યય અટકાવી, મેક ઈન ઇન્ડિયા બેઇઝ સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝ વિકસાવી શકાય છે.

સ્પોર્ટ્સ કોચિંગ :

યુવાનો અને ખેલાડીઓ કે જેઓ સ્પોર્ટ્સ કોચિંગના ક્ષેત્રે રસ ધરાવતા હોય તેઓ વિવિધ રમતો માટે ટ્રેનિંગ, કન્ડિશનીંગ અને ઉચ્ચ પ્રદર્શન માટે કોચિંગ જેવા દરેક સ્તરે રાહબર તરીકેની કારકિર્દીના ક્ષેત્રેમાં રહેલી તકો મેળવી શકે છે.

સ્પોર્ટ્સ મીડિયા :

જે યુવાનોને લેખન અને વ્યાખ્યાનમાં રસ છે તેઓ માટે હવે રમતગમત અને ખેલકૂદનું નવું ક્ષેત્ર ખુલી રહ્યું છે. આગામી સમયમાં રમતગમત અને ખેલકૂદ ક્ષેત્રે લેખન અને સમીક્ષા કરી શકે તેવા લેખકોની માંગમાં વધારો થશે. ખેલો ઇન્ડિયા જેવી વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાનું આયોજન ડિજિટલ યુગમાં થઇ રહ્યું છે, તેથી તેમાં ભાગ લેનાર દરેક ખેલાડીઓની સફળતા અને સ્પોર્ટ્સ પર્ફોર્મન્સની તમામ વિગતો ડિજિટલ સ્વરૂપે સાચવવી અને તેનું વિશ્લેષણ કરવું પણ જરૂરી હોય છે, જેથી શ્રેષ્ઠ રમત દેખાવ કરનાર ખેલાડીઓના માહિતી

દેશ અને વિશ્વ સમક્ષ મૂકી શકાય.

એડવેન્ચર સ્પોર્ટ્સ :

એડવેન્ચર સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રી છેલ્લા કેટલાંક વર્ષોથી ભારતમાં ઝડપથી વિકસી રહી છે. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે એડવેન્ચર સ્પોર્ટ્સના વિવિધ ક્ષેત્રોમાં તાલીમ આપતી ઘણી સંસ્થાઓ આજે વિકસી રહી છે. શાળા, કૉલેજો તેમજ વિવિધ ક્લબોમાં એડવેન્ચર પ્રવૃત્તિઓ જેવી કે લેન્ડ એડવેન્ચર સ્પોર્ટ્સ, વોટર એડવેન્ચર સ્પોર્ટ્સ, એરો સ્પોર્ટ્સમાં અનેક વિદ્યાર્થીઓ અને યુવાનો ભાગ લેવા પ્રોત્સાહિત થયા છે. તેઓની જરૂરિયાતને ધ્યાનમાં લઇ એડવેન્ચર સ્પોર્ટ્સ ક્ષેત્રે પ્રાયોગિક જ્ઞાન તથા અનુભવ ધરાવતા નિષ્ણાંતો અને પ્રશિક્ષકોની જરૂર છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં વિવિધ એડવેન્ચર સ્પોર્ટ્સની પ્રવૃતિઓના ટૂંકાગાળાના તાલીમ કાર્યક્રમો તેમજ પી.જી. ડીપ્લોમા અભ્યાસક્રમ દ્વારા આ ક્ષેત્રે વ્યવસાયિક અને સ્વરોજગારીની તકો વિકસાવી શકાય તેમ છે.

ખેલકૂદ ક્ષેત્રે કોર્પોરેટમાં તકો :

આજે દેશમાં રમતગમત ક્ષેત્રે ક્લબ અને કલ્ચર ઝડપભેર વધી રહ્યું છે. વિવિધ રમતોમાં સક્રિય ક્લબને આર્થિક ટેકો આપવા અનેક મોટી કંપનીઓ આગળ આવી રહી છે. મોટી કંપનીઓ પોતાની બ્રાન્ડ અને માર્કેટીંગને ઉત્તેજન આપવા માટે પણ નવા ઉભરતા ખેલાડીઓને પ્રાયોજકતા આપે છે. ખેલાડીઓ દ્વારા કરાતી જાહેરાતોનો બાળકો અને યુવાનોમાં વધુ પ્રભાવ પડતો હોવાથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓના પ્રયોજન કરવામાં પણ મોટી કંપનીઓ આગળ આવતી જોવા મળી રહી છે.

સ્પોર્ટ્સ રીસર્ચ :

આજનો સમય માહિતીનો સમય છે. માહિતી વિજ્ઞાન જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં નિર્ણય અને વિકાસને પ્રભાવિત કરે છે. ખેલ જગત પણ તેનાથી અલગ નથી. આંકડાઓને આધારે પૂર્વાનુમાન અને સરખામણી વગેરે માટે ખૂબ જ સરળતા રહે છે. પ્રાપ્ત માહિતીનું જે લોકો યોગ્ય મૂલ્યાંકન અને પૃથ્થકરણ કરી શકે તેવા નિષ્ણાંતોની આ ક્ષેત્રમાં ખૂબ જ માંગ રહે છે.

ફિટનેસ કન્સલ્ટન્ટ :

આજે ખેલકૂદ અને રમતગમતમાં શારીરિક સુસજ્જતાનું મહત્વ વધી રહ્યું છે. ફિટનેસ માટે એક વિશેષ તાલીમબદ્ધ વ્યક્તિ હોવી એ હવે અનિવાર્ય બન્યું છે. ફિટનેસ કન્સલ્ટન્ટ એ એવી વ્યક્તિ છે જે ખેલાડીઓના આરોગ્ય, ફિટનેસ, પોષણ, અને ચિકિત્સા જેવા ક્ષેત્રોમાં સલાહ અને માર્ગદર્શન આપે છે. શહેરો તેમજ નાના કેન્દ્રોમાં પણ હવે ધીમે ધીમે ખાનગી જીમની સંખ્યા વધી રહી છે અને તમામ જીમમાં ફિટનેસ નિષ્ણાત કે કન્સલ્ટન્ટની જરૂરીયાત રહે છે.

અમ્પાયર કે રેફરી :

કોઈપણ રમત કે ખેલમાં અમ્પાયર અને રેફરીની જરૂર હોય છે. જુનિયરથી લઇ સિનિયર કક્ષા સુધી અને રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ માટે તે એક અનિવાર્ય અંગ છે. રમતગમત અને ખેલકૂદમાં આ એક વિશેષ યોગ્યતા ધરાવતું કાર્યક્ષેત્ર છે, જેમાં રમતગમત અને ખેલકૂદના વિકાસ માટે યોગ્યતા ધરાવતા અનુભવી અમ્પાયર કે રેફરીની દિન પ્રતિદિન માંગ વધી રહી છે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી શારીરિક શિક્ષણ અને રમતગમતનું બહોળું જ્ઞાન ધરાવતા વિદ્યાર્થીઓ, શિક્ષકો, રાહબરો, તેમજ અધ્યાપકો તૈયાર કરવા અગ્રેસર છે. યુનિવર્સિટી દ્વારા કાર્યરત વિવિધ અભ્યાસક્રમોની માહિતી નીચે મુજબ છે :

ક્રમ નં	કોર્સના નામ	લાયકાત	સમયગાળો
૧	પીએચ.ડી. ડૉક્ટર ઓફ ફિલોસોફી	માસ્ટર ડિગ્રી ઇન ફિઝિકલ એજ્યુકેશન / સ્પોર્ટસ સાયન્સ	--
૨	એમ.ફિલ. + પીએચ.ડી. (ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ)	માસ્ટર ડિગ્રી ઇન ફિઝિકલ એજ્યુકેશન / સ્પોર્ટસ સાયન્સ	--
૩	એમ.પી.એડ માસ્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન	બી.પી.એડ (એન.સી.ટી.ઈ.ના ધોરણો મુજબ)	૨ વર્ષ (૪ સેમિસ્ટર)

૪	એમ.પી.ઈ.એસ. માસ્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ	બી.પી.ઈ.એસ/ બી.પી.એડ	૨ વર્ષ (૪ સેમિસ્ટર)
૫	એમ.એ. (i) સ્પોર્ટ્સ સાયકોલોજી (ii) જર્નાલિઝમ માસ કમ્યુનિકેશન ઈન સ્પોર્ટસ માસ્ટર ઓફ આર્ટ્સ	કોઈ પણ ગ્રેજ્યુએટ	૨ વર્ષ (૪ સેમિસ્ટર)
૬	બી.પી.એડ. બેચરલ ઓફ ફિઝિકલ એજ્યુકેશન	કોઈ પણ ગ્રેજ્યુએટ (એન. સી.ટી.ઈ.ના ધોરણો મુજબ)	૨ વર્ષ (૪ સેમિસ્ટર)
૭	બી.પી.એડ. + એમ.પી.એડ (ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ) બેચરલ ઓફ ફિઝિકલ એજ્યુકેશન + માસ્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન	બી.પી.ઈ.એસ. / બી.એસસી. (ફીઝિકલ એજ્યુકેશન) (એન. સી.ટી.ઈ.ના ધોરણો મુજબ)	3 વર્ષ (6 સેમિસ્ટર)
૮	બી.બી.એ. (i) સ્પોર્ટ્સ મેનેજમેન્ટ (ii) ઈવેન્ટ મેનેજમેન્ટ વિથ સ્પેશ્યલાઈઝેશન ઈન સ્પોર્ટ્સ બેચલર ઓફ બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશન	૧૨ પાસ અથવા ૧૦+૨ સમકક્ષ	3 વર્ષ (6 સેમિસ્ટર)
૯	બી.પી.ઈ.એસ. બેચલર ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ	૧૨ પાસ અથવા ૧૦+૨ સમકક્ષ	3 વર્ષ (6 સેમિસ્ટર)
૧૦	બી.એસસી. (સ્પોર્ટસ કોચીંગ) બેચલર ઓફ સાયન્સ	૧૨ પાસ અથવા ૧૦+૨ સમકક્ષ	3 વર્ષ (6 સેમિસ્ટર)
૧૧	પી. જી. ડિપ્લોમા ઈન સ્પોર્ટ્સ કોચીંગ	કોઈ પણ ગ્રેજ્યુએટ તથા સ્પોર્ટસ પાર્ટિસીપેશન	૧ વર્ષ
૧૨	પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ● સ્પોર્ટસ મેનેજમેન્ટ ● એડવેન્ચર સ્પોર્ટસ એડમિનિસ્ટ્રેશન ● સ્પોર્ટસ જર્નાલિઝમ એન્ડ માસ મિડિયા ટેક્નોલૉજી ● ફિટનેસ મેનેજમેન્ટ	કોઈ પણ ગ્રેજ્યુએટ	૧ વર્ષ

સંપર્ક માટે :
વેબસાઈટ : https://sgsu.gujarat.gov.in
ઈ-મેલ : info.sgsu@gmail.com
ફોન નં. : 079-23288603, 079-23288604

સેકટર-૧૫, ઘ-રોડ, સરકારી કોમર્સ કોલેજ કમ્પાઉન્ડ, કોલેજની પાછળના ભાગમાં, યુથ હોસ્ટેલની સામે, ગાંધીનગર.

૨૨ ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી

- ડૉ. વસીમ ભાટ

ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા મેરીટાઈમ ક્ષેત્રે ગુજરાત તેમજ રાષ્ટ્રને કુશળ માનવ સંશાધન ઉપલબ્ધ કરાવી શકાય તે હેતુ ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટીની સ્થાપના આ દિશામાં એક વિશાળ પગલું છે. ગુજરાત સરકાર દ્વારા ગુજરાત મેરીટાઈમ બોર્ડના આર્થિક સહયોગ વડે મેરીટાઈમ ક્ષેત્રે હાલનું ઉપલબ્ધ માનવ સંશાધન, જરૂરી કૌશલ્ય વર્ધન અને ભવિષ્યમાં આ ક્ષેત્રે જરૂરી માનવ સંશાધનને ધ્યાને લઈ અને મેરીટાઈમ ઉદ્યોગની તમામ સેવાઓમાં જેવી કે કાયદાકીય, વાણિજ્યક, યાંત્રિક વગેરે જરૂરી કૌશલ્યને કેન્દ્રમાં રાખી ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટીની સ્થાપના કરવાનો વિચાર વર્ષ ૨૦૧૪માં ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી કાર્યરત કરવામાં આવેલ છે. હાલ મેરીટાઈમ યુનિવર્સિટીમાં SMLPA (સ્કૂલ ઓફ મેરીટાઈમ લૉ, પોલિસી એન્ડ એડમિનિસ્ટ્રેશન) વિભાગ અંતર્ગત વિવિધ અભ્યાસક્રમો જેવા કે એલ.એલ.એમ ઈન ઈન્ટરનેશનલ ટ્રેડ લૉ અને એલ. એલ.એમ ઈન મેરીટાઈમ લૉ તેમજ એક્ઝિક્યુટિવ ડિપ્લોમા પ્રોગ્રામ ઈન ઈન્ટરનેશનલ ટ્રેડ લૉ અને એક્ઝિક્યુટિવ ડિપ્લોમા પ્રોગ્રામ ઈન મેરીટાઈમ લૉ તેમજ પીએચ.

ડી.ના અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવ્યો છે. મેરીટાઈમ ઉદ્યોગને જરૂરિયાત મુજબના કૌશલ્યવર્ધનની જરૂરિયાતને ધ્યાનમાં લઈને ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટીએ નેધરલેન્ડ સ્થિત વિશ્વ વિખ્યાત ઈરાસ્મસ યુનિવર્સિટી, એસટીસી ઈન્ટરનેશનલ તેમજ કોપનહેગન બિઝનેશ સ્કૂલ - એક્ઝિક્યુટીવ, ડેનમાર્ક સાથે MOU દ્વારા વિદ્યાર્થીઓને વધુ સઘન માહિતી મળે તે માટે વિશિષ્ટ પ્રયાસ કર્યા છે.

ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી હાલમાં ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે હંગામી ધોરણે કાર્યરત છે. તેમજ અદ્યતન સુવિધાઓ સાથેનું પોતાનું કેમ્પસ ટૂંક સમયમાં ગીફ્ટ સીટી, ગાંધીનગર ખાતે તૈયાર કરવાનું આયોજન છે.

ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી ભારતની એવી પ્રથમ યુનિવર્સિટી છે જે મેરીટાઈમ ઉદ્યોગની સમગ્ર વેલ્યુ ચેઈન માટેના અભ્યાસક્રમનું સંચાલન કરશે. ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટીની વિશિષ્ટતા, તેની વૈશ્વિક ફેકલ્ટી અને ખાસ ઉદ્યોગલક્ષી અભ્યાસક્રમો જેવી બાબતો ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટીને ભારતની અગ્રણી મેરીટાઈમ યુનિવર્સિટી બનાવશે. શિક્ષણના તમામ પાસાને આવરી લેવા યુનિવર્સિટી દ્વારા ઉદ્યોગ જગતના વિવિધ નિષ્ણાતોને નિયમિત રીતે વ્યાખ્યાયન લેવા માટે આમંત્રણ આપવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે ઉદ્યોગનો પણ વ્યાપક અનુભવ મળી શકે.

ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી બંદરો અને શિપિંગને લગતા વિવિધ ક્ષેત્રોમાં કુશળ માનવ સંશાધન પૂરું પાડવાનું કાર્ય કરશે તેમજ તટવર્તીય વિસ્તારોમાં વસવાટ કરતા લોકોને કૌશલ્ય વર્ધનની તકો પૂરી પાડી અને રોજગારી આપવાની દિશામાં પણ કાર્ય કરશે. ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી દ્વારા હાલમાં પૂરા પાડવામાં આવતા કાયદાકીય અને વાણિજ્યક

અભ્યાસક્રમો દ્વારા ભવિષ્યમાં મેરીટાઈમ ક્ષેત્રે કાયદાકીય નિષ્ણાતો ઉપલબ્ધ થઇ શકશે. તેમજ ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી અંતર્ગત આવનાર વર્ષોમાં વિવિધ અભ્યાસક્રમો થકી રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ બંદરો અને શિપિંગને લગતા વિવિધ ક્ષેત્રો જેવા કે, શિપિંગ એન્ડ ટ્રેડિંગ ઈન્ડસ્ટ્રિઝ, સ્ટીવીડોર્સ, મેરીટાઈમ ચાર્ટર્સ, કસ્ટમ હાઉસીસ, મેનેજમેન્ટ કન્સલટન્સી ફર્મ, શિપિંગ ઓર્ગેનાઈઝેસન તેમજ ગવર્મેન્ટ / પોર્ટ ઑથોરીટીમાં કારકિર્દીને લગતી વિપુલ તકો ઉપલબ્ધ થઇ શકશે.

હાલમાં ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી અંતર્ગત ચાલતા વિવિધ અભ્યાસક્રમની વિગતો નીચે મુજબ છે :

અભ્યાસ ક્રમ	સ્પેશલાઈઝેશન	લાયકાત	સમયગાળો
એલ.એલ.એમ.	૧. મેરીટાઈમ લૉ ૨. ઈન્ટરનેશનલ ટ્રેડ લૉ	માન્ય યુનિવર્સિટીમાંથી કાયદામાં LLB/ સમકક્ષ ડિગ્રી હોવી આવશ્યક છે. જનરલ કેટેગરી- ઓછામાં ઓછા 50% માર્ક્સ અથવા સમકક્ષ CGPA SC/ST કેટેગરી- 45% માર્ક્સ અથવા સમકક્ષ CGPA	૧ વર્ષ
એક્સિક્યુટિવ ડિપ્લોમા પ્રોગ્રામ (ઈ.ડી.પી.)	૧. મેરીટાઈમ લૉ ૨. ઈન્ટરનેશનલ ટ્રેડ લૉ	માન્ય યુનિવર્સિટીમાંથી કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતકની ડિગ્રી ધરાવવી આવશ્યક છે. જનરલ કેટેગરી - ઓછામાં ઓછા 50% માર્ક્સ અથવા સમકક્ષ CGPA SC/ST કેટેગરી- 45% માર્ક્સ અથવા સમકક્ષ CGPA	૧ વર્ષ
એમ.બી.એ.	શિપિંગ એન્ડ લોજિસ્ટિક્સ	કોઈપણ વિદ્યાશાખામાં ઓછામાં ઓછા 50% ગુણ અથવા સમકક્ષ CGPA સાથે સ્નાતકની ડિગ્રી (SC/ST/SEBC/EWS કેટેગરીના ઉમેદવારોના કિસ્સામાં 45% ગુણ)	૨ વર્ષ
પીએચ.ડી.	૧. ઈન્ટરનેશનલ ટ્રેડ લૉ ૨. ઈન્ટરનેશનલ એન્વાયરમેન્ટ લૉ ૩. હ્યુમન રીસોર્સ મેનેજમેન્ટ	માસ્ટર ડિગ્રી અથવા માસ્ટર ડિગ્રીની સમકક્ષ ઘોષિત કરવામાં આવેલ પ્રોફેશનલ ડિગ્રી. ઓછામાં ઓછા 55% માર્કસ સાથે અથવા UGC 7-પોઈન્ટ સ્કેલમાં તેના સમકક્ષ ગ્રેડ 'B'.	કોર્સ વર્ક સહિત ઓછામાં ઓછો ત્રણ વર્ષનો સમયગાળો અને વધુમાં વધુ છ વર્ષ.

વધુ માહિતી માટે યુનિવસિટીની વેબસાઈટ www.gmu.edu.in જોવા વિનંતી.

કન્ટ્રોલર ઓફ એક્ઝામિનેશન
ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી.
ગાંધીનગર.

૨૩ કામધેનુ યુનિવર્સિટી : ગાંધીનગર

ડૉ. એસ. જે. વેકરિયા, ડૉ. જે. એસ. પટેલ

ગુજરાત રાજ્ય પશુપાલન અને ડેરી ક્ષેત્રમાં સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. પશુપાલન, ડેરી અને મત્સ્યવિજ્ઞાન ૨૧મી સદીમાં ઉગતા વ્યવસાય તરીકે ઉભરી રહયો છે. આપણુ રાજ્ય વિશ્વ વિખ્યાત ગીર અને કાંકરેજ ગાય, સુરતી, મહેસાણી, જાફરાબાદી અને બન્ની ભેંસો, કાઠિયાવાડી અશ્વ, કચ્છી ઊંટ જેવી પશુ ઓલાદોની માતૃભૂમિ છે. ગુજરાત રાજ્ય વિશ્વ વિખ્યાત અમુલ ડેરી જેવી બીજી ઘણી સહકારી ડેરીઓ ધરાવતુ રાજ્ય છે. ગુજરાત રાજ્ય ૧૬૦૦ કિમી લાંબો દરિયા કિનારો ધરાવે છે. દરીયાઇ ક્ષેત્રે મત્સ્ય પાલનમાં આખા રાષ્ટ્રમાં ગુજરાત મોખરાના સ્થાને છે. આંતરદેશીય મત્સ્ય ઉછેરની બાબતમાં ગુજરાત રાજ્ય પાસે મહત્તમ જળ સ્ત્રોતો નદીઓ, ડેમ, કેનાલ, ચેક ડેમ ઇત્યાદી છે. આ બાબતમાં ગુજરાત દેશમાં ૧૬માં સ્થાને છે. આથી આંતરદેશીય મત્સ્ય ઉછેર, સંશોધન, શિક્ષણ ઇત્યાદી બાબતોમાં વૈજ્ઞાનિક ઢબે પ્રયત્નો કરવા તથા પુરતા પ્રમાણમાં માનવ સંસાધનનું નિર્માણ કરવાની જરૂર છે. જેનાં સંલગ્ન પશુપાલન, ડેરી, મરઘાપાલન તથા મત્સ્યપાલન વિજ્ઞાન તથા સંલગ્ન વિજ્ઞાનોના વિકાસ ઉપર વિશેષ ધ્યાન આપવા તથા તજજ્ઞોની માંગ પૂરી કરવા રાજ્ય સરકાર દ્વારા કામધેનુ યુનિવર્સિટી અધિનિયમ ૯ / ૨૦૦૯ અન્વયે રાજ્યમાં પશુપાલન, પશુ ચિકિત્સા, ડેરી વિજ્ઞાન અને મત્સ્ય વિજ્ઞાનના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કાર્યક્રમને આગળ ધપાવવા માટે કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

વર્ષ ૨૦૦૯માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી તથા વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી દ્વારા ગુજરાત વિધાનસભામાં પશુચિકિત્સા વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવા માટે, પુરાણ કાળની સર્વે ઇચ્છાઓને પૂર્ણ કરનાર પવિત્ર ગાય, કામધેનુના નામથી ખરડો રજૂ કરવામાં આવ્યો હતો.

કામધેનુ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ (સને ૨૦૦૯નું ગુજરાત અધિનિયમ ક્રમાંક ૯) ગુજરાત વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યો તથા માન. રાજ્યપાલશ્રી દ્વારા જુલાઇ ૭, ૨૦૦૯ના રોજ સંમતિ આપવામાં આવી. કામધેનુ યુનિવર્સિટી હેઠળ ધોરણ-૧૦ પછીના અભ્યાસક્રમ માટે પોલિટેકનિકો, સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે કોલેજો તથા અનુસ્નાતક અભ્યાસક્રમ માટે અનુસ્નાતક કોલેજ સમગ્ર ગુજરાત રાજ્યના વિવિધ જીલ્લાઓમાં કાર્યરત છે તેથી ગહન વિચારણાના અંતે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યનું પશુપાલન, ડેરી અને મસ્ત્ય વિજ્ઞાનમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કામગીરીમાં નેતૃત્વ કરવા માટે કામધેનુ યુનિવર્સિટીનું વડુ મથક ગાંધીનગર ખાતે ઘોષિત કરવામાં આવેલ છે.

તાજેતરમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી, માનમંત્રીશ્રી (કૃષિ), માન. મંત્રીશ્રી, (પશુપાલન) ના દીર્ઘ દ્રષ્ટાથી રાજ્ય સરકાર દ્વારા રાજ્ય કૃષિ યુનિવર્સિટી હેઠળની તમામ વેટરનરી, ડેરી અને મત્સ્યવિજ્ઞાનની કોલેજો, પોલીતેનીકો તથા સંલગ્ન એકમો કામધેનુ યુનિવર્સિટી હેઠળ તબદીલ કરવા માટે વિધાનસભામાં ગુજરાત અધિનિયમ ૧૫/૨૦૨૦ પસાર કરીને ઐતિહાસિક નિર્ણય કરેલ છે.

મિશન :

- પશુચિકિત્સા તથા સંલગ્ન વિજ્ઞાન શાખાઓમાં અભ્યાસ તથા સંશોધનોમાં રાષ્ટ્રીય આગેવાની લેવી.
- શિક્ષણ તથા સંશોધનના ક્ષેત્રમાં ઉચ્ચ માંનાકો પ્રાપ્ત કરી શ્રેષ્ઠતમ પ્રદર્શન દ્વારા સર્વજીવોનું કલ્યાણ અર્થે કામ કરવું.
- વિદ્યાર્થીઓનું સંવેદનશીલ વ્યવસાયિકો તરીકે ઘડતર કરવું.
- વૈજ્ઞાનિક માહિતીના પ્રચાર-પ્રસાર દ્વારા પશુધન તેમજ મત્સ્યોદ્યોગની ઉત્પાદન ક્ષમતા વધારવી.

ઉદ્દેશ:

"સર્વ જીવોનું કલ્યાણ માટે સતત પ્રયત્નશીલ રહેવું"

કામધેનુ યુનિવર્સિટી જગતના સર્વ જીવોના કલ્યાણ માટે શિક્ષણ, સંશોધન તેમજ વિસ્તરણ શિક્ષણના અનેકવિધ કાર્યક્રમો દ્વારા કે જે દુધાળા પશુઓ તથા મત્સ્યપાલનને કેન્દ્રમાં રાખી તેના વિકાસ દ્વારા પશુપાલકો તથા મત્સ્યપાલકોના જીવન સ્તરને ઉંચુ લાવવા પ્રયત્નશીલ છે.

કામધેનુ યુનિવર્સિટીના બૃહદ હેતુઓ નીચે મુજબ છે.

- પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોમાં શિક્ષણ આપવા માટેની જોગવાઇ કરવી.
- પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોમાં અધ્યયન અને સંશોધનની પ્રવૃત્તિને આગળ ધપાવવી.
- પશુચિકિત્સા સંશોધનની પ્રવૃત્તિને આગળ યોગ્ય માધ્યમ દ્વારા વિસ્તરણ શિક્ષણ હાથ ધરવું.

કામધેનુ યુનિવર્સિટીએ તેના કુલાધિપતિ, કુલપતિ, નિયામક મંડળ, વિદ્યાપરિષદ, વિદ્યાશાખાઓ, બોર્ડ ઓફ સ્ટડીઝ, તથા અન્ય નિર્ણાયક સતામંડળો અને અધિકારીઓથી બનેલી છે. ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી હોદ્દાની રૂએ યુનિવર્સિટીના કુલાધિપતિ છે. હાલ કામધેનુ યુનિવર્સિટીના કુલાધિપતિશ્રી તરીકે માન. શ્રી આચાર્ય દેવવ્રતજી બિરાજમાન છે.

કુલપતિશ્રી યુનિવર્સિટીના મુખ્ય વહીવટી તથા શૈક્ષણિક અધિકારી છે. તેઓ હોદ્દાની રૂએ નિયામક મંડળ, વિદ્યા પરિષદ તથા યુનિવર્સિટીના અન્ય અધિકાર મંડળોના અધ્યક્ષ છે. હાલ કામધેનુ યુનિવર્સિટીના કુલપતિશ્રી તરીકે માન. ડૉ. એન.એચ.કેલાવાલા પદભાર વહન કરી રહ્યા છે.

- **કામધેનુ યુનિવર્સિટી હેઠળ કાર્યરત અંગભૂત / સંલગ્ન સંસ્થાઓ અને ચલાવવામાં આવતા અભ્યાસક્રમો**

ક્રમ	પોલિટેકનિક /મહાવિદ્યાલય/ઇન્સ્ટીટ્યુટનું નામ	અભ્યાસક્રમ
૧	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આણંદ	બી.વી.એસ.સી. એન્ડ એ.એચ. એમ.વી.એસ.સી પી.એચ.ડી બી.ટેક.(ડેરી ટેકનોલોજી)
	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ	
	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારી	
	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, સરદાર કૃષિનગર	
	પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, રાજપુર (નવા)	
	કોલેજ ઓફ ડેરી સાયન્સ, અમરેલી	
૨	શેઠ એમ.સી. કોલેજ ઓફ ડેરી સાયન્સ, આણંદ	બી.ટેક. (ડેરી ટેકનોલોજી) એમ.ટેક, પી.એચ.ડી
	શ્રી જી. એન. પટેલ કોલેજ ઓફ ડેરી ટેકનોલોજી, સરદાર કૃષિનગર	
૩	માનસિંહભાઇ ઈંસ્ટિટ્યૂટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી, મહેસાણા (સંલગ્ન)	બી.ટેક. (ડેરી ટેકનોલોજી)
		એમ.ટેક
		પી.એચ.ડી
૪	કોલેજ ઓફ ફિશરીઝ સાયન્સ, વેરાવળ	બી.એફ.એસ.સી એમ.એફ.એસ.સી પી.એચ.ડી
	કોલેજ ઓફ ફિશરીઝ સાયન્સ, નવસારી	બી.એફ.એસ.સી
	કોલેજ ઓફ ફિશરીઝ સાયન્સ, રાજપુર (નવા)	

૫	પશુપાલન પોલિટેકનિક, હિંમતનગર	ડિપ્લોમા ઈન એનીમલ હસબન્ડરી
	પશુપાલન પોલિટેકનિક, જૂનાગઢ	
	પશુપાલન પોલિટેકનિક, નવસારી	
	પશુપાલન પોલિટેકનિક, સરદાર કૃષિનગર	
૬	કેશવમ પોલિટેકનિક ઈન એનીમલ હસબન્ડરી, છાપી, તા.ઈડર,(સંલગ્ન)	ડિપ્લોમા ઈન એનીમલ હસબન્ડરી
	નવસર્જન પોલિટેકનિક ઈન એનીમલ હસબન્ડરી, મુ.રણછોડપુરા, તા.વીજાપુર,જિ. મહેસાણા (સંલગ્ન)	
	રિધ્ધી પોલિટેકનિક ઈન એનીમલ હસબન્ડરી, હિંમતનગર, જિ.સાબરકાંઠા (સંલગ્ન)	
	પોલિટેકનિક ઈન એનીમલ હસબન્ડરી, ખડસલી, તા.સાવરકુંડલા, જિ.અમરેલી (સંલગ્ન)	
	વ્રુંન્દાવન પોલિટેકનિક ઈન એનીમલ હસબન્ડરી, જસદણ, જિ.રાજકોટ (સંલગ્ન)	
	જી.વી.એમ.પોલિટેકનિક ઈન એનીમલ હસબન્ડરી, મુ.અણીયાદ, તા.શહેરા, જી.પંચમહાલ (સંલગ્ન)	
	નોબલ પોલિટેકનિક ઈન એનીમલ હસબન્ડરી, મું.જૂનાગઢ જિ.જૂનાગઢ (સંલગ્ન)	
	ભરતીઆ પોલિટેકનિક ઈન એનીમલ હસબન્ડરી, સુરત	
૭	પી.જી.ઈન્સ્ટિટયૂટ ઓફ વેટરનરી એજ્યુકેશન એન્ડ રીસર્ચ, રાજપુર (નવા)	એમ.વી.એસ.સી
		પી.એચ.ડી
	પી.જી.ઈન્સ્ટિટયૂટ ઓફ ફિશરીઝ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, રાજપુર (નવા)	એમ.એફ.એસ.સી
	પી.જી.ઈન્સ્ટિટયૂટ ઓફ ડેરી એજ્યુકેશન એન્ડ રીસર્ચ, અમરેલી	એમ.ટેક.
		પી.એચ.ડી

કામધેનુ યુનિવર્સિટીની પ્રવૃતિઓ.

- કામધેનુ યુનિવર્સિટીના નેજા હેઠળ અંગભૂત કોલેજ અને પોલિટેકનિક માટે રાજય સરકારની દૂરંદેશી નીતિના કારણે સૌરાષ્ટ્રના અમરેલી ખાતે અધતન કોલેજ ઓફ ડેરી સાયન્સના બિલ્ડીંગનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે અને માન. પ્રધાન મંત્રીશ્રીના વરદ હસ્તે ઉદઘાટન કરવામાં આવેલ તથા ઉત્તર ગુજરાતના હિંમતનગર ખાતે પશુ પાલન પોલિટેકનિકના બિલ્ડીંગનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે તેનું ઉદઘાટન કેન્દ્રિય કૃષિ મંત્રીશ્રીના વરદ હસ્તે કરવામાં આવેલ તેમજ આ બંન્ને જગ્યાએ વિધાર્થીઓના રહેવા માટે હોસ્ટેલની ફેસેલીટી ઉપલબ્ધ થાય તે માટે રાજય સરકાર દ્વારા હોસ્ટેલના બાંધકામ માટે અલગથી અનુદાન આપવામાં આવેલ છે જેની કાર્યવાહી પ્રગતીમાં છે. આ ઉપરાંત વેટરનરી ક્લીનિકલ કોમ્પેલક્ષ બિલ્ડીંગનું ઉદઘાટન માન. મંત્રીશ્રી પશુપાલનના વરદ હસ્તે કરવામાં આવેલ.
- પશુપાલનમાં વૈજ્ઞાનિક ઢબે પશુપાલન, ગૌશાળા વ્યવસ્થાપન જેવી પાયાની કામગીરી માટે કામધેનુ યુનિવર્સિટી હેઠળ ડિપ્લોમા ઈન એનીમલ હસ્બન્ડરી કોર્ષ શરૂ કરવામાં આવેલ છે જેમાં ચાર અંગભૂત

પોલિટેકનિક તથા આઠ સંલગ્ન પોલિટેકનિક ગુજરાત રાજ્યમાં શરૂ કરવામાં આવેલ છે.

- ડેરી ઉધોગોમાં તકનીકી માનવબળની ઘટ પૂર્ણ કરવા માટે કામધેનુ યુનિવર્સિટી હેઠળ ગુજરાત રાજ્યમાં ડેરી વિજ્ઞાનમાં સ્નાતક અભ્યાસક્રમ ચલાવવા માટે ત્રણ અંગભૂત કોલેજ અને એક સંલગ્ન કોલેજ કાર્યરત છે.
- ગુજરાત રાજયમાં પશુચિકિત્સા અને પશુપાલન વિષયમાં નિષ્ણાત માનવબળ તૈયાર કરવા માટે કામધેનુ યુનિવર્સિટી હેઠળ ગુજરાત રાજ્યમાં પશુચિકિત્સા અને પશુપાલન સ્નાતક અભ્યાસક્રમ ચલાવવા માટે ચાર અંગભૂત કોલેજ કાર્યરત છે.
- ગુજરાત રાજયમાં પશુચિકિત્સા, પશુપાલન, ડેરી વિજ્ઞાન અને મત્સ્ય વિજ્ઞાનના ઉચ્ચ અભ્યાસ માટે અનુસ્નાતક સંસ્થા જેવી કે પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટીટયુટ ફોર વેટરનરી એજ્યુકેશન એન્ડ રીસર્ચ, પોસ્ટગ્રેજ્યુએટ ઈન્સ્ટીટયુટ ફોર ફિશરીઝ એજ્યુકેશન એન્ડ રીસર્ચ અને પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટીટયુટ ફોર ડેરી એજ્યુકેશન એન્ડ રીસર્ચ અનુસ્નાતક કક્ષાના ત્રણ પોસ્ટગ્રેજ્યુએટ ઈન્સ્ટીટયુટ તથા એક સંલગ્ન અનુ સ્નાતક સેન્ટર ડેરી ફેકલ્ટી અંતર્ગત (વેટરનરી, ફિશરીઝ, ડેરી) શરૂ કરવામાં આવેલ છે.
- કામધેનુ યુનિવર્સિટી હેઠળ પશુચિકિત્સા અને પશુપાલન વિષયમાં તજજ્ઞ અને વિશિષ્ટ સંશોધન થાય અને તેનો જશ ગુજરાત રાજ્યને મળે તેવા શુભ આશયથી યુનિવર્સિટી દ્વારા ઈન સર્વિસ પીએચ.ડી.ની ઉપાધી આપવા માટે અભ્યાસક્રમ

ચલાવવામાં આવે છે સાથે સાથે ફેકલ્ટીનું પણ ડેવલપમેન્ટ થાય અને નવી ટેકનોલોજીથી અવગત થાય તેવા આશયથી યુનિવર્સિટી ખાતે કાર્યરત શૈક્ષણિક સ્ટાફને ઈન સર્વિસ પી.એચ.ડી. અભ્યાસક્રમમાં પ્રવેશ આપવામાં આવેલ છે.

- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરિયાત મોડ યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તેવા ઉમદા ઉદેશ્યથી આ યોજનાની શરૂઆત કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લાભ મળે છે.
- યુનિવર્સિટી દ્વારા સંશોધનના કાર્યક્રમ હેઠળ ગુજરાત રાજ્યમાં પશુ ચિકિત્સા અને પશુપાલન, ડેરી વિજ્ઞાન, મત્સ્યઉદ્યોગ તથા સંલગ્ન ક્ષેત્રમાં સંશોધન કરવામાં આવે છે.
- ડેરી સાયન્સ કોલેજ, અમરેલી, કામધેનુ યુનિવર્સિટી દ્વારા દૂધમાં થતી ભેળસેળનાં પરિક્ષણ માટેની તકનિક વીકસાવવામાં આવી છે. જેની પેટન્ટની પ્રક્રિયા ચાલુ છે.
- વર્ષ ૨૦૧૮-૧૯ થી નવા રાજપુરા, હિંમતનગર, પોલિટેકનીક ઈન એનીમલ હસબન્ડરી ખાતે પશુચિકિત્સા અર્થે પશુરોગ નિદાનવાન ચાલુ કરવામાં આવી. જેમાં અંદાજે ૫૦૦૦ થી વધુ પશુઓને સારવાર આપવામાં આવી.
- કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૬થી દહેગામ તાલુકાના સાણોદા ગામ ખાતે એમ્બ્યુલેટરી સેવા અંતર્ગત ૮૦૦૦ થી વધુ પશુઓને સારવાર આપવામાં આવી.
- કામધેનુ યુનિવર્સિટી દ્વારા વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમ હેઠળ ગુજરાત રાજ્યમાં પશુ ચિકિત્સા અને પશુપાલન, ડેરી વિજ્ઞાન, મત્સ્યઉદ્યોગ તથા સંલગ્ન ક્ષેત્રમાં વિસ્તરણ શિક્ષણનું કાર્ય કરવામાં આવે છે. આ ઉપરાંત સમગ્ર રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાં અંદાજે ૨૫ જેટલી મહિલા શિબિરોનું આયોજન કરવામાં આવ્યુ હતું. વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ દરમ્યાન કોરોના મહામારીમાં ૫૦ થી વધારે ઓનલાઈન શિબિરોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

- ગુજરાત રાજ્યની દેશી ગયો અને ભેંસો તેમેજ બકરાં, ઘેટાં, ઊંટ, ઘોડા તેમજ મરઘાં ની જાતોની વિશેષતાઓ, લાક્ષણીકતાઓ અને ઉપયોગીતાઓ પશુપાલકો સુધી પહોંચે તે હેતુ વિવિધ વિડિયો સીડી બનાવી પશુપાલકોને માહિતીગાર કરવામાં આવ્યા છે.
- ડીડી ગિરનાર પર "હેલ્લો કારકીર્દી" કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવે છે તેમજ આકાશવાણી અને દૂરદર્શન પર કામધેનુ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોના પ્રશ્નોના નિવારણ માટે કાર્યક્રમ આપવામાં આવે છે.
- મત્સ્ય વિભાગ દ્વારા "સેન્ટર ઓફ એક્સલન્સ ઈન એક્વાકલ્ચર" અંતર્ગત દરમ્યાન વિવિધ તાલીમનું આયોજન કરી મત્સ્યપાલકો/મત્સ્ય અધિકારીઓને તાલીમ આપવામાં આવે છે.
- યુનિવર્સિટીના વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓની પ્રતિભા ખીલવા માટે વિવિધ ઈતર પ્રવૃત્તિઓ, સ્પર્ધાત્મક કાર્યક્રમો, રમતો વિગેરે થકી વિકાસની તક પૂરી પાડવામાં આવે છે. આ કચેરીદ્વારા કૃષિ દિન, સ્વચ્છતા ઝુંબેશ, વિચારમંથન, ડી.ડી. ગીરનાર: "હેલ્લો કારકિર્દી" કાર્યક્રમ, ફૂડ ફેસ્ટીવલ, મિલ્ક ડે,રક્તદાન શિબિર, સ્વતંત્રતા દિવસ, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ વિગેરેની ઉજવણી કરવામાં આવે છે. યુનિવર્સિટી દ્વારા વાર્ષિક રમતોત્સવ "સ્પંદન" અંતર્ગત આંતર કોલેજ અને આંતર પોલીટેકનિક રમત ગમત સ્પર્ધાઓ થકી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને સાહસિકતા કેળવી સક્ષમ બનાવવા માટે આયોજન કરવામાં આવે છે. આજ પ્રકારે યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ- પોલિટેકનિક ફાઈન આર્ટ, સાંસ્કૃતિક અને સાહિત્યિક સ્પર્ધાઓ અનુક્રમે "સર્જન","સંસ્કૃતિ" અને "સંવાદ" સપર્ધાઓ યોજવામાં આવે છે. જે વિદ્યાર્થીઓમાં એકાગ્રતા, આરોગ્ય અને સહનશકિત વિકસાવવા તથા સ્પર્ધાત્મક વાતાવરણ પૂરું પાડવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ પ્રત્યેક સ્પર્ધાઓમાં પ્રતિવર્ષ અંદાજીત ૨૫૦ વિદ્યાર્થીઓ સહભાગી બને છે. ઉપરાંત વિદ્યાર્થીઓને પર્વતારોહણ જેવી સાહસિક પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષ રાષ્ટ્રીયકક્ષાએ આઈસીએઆર, નવી દિલ્હી દ્વારા પ્રાયોજિત આંતર યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલ (એગ્રીયુની ફેસ્ટ) તથા આંતર યુનિવર્સિટી રમત ગમત સ્પર્ધાઓ (એગ્રીયુની સ્પોર્ટ્સ) તથા અન્ય રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીની ટીમ મોકલવામાં આવે છે. યુવાનોમાં નેતૃત્વના ગુણો વિકસાવવા તથા ગ્રામ્ય જીવન સાથે સંવેદન શીલ માટે નિયમિત રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.)પ્રવૃત્તિઓ તમામ કોલેજ પોલિટેકનિકમાં કરાવવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓ તેમની સામાજિક જવાબદારીથી અવગત થાય અને સમાજ કલ્યાણ પ્રવૃત્તિઓ થકી ગ્રામોત્થાન કરવામાં આવે છે.

ડિરેકટરેટ ઑફ એક્ષટેન્શન એજ્યુકેશન,
કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર.

૨૪ રેલ વિશ્વવિદ્યાલય : કારકિર્દી ઘડતરનો શ્રેષ્ઠ વિકલ્પ

- પ્રશાંત ત્રિવેદી

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના યુવાપ્રિય કારકિર્દી દર્શનથી ગુજરાતમાં વડોદરા ખાતે સ્થાપિત થયેલ ભારતની પ્રથમ રેલ વિશ્વવિદ્યાલય એટલે રાષ્ટ્રીય રેલ-વે પરિવહન સંસ્થા. રેલ પરિવહન ક્ષેત્રમાં ઉપલબ્ધ ઉજ્જવળ કારકિર્દીની તકોને ધ્યાને રાખી વર્ષ-૨૦૧૮થી સંસ્થા ખાતે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે. વર્તમાન સમયમાં પરિવહન ક્ષેત્રમાં થયેલા નાવિન્યસભર બદલાવથી રોજગારીની વિશિષ્ટ તકોનું નિર્માણ થયું છે. મિત્રો, આપણે સૌ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવતા પહેલા અભ્યાસ પૂર્ણ થયા બાદ પ્રાપ્ય રોજગારી કે કારકિર્દીની વિગત મેળવી ઉપલબ્ધ તકો માટે ચિંતન કરીએ છીએ. ચાલો, રોજગાર ક્ષમ અભ્યાસક્રમની પસંદગી માટે રાષ્ટ્રીય રેલ-વે પરિવહન સંસ્થાની યાત્રા કરીએ.

સ્નાતક કક્ષાના પ્રાપ્ય અભ્યાસક્રમો :

- બી.એસસી ઈન ટ્રાન્સપોર્ટેશન ટેક્નોલૉજી (૩ વર્ષ)
- બીબીએ ઈન ટ્રાન્સપોર્ટેશન મેનેજમેન્ટ (૩ વર્ષ)
- બી.ટેક ઈન રેલ ઈન્ફ્રાસ્ટ્રકચર એન્જિનિયરિંગ (૪ વર્ષ)
- બી.ટેક ઈન રેલ સિસ્ટમ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરિંગ (૪ વર્ષ)
- બી.ટેક ઈન મિકેનિકલ એન્ડ રેલ એન્જિનિયરિંગ (૪ વર્ષ) (IRIMEE, Jamalpur Campus)

પ્રસ્તુત પૂર્ણકાલીન નિવાસી અભ્યાસક્રમો છે જેમાં બી.એસસી ઈન ટ્રાન્સપોર્ટેશન ટેક્નોલૉજી તથા બીબીએ ઈન ટ્રાન્સપોર્ટેશન મેનેજમેન્ટ અભ્યાસક્રમની અંદાજિત એકંદર કુલ પ્રવેશ ક્ષમતા ૧૨૫ વિદ્યાર્થીઓની છે. બી.ટેક ઈન રેલ ઈન્ફ્રાસ્ટ્રકચર એન્જિનિયરિંગ અને બી.ટેક ઈન રેલ સિસ્ટમ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરિંગ અભ્યાસક્રમની અંદાજિત એકંદર કુલ પ્રવેશ ક્ષમતા ૬૦ વિદ્યાર્થીઓની છે.

અનુસ્નાતક કક્ષાના પ્રાપ્ય અભ્યાસક્રમો :

- એમબીએ ઈન ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ
- એમબીએ ઈન સપ્લાય ચેઈન મેનેજમેન્ટ
- એમ.એસસી ઈન ટ્રાન્સપોર્ટ ટેક્નોલૉજી એન્ડ પૉલિસી
- એમ.એસસી ઈન ટ્રાન્સપોર્ટ ઈકોનોમિક્સ
- એમ.એસસી ઈન ટ્રાન્સપોર્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ્સ એન્ડ એનાલીટીક્સ
- એમ.એસસી ઈન રેલવે સિસ્ટમ્સ એન્જિનિયરિંગ એન્ડ ઈન્ટીગ્રેશન

પ્રસ્તુત પૂર્ણકાલીન નિવાસી અભ્યાસક્રમો છે. પ્રસ્તુત અભ્યાસક્રમની અંદાજિત એકંદર કુલ પ્રવેશ ક્ષમતા ૧૦૦ વિદ્યાર્થીઓની છે.

પ્રવેશ માપદંડ - શૈક્ષણિક યોગ્યતા :

● બી.એસસી ઈન ટ્રાન્સપોર્ટેશન ટેક્નોલૉજી :

૫૫% ગુણ સાથે વિજ્ઞાનપ્રવાહમાં એચ.એસ.સી. પરીક્ષા ગણિત વિષય સાથે ઉત્તીર્ણ હોય અને સંસ્થા દ્વારા નિયત કરવામાં આવેલા તારીખના રોજ ૨૫ વર્ષ કે તેથી ઓછી વય ધરાવતા ઉમેદવારો અરજીપાત્ર છે.

(ઓબીસી / એસસી / એસટી / અનામત કક્ષાના ઉમેદવારો માટે ૫૦% ગુણ જરૂરી છે.)

● બીબીએ ઈન ટ્રાન્સપોર્ટેશન મેનેજમેન્ટ :

૫૫% ગુણ સાથે એચ.એસ.સી. પરીક્ષા ગણિત

વિષય સાથે ઉત્તીર્ણ હોય અને સંસ્થા દ્વારા નિયત કરવામાં આવેલ તારીખના રોજ ૨૫ વર્ષ કે તેથી ઓછી વય ધરાવતા ઉમેદવારોઅરજીપાત્ર છે.

(ઓબીસી / એસસી / એસટી / અનામત કક્ષાના ઉમેદવારો માટે ૫૦% ગુણ જરૂરી છે.)

- **બી.ટેક ઈન રેલ ઈન્ફ્રાસ્ટ્રકચર એન્જિનિયરિંગ :**

૫૫% ગુણ સાથે વિજ્ઞાન પ્રવાહમાં એચ.એસ.સી. પરીક્ષા ગણિત, ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાન વિષય સાથે ઉત્તીર્ણ હોય તેમજ સબંધિત પ્રવેશ વર્ષમાં યોજાયેલી જેઈઈ (JEE) મુખ્ય પરીક્ષામાં માન્ય ગુણાંક હોવા આવશ્યક છે. સંસ્થા દ્વારા નિયત કરવામાં આવેલી તારીખના રોજ ૨૫ વર્ષ કે તેથી ઓછી વય ધરાવતા ઉમેદવારો અરજીપાત્ર છે.

- **બી.ટેક. ઈન રેલ સિસ્ટમ એન્ડ કોમ્યુનીકેશન એન્જિનિયરિંગ:**

૫૫% ગુણ સાથે વિજ્ઞાન પ્રવાહમાં એચ.એસ.સી. પરીક્ષા ગણિત, ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાન વિષય સાથે ઉત્તીર્ણહોય તેમજ સબંધિત પ્રવેશ વર્ષમાં યોજાયેલ જેઈઈ (JEE) મુખ્ય પરીક્ષામાં માન્ય ગુણાંક હોવા આવશ્યક છે. સંસ્થા દ્વારા નિયત કરવામાં આવેલી તારીખના રોજ ૨૫ વર્ષ કે તેથી ઓછી વય ધરાવતા ઉમેદવારો અરજીપાત્ર છે.

- **બી.ટેક. ઈન મિકેનિકલ એન્ડ રેલ એન્જિનિયરિંગ (IRIMEE, Jamalpur Campus):**

૫૫% ગુણ સાથે વિજ્ઞાન પ્રવાહમાં એચ.એસ.સી. પરીક્ષા ગણિત, ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાન વિષય સાથે ઉત્તીર્ણ હોય તેમજ સબંધિત પ્રવેશ વર્ષમાં યોજાયેલ જેઈઈ (JEE) મુખ્ય પરીક્ષામાં માન્ય ગુણાંક હોવા આવશ્યક છે. સંસ્થા દ્વારા નિયત કરવામાં આવેલી તારીખના રોજ ૨૫ વર્ષ કે તેથી ઓછી વય ધરાવતા ઉમેદવારો અરજીપાત્ર છે.

- **એમબીએ ઈન ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ:**

૫૫% ગુણ અથવા સમકક્ષ સીજીપીએ (CGPA)/ સીપીઆઈ (CPI) ગ્રેડ અંક સાથે માન્ય વિદ્યાશાખામાં સ્નાતકની પદવી ગણિત અથવા આંકડાશાસ્ત્ર વિષય સાથે ઉત્તીર્ણ હોય એવા ઉમેદવારો અરજીપાત્ર છે.

(ઓબીસી / એસસી / એસટી / અનામત કક્ષાના ઉમેદવારો માટે ૫૦% ગુણ જરૂરી છે.)

- **એમબીએ ઈન સપ્લાય ચેઈન મેનેજમેન્ટ:**

૫૫% ગુણ અથવા સમકક્ષ સીજીપીએ (CGPA)/ સીપીઆઈ (CPI) ગ્રેડ અંક સાથે માન્ય વિદ્યાશાખામાં સ્નાતકની પદવી ગણિત અથવા આંકડાશાસ્ત્ર વિષય સાથે ઉત્તીર્ણ ઉમેદવારો અરજીપાત્ર છે.

(ઓબીસી / એસસી / એસટી / અનામત કક્ષાના ઉમેદવારો માટે ૫૦% ગુણ જરૂરી છે.)

- **એમ.એસસી ઈન ટ્રાન્સપોર્ટ ટેક્નોલૉજી એન્ડ પોલિસી :**

૫૫% ગુણ અથવા સમકક્ષ સીજીપીએ (CGPA) / સીપીઆઈ (CPI) ગ્રેડ અંક સાથે માન્ય વિદ્યાશાખામાં સ્નાતકની પદવી ગણિત અથવા આંકડાશાસ્ત્ર વિષય સાથે ઉત્તીર્ણ ઉમેદવારો અરજીપાત્ર છે.

(ઓબીસી / એસસી / એસટી / અનામત કક્ષાના ઉમેદવારો માટે ૫૦% ગુણ જરૂરી છે.)

- **એમ.એસસી ઈન ટ્રાન્સપોર્ટ ઈકોનોમિકસ :**

૫૫% ગુણ અથવા સમકક્ષ સીજીપીએ (CGPA)/ સીપીઆઈ (CPI) ગ્રેડ અંક સાથે માન્ય વિદ્યાશાખામાં સ્નાતકની પદવી ગણિત અથવા આંકડાશાસ્ત્ર વિષય સાથે ઉત્તીર્ણ ઉમેદવારો અરજીપાત્ર છે.

(ઓબીસી / એસસી / એસટી / અનામત કક્ષાના ઉમેદવારો માટે ૫૦% ગુણ જરૂરી છે.)

- **એમ.એસસી ઈન ટ્રાન્સપોર્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ્સ એન્ડ એનાલીટીક્સ :**

૫૫% ગુણ અથવા સમકક્ષ સીજીપીએ (CGPA)/ સીપીઆઈ (CPI) ગ્રેડ અંક સાથે માન્ય વિદ્યાશાખામાં સ્નાતકની પદવી ગણિત અથવા આંકડાશાસ્ત્ર વિષય સાથે ઉત્તીર્ણ ઉમેદવારો અરજીપાત્ર છે.

(ઓબીસી / એસસી / એસટી / અનામત કક્ષાના ઉમેદવારો માટે ૫૦% ગુણ જરૂરી છે.)

- **એમ.એસસી ઈન રેલવે સિસ્ટમ્સ એન્જિનિયરિંગ એન્ડ ઈન્ટીગ્રેશન:**

૫૫% ગુણ અથવા સમકક્ષ સીજીપીએ (CGPA)/ સીપીઆઈ (CPI ગ્રેડ અંક સાથે માન્ય વિદ્યાશાખામાં સ્નાતકની પદવી ગણિત અથવા આંકડાશાસ્ત્ર વિષય સાથે ઉત્તીર્ણ ઉમેદવારો અરજીપાત્ર છે.

(ઓબીસી / એસસી / એસટી / અનામત કક્ષાના ઉમેદવારો માટે ૫૦% ગુણ જરૂરી છે.)

પ્રવેશ પ્રક્રિયા :

● નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રવેશ ઈચ્છુકોએ પ્રવેશ પરીક્ષા આપવાની રહેશે.

● પ્રવેશ પરીક્ષાની જાહેરાત, અરજીપત્રક, ફી વગેરે માટે સંસ્થાની વેબસાઈટ www.nrti.edu.inપરથી માહિતી પ્રાપ્ત થશે.

● સંસ્થા ખાતેના પ્રાપ્ય અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ પ્રવેશ પરીક્ષા માટે સંસ્થાની વેબસાઈટ www.nrti.edu.inપરથી નિયત ફી તેમજ સાધનિક દસ્તાવેજ સાથે અરજી કરવાની રહેશે.

● બીબીએ અને બી.એસસી અભ્યાસક્રમ તેમજ અનુસ્નાતક કક્ષાના એમબીએ અને એમ.એસસી અભ્યાસક્રમ માટે NRTI UG / PG પ્રવેશ પરીક્ષામાં સમાવિષ્ટ કસોટીઓમાં મેળવેલ એકંદર ગુણાંકનાં આધારે આખરી પસંદગી હાથ ધરવામાં આવે છે.

● બી.ટેક. અભ્યાસક્રમમાં પ્રવેશ જેઈઈ (JEE) ની મુખ્ય પરીક્ષાના ગુણાંક આધારિત રહેશે.

પ્રવેશ પરીક્ષાની વિગત-

NRTI UG TEST માળખું :

પ્રશ્નપત્રનું સ્વરૂપ	પ્રશ્નોની સંખ્યા	પરીક્ષાનો સમય	ગુણ
પ્રશ્નપત્ર હેતુલક્ષી (MCQs) પ્રકારનું રહેશે	કુલ પ્રશ્નોની સંખ્યા - ૧૦૦	૯૦ મિનિટ	૧૦૦ ગુણ
(૧) અંગ્રેજી પ્રોફિસિયન્સી	૨૫		
(૨) રિઝનીંગ અને જનરલ ઈન્ટેલીજન્સ	૩૦		
(૩) કવાન્ટીટેટીવ અને ન્યુમેરીકલ એબિલિટી	૨૫		
(૪) જનરલ અવેરનેસ	૨૦		

NRTI PG TEST માળખું :

પ્રશ્નપત્રનું સ્વરૂપ	પ્રશ્નોની સંખ્યા	પરીક્ષાનો સમય	ગુણ
પ્રશ્નપત્ર હેતુલક્ષી (MCQs) પ્રકારનું રહેશે	કુલ પ્રશ્નોની સંખ્યા - ૧૦૦	૯૦ મિનિટ	૧૦૦ ગુણ
(૧) ભાષા સમજ/સૂઝ	૨૦		
(૨) ઈન્ટેલીજન્સ અને ક્રિટીકલ રીઝનીંગ	૨૦		
(૩) ગાણિતિક કૌશલ્ય	૨૦		
(૪) ભારતીય અને વૈશ્વિક પર્યાવરણ	૨૦		
(૫) ડેટા એનાલીસીસ અને સફિસિયન્સી	૨૦		

- અંગ્રેજી માધ્યમમાં કોમ્પ્યુટર બેઈઝ્ડ(CBRT) પરીક્ષા લેવામાં આવશે.
- દરેક સાચા જવાબ માટે ૧ ગુણ મળવાપાત્ર છે તેમજ ખોટા જવાબ માટે ૦.૨૫ ગુણ કપાત થશે.
- પ્રશ્નપત્રમાં સમાવિષ્ટ વિષયવસ્તુની વિસ્તૃત વિગત સંસ્થાની વેબસાઈટ પરથી મેળવી શકાશે.
- NRTI UG / PG પ્રવેશ પરીક્ષાના પ્રારૂપ અનુસાર મહાવરા માટેની મોક ટેસ્ટ માટેની વેબલીંક:

1. UG Mock link - (https://g21.digialm.com/OnlineAssessment/index.html?2033@@M1)
2. PG Mock link -(https://g21.digialm.com:443//OnlineAssessment/index.html?2033@@M2)

વાર્ષિક અભ્યાસ ફી :

● વાર્ષિક અભ્યાસ ફીનું માળખું જે તે પ્રવેશ સમયે પ્રવર્તમાન દરો મુજબ નિર્ધારિત કરવામાં આવે છે. ગત વર્ષ : ૨૦૨૧-૨૨ અંતર્ગત -

(૧) બી.એસસી ઇન ટ્રાન્સપોર્ટેશન ટેક્નોલૉજી અને બીબીએ ઇન ટ્રાન્સપોર્ટેશન મેનેજમેન્ટ અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને અભ્યાસ ફી પેટે અંદાજીત રૂ. ૧,૮૨,૭૭૦/- નિર્ધારિત થયા હતા જેમાં ટ્યુશન ફી, હોસ્ટેલ ચાર્જ, મેસચાર્જ વગેરેનો સમાવેશ થાય છે.

(૨) સ્નાતક કક્ષાના બી.ટેક. અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને અભ્યાસ ફી પેટે અંદાજીત રૂ. ૨,૩૧,૦૦૦/- નિર્ધારિત થયેલ જેમાં ટ્યુશન ફી, હોસ્ટેલ ચાર્જ, મેસચાર્જ વગેરેનો સમાવેશ થાય છે.

ANNTUAL FEES FOR BBA AND B.Sc. PROGRAMMES

Sr. No.	AnnuaI Fee Structure	2021-22 New Batch - First Year (INR)
1	Tuition fee	84,270
2	Caution Deposit (Refundable)	5,000
3	Admission Fee (One-Time)	l,500
4	Registration Fee	1,000
5	Campus Facillities Charge	5,000
6	Hostel Charges[1]	36,000
7	Mess Advance[2]	50,000
	Total Annual Fee[3] (inclusive of GST where applicable)	1,82,770

ANNTUAL FEES FOR B.TECH. PROGRAMMES

Sr. No.	AnnuaI Fee Structure	2021-22 New Batch - First Year (INR)
1	Tuition fee	1,32,500
2	Caution Deposit (Refundable)	5,000
3	Admission Fee (One-Time)	l,500
4	Registration Fee	1,000
5	Campus Facillities Charge	5,000
6	Hostel Charges[1]	36,000
7	Mess Advance[2]	50,000
	Total Annual Fee[3] (inclusive of GST where applicable)	2,31,000

1. Hostel and Mess is compulsory for students as the Undergraduate programme is fully residential
2. Mess fees will be on actuals
3. Fees are subject to an annual increase of up to 10%

Note:

1. Additionally students may be required to pay Rs 500 per year towards Student Benevolent Fund and bear premium

for Student Medical Insurance at actuals.

(૩) અનુસ્નાતક કક્ષાના એમબીએ અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને અભ્યાસ ફી પેટે અંદાજીત રૂ. ૨,૯૦,૦૦૦/- નિર્ધારિત થયેલ જેમાં ટ્યુશન ફી, હોસ્ટેલ ચાર્જ, મેસચાર્જ વગેરેનો સમાવેશ થાય છે

(૪) અનુસ્નાતક કક્ષાના એમ.એસસી અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને અભ્યાસ ફી પેટે અંદાજીત રૂ. ૨,૩૭,૦૦૦/- નિર્ધારિત થયેલ જેમાં ટ્યુશન ફી, હોસ્ટેલ ચાર્જ, મેસચાર્જ વગેરેનો સમાવેશ થાય છે.

ANNTUAL FEES FOR MBA PROGRAMMES

Sr. No.	AnnuaI Fee Structure	2021-22 New Batch - First Year (INR)
1	Tuition fee	1,85,500
2	Caution Deposit (Refundable)	5,000
3	Admission Fee (One-Time)	l,500
4	Registration Fee	1,000
5	Campus Facillities Charge	5,000
6	Study Materials/Case Study Charges	6,000
6	Hostel Charges[1]	36,000
7	Mess Advance[2]	50,000
Total Annual Fee[3] (inclusive of GST where applicable)		2,90,000

ANNTUAL FEES FOR M.Sc. PROGRAMMES

Sr. No.	AnnuaI Fee Structure	2021-22 New Batch - First Year (INR)
1	Tuition fee	1,32,500
2	Caution Deposit (Refundable)	5,000
3	Admission Fee (One-Time)	l,500
4	Registration Fee	1,000
5	Campus Facillities Charge	5,000
6	Study Materials/Case Study Charges	6,000
6	Hostel Charges[1]	36,000
7	Mess Advance[2]	50,000
Total Annual Fee[3] (inclusive of GST where applicable)		2,37,000

1. Hostel and Mess is is optional for postgraduate students
2. Mess fees will be on actuals
3. Fees are subject to an annual increase of up to 10%
4. For M.Sc. in Railway Systems

Engineering and Integration (International degree programme with University of Birmingham, UK), annual tuition fee in the first year (to study in India) would be Rs 1,32,500 and in the second year (tostudy in UK) would be £ 18,625 (as per the prevailing fees at UoB). Travel and Living expenses are not included in the fee. (1) Hostel and Mess is optional for postgraduate students (2) Mess fees will be on actuals (3) Fees are subject to an annual increase of up to 10%

Note:

1. Additionally students may be required to pay Rs. 500 per year towards Student Benevolent Fund and bear premium for Student Medical Insurance at actuals.
2. Fees for PG Diploma programmes will be published on the NRTI website (nrti.edu.in) in due course.

- આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ તેમજ કન્યાઓને સંસ્થાના નિયમોનુસાર ફીની રકમમાં છૂટછાટ મળવાપાત્ર છે
- મિત્રો, સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ સંપૂર્ણપણે નિવાસી હોઈ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ ફરજીયાતપણે સંસ્થા દ્વારા નિયત થયેલ હોસ્ટેલ પર જ નિવાસ કરવાનો રહે છે.

વિશેષ:

- સંસ્થામાં પ્રાપ્ય શૈક્ષણિક અભ્યાસક્રમો અંતર્ગત વિભિન્ન કક્ષાઓમાં સંસ્થાનું આદાન પ્રદાન યુ.એસ.એ અને રશિયાના પ્રતિષ્ઠિત વિશ્વવિદ્યાલયો/ સંસ્થાઓ સાથે થયું છે.
- સંસ્થા ખાતે અભ્યાસની સાથે સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની અભિરૂચી વધે તે માટે સ્પોર્ટ્સ ક્લબ, ક્વિઝ ક્લબ, થિયેટર ક્લબ વિગેરે પ્રકલ્પ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે.
- વર્તમાન સમયમાં રોજગારીનાં ક્ષેત્રોની માંગના પરીપેક્ષ્યમાં અભ્યાસ પૂર્ણ કરેલ તમામ વિદ્યાર્થીઓને પરિવહન ક્ષેત્રમાં રોજગારીની ઉમદા તકો પ્રાપ્ય થશે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે દર્શાવેલ સરનામા પર સંપર્ક કરી શકો છો.

NATIONAL RAIL AND TRASPORTATION INSTITUTE
(DEEMED TO BE UNIVERSITY)
NATIONAL ACADEMY OF INDIAN RAILWAYS (NAIR) CAMPUS, LAL BAUG, VADODARA-360004, GUJARAT, INDIA
Admissions helpline Nos : 9313921040, 9313921041, 9313921042
E-MAIL: info@nrti.edu.in
TELE NO : +91 265 2648305

જિલ્લા રોજગાર અધિકારી બોટાદ અને
સંશોધક આઈ.ટી.આઈ., ગાંધીનગર
માર્ગદર્શક : ડૉ. શિતલ હેલૈયા,
આસિ. પ્રોફેસર, આઈ.ટી.આઈ., ગાંધીનગર

૨૫ દેશની વિશિષ્ટ યુનિવર્સિટીઓ પૈકીની એક યુનિવર્સિટી એટલે આઇ.આઇ.ટી.ઇ. : ગાંધીનગર

- હર્ષદ પટેલ

ધોરણ 12 પછી ગ્રેજ્યુએશન સાથે બી.એડ. કરી શિક્ષક બનવાની ઉત્તમ તક આપતી દેશની એકમાત્ર યુનિવર્સિટી એટલે આઈ.આઈ.ટી.ઈ.

જે રીતે ઉદ્યોગપતિ દેશના અર્થતંત્રને પ્રભાવિત કરે છે તે જ રીતે શિક્ષક દેશની ભાવિ પેઢીઓને પ્રભાવિત કરે છે અને આથી જ કોઈપણ દેશમાં શિક્ષકોનું ઘડતર ઉતમકક્ષાનું હોવું ખૂબ જ અનિવાર્ય છે. આપણા દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની આ દીર્ઘદ્રષ્ટીને શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાએ હંમેશા સર્વોચ્ચ સ્થાને રાખી રહી છે. આઈ.આઈ.ટી.ઈ.,ગાંધીનગરની સ્થાપના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વિચારબીજ સાથે કરવામાં આવી છે. જે આજે 11મા વર્ષે ઉતમ શિક્ષકોના ઘડતરની નેમ સાથે આગળ વધી રહી છે.

ભાવિ શિક્ષકોના શ્રેષ્ઠ ઘડતરનો દ્રઢ સંકલ્પ જેના પાયામાં રહેલો છે તેવી આઈ.આઈ.ટી.ઈ.,ગાંધીનગર કટીબધ્ધતા સાથે આગળ વધી રહી છે. આઈ.આઈ. ટી.ઈ. માત્ર શ્રેષ્ઠ શિક્ષકોના ઘડવૈયા તરીકે જ નહિ પરંતુ, શિક્ષણ પ્રશિક્ષણ ક્ષેત્રે વૈશ્વિક દ્રષ્ટિકોણ સાથે મૂલ્ય વર્ધિત શિક્ષણ અને ઈન્ટર ડિસીપ્લીનરીનો અભિગમ પણ સાધી રહી છે.

શિક્ષકોનું ઘડતર કરતી આઈ.આઈ.ટી.ઈ. દેશની વિશિષ્ટ યુનિવર્સિટીઓ પૈકીની એક છે. નવી શિક્ષણ નીતિ 2020માં જે ઈન્ટીગ્રેટેડ કોર્સની વાત કરવામાં આવી છે એ પ્રકારના શિક્ષક બનવા માટેનો ઈન્ટીગ્રેટેડ કોર્સ આઈ.આઈ.ટી.ઈ. દ્વારા વર્ષ ૨૦૧૧થી જ અમલમાં કરેલ છે.

સામાન્ય રીતે ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યા બાદ બી.એડનો અભ્યાસક્રમ બે વર્ષનો હોય છે. જેમાં પાંચ વર્ષ બાદ ડિગ્રી મેળવી શકાય છે. પરંતુ, આઈ.આઈ.ટી.ઈ.માં ધોરણ 12 પછી બી.એડ.ના ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ દ્વારા ચાર વર્ષમાં ગ્રેજ્યુએશન સાથે બી.એડ.ની ડિગ્રી પ્રાપ્ત થાય છે. જેથી વિદ્યાર્થીઓનું એક વર્ષ બચે છે. આ જ પ્રમાણે બી.એડ., એમ.એડ., એમ.એ.એમ.એડ. અને એમ.એસ. સી.એમ.એડ.ના ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમમાં પણ થાય છે. જેમાં ત્રણ વર્ષમાં બે ડિગ્રી મેળવી શકાય છે.

આઈ.આઈ.ટી.ઈ.માં પ્રવેશ મેળવવા માટે ધોરણ 12માં સામાન્ય પ્રવાહ અથવા વિજ્ઞાન પ્રવાહ સાથે 50 ટકા ગુણ પ્રાપ્ત થયા હોય તેમના માટે I3T પ્રવેશ પ્રક્રિયા યોજવામાં આવે છે તથા I3T પ્રવેશ પરીક્ષામાં 50 ટકા મેળવેલ હોય તેઓને મેરીટ મુજબ પ્રવેશ આપવામાં આવે છે. આ પ્રવેશ પરીક્ષાની જાહેરાત અંદાજીત એપ્રિલ માસમાં કરવામાં આવે છે. જ્યારે, શૈક્ષણિક સત્ર જૂન માસમાં શરૂ કરવામાં આવે છે. જેની તમામ માહિતી વેબસાઈટ પર ઉપલબ્ધ હોય છે.

શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાન દ્વારા બી.એ.બી.એડ તથા બી.એસ.સી. બી.એડ.ના ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ લેવલે એમ.એડ. તથા ઈન્ટીગ્રેટેડ બીએડ. એમ.એડ. અને એમ.એ./એમ.એસ.સી.-એમ.એડ.ના અભ્યાસક્રમ ચલાવવામાં આવી રહ્યા છે. અહિં ધોરણ-12 પછી શિક્ષક બનવા માટે ચાર વર્ષનો ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. તો કૉલેજ કક્ષાએ અધ્યાપક બનવા માટે એમ.એડ. તથા બી.એડ.-એમ. એડ(ઈન્ટીગ્રેટેડ)નો અભ્યાસક્રમ પણ ચલાવવામાં આવી

રહ્યો છે. આઇ.આઇ. ટી.ઇ.,ગાંધીનગર સાથે સંલગ્ન રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ 59 બી.એડ.કૉલેજો પણ યુનિવર્સિટીના પથ પર ચાલીને કુશળ શિક્ષકોના ઘડતરક્ષેત્રે કાર્ય કરી રહી છે.

અભ્યાસક્રમ અંગેની માહીતીઃ

ધોરણ-12 પછીના સ્નાતક કક્ષાના ઇન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ

કોર્સ	વિષય	સમયગાળો
બી.એસ.સી. -બી.એડ.	ગણિત, ફીઝીક્સ, કેમેસ્ટ્રી, બૉટની	4 વર્ષ
બી.એ.-બી.એડ.	ઈંગ્લીશ, ગુજરાતી	4 વર્ષ
બી.એસ.સી./બી.એ.-બી.એડ. (સ્પેશિયલ એજ્યુકેશન)	ગણિત, ફિઝિક્સ કેમેસ્ટ્રી, બોટની, ઈંગ્લીશ, ગુજરાતી	4 વર્ષ

અનુસ્નાતક કક્ષાના ઇન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ

કોર્સ	વિષય	સમયગાળો
એમ.એડ.	એજ્યુકેશન	2 વર્ષ
બી.એડ.- એમ.એડ.	ગણિત, વિજ્ઞાન	3 વર્ષ
એમ.એસસી./એમ.એ. એમ.એડ. (ઇન્ટીગ્રેટેડ ઇનોવેટીવ પ્રોગ્રામ)	ગણિત, ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બૉટની, ગુજરાતી ઈંગ્લીશ	3 વર્ષ

રિસર્ચ પ્રોગ્રામ

કોર્સ	વિષય	સમયગાળો
પીએચ. ડી.	એજ્યુકેશ	3/4 વર્ષ

આઇ.આઇ.ટી.ઇ.ના વિદ્યાર્થીઓ, શાળાના વિદ્યાર્થીઓ, પ્રશિક્ષકોને તાલીમ પૂરી પાડનારા લોકોના કૌશલ્ય વર્ધન માટે પણ કટીબદ્ધ છે. યુનિવર્સિટીના સેન્ટર ઓફ ટ્રેનિંગ વિભાગ દ્વારા શારિરીક માનસિક વિકાસ સાથે કલા કારીગરી થકી રોજગારી સર્જન થઈ શકે તે માટે લગભગ 24 જેટલા કૌશલ્યવર્ધન કોર્સ ચલાવવામાં આવી રહ્યા છે.

આઇ.આઇ.ટી.ઇ. સામાન્ય બાળકોને શિક્ષણ આપનારા શિક્ષકો જ નહી પરંતુ, પ્રજ્ઞાચક્ષુ અને બૌધ્ધિક અક્ષમતા ધરાવતા બાળકોના શિક્ષકોને તાલીમબધ્ધ કરવા એ પણ તેની નૈતિક ફરજ સમજે છે. જેથી સમાજના તમામ વર્ગને શિક્ષણ પ્રક્રિયામાં જોડીને સર્વ સમાવેશક શિક્ષણનો હેતુ ચરિતાર્થ કરવા યુનિવર્સિટીનો સેન્ટર ઓફ સ્પેશ્યિલ એજ્યુકેશન વિભાગ પણ વર્ષ 2019થી કાર્યરત છે. તો શિક્ષણ પ્રશિક્ષણ ક્ષેત્રે બહુ આયામી વિષયો પર સંશોધન કાર્યને ઉત્તેજન આપીને આઇ.આઇ.ટી.ઇ.ના સેન્ટર ઓફ રિસર્ચ વિભાગ શિક્ષણની નવી દિશાઓ શોધવા પર કાર્યરત છે. આઇ.આઇ.ટી.ઇ. માત્ર ભાવિ શિક્ષકોને શિક્ષણ આપીને જ નહી પરંતુ, તેમના માટે પ્લેસમેન્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષા સુધીના રોજગારીના દ્વાર પણ ખોલી આપે છે.

Indian Institute of Teacher Education (IITE)

ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થા

રામકૃષ્ણ પરમહંસ વિદ્યાસંકુલ, મહાત્મા મંદિર પાસે, ખ રોડ, સેક્ટર -15, ગાંધીનગર-382016, ગુજરાત

ફોન નં-(79) 23287338, 23243733-34Email:-contact@iite.ac.in Web.www.iite..ac.in

ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થા,
રામકૃષ્ણ પરમહંસ વિદ્યાસંકુલ, મહાત્મા મંદિર પાસે,
ખ-રોડ, સેકટર-૧૫, ગાંધીનગર-૩૯૨૦૧૬

૨૬ પ્રિન્ટિંગ ટેક્નોલોજી ક્ષેત્રે સ્વરોજગારની વિસ્તરતી ક્ષિતિજો

- વિનિતા પટેલ

''કલ્પના, કલા અને ટેક્નોલૉજીનો સુભગ સમન્વય એટલે પ્રિન્ટિંગ ટેક્નોલૉજી, આ ટેક્નોલૉજી માનવ સંસ્કૃતિના સફળ ઉત્થાન સાથે જોડાયેલું એક અભિન્ન અંગ છે.

પ્રિન્ટિંગ ટેક્નોલૉજી સૌથી વધુ વિકસતા ઉદ્યોગ ક્ષેત્રોમાંનું એક છે. પ્રિન્ટ કોમ્યુનિકેશન એ સામૂહિક સંદેશાવ્યવહારનું સૌથી મજબૂત અને શક્તિશાળી માધ્યમ છે. જ્યારે લોકો પ્રિન્ટિંગ ઉત્પાદનો વિશે વિચારે છે ત્યારે સૌ પ્રથમ વિચાર પુસ્તકો, અખબારો અને સામયિકોનો આવે છે. દરેક વ્યક્તિ આવા ઉત્પાદનોથી પરિચિત છે.

પ્રિન્ટિંગ ટેક્નોલૉજીના વિદ્યાર્થીઓ માટે સફળ કેરિયરની ઉત્તમ તકો ધરાવતા આ વિશાળ ક્ષેત્રમાં વિવિધ પેટા ક્ષેત્રો પણ છે. (૧) પ્રિ-પ્રેસ (૨) પ્રિન્ટિંગ (૩) પોસ્ટ પ્રેસ આ દરેક પેટા ક્ષેત્ર વિવિધ શાખાઓ ધરાવે છે.

(૧) પ્રિ-પ્રેસ ક્ષેત્ર - ગ્રાફિક ડિઝાઈનિંગ, પ્રોડક્ટ ફોટોગ્રાફી, ડેસ્ક-ટોપ-પબ્લિશિંગ (DTP), કોપી રાઈટીંગ, પ્લેટ પ્રોસેસિંગ, કલર મેનેજમેન્ટ, ઇ-પબ્લિસિંગ, એડવર્ટાઈઝમેન્ટ એજન્સી વગેરે શાખાઓ.

(૨) પ્રિન્ટિંગ ક્ષેત્ર - શીટ-ફેડ તથા વેબ ઓફસેટ પ્રિન્ટિંગ, ફલેક્સો ગ્રાફિક પ્રિન્ટિંગ, ગ્રેવ્યોર પ્રિન્ટિંગ, સ્ક્રિન પ્રિન્ટિંગ, ડિજિટલ પ્રિન્ટિંગ, થ્રી-ડી પ્રિન્ટિંગ,



સિક્યોરિટી પ્રિન્ટિંગ, હોલોગ્રાફિક પ્રિન્ટિંગ, થર્મલ પ્રિન્ટિંગ વગેરે શાખાઓ.

(૩) પેકેજિંગ ક્ષેત્ર - કાર્ટન પેકેજિંગ, બોક્સ પેકેજિંગ, ફલેક્સિબલ પેકેજિંગ, ટીન અને ટ્યુબ પેકેજિંગ, લેબલ પ્રોડક્ટ, બારકોડીંગ વગેરે.

(૪) પોસ્ટ પ્રેસ ક્ષેત્ર - બુક બાઈન્ડિંગ, વિવિધ પ્રકારના લેમિનેશન તથા વિવિધ ફિનિસિંગ પ્રક્રિયાઓ જેવી શાખાઓ.

આમ પ્રિન્ટિંગ ટેક્નોલૉજીનું વિશાળ ક્ષેત્ર અને તેના પેટા ક્ષેત્ર કેરિયર માટે અનેક તકો પૂરી પાડે છે.

ન્યૂઝ પેપર ઓર્ગેનાઈઝેશન, કેન્દ્ર અને રાજ્ય સરકાર હેઠળના પ્રિન્ટિંગ પ્રેસ અને પ્રકાશન ગૃહો, ઓફસેટ, ફલેક્સો, ગ્રેવ્યોર, સ્ક્રિન પ્રિન્ટિંગ કરતા કોમર્શિયલ પ્રિન્ટિંગ પ્રેસ, પેકેજિંગ યુનિટ્સ, બેંકનોટ પ્રેસ અને અન્ય સિક્યુરિટી પ્રિન્ટિંગ યુનિટ્સ, પ્રિન્ટિંગ મશીન મેન્યુફેકચરર્સ, એડવર્ટાઈઝિંગ એજન્સીઝ, ઈન્ક અને પેપર મેન્યુફેકચરર્સ જેવા નાના તથા મોટા યુનિટ્સમાં વિપુલપ્રમાણમાં તકો ઉપલબ્ધ છે.

પ્રિન્ટિંગ ટેક્નોલૉજીના અનેક પેટા ક્ષેત્રોમાં સ્વરોજગાર દ્વારા ઉદ્યોગ સાહસિક (આંત્રપ્રિન્યોર) બનવાની અનેક તકો ઉપલબ્ધ છે. થર્મલ ટ્રાન્સફર પ્રિન્ટિંગ દ્વારા સ્મોલ સ્કીલ ઉદ્યોગ સ્થાપી શકાય છે. જેમ કે કોફી મગ ઉપર પર્સનલાઈઝડ પ્રિન્ટિંગ, જુદા જુદા ગિફ્ટ આર્ટીકલ્સ પર પર્સનલાઈઝડ પ્રિન્ટિંગ કરી શકાય છે. સ્ક્રિન પ્રિન્ટિંગ ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને સ્વરોજગાર માટે વિઝીટીંગ કાર્ડ, હોટલ મેન્યુ, કંકોત્રી, લેટર-પેડ, બિલબુક, ઈન્વીટેશન કાર્ડ વગેરે નાના પાયા પર સ્થાપી પ્રિન્ટ કરી શકાય છે. વિશાલ પ્રિન્ટિંગ / પેકેજિંગ હાઉસિસમાં સ્કીલ અને મેનેજરિયલ નોલેજના આધારે પેટા કોન્ટ્રાક્ટ લઈ ઉદ્યોગ સાહસિક (આંત્રપ્રિન્યોર) બનવાની પણ તકો ઉપલબ્ધ છે. પ્રિન્ટિંગના દરેક ક્ષેત્રોમાં ઈનોવેટિવ આઈડિયાના પ્રયોગ દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ

ઈનોવેશન પોલીસી (SSIP) કે જે એક સરકારી યોજના છે. જેનો લાભ લઈને પ્રિન્ટિંગના વિદ્યાર્થીઓ પોતાના માટે સ્વરોજગારીની તકો ઊભી કરી શકે છે અને સફળ આંત્રપ્રિનિયોર બની શકે છે.

સમગ્ર પ્રિન્ટિંગ ઉદ્યોગ, કોમ્પ્યુટર અને ઓટોમેશન સાથે જોડાઈ રહ્યો હોવાથી સંપૂર્ણપણે ટેકનિકલ હોવા છતાં વ્હાઈટ કોલર જોબનો અહેસાસ મળે છે. પ્રિન્ટિંગ ટેક્નોલૉજીનું ક્ષેત્ર પૂર્ણપણે ક્વોલિટી બેઝડ છે. તેના દરેક ક્ષેત્ર, પેટા ક્ષેત્રમાં ક્વોલિટી કંટ્રોલનું મહત્વ ઝડપથી ઊંચા લેવલે વધી રહ્યું હોઈ તેમાં જોડાનાર દરેક વ્યક્તિ માટે પ્રિન્ટિંગ ટેક્નોલૉજીનું શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ અતિ આવશ્યક બની રહ્યું છે.

ભારતમાં પ્રિન્ટિંગ ટેક્નોલૉજીના શિક્ષણ માટેના વિવિધ અભ્યાસક્રમો

Sr. No.	Courses	Duration	Admission Criteria
1.	Diploma in Printing Technology	3 Yers	Std. 10th Pass or Std. 12th Pass
2	B.E./B.Tech. in printing Technology	4 Yers Std.	12th pass with Physics/Math /Chemistry or Diploma Printing holders can get admission in 2nd year directly.
3.	M. E./M.Tech in Printing Technology	2 year	B.E./B. Tech. in Printing Technology
4.	Ph.D. in Printing Technology	2.5 Years	As per the ordinance of the Universities.

ડિપ્લોમા ઈન પ્રિન્ટિંગ ટેક્નોલોજી શિક્ષણ આપતી કેટલીક સંસ્થાઓ -

૧. આર.સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ, ગુજરાત (AICTE)

૨. ગવર્નમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્રિન્ટિંગ ટેક્નોલૉજી, મુંબઈ, મહારાષ્ટ્ર

૩. ડો. ટી. એમ. એ. પાઈ પોલિટેકનિક, મનિપાલ, કર્ણાટક

૪. ઈન્સ્ટિટ્યૂટ ઑફ પ્રિન્ટિંગ ટેક્નોલૉજી, શિવાકાશી, તામિલનાડુ

૫. ગવર્નમેન્ટ પોલિટેકનિકલ કૉલેજ, અજમેર, રાજસ્થાન

B.E./B. Tech તથા M.E./M. Tech ઈન પ્રિન્ટિંગ ટેક્નોલૉજીમાં શિક્ષણ આપતી કેટલીક સંસ્થાઓ-

૧. મનિપાલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી, મનિપાલ, કર્ણાટક

૨. પૂણે વિદ્યાર્થી ગૃહ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલૉજી પૂણે, મહારાષ્ટ્ર

૩. અન્ના યુનિવર્સિટી, ચેન્નાઈ, તમિલનાડુ

૪. જાદવપુર યુનિવર્સિટી, કોલકતા

૫. ગુરુ જામ્બેશ્વર યુનિવર્સિટી, હિસ્સાર, હરિયાણા

૬. SIES ગ્રેજ્યુએટ સ્કૂલ ઓફ ટેક્નોલૉજી, મુંબઈ, મહારાષ્ટ્ર

વિદેશમાં પ્રિન્ટિંગ ટેક્નોલોજીના ઉચ્ચ અભ્યાસ માટે કેટલીક સંસ્થાઓ-

૧. Ferris State University USA

૨. London College of Communication, London England

૩. Chennitz University of Technology, Chennitz, Germany

૪૮, મહાત્મા બંગ્લોઝ,
કારગીલ પેટ્રોલ પંપની પાછળ,
એસ.જી. રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦

૨૭ એનિમેશન VFX માં કારકિર્દી

- લીનાબહેન એમ. ચૌહાણ

પ્રવર્તમાન સમયમાં એનિમેશન ક્ષેત્રે કારકિર્દીની ઉજ્જવળ તકો રહેલી છે. ભારત આજે એનિમેશન અને પ્રોડકશન ઈન્ડસ્ટ્રિઝમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એનિમેશન બાબતે રીગીંગ કેરેકટર એનિમેશન, રોલ એનિમેશન, લેન્ડસ્કેપ ટેરો ડિઝાઈન, ઈન્ડસ્ટ્રિયલ અને આર્કિટેકચરલ વોકથ્રૂ જેવી અસંખ્ય સંભાવનાઓથી ઊભરતું ક્ષેત્ર છે.

દેશ-વિદેશમાં એનિમેશનના નિષ્ણાતોની ખૂબ માંગ રહેલી છે. કમ્પ્યૂટર એનિમેશનનું વિશ્વ આજે તીવ્ર ગતિએ વધી રહ્યું છે. ટેક્નોલૉજી ઉત્તરોત્તર સરળ બનતા એપ્લિકેશનમાં વધારો થઈ રહ્યો છે. Professional animation માટે માર્કેટ વિસ્તર્યું છે. માત્ર કાર્ટૂન ફિલ્મ કે જાહેરાત ક્ષેત્રે સિમિત ન રહેતા સિમ્યુલેશન, વેબસાઈટ ડિઝાઈનિંગ, ગેમ્સ ડિઝાઈનિંગ, કમ્પ્યૂટર જનરેટેડ એનિમેશન સુધી વિસ્તરણ પામ્યું છે. બોલીવુડ - હોલિવુડની ફિલ્મોમાં એનિમેશન જોવા મળે છે.

આધુનિક સોફ્ટવેર દ્વારા વિદ્યાર્થીઓ વેબ ડિઝાઈનીંગ ૩ડી સિન્ક્રોનાઈઝેશન, વિઝ્યુઅલ ડ્રોઈંગ, મિક્સિંગ ઈમેજ એડિટિંગ, ડિજિટલ ડ્રોઈંગ, ૩ડી એનિમેશન કેરેકટર ડિઝાઈનિંગ જેવા વિવિધ વિષયોને ધ્યાનમાં રાખી શિક્ષણ આપવામાં આવે છે.

બેચરલ ઑફ એનિમેશન ફુલ ટાઈમ-૩ વર્ષનો કોર્સ છે જે ગુજરાત યુનિવર્સિટી દ્વારા કાર્યરત છે. આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે ધોરણ-૧૨માં ગણિત અને વિજ્ઞાન વિષય સાથે ઉત્તિર્ણ થયેલા હોવા જોઈએ. આજકાલ બજારમાં આવી ડિમાન્ડ ધરાવતા એનિમેશન VFXને લગતાં કોર્સ ભણાવવામાં આવે છે. જેમાં જેવા B.Sc., B.A., PG Diploma અભ્યાસક્રમ આવે છે. આ પ્રકારના અભ્યાસક્રમ ગુજરાતમાં રાજકોટ, સુરત, અમદાવાદ અને વડોદરા ખાતે ઉપલબ્ધ છે. જેની વિગત નીચે મુજબ છે.

1. B.A. in VFX and animation
2. Master diplome in Animation
3. B.Sc. in Animation
4. B.Sc. in digital film making
5. B.Sc. in Multimedia and animation
6. B.Sc. in Animation and visual effects.
7. PG Diploma in Visual communications.
8. International PG Diplome in Animation
9. B.A. in 3D Animation and visual effects.

ભારતની એનિમેશન ઈન્ડસ્ટ્રીઝનું કદ ખૂબ ઝડપથી વધી રહ્યું છે. નવા એજન્યુકેશનલ પ્રોગ્રામો આવી રહ્યા છે. આઉટ સોર્સિંગનું પ્રમાણ પણ વધવા પામ્યું છે. ૨-ડી, ૩-ડી, એનિમેટર્સ ઈન બિટવિનર્સ, લે-આઉટ આર્ટિસ્ટ, સ્ટોરી બોર્ડ આર્ટીસ્ટ સિવાય પણ એનિમેશન સાથે સંલગ્ન હોય તેવી ઘણી બધી ઉજ્જવળ તકો માર્કેટમાં ઉપલબ્ધ છે.

એનિમેશન અને VFXનો ઉપયોગ ટીવી, ફિલ્મ એડવર્ટાઈઝમેન્ટ, મેડિસિન ટ્રેનિંગ, ઈ-લર્નિંગ ઈન્સ્યોરન્સ ટીચિંગ, લીગલ તેમજ આરોગ્ય ક્ષેત્રે ૩-ડી વિઝ્યુલાઈઝેશન આર્કિટેકચર તેમજ ઈન્ડસ્ટ્રિઝમાં ખૂબ

ઉપયોગી પૂરવાર થયું છે. કમ્પ્યૂટર પીસી, ઈન્ટરનેટ, ગેમીંગ પ્લે સ્ટેશન્સ, મોબાઈલ, આઈ-પેડ, લેપટોપ વગેરેમાં વિવિધ ગેમ્સનું નિર્માણ કરવામાં આવે છે. જેની ખૂબ જ ડિમાન્ડ છે.

ગુજરાતમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ડિગ્રી સમાવિત VFX - એનિમેશન મલ્ટી મીડિયા માટે ઉપલબ્ધ છે. તદ્ઉપરાંત અમદાવાદ, વડોદરા, સૂરત જેવા શહેરોમાં પ્રાઈવેટ સંસ્થાઓમાં પણ આ કોર્સિસ માન્યતા પ્રાપ્ત સંસ્થાના નિયંત્રણ હેઠળ ભણાવાય છે.

- સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ગાંધીનગરમાં ગ્રાફિક્સ અને એનિમેશન ડિઝાઈનનો કોર્સ ઉપલબ્ધ છે.
- ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદમાં B.Sc. અને M.Sc. એનિમેશન અને VFX ઈન્ટિગ્રેટેડ કોર્સ ઉપલબ્ધ છે.
- નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન, અમદાવાદ એનિમેશન ફિલ્મ ડિઝાઈનનો કોર્સ ચાલે છે.
- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં મલ્ટી મીડિયા અને એનિમેશન ડિપ્લોમાના અભ્યાસક્રમ ઉપલબ્ધ છે.

M.Sc. એનિમેશન : એનિમેશન ફિલ્મ નિર્માણ કલાના માસ્ટર માટે સક્રિય છે.

સમયગાળો - ૨ વર્ષ

રોજગારીની તકો :

પ્રોડકશન મેનેજર સ્ટોરી બોર્ડ મેનેજર પ્રોજેક્ટ મેનેજર, કોમ્યુનિકેશન, ડિરેકટર મીડિયા લાયસન્સ જેવી પોસ્ટ માર્કેટમાં ઉપલબ્ધ છે. જે એનિમેટીંગની પ્રોફાઈલથી આગવી ઓળખ ધરાવે છે.

પોસ્ટ પ્રોડકશન અને સ્પેશિયલ ઈફેક્ટ્સ આજના યુગમાં ટેલિવિઝન અને સિનેપ્લેક્સમાં ખૂબ જ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

મલ્ટી મીડિયા ગ્રાફિક્સ ટાઈટલ સાઉન્ડ અને અન્ય ઈફેક્ટ્સનું સર્જન લોકપ્રિય બન્યું છે.

આમ વધુમાં વધુ રોજગારીનું સર્જન કરવું અને પરંપરાગત એનિમેટરો તેમજ ડિજિટલ કલાકારો માટે નોકરીની તકો રહેલ છે.

આમ એનિમેશન ક્ષેત્રે આજના ટેક્નોલૉજીના જમાનામાં ઉજ્જવળ તકો રહેલી છે.

મદદનીશ, વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
રાયખડ, અમદાવાદ.

૨૮ ફિલ્મ સાતમી કળા છે

- અંકિત લિમ્બાચીયા

તો એ પહેલા છ કળા કઈ અને ફિલ્મ સાતમી કેમ? ૧. ચિત્ર ૨. શિલ્પ ૩. સાહિત્ય(લેખન) ૪. નૃત્ય ૫. સંગીત ૬. નાટક આ છ કળાને બે ભાગમાં મૂકવામાં આવે છે. એક પર્ફોમિંગ આર્ટ અને બીજી નોન-પર્ફોમિંગ આર્ટ. જેમ કે ચિત્ર, શિલ્પ, સાહિત્ય આ કળા નોન-પર્ફોમિંગ આર્ટ કહેવાય છે જેમાં કલાકાર પ્રેક્ષક વિના પોતાની કળાનું સર્જન કરી લોકો સમક્ષ રજૂઆત કરતો હોય છે. એમ નૃત્ય, સંગીત અને નાટક પર્ફોમિંગ આર્ટ છે જેમાં કલાકારને પોતાનો એક અવકાશ મેળવી પ્રેક્ષક સમક્ષ રજૂ થવાનું છે. હવે વિચારો કે આ છ એ કળા એક ફિલ્મની અંદર સમાઈ જાય છે? હા! એટલે ફિલ્મને સાતમી કળાનું સ્થાન પ્રાપ્ત થયું છે.

ફિલ્મ નિર્માણ કે મેકિંગ શું છે?

ફિલ્મ માધ્યમમાં ઓડિયો વિઝ્યુઅલ દ્વારા તમારે પોતાની વાર્તા કહેવાની હોય છે. ફિલ્મ મેકિંગ વિષયની પસંદગી એ અન્ય વિષયો જેટલી જ પ્રતિષ્ઠિત છે. જેમાં ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ, ઈતિહાસ, વર્તમાન પ્રસંગો તથા દરેક કળાની રજૂઆત આપ સ્વતંત્રતાથી કરી શકો છો.

ફિલ્મ અને તેના પ્રકારો

ફીચર ફિલ્મ મેકિંગ
ડોક્યુમેન્ટ્રી(દસ્તાવેજી) ફિલ્મ મેકિંગ
ટીવી સિરિયલ ફિલ્મ મેકિંગ
શોર્ટ ફિલ્મ મેકિંગ
TVC/AD (જાહેરાત) ફિલ્મ મેકિંગ
મોબાઈલ ફિલ્મ મેકિંગ
WEB સીરીઝ અથવા એપિસોડિક ફિલ્મ મેકિંગ
કોર્પોરેટ ફિલ્મ મેકિંગ

ડોક્યુમેન્ટ્રી(દસ્તાવેજી) ફિલ્મ મેકિંગ

ડોક્યુમેન્ટરી ફિલ્મ મોટે ભાગે બિનકાલ્પનિક ફિલ્મ હોય છે જેનો હેતુ વાસ્તવિકતાનું દસ્તાવેજીકરણ કરવા માટેનો હોય છે, મુખ્યત્વે સૂચના, શિક્ષણ અથવા ઐતિહાસિક રેકોર્ડ જાળવવા કે વ્યક્તિગત બાયોપિક દર્શાવવાનો હોય છે. ડોક્યુમેન્ટરી ફિલ્મ મેકિંગની શૈલીનું વર્ણન વાસ્તવિકતા જેવું જ હોય છે.

ડોક્યુમેન્ટ્રી ફિલ્મમાં કોઈ પણ પ્રકારના સિનેમેટીક નિયમો ફરજિયાતપણે વપરાય એ જરૂરી હોતા નથી એટલે કે ડોક્યુમેન્ટ્રી ફિલ્મનો સમયગાળો નક્કી હોતો નથી તેને પ્રસ્તુત કરવા અંગે કોઈ પણ માધ્યમ ઉપયોગી બને છે એ પછી સિનેમા હોલ હોય કે ટેલિવિઝન હોય કે પછી ઈન્ટરનેટ.

(અહિયાં સરળ સમજણ માટે ડોક્યુમેન્ટ્રી ફિલ્મ અલગ પ્રકાર તરીકે છે પરંતુ મેકિંગની પ્રક્રિયામાં કોઈ જ ફેર હોતો નથી એટલે આગળ ફિલ્મ મેકિંગ જ શબ્દ વાપરવામાં આવ્યો છે.)

વર્તમાન દ્રશ્ય

મિત્રો, આજે ફિલ્મ દુનિયામાં એક નઝર નાખીએ તો આપ દરેકને ડિજિટલ કે મોબાઈલ માધ્યમ ઉપર તેની ઝલક જોવા મળશે. આ વર્ષની સૌથી હિટ ફિલ્મ કઈ રહી તે સૌને યાદ હશે પરંતુ આ વર્ષની સૌથી નામાંકિત અને ઉચ્ચ કક્ષાની ફિલ્મ કઈ રહી તે નહીંવત લોકોને જ ખબર હશે અને આપણે સૌથી "હિટ" વસ્તુથી પ્રભાવિત થઈને જ આપણા નિર્ણયો લેતા હોઈએ છીએ.

ફિલ્મ કારકિર્દીની પસંદગી

જો આપ કોઈ પ્રસિદ્ધીથી પ્રભાવિત થઈને ફિલ્મ મેકિંગની પસંદગી કરી રહ્યા છો તો આપ ખોટું પગલું ભરી રહ્યાં છો પરંતુ આપને જાણીને નવાઈ લાગશે કે ફિલ્મ મેકિંગમાં ફક્ત કલાકારોની જ નહીં ટેકનિશિયનોની પણ જરૂરિયાત રહે છે. જેમ કે, કેમેરા ઓપરેટર, એડીટીંગ, કેબલ અને કેમેરાને લગતા હાઈ-ટેક ઈક્યુપમેન્ટ ઓપરેટર, સાઉન્ડ મિક્ષિન્ગ-એન્જિનિયરિંગ વગેરે જેવા અનેક ફિલ્મ નિર્માણના વિભાગમાં આપ આપની આવડત અને રૂચી મુજબ કારકિર્દી ઘડી શકો છો.

ફિલ્મ મેકિંગમાં કારકિર્દી ઘડવા ઈચ્છતા વિદ્યાર્થીઓ એ સૌ પહેલા તો પોતાની રૂચી અને વિષયોની પસંદગી

કરવી ખૂબ જરૂરી છે. કારણ કે ફિલ્મ એક એવું માધ્યમ છે જેમાં આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ એમ ત્રણે પ્રવાહના વિષયો ભણવાના હોય છે.

સ્વ મૂલ્યાંકન

પહેલા તો આપ આપની શાળામાં ભણેલા વિષયોમાં સૌથી પ્રિય વિષયને ધ્યાનમાં રાખો. ત્યારબાદ શું આપ શાળા કે અન્ય કોઈ જગ્યાએ અભ્યાસથી વિશેષ કોઈ અન્ય બાબતમાં રસ-રુચિ ધરાવી પ્રવૃત્તિ કરી છે કે કરી રહ્યા છો અથવા સ્પર્ધાત્મક રીતે ભાગ ભજવેલો છે? કારણ કે ફિલ્મ મેકિંગ એ અભિવ્યક્તિનું માધ્યમ છે જેમાં ઉત્કૃષ્ટતા અને પારંગતતા આપને સફળ બનાવી શકશે.

પ્રવેશ યોગ્યતા

ફિલ્મ મેકિંગ વિષયમાં કારકિર્દી ઘડવા માટે સામાન્ય રીતે ધોરણ ૧૨ ઊતીર્ણ કરેલ હોવું જોઈએ પરંતુ ઘણી એવી સંસ્થાઓ કે યુનિવર્સિટીઝ છે કે જેમાં સ્નાતક સુધીની લાયકાતની આવશ્યકતા હોય છે. જેની માહિતી લેખમાં આગળ સંસ્થાના સંપર્ક તથા વેબસાઈટ લીંક સાથે સામેલ છે.

ફિલ્મ મેકિંગ વિષેની મહાનતા

Each word has a Image -

"દરેક શબ્દમાં એક છબી હોય છે"

No Minor Detail In Film Making -

"ફિલ્મ નિર્માણમાં કોઈ પણ વિગતો નાની નથી હોતી" - અજ્ઞાત

ફિલ્મ મેકિંગના વિભાગ અને અગ્રણી

ડાયરેક્ટર (દિગ્દર્શક): ફિલ્મ દિગ્દર્શક ફિલ્મના કલાત્મક અને નાટકીય પાસાંઓને નિયંત્રિત કરે છે અને તે વિઝનની પરિપૂર્ણતામાં ફિલ્મ ક્રૂ અને કલાકારોને માર્ગદર્શન આપતી વખતે પટકથા કે સ્ક્રિપ્ટની કલ્પનાને પડદા પર કેવું હશે તેનો અનુભવ કરાવે છે.

લેખક : પટકથા લેખક અથવા દૃશ્યકાર એવા લેખક છે જે ઘટનાઓના સમૂહને એક લયબદ્ધતામાં ગોઠવી યોગ્ય અને જરૂરી સંવાદ સાથે ખૂબ કાળજીપૂર્વક અભ્યાસ કરી કાગળ પર ઉતારે છે. જેના પર ફિલ્મો, ટેલિવિઝન કાર્યક્રમો જેવા માધ્યમો વ્યાપક પ્રમાણમાં આધારિત હોય છે.

પ્રોડ્યુસર (નિર્માતા) : ફિલ્મ નિર્માતા એવી વ્યક્તિ છે જે ફિલ્મ નિર્માણની દેખરેખ રાખે છે. અથવા તો પ્રોડક્શન કંપની દ્વારા નોકરી પર હોય અથવા સ્વતંત્ર રીતે કામ કરતા હોય, નિર્માતાઓ ફિલ્મ નિર્માણના વિવિધ પાસાઓનું આયોજન અને સંકલન કરે છે, જેમ કે સ્ક્રિપ્ટ પસંદ કરવી; સંકલન લેખન, દિગ્દર્શન, સંપાદન; અને ભંડોળ (ફાઈનાન્સ) ની વ્યવસ્થા.

કેમેરામેન (સિનેમેટોગ્રાફર) : સિનેમેટોગ્રાફર એ દિગ્દર્શકનો ગૌણ છે, જે દિગ્દર્શકની દ્રષ્ટિ અનુસાર દ્રશ્યને કેપ્ચર કરવાનું કામ કરે છે.

એડિટર(સંપાદક) : ફિલ્મ એડિટર જેને ક્યારેક ફિલ્મ અને વિડિયો એડિટર, મૂવી એડિટર અથવા ફિલ્મ માટે એડિટર કહેવાય છે, તે એક ટેકનિકલ પ્રોફેશનલ છે જે બિનજરૂરી ફૂટેજને દૂર કરે છે અને બાકીના ટુકડાને એકસાથે ભેગા કરીને એક સંપૂર્ણ ફિલ્મ વાર્તાનું અંતિમ રૂપ આપે છે.

સંગીત ડાયરેક્ટર : સંગીત નિર્દેશક એ ગીત, સંગીત, બેક્ગ્રાઉન્ડ અવાજ અને સ્પેશિયલ SFX એમ સંગીતના તમામ પાસાંઓ માટે જવાબદાર વ્યક્તિ છે.

કલા ડાયરેક્ટર (પ્રોડક્શન ડીઝાઈનર) : આર્ટ ડિરેક્ટર સેટ ડિઝાઈન કરે છે, કલાકારો અને બાંધકામ કામદારોની મદદથી સેટ અને ફિલ્મમાં વપરાતી વસ્તુઓનું ડમી બનાવી અને ફિલ્મ પ્રોડક્શનનો એકંદર દેખાવ નક્કી કરવામાં મદદ કરે છે.

મેકઅપ આર્ટીસ્ટ : ટેલિવિઝન અને ફિલ્મમાં કામ કરતા મેકઅપ કલાકારો તમામ પાત્રોના વ્યક્તિત્વને દર્શક સુધી પહોંચાડવામાં મદદ કરે છે. તેઓ કલાકારો/ અભિનેત્રીઓના દેખાવને સુધારવા, વધારવા અથવા

બદલવાના માર્ગ તરીકે મેકઅપનો ઉપયોગ કરે છે. અમુક વિશિષ્ટ ફિલ્મોના ચરિત્ર માટે અત્યંત કુશળ મેકઅપ આર્ટિસ્ટની જરૂર પડે છે.

એનીમેશન/VFX આર્ટીસ્ટ : એનીમેશન/VFX કલાકારો ફોટોરિયલ, ડિજિટલી જનરેટેડ ઈમેજરી બનાવે છે. ફીચર ફિલ્મો, ટેલિવિઝન અને વધુને વધુ, ઓનલાઈન અને કન્સોલ ગેમિંગમાં લાઈવ એક્શનમાં એકીકરણનું કામ કરે છે.

રોજગારીની તકો અને જગ્યાઓ:

- ફિલ્મ પ્રોડક્શન કંપની
- ટીવી ચેનલ કંપની
- રેડીયો ચેનલ અને દૂરદર્શન ચેનલ
- પોસ્ટ પ્રોડક્શન કંપની
- માર્કેટિંગ એજેન્સી
- એનીમેશન કંપની
- સરકારી માહિતી વિભાગ
- કૉલેજ કે ખાનગી સંસ્થાઓ

આવક અને પગાર ધોરણ :

આ એક એવું માધ્યમ છે જેમાં ક્યારેય કોઈ પગાર કે કમાણીનું ધોરણ નક્કી થયેલ નથી. આ માધ્યમમાં ફક્ત તમારી જરૂરિયાત અને આવડત અનુરૂપ તમને વળતર આપવામાં આવે છે અથવા તમે મેળવી શકો છો. એમ છતાં અંદાજે આપ અભ્યાસ પછી જો કોઈ વ્યક્તિ કે સંસ્થા કે કંપની સાથે જોડવો છો તો શરૂઆતના સમય ગાળામાં મોટાભાગે આપને ઈન્ટર્ન કે સહાયક તરીકે કામ કરવાનું થતું હોય છે જેમ આપની કૌશલ્યતા કેળવાય એમ આપના વળતરમાં વધારો થતો રહે છે.

વાલી મિત્રો,

આજના કૌશલ્ય યુગ અને આર્થિક પરિસ્થિતિને પહોંચી વળવા શિક્ષણ અને તાલીમની ખૂબ જ આવશ્યક છે. ફિલ્મ એક એવું માધ્યમ છે જેમાં સતત સ્પર્ધાત્મક રીતે તરતા રહી શીખતા રહેવાનું હોય છે. આ માધ્યમની પસંદગી સાથે વાલીઓ એ સંતાનની સાથે ધૈર્ય અને સાહસ બંને કેળવવાનું રહે છે. તમારા સંતાન માટે એક સારી સંસ્થા અને યોગ્ય શિક્ષકો જેમ આપની આર્થિક પરિસ્થિતિને પહોંચી વળાય એવી જગ્યા પસંદ કરવા વિનંતી અને આપના સંતાન સાથે આપ સહાયક ભૂમિકા ભજવશો એવી આશા.

સંસ્થા, પ્રવેશ લાયકાત અને વિષયો

1. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (FTII) - પુણે https://www.ftii.ac.in/

2. સત્યજિત રે ફિલ્મ એન્ડ ટેલિવિઝન સંસ્થા - કોલકત્તા http://srfti.ac.in/

ભારતની સૌથી અગ્ર મહા વિદ્યાલયમાંથી આ બે છે.

પ્રવેશ પ્રક્રિયામાં રાષ્ટ્રીય સ્તરે સંચાલિત જોઈન્ટ એન્ટ્રન્સ ટેસ્ટ (JET) અને અનુગામી રાઉન્ડનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓની પસંદગી તેમના JET સ્કોર્સ અને ઓરિએન્ટેશન અને ઈન્ટરવ્યુમાં પ્રદર્શનના આધારે કરવામાં આવે છે.

આ પ્રવેશ પ્રક્રિયા ફક્ત પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામ (PGDP) કોર્ષ માટે છે જેમાં ઉમેદવારે કોઈ પણ પ્રવાહમાં કોઈ પણ વિષય સાથે સ્નાતક હોય તે જરૂરી છે.

ત્રણ વર્ષ અને બે વર્ષના ફૂલ લેન્થ કોર્ષની પરીક્ષા માટે આપને વર્લ્ડ સિનેમા અને સાહિત્યનું વાંચન ખૂબજ અનિવાર્ય છે. સામાન્ય જ્ઞાન અને કોમ્પ્યુટરની આવડત તથા તમારી કલા-રુચિ દર્શાવતા પ્રમાણપત્ર ઈન્ટરવ્યૂમાં સારો દેખાવ અપાવી શકે છે.

પૂર્વ યોજાયેલી પરીક્ષા પેપરની લિંક અહીંયા આપેલ છે જેનાથી આપ અભ્યાસ કરી શકો છો. https://ftii.ac.in/p/exam-paper

આપને જણાવતા આનંદ થઈ રહ્યો છે કે આ વિદ્યાલયમાં હવે ટૂંકાગાળાના અભ્યાસક્રમો પણ ઉપલબ્ધ છે જેમાં ઓનલાઈન અને ઓફલાઈન અભ્યાસક્રમોની પણ સુવિધા છે. https://www.ftii.ac.in/p/short-courses

પ્રવેશ પ્રક્રિયા અને તારીખ માટે આપે ઉપર જણાવેલ સત્તાવાર વેબસાઈટથી અપડેટ રેહવું પડશે.

3. ગુજરાત યુનિવર્સિટી

https://www.gujaratuniversity.ac.in/departments/courses/18/160

ગુજરાત યુનિવર્સિટીમાં મીડિયા એન્ડ એન્ટરટેઈન્મેન્ટ તથા VFX અને એનિમેશન તથા સિનેમેટોગ્રાફી અને ડિરેક્શન એમ અલગ અલગ ઈન્ટીગ્રેટેડ અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામ (PGDP) કોર્ષ ઉપલબ્ધ છે. જેમાં સીધો પ્રવેશ મેળવી શકાય છે. તેની વિશેષ માહિતી

ઓનલાઈન તથા રૂબરૂ મુલાકાતે વધુ અનિવાર્ય રહેશે.

4. કલાપૂર્ણમ સંસ્થા - અમદાવાદ

https://www.kalapurnaminstitute.com/

અહીં VFX, એનીમેશન અને ફોટોગ્રાફી તેમજ અન્ય ટેકનિકલ કોર્ષ ઉપલબ્ધ છે.

5. ઈસ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ એક્સેલન્સ

https://www.theiceinstitute.com/makeup

અહીંયા મેક અપ આર્ટિસ્ટની સાથે અન્ય કોર્ષ પણ ઉપલબ્ધ છે જેની વધુ માહિતી ઓનલાઈન કે ઓફલાઈન મુલાકાત દ્વારા મેળવી શકાય છે.

6. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડીઝાઈન (NID) - અમદાવાદ

https://www.nid.edu/academics/academic-otifications/detail

NIDની પ્રવેશ પ્રક્રિયા માટે આપને આ વેબ સાઈટ થકી જરૂરી તમામ માહિતી મળશે.

https://admissions.nid.edu/NIDA2022/Default.aspx

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટેની અરજીઓ એવા ઉમેદવારો માટે ખુલ્લી છે કે જેઓ કોઈપણ પ્રવાહમાં શૈક્ષણિક વર્ષ 2021-22માં ઉચ્ચ માધ્યમિક (10+2) લાયકાતની પરીક્ષાઓ ઉત્તીર્ણ કરેલ છે. CBSE, IB, ICSE, GSEB અથવા સમકક્ષ માન્ય બોર્ડ ગણાય છે. (અંગ્રેજી ભાષા લખતા વાંચતા આવડવી ફરજીયાત છે)

7. ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ મિશન અંતર્ગત

https://skills.gujarat.gov.in/courses.htm

એનિમેટર તથા મેક અપ અને હેરડ્રેસરની ટૂંકા ગાળાની તાલીમ વિશેની માહિતી અને સંસ્થાલક્ષી તમામ જાણકારી ઉપર આપેલી વેબસાઈટથી મેળવી શકો છો.

8. V Sound (વી સાઉન્ડ) - અમદાવાદ

https://vsound.in/

ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાઉન્ડ એન્જિનિયરિંગ એન્ડ મ્યુઝિક પ્રોડક્શન

9. કે. એમ. કૉલેજ ઓફ મ્યુઝિક એન્ડ ટેક્નોલૉજી - તમિલનાડુ

https://www.kmmc.in/

લાંબા અને ટૂંકાગાળાના સંગીત અને સાઉન્ડ એન્જિનિયર ક્ષેત્રના કોર્ષ અહીં ઉપલબ્ધ છે.

10 ધ મ્યુઝિક એકેડમી મદ્રાસ - ચેન્નાઈ

https://musicacademymadras.in/

11 ધ દિલ્હી સ્કૂલ ઓફ મ્યુઝિક - દિલ્લી

https://www.delhimusicsociety.net/dsm.asp

12 એલ. વી. પ્રસાદ એકેડમી - ચેન્નાઈ - બેંગલૂરુ

https://www.prasadacademy.com/contact-us/

ફિલ્મ મેકિંગ અને ખાસ મ્યુઝિક અને સાઉન્ડ એન્જિનિયરિંગ માટે લાંબા અને ટૂંકા ગાળાના કોર્ષ અહીંયા ઉપલબ્ધ છે.

વિદેશમાં કારકિર્દી :

1. મેક અપ એકેડેમી - કેનેડા

https://www.qcmakeupacademy.com/online-makeup-courses/which-makeup-course-should-you-take/become-a-makeup-artist-for-film-tv-editorial/

2. ન્યુયોર્ક ફિલ્મ એકેડેમી - અમેરિકા

https://www.nyfa.edu/

3. વેનકુઅર ફિલ્મ સ્કૂલ - કેનેડા

https://vfs.edu/programs

4. નેશનલ ફિલ્મ એન્ડ ટેલિવિઝન સ્કૂલ - લંડન

https://nfts.co.uk/

(આપણી માતૃભાષા અને સાહિત્યનો અભ્યાસ આપણી કારકિર્દીના ઘડતરમાં જેમ જરૂરી છે એમ જ અંગ્રેજી ભાષાનું જ્ઞાન આપને મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ તેમજ અન્ય કોઈ પણ પ્રવાહમાં અનુભવી બનાવવામાં અને વૈશ્વિક સ્તરે પહોંચવામાં મદદરૂપ બનશે.)

સર્જનાત્મકતાથી ભરેલા ફિલ્મ નિર્માણના આ શ્રેષ્ઠ કૌશલ્યને વિદ્યાલયમાં કેળવી ભવિષ્ય માટે સુસજ્જ બનો.

૫, શાલીભદ્ર સોસાયટી,
આત્મિય સંસ્કારધામ સ્કૂલની સામે,
અર્જુન આશ્રમ રોડ, નિર્ણયનગર,
અમદાવાદ-૩૮૨૪૮૧

૨૯ પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયનના અભ્યાસ બાદ રોજગારીની વિવિધ તક

- ડૉ. પુનિતા હર્ણે

પત્રકારત્વ અને સમૂહ માધ્યમોમાં અભ્યાસ કરીને મીડિયા ક્ષેત્રે કારકિર્દી બનાવવાની વાત હવે નવી રહી નથી. પ્રશ્ન હવે એ છે કે, સમૂહ માધ્યમોનો અભ્યાસ કરીને એવા કયા નવા વિસ્તાર છે જેમાં કામ કરી શકાય?

ચેનલોમાં :

આપણે સૌ જાણીએ છીએ તેમ પત્રકારત્વના અભ્યાસક્રમ બાદ આપણે રિપોર્ટર બની શકીએ અને આપણને જે વિષય અપાયો હોય તેના સફળ રિપોર્ટર બની શકીએ. એ જ રીતે સારા સંપાદક, કેમેરામેન, વિઝ્યુલાઈઝર, બુલેટીન પ્રોડ્યુસર અને એડિટર સુધીની જગ્યાઓ ઉપર પણ કામ કરી શકીએ અને ચેનલ હેડ કે બ્યુરો ચીફ પણ બની શકીએ. આ માટે પૂરતી તૈયારી કરવી જરૂરી છે. ઘણું કરીને જે તે પત્રકારત્વ વિભાગમાંથી વર્ષના અંતે પ્લેસમેન્ટ થાય એટલે અથવા તો વિદ્યાર્થીએ જ્યાં ઈન્ટર્નશિપ કરી હોય ત્યાંથી તેમને નોકરીએ રાખી લેવામાં આવે છે. નોકરી મળી જાય એટલે આપણે ખુશ થઇ જઈએ એ સ્વાભાવિક છે. પણ ખરી તૈયારી એ પછી જ શરૂ થતી હોય છે. ચેનલમાં એક સાથે અનેક ચેનલોના સ્ક્રીન પર સમાચારો દિવસભર ચાલતા રહે છે. એ જોઇને અન્ય ચેનલોની કામ કરવાની પદ્ધતિ, તેમના રિપોર્ટરોની કામ કરવાની રીત, તેમની રજૂઆતની શૈલી, ભાષા ભંડોળ, આ તમામનો અભ્યાસ પણ કરતા રહેવું જરૂરી છે.

અખબારોમાં :

તો એ વાત થઇ ચેનલોની. પણ ગુજરાતી કે અન્ય ભાષાના દૈનિકોમાં, સામયિકોમાં કે પુસ્તક પ્રકાશકને ત્યાં પણ આપણને રોજગાર મળી શકે. અખબારમાં કામ મેળવવા માટે જનરલ નોલેજ જરૂરી છે એ વાત ચોક્કસ, પણ સાથોસાથ લેખન શૈલી પણ એટલી જ મજબૂત હોવી જોઈએ. શબ્દો પર પકડ અને શબ્દોનો યોગ્ય ઉપયોગ તથા ભાષાની સમજ હોવી પણ એટલી જ જરૂરી છે. ગુજરાતી ઉપરાંત અંગ્રેજી અને હિન્દી પણ એટલી જ સરસ આવડવી જોઈએ, તો જ અન્ય ભાષાના અખબારોમાંથી આપણા અખબાર માટે લેખ કે સમાચાર તૈયાર કરી શકાય છે. સામયિકોમાં અખબારોની સરખામણીએ વિસ્તારથી લખવાનો અવકાશ હોય છે. આથી આપણે માહિતીના અન્ય સ્રોતમાંથી માહિતી શોધી તેને સંકલિત કરીને અને સામયિકમાં જગ્યા હોય એ મુજબ તેને ગોઠવવાની સૂઝ પણ હોવી જરૂરી છે. આજ કાલ મોટાભાગના અખબારોમાં પોતાની ન્યૂઝ ચેનલ, રેડિયો ચેનલ, વેબ પોર્ટલ અને આર્કાઈવ્ઝ હોય છે. આ તમામ જગ્યાઓએ પણ આપણને પત્રકારત્વનો અભ્યાસ કાર્ય પછી નોકરી મળી શકે છે.

રેડિયો ચેનલો :

આ એક નવું અને ઉભરતું ક્ષેત્ર છે. તેમાં તમારે સતત શ્રોતાઓ સાથે વાત કરતા રહીને તેમને માહિતી આપતા રહેવાનું છે અને મનોરંજન કરવાનું છે. આ માટે પત્રકારત્વના અભ્યાસ ઉપરાંત આપનું સાહિત્ય અંગેનું વાંચન અને સ્વાધ્યાય સારો હોવો જોઈએ જેથી જરૂર પડ્યે આપ પ્રસંગ કે ઘટનાને અનુરૂપ વાત ટાંકી શકો. ઉપરાંત સાંપ્રત પ્રવાહોનું વાંચન અને દેશ અને દુનિયાની લેટેસ્ટ માહિતી પર પણ આપની સતત નજર રહેવી જરૂરી છે. રેડિયો માત્ર જોક્સ સંભળાવવા માટે કે ટ્રાફિક અપડેટ જાણવા માટે કે મુર્ગા બનાવવા માટે નથી. આ માધ્યમ અત્યંત શક્તિશાળી માધ્યમ છે. એ માટે સક્ષમ અને પરિપકવ બનવું જરૂરી છે. કોઈ પણ કુદરતી હોનારત કે કટોકટીની સ્થિતિમાં દેશ અને દુનિયામાં રેડીયોના સમાચાર પર આધાર રખાયો હોય અને રેડીયોના સમાચાર સૌથી પહેલા આવ્યા હોય તેવા અનેક ઉદાહરણો જોવામાં આવ્યા છે.

જાહેરખબર :

પત્રકારત્વના અભ્યાસ બાદ જાહેરખબરના વિષયમાં પણ આપણને રોજગાર મળી શકે તેમ છે. જાહેરખબર એજન્સીમાં વિવિધ જગ્યા ઉપર કામ કરતા

શીખાય અને આગળ વધી શકાય. આ એક સર્જનાત્મક ક્ષેત્ર છે. ૧૦ સેકંડના સમયમાં ઘણું બધું કહી દેવાનું હોય એવા માધ્યમમાં કામ કરવા માટે વિશેષ તાલીમ આપતી અનેક સંસ્થાઓ પણ છે. જાહેરખબરના ક્ષેત્રમાં એજન્સીમાં કામ કરવા ઉપરાંત જાહેરખબર લાવવાનું અને મીડિયાને આપવાના કામમાં કમિશનથી પણ આવક થઇ શકે છે.

જનસંપર્ક :

આજકાલ મીડિયા મેનેજમેન્ટ અને ઇવેન્ટ મેનેજમેન્ટની વાત થઇ રહી છે. સમૂહ માધ્યમોમાં કામ કરીને થોડા અનુભવી થઇ ગયા હોય તેવા પત્રકારોને અને વિષય નિષ્ણાતોને જુદી જુદી કંપનીઓ પોતાને ત્યાં કામે રાખે છે. આપ તેને પી આર ઓ (PRO) નામે પણ જાણો છો.

સમૂહ માધ્યમો મારફતે લક્ષિત લોકો સુધી અને સરકાર અને નીતિ વિષયક બાબતો અંગે નિર્ણય લેનારા સુધી પહોંચવા માટે સમૂહ માધ્યમોનો યોગ્ય ઉપયોગ કરતા હવે દરેક સંસ્થાએ શીખી લેવું જરૂરી બન્યું છે.

આવે સમયે કેટલીક સંસ્થાઓ નીવડેલા પત્રકારમિત્રો કે કેટલીક એજન્સીઓની મદદ લઈને પોતાને ત્યાં થતી દરેક નાની મોટી મહત્વની ઘટના અંગે લોકોને જણાવવા માટે માધ્યમોનો ઉપયોગ કરે છે. રોજગારી માટેનો આ એક નવો વ્યવસાય છે. આ વ્યવસાયની વૈશ્વિક સ્તરે ઘણી જ માંગ છે અને આપણા દેશમાં અને વિદેશમાં આ વિષય અંગેનું વિશેષ શિક્ષણ આપતી અનેક યુનિવર્સીટીઓ છે.

જનસંપર્ક અધિકારીના કાર્યો અને તેની જવાબદારીઓ :

જાહેરખબર જો દાવા કરે છે તો જનસંપર્ક વાયદા કરે છે અને તે પાળીને બતાવે છે. જનસંપર્ક એ વ્યક્તિ કે સંસ્થાની સામાજિક પ્રતિષ્ઠા સાથે જોડાયેલો વ્યવસાય છે. તેથી આ વ્યવસાયમાં સત્યનું ઘણું મહત્વ છે. મીડિયાથી વાત છુપાવીને ગેરમાર્ગે દોરવાને બદલે આ વ્યવસાય સાચી વાત મીડિયા સામે મુકીને પોતાનો પક્ષ રજૂ કરીને લોકોને નિર્ણય લેવાનું કહે છે. લોકોના નિર્ણયને માન્ય પણ રાખે છે અને પોતાનું મંતવ્ય તેમની ઉપર થોપી દેવાના પ્રયાસ કરવામાં આવતો નથી.

જો વ્યવસાયના ક્ષેત્ર તરીખે જનસંપર્કનું ક્ષેત્ર અપનાવી જનસંપર્ક અધિકારી બનવું હોય તો ,

- અંગ્રેજી ભાષા ઉપર સારો કાબુ હોવો જરૂરી છે.
- જનરલ નોલેજ અને વૈશ્વિક પ્રવાહોથી પણ પરિચિત હોવું જરૂરી છે.
- પોતાની કંપની કે ક્લાયન્ટ અંગે ની તમામ વિગતોથી માહિતગાર હોવું જરૂરી છે.
- સમૂહ માધ્યમોમાં ઉપરી અધિકારીઓ અને જે તે બીટના રિપોર્ટર સાથે સારા સંપર્કો હોવા જરૂરી છે.
- પોતાની કંપની કે ક્લાયન્ટ મુશ્કેલીમાં હોય ત્યારે જ તેમના માટે કામ કરવાને બદલે તમામ નાના મોટા પ્રસંગે મીડિયાને માહિતી આપતા રહેવું જોઈએ. જરૂરી નથી કે દર વખતે તે છપાય જ , આમ કરવાથી જયારે ખરેખર કોઈ જરૂરિયાત ઉભી થાય અને માધ્યમોનું ધ્યાન ખેંચવું હોય ત્યારે વિશેષ પ્રયાસ કરવો પડશે નહિ. માધ્યમ ગૃહો તમારા કામ અંગે અને તમારી કંપની અંગે જાણતા હશે અને તેનો તમને અને તમારી કંપની ને ફાયદો જરૂર થશે.
- જનસંપર્ક અધિકારી તરીકે તમારે વિવિધ પ્રકારના લોક જૂથ સાથે કામ પર પડવાનું થશે.. માની લો કે તમે હોસ્પિટલના જનસંપર્ક અધિકારી છો. એક જવાબદાર અધિકારી તરીકે તમારે માત્ર પેશન્ટ જ નહિ પણ તેના સગાં, તેને તપાસવા આવતા ડોક્ટરો, વહીવટી વર્ગ, કર્મચારી વર્ગ, હોસ્પિટલના દવાના સ્ટોરમાં દવાઓ સપ્લાય કરતા વેપારીઓ, અને કંઈ કેટલાય પ્રકારના લોકજૂથ સાથે કામ પાર પડવાનું થશે. આવી જ રીતે તમારે અનેક પ્રકારના વ્યવસાયના લોકો સાથે સંકળાયેલા લોકો સાથે કામ પાર પાડવાનું થાય તો શું કરવું તે માટે માનસિક રીતે તૈયાર રહેવું જરૂરી છે અને તે માટે તમારે અત્યારથી જ પૂર્વતૈયારી કરી લેવી જોઈએ.
- વ્યવસ્થિત પહેરવેશ, શાલીન ભાષા, પોતાની સંસ્થા કે કંપનીના તમામ પ્રકારના લોકોની માનસિકતા સમજવી, તેમના પ્રશ્નો, તેમની અને તેમના થકી કંપનીની પ્રગતિ અંગે વિચારતા રહેવું, તેમના કૌટુંબિક પ્રશ્નો, તેમની સામાજિક સમસ્યાઓ, તેમના સામાજિક તહેવારો અને આર્થિક વ્યવહારોની પદ્ધતિઓ વગેરે અંગે પણ વાંચન અને સ્વાધ્યાય

મારફતે અભ્યાસ કરીને તૈયારી કરેલી હોવી જરૂરી છે.

- કોઈ પણ સંસ્થા, કંપની કે વ્યવસ્થા તંત્રમાં તમે માત્ર કર્મચારીઓના કે માત્ર માલિકો, ટ્રસ્ટીઓ કે વ્યવસ્થાપકના જ વ્યક્તિ નથી. દરેક વ્યક્તિ / કર્મચારી પોતાની વાત તમને કહી શકે અને કોઈ પણ મોટા હોદ્દા કે પદ પર બેઠેલી વ્યક્તિ કોઈ પણ મોટું પગલું લેતા પહેલા તમને પૂછે અને પછી જ આગળ વધે એટલી તો તમારી વિશ્વસનિયતા ઊભી થયેલી હોવી જ જોઈએ.
- આ વ્યવસાય એક વ્યૂહરચના ઘડીને માનવ મનના અભ્યાસ બાદ તેની પાસેથી તેની મરજી મુજબનું કામ કરાવી તેના અને વ્યવસ્થાપકોના વિકાસ માટે કામ કરવાનું હોઈ આ પ્રકારના વ્યવસાયમાં આવતા અગાઉ પોતે કોઈ પણ વાતને કેટલી ગોપનીય રાખી શકે તેમ છે અને પોતે કોઈનો કેટલો વિશ્વાસ જીતી શકે તેમ છે તેનું પણ માપ દરેકે જાતે કાઢી લેવું જોઈએ.
- જેમ કોઈપણ સાધન કે સીસ્ટમને રીફ્રેશ કરવા પડે છે તેમ માનવીય સંબંધોને પણ રીફ્રેશ કરવા પડે છે. આ માટે કર્મચારીઓ અને સંવાહકો વધુ સારી રીતે અને મોકળા મને એક બીજા સાથે જોડાય તે માટેના આયોજન કરતા પણ આવડવું જોઈએ.
- જનસંપર્કના ક્ષેત્રમાં સરકાર સાથેના સંબંધો પણ બહુ મહત્વના છે. સરકાર કે કોઈપણ પ્રકારના એસ્ટાબ્લીશમેન્ટ સાથેના સંબંધો વિકાસાવવા અને ટકાવી રાખવા માટે સહેતુક, આયોજન પૂર્વક અને ટકી રહે તેવા પ્રયત્નો કરવા જરૂરી છે. સરકાર સાથેના સંબંધોને લીધે નીતિવિષયક બાબતોની જાણકારી સૌથી પહેલા પ્રાપ્ત થાય છે અને બને ત્યાં સુધી કોઈ મોટી ભૂલ કે નુકસાન થવાની સંભાવના ઘટી જાય છે.
- આપણા દેશમાં અનેક આંદોલનો થયા અને સૌથી મોટો તો આઝાદી આંદોલનનો સંગ્રામ. આ આંદોલનમાં દેશના લાખો લોકોને જોડવાનું અને દેશના તમામ લોકોને લાગે કે આ લડાઈ મારી પોતાની જ છે અને હું મારા દેશ માટે લડું છું એ પ્રકારની ભાવના દરેક ભારતીયના મનમાં જગાડવી એ પણ એક પ્રકારનું જનસંપર્કનું કાર્ય હતું . મહાત્મા ગાંધીએ એ જમાનામાં તેમને પ્રાપ્ત હતા એ તમામ સાધનોની મદદ લઈને પ્રત્યેક ભારતીય સાથે જોડાવાનો "સહેતુક આયોજન પૂર્વકનો અને કાયમી પ્રયાસ" (delibarate, palnned and sustainable efforts to development and maintain mutual understanding) કર્યો. જેના પરિણામે આજે આપણે આઝાદી ભોગવી શકીએ છીએ.
- દર વખતે સરકાર સાથેના સંબંધોથી ફાયદો થાય તે જરૂરી નથી, કેટલીક વખત નુકસાનમાંથી બચવું એ પણ એક જાતનો ફાયદો જ હોય છે. જનસંપર્ક અધિકારી પાસેથી આ પ્રકારની અપેક્ષા રાખવામાં આવે છે.
- સરકાર, ખાનગી રોકાણકારો, ઉદ્યોગપતિઓ, ટ્રસ્ટીઓ, આયોજકો, આ તમામ પ્રકારના લોકોને પોતાની વાત લોકો સુધી કઈ રીતે પહોંચાડવી એ એક મોટો પ્રશ્ન હોય છે. પેલી કહેવત તો યાદ છે ને " જંગલ મેં મોર નાચા કિસને દેખા?" અર્થાત પોતાની વાત ગાઈ વગાડી ને નહિ પણ યોગ્ય રીતે તો લોકો સામે મૂકવી જ પડે છે. અને એ માટે તેમને જનસંપર્ક અધિકારીની જરૂર તો પડે જ છે. એટલે કે આ વ્યવસાય પત્રકારત્વના શિક્ષણની મૂળ શાખામાંથી આવતો નથી પણ પત્રકારત્વમાંથી જ નીવડેલા અને અનુભવી પત્રકારો વધુ સારા જનસંપર્ક અધિકારી બની શકે છે, એવું નોધાયું છે.

આમ , પત્રકારત્વનું શિક્ષણ લઈને અથવા કોઈપણ પ્રકારનું ઔપચારિક શિક્ષણ લીધા વગર સીધા અનુભવ લઈને આ ક્ષેત્રમાં આવ્યા બાદ એટલું તો થાય છે જ કે કામ કામ ને શીખવાડે એ નાતે દરેક પોતાના રસ અને રુચિના ક્ષેત્રમાં આગળ આવે જ છે. પણ જો દરેક વ્યવસાયની અનિવાર્યતા કઈ કઈ છે તે જાણી લીધું હોય અને તે પ્રમાણે આપણે પોતાની જાતને બદલીએ તો વ્યવસાયિક સફળતા વધુ મળી શકે છે. સૌને અનેક શુભેચ્છા.

ડીન, વ્યવસાયી અભ્યાસક્રમ વિદ્યાશાખા
અધ્યક્ષ, પત્રકારત્વ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ,
આશ્રમ રોડ , અમદાવાદ

૩૦ ફાઈનાન્સિયલ કારકિર્દી એટલે ૨૧ મી સદીમાં સોનાની ખાણ...!!!

- નિખિલ ભટ્ટ

મારાં પારિવારિક મિત્ર એમના પત્ની સાથે ઘરે મળવા આવ્યાં અને આવતાની સાથે જ એક આમંત્રણ કાર્ડ આપ્યું ...અમે હસતાં હસતાં કાર્ડ સ્વીકારી વાંચ્યું. અહો આશ્ચર્યમ...!!! શહેરના એક કોર્પોરેટ પોશ એરિયામાં "વન સ્ટેપ સોલ્યુશન:" નામ સાથેની એક ઓફિસ શરૂ કરવા જઈ રહ્યા હતાં. અમે અભિનંદન આપી વાતની શરૂઆત કરી...કેવી રીતે આ શક્ય બને... તમે નોન ગ્રેજ્યુએટ અને તમારા પત્ની ધોરણ ૧૦ પાસ અને તમારાં દીકરાનું તો હજુ ગ્રેજ્યુએશન પણ પૂરું નથી થયું અને આ રિસ્ક...ત્યારે જે જવાબ મળ્યો તે ...

નિખિલભાઈ તમે તો સ્ટોક માર્કેટમાં સેબી રજિસ્ટ્રેશન ધરાવતાં રિસર્ચ એનાલિસ્ટ છો અને સાથે સાથે ફાઈનાન્સિયલ કાઉન્સલર પણ....અમે જયારે તમને પ્રથમ મળ્યાં અને તમે જે સુંદર માર્ગદર્શન આપ્યું એ મુજબ શરૂઆતમાં ઈન્સ્યોરન્સ કંપનીમાં એજન્ટ કોડ લીધો ત્યારબાદ દરેક જગ્યાએ જેમ કે શાકભાજી, કરિયાણું, સલુન, બ્યુટીપાર્લર, કેક શોપ, રેસ્ટોરન્ટ વગેરે જગ્યાએ જ્યાં ઓળખતાં હતાં અને જ્યાં કોઈ પણ પરિચય પણ નહોતો ત્યાં દરેકને અમારું visiting કાર્ડ આપી દેતા અને ધીરે ધીરે બધાં અમને અને અમે બધાનાં પરિચયમાં આવવા લાગ્યાં અને ઈલેક્ટ્રિક બિલથી લઈ તમામ પ્રકારનાં ઈન્સ્યોરન્સ, કોર્પોરેશનના હાઉસ ટેક્સથી લઈ સ્કૂલ ફી, ટ્યુશન ફી, મેડિસીન દવાઓ, RTO ટેક્સથી લઈ જીવન જરૂરિયાતની સામાન્ય વસ્તુઓ, પ્લમ્બર હોય કે ઈલેક્ટ્રિશિયન, નાનું મોટું રિપેરીંગ હોય કે ટીવી - ફ્રીજ રીપેરીંગ દરેક એક્સપર્ટને અમે અમારી ટીમમાં કોન્ટ્રાક્ટ આપી સામેલ કર્યા અને ત્યારબાદ અમે તમારાં જ માર્ગદર્શન મુજબ ઈન્સ્યોરન્સ એજન્ટની સાથે સાથે સ્ટોક માર્કેટમાં બ્રોકર તરીકેની કારકિર્દી પણ શરૂ કરીને જુઓ બે વર્ષમાં આજે નોન ગ્રેજ્યુએટ અને ધોરણ ૧૦ પાસ અમે ૭૦ લોકોના સ્ટાફ સાથે તમને અમારી ઓફિસના ઓપનીંગ સેરેમનીમાં અતિથિવિશેષ તરીકે આમંત્રિત કરી રહ્યાં છીએ...!!

અમે દંગ રહી ગયા કે કેવો એમનો આત્મવિશ્વાસ અને ચહેરા ઉપર કસ્ટમરને સંતોષકારક કામ કરી આપ્યાનો ઉત્સાહ સાથે અમને આંગળી ચિંધ્યાનું પુણ્ય આપી આજે એક કોર્પોરેટ ઓફીસમાં ૭૦ લોકોના સ્ટાફ સાથે ખભેખભો મિલાવી પ્રગતિના પથ ઉપર સૌ સાથે ચાલી રહ્યાં છે જે ઓફિસમાં કદાચ મારા મતે ભાગ્યેજ કોઈ સ્નાતક ડિગ્રી ધરાવતું હશે... પરંતુ ફાયનાન્સીયલ સર્વિસ પ્રોવાઈડરનો વ્યવસાય જમાવટ કરતો થઈ ગયો.

મિત્રો, બોર્ડની હોય કે જાહેર પરીક્ષાઓ...ખોબલે ખોબલે માર્કસ મેળવીને ગાડરિયા પ્રવાહમાં ઘેટાંશાહી પધ્ધતિથી સૌ એક કે બે જ વિદ્યાશાખામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ એડમિશન માટેની દોડાદોડી શરૂ કરશે. મિત્રો, કારકિર્દી પસંદગી ખૂબ જ અગત્યની હોઈ વિશેષ માગદર્શન અને સાવધાની તથા આયોજન જરૂરી હોય છે એ ચોક્કસ પરંતુ કેવી લાઈન પસંદ કરશો અને કારકિર્દી પસંદ કરતી વખતે કઈ બાબતોને ધ્યાનમાં લેશો...? એ અગત્યનું પાસું છે.

આજે તમને સૌને ફાઈનાન્સ કારકિર્દી અંગેની એક સરસ અને ગમતી વાત કરું. ફાઈનાન્સમાં કારકિર્દી બનાવવી એ એક ઉત્તમ પસંદગી છે. તે વિવિધ તકો પ્રદાન કરે છે જે ઊંચાં પગાર, કમિશન અને બોનસ સાથે

આવે છે. જો તમે યોગ્ય કારકિર્દીનો માર્ગ પસંદ કરો છો તો તમે છ થી સાત આંકડા કમાઈ શકો છો. આ લેખમાં, અમે સ્વતંત્ર વ્યવસાય તરીકે ફાઈનાન્સ ડિગ્રી, અનુરૂપ પગાર કે કમિશન અને ફાઈનાન્સ મેનેજર માટેની કુશળતાની વિવિધ કારકિર્દી વિશે ચર્ચા કરીશું. ફાઈનાન્સ ક્ષેત્રમાં, તમારી પાસે જરૂરી શૈક્ષણિક લાયકાતો, કુશળતા અને અનુભવ હશે તો તમે ટોચના પગારની સાથે સાથે કમીશન તરીકે તગડી આવક મેળવી તમારા પરિવારને સુરક્ષિત કરી શકો છો.

સૌ પ્રથમ ફાઇનાન્સ એટલે .....

નાણાં એ અર્થવ્યવસ્થાનો એક વ્યાપક શબ્દ છે જેમાં તમામ પ્રવૃત્તિઓ જેમ કે નાણાંનું ઉપાર્જન, નાણાંના સંચાલન અને નાણાંનો વ્યવહારને આવરી લેવામાં આવે છે તેમાં રોકાણ, ઉધાર, બજેટ, બચત અને ધિરાણ જેવી નાણાકીય પ્રવૃત્તિઓ પણ સામેલ છે. મૂળભૂત રીતે, તે કોઈ વ્યક્તિગત, કોર્પોરેટ સંસ્થા અથવા સરકાર જરૂરી નાણાં કેવી રીતે મેળવે છે અને તેઓ જે હસ્તગત કરેલા નાણાં કેવી રીતે ખર્ચ કરે છે તેના પ્રશ્નો સાથે છે. વધુમાં, "ફાઈનાન્સ" એ એક સામાન્ય શબ્દ છે જે સામાન્ય "ફાઈનાન્સ સિસ્ટમ" વિશે વાત કરે છે. આમાં નાણાકીય બજારો સામેલ છે જે રોકાણ અને અન્ય નાણાકીય સાધનો દ્વારા નાણાંના પ્રવાહને મંજૂરી આપે છે.નાણાં ક્ષેત્રમાં મુખ્ય ધ્યાન રોકાણ વ્યવસ્થાપન છે - જેને વ્યક્તિઓ માટે મની મેનેજમેન્ટ કહેવામાં આવે છે અને સંસ્થાઓ માટે એસેટ મેનેજમેન્ટ - અને ફાઈનાન્સ પછી સિક્યોરિટીઝ ટ્રેડિંગ અને સ્ટોકબ્રોકિંગ, ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ, ફાઈનાન્સિયલ એન્જિનિયરિંગ વગેરે જોખમ સંચાલન સાથે સંકળાયેલ પ્રવૃત્તિઓ સામેલ છે તેથી તેના વ્યાપક અવકાશને કારણે નાણાંનો અભ્યાસ વિવિધ શૈક્ષણિક શાખાઓમાં થાય છે અને ઘણી સંબંધિત વ્યાવસાયિક લાયકાતો છે જે આ ક્ષેત્ર તરફ દોરી શકે છે.

ફાઇનાન્સમાં કારકિર્દી કેમ....

મિત્રો, કરિયર ઈન ફાઈનાન્સ ઘણા ફાયદાઓ સાથે આવે છે. ભલે તમે કોઈ બેન્કર, નાણાકીય મેનેજર અથવા નાણાકીય સલાહકાર કે કોઈ ફાઈનાન્સિયલ પ્રોડક્ટના એજન્ટ કે બ્રોકર બનવાનું પસંદ કરો.

નાણાકીય કારકિર્દી તમને વાસ્તવિક-વિશ્વ, વ્યવસાયલક્ષી નિર્ણાયક વિચારસરણી અને સમસ્યાનું નિરાકરણ કરવાની કુશળતા આપે છે. આજે, દરેક વ્યક્તિગત વ્યવસાયો, કંપનીઓ અને સરકારી એજન્સીઓ તેમની વ્યાપારિક આર્થિક વ્યવસ્થાઓ અને સંપત્તિઓને ધ્યાનમાં રાખીને મેનેજ કરવાની કિંમત ચૂકવતી હોય છે અને આ કારણોસર નાણાકીય આયોજકો, વિશ્લેષકો, મેનેજરો અને અધિકારીઓની સાથે સાથે એજન્ટો અને બ્રોકરોની આજનાં સમયમાં વધુ માંગ છે. આ વ્યાવસાયિકોની કુશળતા અને માર્ગદર્શન કંપની અથવા વ્યક્તિગત ભવિષ્ય માટે માર્ગ સરળ અને લાભદાયી કરી શકે છે.

ફાઇનાન્સમાં સૌથી વધુ વિકલ્પો ક્યાં છે ..??

જે લોકો ગણિતમાં કુશળ હોય છે તેમજ આંકડાકીય માહિતીનું વિશ્લેષણ કરવાની રૂચી તેમજ ક્ષમતા ધરાવતા હોય તેમના માટે ફાઈનાન્સની કારકિર્દી એક અતિ ઉત્તમ વિકલ્પ છે. આ ક્ષેત્રમાં જોબની સાથે સાથે વ્યક્તિગત વ્યવસાય માટે પણ વિશાળ શ્રેણી છે જેમાં એક શ્રેષ્ઠ નોકરીનો અંદાજ છે અને બીજો પ્રોફેશનલ વ્યવસાય તરીકે સમાજમાં આગવી ઓળખ ઊભી કરવાનો મોકો પણ છે જેમ કે ફાઈનાન્સ ડિગ્રીથી સંબંધિત કારકિર્દીનું અન્વેષણ કરતા હો તો આ મુજબના કેટલાક શ્રેષ્ઠ વિકલ્પો છે.

- નાણાકીય એનાલિસ્ટ, એકાઉન્ટન્ટ, બજેટ વિશ્લેષક, નાણાકીય પરીક્ષક, મેનેજમેન્ટ એનાલિસ્ટ
- નાણાકીય મેનેજર, લોન અધિકારી, વ્યક્તિગત નાણાં સલાહકાર, રોકાણ બેન્કર, ઈક્વિટી વિશ્લેષક
- ક્રેડિટ રિસ્ક મેનેજર, ટેક્સ ડિરેક્ટર, આંકડાશાસ્ત્રી, ઈન્સ્યોરન્સ એજન્ટ, સ્ટોક બ્રોકર, વગેરે વગેરે

ફાઇનાન્સમાં કારકિર્દી માટે કઈ કુશળતાની જરૂર છે...?

જ્યારે ફાઈનાન્સમાં કારકિર્દીની વાત આવે છે ત્યારે કંપનીઓ ચોક્કસ પ્રકારે નાણાકીય બાબતોને સિલેક્ટ કરી અને અન્ય કંપનીઓની નાણાકીય સ્થિતિને મૂલવવા માટે વિશ્લેષણાત્મક કુશળતાની જરૂરિયાત માટે વ્યવસાયિકોને નિમણૂંક આપતી હોય છે અને આ માટે એક વ્યાવસાયિક તરીકે, તમારે તમારી કુશળતાને સંબંધિત રાખવા અને ફાઈનાન્સ ક્ષેત્રના વલણો પ્રત્યે જાગૃત રહેવા માટે સતત શીખવાની - જાણવાની પ્રતિબદ્ધતા દર્શાવવી પણ આવશ્યક અને અતિ મહત્વની બાબત બની રહે છે.

કોઈપણ નાણાકીય સ્થિતિમાં સફળ થવા માટે તમારે આ મુદ્દાઓને ધ્યાને લેવાં આવશ્યક છે;

- હિસાબી સિદ્ધાંતો તેમજ નાણાકીય સંચાલનના પાયાના સિધ્ધાંતને સમજો.
- વ્યવસાય સમસ્યાઓના માત્રાત્મક અને ગુણાત્મક પરિમાણોનું મૂલ્યાંકન કરવાની ક્ષમતા અને કોર્પોરેટ અને વ્યક્તિગત ક્રિયાઓની આર્થિક અસરોનું મૂલ્યાંકન કરવાની ક્ષમતા ઓળખો
- મજબૂત આંતરવ્યક્તિત્વ અને સંદેશાવ્યવહાર કુશળતા પ્રાપ્ત કરો
- નાણાકીય ડેટા પર પ્રક્રિયા કરવા અને તેનું પ્રતિનિધિત્વ કરવા માટે સ્પ્રેડશીટ્સ અને અન્ય સોફ્ટવેર સંદર્ભિત જ્ઞાન સાથે વ્યવહાર કરવાની ક્ષમતા પ્રાપ્ત કરો.

ફાઈનાન્સમાં સૌથી વધુ સેલેરી અને ઉચ્ચ હોદા માટે કયા શિક્ષણ અને પ્રમાણપત્રની જરૂર છે...?

ફાઈનાન્સ એ વિશાળ અર્થ ધરાવતો વિસ્તારપૂર્વકનો વિષય છે ત્યાં વિવિધ સ્તરો છે જે તમે તમારા વિશિષ્ટ હિતોને આધારે પસંદ કરી શકો છો.

જો તમે ધોરણ ૧૦ કે ૧૨ પછી ફાઈનાન્સ ક્ષેત્રમાં આગળ વધવાનો વિચાર કરી રહ્યા હોય તો ખુબ સારો અને ભવિષ્યમાં તમારા માટે સોનેરી દ્વારો ખોલવાનો ઉતમ વિચાર કરી રહ્યા છો કારણ કે અહી આ ક્ષેત્રમાં તમે કસ્ટમરને ફાઈનાન્સિયલ સર્વિસ પૂરી પાડવા માટેનો વ્યવસાય નક્કી કરવા માટે જ્ઞાન, સ્વાનુભવો, શક્તિ, કૌશલ્યો, રસ, રૂચિ, ક્ષમતા, વલણ, મર્યાદા અંગેની સમજ, મુશ્કેલીઓ, પડકારોનો અભ્યાસ તેમજ ભાવિ સમયની માંગ અને જરૂરિયાતોને લક્ષમાં લઈને તમારી કારકિર્દી યાત્રાના રૂટની બ્લ્યુપ્રિન્ટ બનાવીને આગળ વધવાનો સુંદર અવસર ઊભો કરી રહ્યા છો.

આજનાં યુગમાં લોકો પાસે પોતાના માટે સમય નથી એટલે આ પ્રકારે જે ફાઈનાન્સિયલ સર્વિસ દ્વારા સંતોષકારક કામ કરી આપે તેવા વ્યવસાયિકોને શોધી રહ્યા હોય છે. કેટલીયે App આવી ગઈ અને હજુ પણ આંગળીના ટેરવે અને આંખોના પલકારે કામ થઈ જાય તેવા સંશોધનો આવી રહ્યા છે ત્યારે લોકોમાં વિશ્વાસનું વાતાવરણ ઊભું કરી આ પ્રકારે તમે તમારી કારકિર્દીમાં એક અલગ મોરપિચ્છ લગાવી શકો તેવા સક્ષમ છો .

જો તમે સ્નાતકની ડિગ્રી ઉપરાંત, ફાઈનાન્સમાં સૌથી વધુ સારું કેરિયર મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છો, તો તમારે માસ્ટર અને ડૉકટરેટની ડિગ્રી પણ મેળવવી આવશ્યક છે. આ તમને ફાઈનાન્સ ક્ષેત્રમાં મેનેજમેન્ટની ભૂમિકા માટે વધુ યોગ્ય અને સક્ષમ બનાવશે.

અહીં ત્રણ મુખ્ય પ્રકારની ડિગ્રી છે જે તમને ફાઈનાન્સમાં ઉચ્ચ પગારની નોકરી માટે લાયક બનાવશે. કોઈપણ સ્નાતક કારકિર્દીમાં આગળ વધવા માટે સ્નાતકની ડિગ્રી એ પ્રથમ પગલું અને ન્યૂનતમ પ્રવેશ-સ્તર છે. આ સ્તરે, તમે નાણાકીય વ્યવસ્થાપન, તકનીકી કુશળતા, આંતરવ્યક્તિત્વ કુશળતા અને વ્યાવસાયિક સમજની વિસ્તૃત સમજ મેળવશો. આ ડિગ્રી પૂર્ણ થવા માટે અંદાજીત ૩ વર્ષનો સમય લે છે અને તમને ફાઈનાન્સ પ્રોફેશનલ તરીકે આવશ્યક એવા મૂળભૂત ફંડામેન્ટલ્સથી તૈયાર કરે છે. આ ઉપરાંત, આ ક્ષેત્રમાં માસ્ટર પ્રોગ્રામમાં નોંધણી માટે સ્નાતકની ડિગ્રી એક પૂર્વશરત છે. ફાઈનાન્સ ડિગ્રીમાં માસ્ટર ડિગ્રી પૂર્ણ થવા માટે બે વર્ષનો સમય લાગે છે. તે એક અદ્યતન પ્રોગ્રામ છે જે ફાઈનાન્સના વિશિષ્ટ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને નાણાના ફંડામેન્ટલ્સ પર વિસ્તૃત થાય છે.

બે લોકપ્રિય વિકલ્પો તમે ધ્યાનમાં લઈ શકો છો એક છે માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (એમબીએ) વિથ ફાઈનાન્સ. આ ડિગ્રી તમને ક્ષેત્રમાં મેનેજમેન્ટલ હોદ્દા માટે જરૂરી કુશળતા પ્રદાન કરે છે. ફાઈનાન્સમાં માસ્ટર ડિગ્રી તમને તમારા બેચલર ડિગ્રી સમકક્ષોથી અલગ કરશે અને ફાઈનાન્સ જોબ માર્કેટમાં તમારી સ્પર્ધામાં તમને ફાયદો પણ આપશે અને બીજી છે ડૉકટરેટની ડિગ્રી અને આ ડિગ્રી એ આર્થિક શિક્ષણનું ઉચ્ચતમ સ્તર છે. તે તમને નાણાકીય સંશોધનકાર અથવા નાણાકીય પ્રશિક્ષક બનવાની તૈયારી આપે છે સાથે સાથે તમને નાણાકીય વિશ્વના લગભગ કોઈ પણ પદ માટે યોગ્ય બનાવવાની મંજૂરી આપે છે. ફાઈનાન્સમાં માસ્ટરની ડિગ્રી તમારા સ્નાતક અને માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી પૂર્ણ થવા માટે વધારાના ચાર થી પાંચ વર્ષનો સમય લે છે.

મિત્રો શું કરવું અને શું નહિ તે તમે પોતે નક્કી કરો. સીમિત ન રહો, ખુલ્લા મનથી વાસ્તવિકતા સ્વીકારી આગળ વધો, ભણવું તો શ્રેષ્ઠ સંસ્થામાં જ ભણું એવું લક્ષ્ય ચોક્કસ રાખો પરંતુ અમુક જ શૈક્ષણિક સંસ્થાઓમાં

લીધેલું શિક્ષણ કે મેળવેલ ગુણના ઢગલાં એ જ કારકિર્દીની યોગ્ય પસંદગી છે એવો સીમિત અર્થ ન કરશો.

તે માટે આડેધડ ડોનેશન આપીને કે કેપીસીટી વિનાની ફી ભરીને છેતરાશો કે લુંટાશો નહીં. દેખાદેખીમાં ક્યારેય નિર્ણય ના લો. હું ડૉકટર નથી બન્યો માટે તું ડોકટર થા. એવા માતા-પિતા ભાઈ બહેનના દુરાગ્રહને કે દબાણને વશ થશો નહીં. દેખાદેખીથી, મિત્રવર્તુળના આગ્રહથી, શેહશરમમાં આવી જઈને ચીલાચાલું અભ્યાસક્રમની પસંદગી કરી કારકિર્દી યાત્રામાં ઝંપલાવવું બાધક નીવડશે. અભ્યાસક્રમની પસંદગી વખતે અભ્યાસની મુદ્દત, ભાવિ રોજગારીની તકો, આર્થિક ખર્ચ, પ્રવેશ પાત્રતા, પ્રવેશ પ્રવિધિ, લાયકાતનું ધોરણ, કૉલેજ/સંસ્થા/યુનિ. તેની પ્રતિષ્ઠા, કાયદેસરતા, રહેઠાણ, સ્ટાફની સજ્જતા, પ્રયોગખંડ, ભૌતિકસુવિધા અંગે ધ્યાન રાખવું.

કારકિર્દી ઘડતરની યાત્રાના પ્રારંભે મુશ્કેલી અનુભવો તો તમે વૈજ્ઞાનિક, મનોવૈજ્ઞાનિક કસોટીઓ, એપ્ટિટયૂટ ટેસ્ટ, રસ વલણ માપનની કસોટીઓ અને તેનાં નિર્ણાયક પરિબળો જેવાં કે સ્વયંની શક્તિઓ, મર્યાદાઓ, રસ, વલણ, અભિયોગ્યતા, ક્ષમતાનું વૈજ્ઞાનિક ઢબે વિશ્લેષણ, નિદાન અને ત્વરીત કાઉન્સીલીંગ દ્વારા પરિપક્વ નિર્ણયશક્તિ, સચોટ આયોજન, ક્ષમતા, દીર્ઘદૃષ્ટિ, યોગ્ય પસંદગીની આવડત, સખત પરિશ્રમની તત્પરતા, મુશ્કેલી સામે ટકી રહેવાની તૈયારી, સમસ્યા ઉકેલની શક્તિ, તેમજ વિવેચનાત્મક દ્રષ્ટિકોણનો અભિગમ અપનાવી નિર્ણય કરવો જોઈએ.

કારકિર્દી પસંદગી વખતે સેમિનાર, માહિતી લેખો વગેરે તમને દૃષ્ટિ આપી શકે. માર્ગદર્શન આપી શકે પરંતુ તમારે નિર્ણય તો તમારા વિશ્વાસ પર જ લેવાનો છે. અંત: પ્રેરણા, અંતરઆત્મા, આત્મવિશ્વાસ અને અંત:સ્ફૂરણાને અનુસરશો. તમારી બૌદ્ધિક ક્ષમતા, શક્તિ અને મર્યાદાનો ખ્યાલ તમારા સિવાય બીજા કોઈને નથી હોતો એટલે ઈશ્વરને પ્રાર્થના કરી શાંતિથી પાંચ મિનીટ એમની પાસે બેસી એક મિત્ર સાથે વાતો કરતાં હોઈએ એ રીતે વાતો કરી નિર્ણય લઇ માતા પિતા તેમજ પરિવાર સાથે બેસી સરળ ભાષામાં પોઈન્ટ સાથે વિવેકપૂર્ણ અને શાંતિપૂર્વક નિખાલસભાવે ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેશો..

દેશમાં અને આપણા રાજ્ય ગુજરાતમાં આવનાર વિદેશી મૂડીરોકાણ અને વૈશ્વિક સ્તરે ઉઘડતી વ્યવસાયની નવી તકો, ઉદ્યોગો, સ્વરોજગાર કે ગૃહઉદ્યોગો, કુટિર ઉદ્યોગોના વિકાસની તકો, વિવિધ વ્યવસાયો, માનવશક્તિના આયોજન માટે સરકારે હાથ ધરેલા પ્રયાસો, વાયબ્રન્ટ ગુજરાત અને સ્વર્ણિમ ગુજરાતનું સ્વપ્ન સાચા માર્ગદર્શન સાથે, સાચી કારકિર્દીનો નિર્ણય જ જીવતરમાં ઝળહળતો અને યશસ્વી વિજય બની રહેશે.

અહી આપેલું મારા મિત્રનું ઉદાહરણ એ આ લેખના એક પ્રોત્સાહક ભાગરૂપે છે. મહેનત તો દરેક ક્ષેત્રમાં કરવાની જ હોય છે એટલે યાદ રાખો - સફળતાને કોઈ શોર્ટકટ નથી અને પુરુષાર્થ વિના ક્યારેય કોઈને પણ સફળતા પ્રાપ્ત થઈ નથી... આપ સૌના ખૂબ સારા ભવિષ્ય માટે હૃદયપૂર્વક શુભેચ્છાઓ....

રિસર્ચ એનાલિસ્ટ, સેબી ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ,
૧૦૧-૧૧૦, માધવ કોમ્પલેક્ષ, પટેલ કોલોની
ડીકેવી કોલેજની સામે, જામનગર.

૩૧ કારકિર્દી માટે અખૂટ સંભાવનાઓનું ક્ષેત્ર એટલે - પરફોર્મિંગ આર્ટ્સ

- યોગેશ પંડ્યા

પરફોર્મિંગ આર્ટ્સ- એક એવું ક્ષેત્ર છે- કે જ્યાં કારકિર્દી પહેલા અભ્યાસ અને રિયાઝ ખૂબ જ મહત્વપૂર્ણ બની રહે છે. જો આપણે પરંપરાગત પરફોર્મિંગ આર્ટ્સની વાત કરીએ તો તેમાં નૃત્ય, સંગીત, નાટક- સ્ટેજ એટલે કે અભિનય અને પપેટ જેવી કલાનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે પરફોર્મિંગ આર્ટ્સ અને કલાનું ક્ષેત્ર એક એવું ક્ષેત્ર છે- કે જેમાં કારકિર્દી બનાવનાર મોટે ભાગે પરંપરાગત રીતે આ કલાના ક્ષેત્રમાં આવતા હોય છે. જો કોઈ પરંપરાગત રીતે ન આવ્યા હોય તો કોઈક રીતે તેમને કોઈ પણ કલાનો પરિચય થાય અને તેમાં રસ પડે અને પછી તેમાં પારંગત બનીને આ ક્ષેત્રે કારકિર્દી બનાવી શકાય છે. આ બંને બાબતો નો સમન્વય કરીને એમ પણ કહી શકાય કે ઘણી વખત જન્મ જાત કે કુદરતી પ્રતિભાને પગલે પણ લોકો આ ક્ષેત્રમાં આવીને શ્રેષ્ઠ કારકિર્દી બનાવતા હોય છે.

આપણે પહેલા પરંપરાગત કલા કે પરફોર્મિંગ આર્ટ્સની વાત કરીએ તો નૃત્ય, સંગીત, નાટક- સ્ટેજ એટલે કે અભિનય અને પપેટ જેવી કલાનો ઉલ્લેખ કર્યો તેમાં નૃત્યમાં આપણા શાસ્ત્રીય નૃત્યોનો જરૂર ઉલ્લેખ કરવો પડે. ભરતનાટ્યમ, કથકલી, કથક, મણિપુરી, ઓડિસી, કૂચિપૂડી વગેરે તેમાં મુખ્ય છે. સંગીતમાં ગાયન અને વાદન જેવી કલાઓ સામેલ છે. ગાયનમાં પણ સુગમ અને શાસ્ત્રીય ગાયન અને સંગીત વાદનમાં તબલા, સિતાર, હાર્મોનિયમ જેવા અનેક ઇન્સ્ટ્રુમેન્ટનો ઉલ્લેખ કરવો જરૂરી બની જાય છે.

આજના આધુનિક સમયમાં પરફોર્મિંગ આર્ટ્સનો વિષય ખૂબ જ વ્યાપક બની ગયો છે, તેમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

સ્ટેજ કે નાટ્ય એ અભિનય કલા માટે મુખ્ય મંચ ગણાતો હતો- તેમાં આજે ફિલ્મ, ટેલી વિઝન અને જાહેરખબરનું ક્ષેત્ર ખૂબ જ વિકાસ પામ્યું છે. છેલ્લા કેટલાક સમયથી આપણે જોઈ રહ્યા છીએ કે ફિલ્મ અને ટેલિવિઝન પણ હવે ટેક્નોલૉજીના સહારે ઑ. ટી. ટી. પ્લેટફોર્મ દ્વારા લોકોના ડ્રોઈંગ રૂમ અને મોબાઈલ ફોન દ્વારા પ્રત્યેક લોકો સુધી પહોંચી ગયું છે. શક્તિશાળી માધ્યમોના વધતા વ્યાપ માટે જે કન્ટેન્ટ કે સામગ્રીની મોટા પાયે જરૂર ઊભી થઈ છે- તેમાં પરફોર્મિંગ આર્ટ્સના કલાકારોની ભૂમિકા ખૂબ જ ચાવી રૂપ બની જાય છે. એટલું જ નહીં, પરંતુ હવે તો સોશિયલ મીડિયા પણ લોકોની અંદરની આ કલાને એક નવો મંચ પૂરું પડી રહ્યું છે.

ડાયરેક્શન અને પ્રોડક્શન - એટલે કે નિર્દેશન અને નિર્માણ :

આપણે કોઈપણ ફિલ્મ કે ટેલિવિઝન શ્રેણીના નિર્માણનો વિચાર કરીએ એટલે તરત જ લાઇટ, સાઉન્ડ, કેમેરા અને એક્શન જેવા શબ્દો યાદ આવી જાય. લાઈટ અને સાઉન્ડ વચ્ચે કલાકારો અને તે દ્રશ્યોના બેકગ્રાઉન્ડ વગેરે માટે જે વ્યક્તિની જહેમત હોય છે- તે વ્યક્તિ આર્ટ ડિરેક્ટર તરીકે ઓળખાય છે. કલાકારો પાસેથી કેવી રીતે શ્રેષ્ઠ પરિણામ મેળવવું એ આ આર્ટ ડિરેક્ટર અને પ્રોડક્શન ડિઝાઈનર ઉપર નિર્ભર હોય છે. એક સમય એવો પણ હતો કે આર્ટ ડિરેક્ટર પોતાને ગમતા કે જોઈતા દ્રશ્યોનો સ્કેચ તૈયાર કરતા હતા અને પછી તેને કચકડે કંડારવા માટે જહેમત ઉઠાવતા હતા.

જો કે હવે કોમ્પ્યુટર અને સોફ્ટવેરના યુગમાં આ કાર્ય ટેક્નોલૉજી ઉપર આધારિત બની ગયું છે અને છેલ્લા થોડા સમયથી તો એ.આઈ. ટેક્નોલૉજી આ ક્ષેત્રે શ્રેષ્ઠ પરિણામ આપી રહી છે. આપણે ફિલ્મોમાં અને ટેલિવિઝન ઉપર જે જોઈએ છીએ- તે તો અનેક તબક્કા પછી તૈયાર થયેલી અંતિમ પ્રોડક્ટ હોય છે- જેની પાછળ અનેક કલાકારો અને કસબીઓની જહેમત છુપાયેલી હોય છે. બિલકુલ આવું જ કોઈપણ નાટક કે સ્ટેજ શો ના સફળ આયોજન માટે હોય છે. જેમાં પણ સ્ટેજ ઉપરના કલાકારોની સફળતા પાછળ બેક સ્ટેજ ના કલાકારોની જહેમત પણ એટલી જ જવાબદાર હોય છે.

લિબરલ આર્ટ્સ :

પરફોર્મિંગ આર્ટ્સમાં ફિલ્મ અને ટેલીવિઝન એ એક મોટું વ્યાપક ક્ષેત્ર બની ચૂક્યું છે. પરંતુ આપણે શરૂઆતની વાત કરીએ તો- આર્ટ્સ કે લિબરલ આર્ટ્સના વિષયો કોઈ પણ વિદ્યાર્થીઓને આ ક્ષેત્રમાં આગળ વધવા માટે શરૂઆતની કેડી સમાન ગણી શકાય.

કોઈપણ વિદ્યાર્થી ધોરણ દસ કે ધોરણ બાર પછી- ડોક્ટર, એન્જિનિયર અથવા તો સિવિલ સર્વિસ પાસ કરીને સરકારી અધિકારી બનવાના માર્ગો વિચારતો હોય છે- પરંતુ જો તેમણે પરંપરાગત કારકિર્દીથી અલગ કોઈ નવી, અનોખી કે અલગ કારકિર્દી બનાવવી હોય તો - ધોરણ બાર પછી લિબરલ આર્ટ્સના વિષયો ઉપર જરૂર વિચાર કરી શકાય- જેના દ્વારા તે આગળ પરફોર્મિંગ આર્ટ્સમાં પોતાનો રસ કેળવી શકે છે.

ગુજરાતમાં પરફોર્મિંગ આર્ટ્સના અભ્યાસક્રમો :

ગુજરાતની વાત કરીએ તો અનેક યુનિવર્સિટી, શૈક્ષણિક સંસ્થાઓ અને કૉલેજો પરફોર્મિંગ આર્ટ્સમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવે છે. આ ઉપરાંત પણ કેટલીક સંગીત, નૃત્ય અને નાટ્ય ક્ષેત્રે તાલીમ આપતી સંસ્થાઓ પણ પરફોર્મિંગ આર્ટ્સ ક્ષેત્રે અનેક પ્રકારના અભ્યાસક્રમો ચલાવે છે. એટલું જ નહિ આપણે સૌ જાણીએ છીએ તેમ, જો કોઈને કોઈપણ પ્રકારની કલામાં રસ હોય અને તેમાં પ્રાથમિક કે પછી વધુ અભ્યાસ કરવામાં માંગતા હોય તો સંગીત અને નૃત્યના ખાનગી ટ્યુશન અને કોચિંગ ક્લાસ પણ ચાલતા હોય છે. જેના દ્વારા વ્યસ્ત લોકો પોતાના રોજીંદા કામકાજ કે

પછી પોતાના નોકરી ધંધાની સાથે પણ પોતાને ગમતી કલામાં પારંગત બનીને પોતોનો શોખ પૂરો કરી શકે છે અને પોતાની કલાને આધારે વધારાની આવક પણ મેળવી શકે છે.

કોલેજ અને યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસ ક્રમની વાત કરીએ તો :

૧. બેચલર ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ (BPA) ડ્રામા અથવા સંગીત અથવા નૃત્યના વિષયો સાથે કરી શકાય છે. ત્રણ વર્ષના આ અભ્યાસક્રમમાં ધોરણ ૧૨ પછી પ્રવેશ મેળવી શકાય છે.

૨. માસ્ટર ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ (MPA) પણ ડ્રામા, અથવા સંગીત કે નૃત્યના વિષયો સાથે કરી શકાય છે. સામાન્ય રીતે બે વર્ષના આ અનુસ્નાતક અભ્યાસક્રમ માટે પરફોર્મિંગ આર્ટ્સમાં સ્નાતકની ડિગ્રી લીધેલી હોવી જરૂરી છે.

ગુજરાત યુનિવર્સિટી :

ગુજરાત યુનિવર્સિટીમાં ફાઈન આર્ટ્સ, વિઝ્યુલ આર્ટ્સ અને પરફોર્મિંગ આર્ટ્સ ક્ષેત્રે બેચલર અને માસ્ટર ડિગ્રીના અભ્યાસક્રમ થઇ શકે છે. વિદ્યાર્થી પાંચ વર્ષના માસ્ટર ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમમાં પણ પ્રવેશ મેળવી શકે છે. આ બધા કોર્સમાં જે કલામાં વિદ્યાર્થીઓને પારંગત થવું હોય તેનું સ્પેશિયલાઇઝેશન પણ મળી શકે છે.

પરફોર્મિંગ આર્ટ્સ માટે ગુજરાતની કેટલીક જાણીતી કોલેજ અને સંસ્થાઓની વાત કરીએ તોઃ

- જે.જી. કૉલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ - અમદાવાદ,
- ઉપાસના સ્કૂલ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ - અમદાવાદ
- સેન્ટ ઝેવિયર્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ- અમદાવાદ
- શેઠ સી.એન.કૉલેજ ઓફ ફાઈન આર્ટ્સ - અમદાવાદ
- દર્પણ એકેડમી - અમદાવાદ
- એમ.એસ. યુનિવર્સિટી - વડોદરામાં
- ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ - મ્યુઝીક
- ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ્સ અને
- ડિપાર્ટમેન્ટ ઓફ ડ્રામેટીક્સ નો સમાવેશ થાય છે.
- સિગ્મા કૉલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ-
- એમ. કે. એફ. એક્ટિંગ ઈન્સ્ટિટ્યૂટ

- વિનસ એકેડેમી ઓફ ફાઈન આર્ટ્સ અને
- ઓસ્કાર એકેડેમી જેવી સંસ્થાઓ પણ વડોદરામાં આવેલી છે.

એ જ રીતે સુરત અને રાજકોટમાં પણ યુનિવર્સિટી હેઠળ અને ખાનગી સંસ્થાઓ અને એકેડેમી દ્વારા આ ક્ષેત્રે અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

રાષ્ટ્રીય કક્ષાએ ઉપલબ્ધ અભ્યાસક્રમો :

પરફોર્મિંગ આર્ટ્સ ક્ષેત્રે જો રાષ્ટ્રીય કક્ષાએ ઉપલબ્ધ અભ્યાસક્રમ વિશે વાત કરીએ તો

FTII એટલે કે ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા- પુણે પ્રમુખ સંસ્થા છે.

આ સંસ્થામાં - આર્ટ ડિરેક્શન અને પ્રોડક્શન ડિઝાઇન માટેના અનેક અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. આ પ્રતિષ્ઠિત સંસ્થામાંથી દેશની ફિલ્મ અને ટેલિવિઝન ઇન્ડસ્ટ્રીઝને અનેક પ્રતિભાશાળી કલાકારો મળ્યા છે.

પરફોર્મિંગ આર્ટ્સ, ડ્રામા, થિયેટર અને સોફ્ટ સ્કીલ શીખવતી દેશની અન્ય કેટલીક યુનિવર્સિટી અને કૉલેજ આ પ્રમાણે છે.

- NIMS યુનિવર્સિટી એન્ડ સ્કૂલ ઓફ ફાઈન આર્ટ્સ - જયપુર
- બનારસ હિન્દુ યુનિવર્સિટી - બનારસ
- સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી - લલિત કલા કેન્દ્ર - પુણે
- લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી - દિલ્હી
- આસામ યુનિવર્સિટી - ગૌહાટી
- એમિટી યુનિવર્સિટી- નોઈડા અને મુંબઈ
- ક્રાઈસ્ટ યુનિવર્સિટી - બેંગલોર

કારકિર્દીની તકો અને પેકેજ :

પરફોર્મિંગ આર્ટ્સના આ ક્ષેત્રમાં રસ ધરાવતા યુવાનો ભાગ્યે જ નોકરી કે જોબ પસંદ કરતા હોય છે. આમ છતાં - જોબ માટે કેટલીક તકો આ પ્રમાણે ગણાવી શકાય.

- કૉલેજ અને યુનિવર્સિટીમાં જે તે વિષયમાં ટ્યુટર કે લેકચરર કે પ્રોફેસર.
- મોટી કંપનીઓ અને કોર્પોરેટ હાઉસમાં ક્રિએટીવ કે આઈડિયા માટે સીનીયર પોઝિશન.
- ફિલ્મ, ટેલિવિઝન કે મીડિયા હાઉસ ના વિવિધ પ્રોજેક્ટમાં જુનિયર થી સીનીયર કક્ષાની પોઝિશન
- થિયેટર કે નાટક કે લોકકલાના ગ્રુપ કે મંડળમાં જુનિયર કે સીનીયર પોઝિશન.

પરફોર્મિંગ આર્ટ્સ- એક એવું ક્ષેત્ર છે- જેમાં અભ્યાસ અને પ્રશિક્ષણ પ્રાપ્ત કરનાર પ્રતિભાશાળી યુવાનો માટે કામ કરવાની અને આવક પ્રાપ્ત કરવાની અખૂટ સંભાવનાઓ છે. નોકરી કે જોબ કલ્ચર નહિ ઈચ્છતા અને પોતાની પ્રતિભાના બળથી સફળતાના શિખર સર કરવા માંગતા યુવાનો માટે અહીં શ્રેષ્ઠ તકો ઉપલબ્ધ છે. આ ક્ષેત્રમાં પ્રતિભાશાળી યુવાનોની હંમેશાં જરૂર હોય છે- અને પોતાની પ્રતિભા અને ક્ષમતા પુરવાર કરનાર યુવાનો માટે અહીં - આકાશને આંબવાની તકો પણ ઉપલબ્ધ થઈ શકે છે. પોતાના ક્ષેત્રમાં કામ અને અનુભવને આધારે પ્રતિભાશાળી યુવાનો અને કલાકારોને શ્રેષ્ઠ પેકેજ મળી શકે છે.

૧૭, સંબંધ, ટ્વીન બંગ્લોઝ,
ગુરુદ્વારા પાછળ, થલતેજ, અમદાવાદ.

૩૨ યુવાનો માટે એડવેન્ચર ક્ષેત્રે કારકિર્દી બનાવવાની નવીન તક

- દ્રોણિક શ્રીમાળી

કારકિર્દી એ એવો શબ્દ છે કે જે સાંભળતા દરેક વ્યક્તિ સામાન્ય રીતે ગંભીર બની જાય. એમાં પણ ખાસ કરીને એ યુવાનો કે જે પોતાનું ભણતર પૂર્ણ કરીને આર્થિક ઉપાર્જન કરવા માટે તૈયારી કરી રહ્યા હોય. પહેલા ભણતરની મુખ્યત્વે ત્રણ શાખાઓ હતી આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ, આ ત્રણ સિવાય અન્ય જે કોઈ શાખાઓ હતી તેના વિશે ઘણાં ઓછા લોકો પરિચિત હતા. પરંતુ આજના સમયમાં જો વિદ્યાર્થી પોતે અથવા તેનાં માતા-પિતા પોતાના બાળકની આંતરીક શક્તિ અને ઘગશ જોઈ તેના ભાવી માટે યોગ્ય દિશા નક્કી કરે તો સોનામાં સુગંધ ભળે.

વર્તમાન સમયમાં માતા-પિતાની સાથે બાળકો પણ પોતાની કારકિર્દીને લઈ ખૂબજ ગંભીર બની રહ્યા છે. વિદ્યાર્થી પ્રાથમિક, માધ્યમિક શાળામાં અભ્યાસ કરવાની સાથે-સાથે લલિત અને લલિતેતર કળાઓ અથવા અન્ય કોઈ શોખ, રમત કે વિષયમાં નિપૂર્ણ બનવા વધારાનાં અભ્યાસ વર્ગોમાં જતા જોવા મળે છે. આજકાલ યુવાનો આર્ટ્સ, સાયન્સ કે કોમર્સ વિદ્યાશાખા સિવાય આઈ.ટી., એમ.બી.એ, એલ.એલ.બી., હોટલ મેનેજમેન્ટ, ફેશન ડિઝાઈન, જર્નાલિઝમ, એકાઉન્ટીંગ, એક્સપોર્ટ ઈમ્પોર્ટ વગેરે જેવા ક્ષેત્રનાં ડિગ્રી, ડિપ્લોમા કે વ્યાવસાયિક કોર્સ કરીને રોજગાર મેળવી રહ્યા છે.

હવે વાતને થોડી મુદ્દા પર લઈ જઈએ. આજનાં વેબસીરીઝ અને ટ્વેન્ટી ટ્વેન્ટીનાં જમાનામાં લોકોમાં રોમાંચ મેળવવાવાળી વાત સહજતાથી જાણીતી બની જાય છે. ધૂમ ફિલ્મ આવ્યા બાદ કૉલેજ કેમ્પસ કે જાહેર રસ્તા પર આપણે ઘણાં યુવાનોને ઝડપી બાઈક ચલાવી સ્ટન્ટ કરતા જોયા છે. આવા યુવાનો પોતે રોમાંચ મેળવવા માટેના કરવાની સાહસિકતા બતાવી જાહેર જગ્યા પર પોતાની સાથે અન્યોને પણ ઘણી વાર તકલીફમાં મુકે છે.આ લેખ વાંચતા ઘણાં લોકોને આવો અનુભવ થયો હશે અથવા કેટલાકે આવુ કર્યું પણ હશે. સ્ટ્રન્ટમાં સફળ જનાર ક્ષણવાર માટે મિત્રોની નજરમાં કહેવાતો હીરો બની જાય છે પણ કૉલેજ કેમ્પસમાં કે જાહેર રસ્તા પર આ પ્રકારનું દુ:સાહસ કરવું યોગ્ય ના જ કહેવાય. ઉપરોક્ત ઉદાહરણ નકારાત્મક હતુ પરંતુ તમને આથી પણ વિશેષ રોમાંચ મળે અને સાથે-સાથે કારકિર્દીનું પણ ઘડતર થાય એવો મોકો મળે તો? જી હા, હું આપને કારકિર્દી દરમ્યાન ખરા અર્થમાં રોમાંચ મળે અને ક્ષણ વાર માટે નહી પણ લાઈફ ટાઈમ માટે હીરો બની શકાય તેવા કોર્સ અંગે જણાવવા જઈ રહ્યો છું.

આપણે અહીં જે વાત કરવાની છે તે ધારા પ્રવાહથી જરા અલગ ક્ષેત્રની કારકિર્દી વિશે છે. જેને ગણો તો કારકિર્દી છે નહી તો કંઈ નહી! તેમાં કેરીયર બનાવવું એટલે જીવન સાથે મેનેજમેન્ટ કરવું, રખડવું, સંઘર્ષ કરવો, ભુખ્યા અને તરસ્યા રહી જીવતા શિખવું, જીવ સટોસટનાં ખેલ ખેલવા, લોકોને મોતનાં મુખમાંથી પાછા લાવવા વગેરે... આ રોમાંચનો કોઈ અંત નથી. આ કારકિર્દીમાં કોઈ નિવૃત્તિ નથી. તમે જ તમારી મરજીનાં માલિક છો. તમારી ચપળતા, તમારી હિમ્મત અને કંઈક કરી છૂટવાની ધગશ તમને આ કારકિર્દીમાં આગળ ને આગળ વધવામાં મદદ કરશે. ક્યાં સુધી? એની સીમા તમારે નક્કી કરવાની છે. જેટલી ઊંચી સીમા તમે પાર કરશો તેટલીજ પ્રસિધ્ધિ તમે પામશો. આ પ્રસિધ્ધિથી તમે પરિવાર જ નહી પણ રાજ્ય અને રાષ્ટ્રને પણ ગૌરવ અપાવી શકો છો.

વાતને વધુ રહસ્યમય બનાવવાને બદલે હવે રહસ્યમાં પ્રવેશવાનું શરૂ કરીએ. તમને ખરેખર જો સાહસિક પ્રવૃત્તિઓ કરવામાં રસ હોય તો આપના માટે એડવેન્ચર ક્ષેત્ર એ કારકિર્દીનું ક્ષેત્ર બની શકે છે. અહીં આપનો કોઈ સીધો હરીફ નથી. મનની મક્કમતા અને તનની તત્પરતા આપને સફળતાનાં શિખરો સર કરાવી શકે છે.

ગુજરાત સરકારનાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા પર્વતારોહણ અંગેનાં કોર્સ ચલાવવામાં આવી રહ્યા છે. જે માઉન્ટ આબુ અને જૂનાગઢ ખાતે આવેલી બે સંસ્થા મારફત ચાલે છે. જેમાં

કાબેલ અને કુશળ ઈન્સ્ટ્રક્ટર દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવે છે અને કોર્સ પૂર્ણ કર્યા બાદ જે-તે કોર્સનું સર્ટિફિકેટ પણ આપવામાં આવે છે. કોર્સ દરમ્યાન રહેવાનો ખર્ચ સરકાર ભોગવે છે જ્યારે જમવાનો ખર્ચ વિદ્યાર્થીએ જાતે ભોગવવાનો હોય છે. આ અંગે વધુ માહિતી com-mi-synca.gujarat.gov.in ની વેબસાઈટ પરથી મેળવી શકાય છે. ઉપરાંત SVIM Administration લખી ફેસબુક પર સર્ચ કરવાથી નવા કોર્સ શરૂ થવા અંગેની તમામ માહિતી આપને મળી શકે છે. વિદ્યાર્થીએ એક મહિના પહેલા ફોર્મ ભરીને સંસ્થાને પરત મોકલવાનું હોય છે. જેથી કોર્સનું યોગ્ય આયોજન કરી સંસ્થા કોર્સ શરૂ થવાનાં ૧૫ દિવસ પહેલા મેઈલ મારફત વિદ્યાર્થીઓને જાણ કરી શકે.

સંસ્થાનું સરનામું

- સ્વામિ વિવેકાનંદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનિયરિંગ, સાધનાભવન, ગૌમુખ રોડ, માઉન્ટ આબુ, રાજસ્થાન, પીન કોડ - ૩૦૭૫૦૧
- પંડિત દીનદયાળ ઉપાધ્યાય માઉન્ટેનિયરિંગ ટ્રેનિંગ સેન્ટર, લાખાકોઠા, જૂનાગઢ, ૩૬૨૦૦૨

જરૂરી શૈક્ષણિક પ્રમાણપત્રો, વાલીનું સમંતિ પત્રક અને મેડિકલ ફીટનેસનાં પ્રમાણપત્ર સાથે અરજી કરીને આપ આ કોર્સ કરી શકો છો.

કોર્સની વિગત

- એડવેન્ચર ટ્રેનીંગ કોર્સ ૭ દિવસ માટે (૮ થી ૧૩ વર્ષનાં બાળકો માટે)
- બેઝીક કોર્સ ઈન રોક ક્લાઈમ્બીંગ ૧૦ દિવસ માટે (૧૪ થી ૪૫ વર્ષનાં લોકો માટે)
- એડવાન્સ કોર્સ ઈન રોક ક્લાઈમ્બીંગ ૧૫ દિવસ માટે (૧૫ થી ૪૫ વર્ષનાં લોકો માટે)
- કોચીંગ કોર્સ ઈન રોક ક્લાઈમ્બીંગ ૩૦ દિવસ માટે (૧૮ થી ૪૫ વર્ષનાં લોકો માટે)
- આર્ટિફીશીયલ કોર્સ ઈન રોક ક્લાઈમ્બીંગ ૧૦ દિવસ માટે (૧૮ થી ૪૫વર્ષનાં લોકો માટે)
- ટ્રેકીંગ ઈન હિમાલયન રેન્જીસ ૧૦ દિવસ માટે (૧૮ થી ૪૫ વર્ષનાં લોકો માટે)
- નેશનલ લેવલ રોક ક્લાઈમ્બીંગ કોર્સ ૭ દિવસ માટે (૧૮ થી ૪૫ વર્ષનાં લોકો માટે)

ઉપર મુજબના કોર્સમાં ૭ દિવસનો એડવેન્ચર ટ્રેનીંગ કોર્સ માત્ર ૮ થી ૧૩ વર્ષનાં બાળકો માટે એ પ્રકારે ડિઝાઈન કરવામાં આવ્યો છે કે જેમાં બાળકો પ્રકૃતિથી પરિચિત થાય તથા જંગલમાં પરિભ્રમણ કેવી રીતે કરવું અને પરિભ્રમણ દરમ્યાન કયા પ્રકારની સાવચેતી રાખવી તે સમજાવવામાં આવે છે સાથે-સાથે વિવિધ આર્ટીફીશીયલ ઓબસ્ટીકલ પર એક્ટીવીટી પણ કરાવવામાં આવે છે. આ ઉપરાંત રસ્સા પર ચડવું, બર્માબ્રીજ, ઝીપલાઈન, રીવર ક્રોસીંગ વગેરે એક્ટીવીટી પણ કોર્સ દરમ્યાન બાળકો કરી શકે છે. આગળ જે કોર્સનો ઉલ્લેખ થયો તે દરેક કોર્સની આગવી વિશેષતા છે. તેનું મહત્વ તમે પ્રશિક્ષણ મેળવ્યા બાદ જ સમજી શકો છો. પરંતુ આપની જાણ માટે એટલું કહીશ કે દરેક કોર્સ વિવિધ તબક્કા સ્વરૂપે એકબીજા સાથે સંકળાયેલ છે. જેથી દરેક કોર્સની ડીઝાઈન પ્રમાણે આપને પ્રશિક્ષણ મળશે. જેમાં પર્વત પર આરોહણ અને અવરોહણ, જંગલમાં રાત્રી રોકાણ,નાઈટ ટ્રેકીંગ તથા ભૂકંપ, આગ, ખીણ કે ખાડી જેવા વિસ્તારમાં સર્જાતા ગમખ્વાર અકસ્માત, જંગલ વિસ્તારમાં કુવામાં પડી જતાં પ્રાણીઓનાં રેસક્યુ જેવા વિવિધ આકસ્મિક બનાવોમાં કેવી રીતે કામ કરવું તે બાબતો શીખી શકાય છે. ઉપરોક્ત કોર્સ દરમ્યાન મળતું શારીરિક પ્રશિક્ષણ આપને પોલીસ, આર્મી, ફાયર, આપત્તિ વ્યવસ્થાપન, નેવી, એરફોર્સ જેવા ક્ષેત્રમાં લેવામાં આવતી શારીરિક કસોટીમાં ઉત્તિર્ણ થવામાં મદદરૂપ થઈ શકે છે. કોર્સ પૂર્ણ કર્યા બાદ સ્વરોજગારી મેળવવા સાથે બીજો સૌથી મોટો ફાયદો આપને આપના જીવન ઘડતર વિશે થશે. આપનામાં વિવિધ વિચાર ધરાવતા લોકો સાથે ટીમ બનાવી વિશ્વાસ અને સમર્પણથી કામ કરવાનાં ગુણ વિકસશે ઉપરાંત સ્વયં શિસ્તનો સંચાર થશે. સમયનું મહત્વ અને તેનાં આગ્રહી કેમ બનવુ તે પણ આ કોર્સમાં જોડાવાથી શીખી શકશો જે આપને જીવનમાં દરેક જગ્યાએ કામ આવશે. કારણકે જીવનમાં પણ મહત્વ તો સમય અને ક્ષણનું જ છે. યોગ્ય સમયે અને ક્ષણે ન કરાયેલું કાર્ય તમને જીવનભર પસ્તાવો આપી શકે છે. ક્ષણની કિંમત જાણવી હોય તો ઉરી સર્જીકલ સ્ટ્રાઈક કરનાર એ જાંબાજ પાઈલટનાં સમૂહને પૂછી શકાય અથવા બાલાકોટ એરસ્ટ્રાઈકનાં હીરો અને ભારતીય વાયુસેનાના ગ્રૂપ કેપ્ટન અભિનંદન વર્ધમાનને પૂછી શકાય.

નોકરીની રાહ જોયા વિના જાતે રોજગાર ઊભો કરો.

આટલું પ્રશિક્ષણ મેળવ્યા બાદ તમારે રોજગારી મળે

તેવી રાહ ના જોવી હોય તો તમે આ કોર્સનાં માધ્યમથી પોતાના માટે જાતે રોજગાર ઊભો કરી શકો છો. કેવી રીતે ? તો તેનો જવાબ છે, ગુજરાત કે ભારતની મહત્વની એડવેન્ચર સાઈટ પર પિકનિક અથવા એડવેન્ચર એક્ટીવીટીઝ માટેનું ગ્રૂપ લઈ જવાનું આયોજન કરીને, સોશિયલ મીડિયાના માધ્યમથી પોતાના બ્લોગ તથા યુ ટ્યુબ પર પોતાની ચેનલ બનાવી પોતાના એડવેન્ચર વીડિયો અપલોડ કરીને, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ કે અન્ય કોઈ સોશ્યલ મીડિયાનાં માધ્યમથી આપ આપનો સાહસિક અનુભવ દુનિયા સમક્ષ રજૂ કરીને જાણીતા બની શકો છો અને આર્થિક ઉપાર્જન પણ કરી શકો છે. આજકાલ મોટી ટુર કંપનીઓ એડવેન્ચર ટુરમાં રસ ધરાવતા લોકો માટે સ્પેશિયલ ટુરનું આયોજન કરે છે. આપ પણ આવું આયોજન કરતી કંપનીમાં નોકરી મેળવી શકો છો અથવા જાતે જ આ પ્રકારનું આયોજન કરી શકો છો અને કમાણી કરી શકો છો.

આ ક્ષેત્રમાં હજુ વધારે શિક્ષણ મેળવવા ઈચ્છો છો ?

આ કોર્સ કર્યા બાદ જો તમને એવુ લાગે કે આજ ક્ષેત્રમાં હજુ વધારે આગળ વધવું છે અને નવું શિક્ષણ, નવા લોકો સાથે નવો અનુભવ મેળવવો છે. તો તેનાં માટે ભારતમાં ચાલતી વિવિધ સંસ્થાઓનો આપે સંપર્ક કરવો રહ્યો. ભારતમાં નીચે મુજબનાં પાંચ મહત્વનાં ઈન્સ્ટિટ્યૂટ છે જે એડવેન્ચર ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે પ્રશિક્ષણ આપી રહ્યા છે.

૧. ઉત્તરાખંડમાં આવેલ નહેરુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ માઉન્ટેનિયરિંગ (NIM).
૨. દાર્જિલિંગ, પશ્ચિમ બંગાળમાં આવેલ હિમાલયન પર્વતારોહણ સંસ્થા (HMI).
૩. હિમાચલ પ્રદેશમાં આવેલ અટલ બિહારી વાજપાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ માઉન્ટેનિયરિંગ એન્ડ એલાઈડ સ્પોર્ટ્સ (ABVIMAS).
૪. જમ્મુ અને કાશ્મીરમાં આવેલ જવાહરલાલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનિયરિંગ એન્ડ વોટર સ્પોર્ટ્સ (JIM-WS અથવા JIM).
૫. અરુણાચલ પ્રદેશમાં આવેલ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનિયરિંગ એન્ડ એલાઈડ સ્પોર્ટ્સ (NIMAS).

આ ઉપરાંત ગુગલ પર જઈને mountaineering courses in india સર્ચ કરવાથી ભારતમાં આ ક્ષેત્રે પ્રશિક્ષણ આપતી અન્ય સંસ્થાઓ અને તેમના દ્વારા ચલાવવામાં આવતા વિવિધ કોર્સની માહિતી પણ આપ મેળવી શકો છો. તેના કોર્સ ડીઝાઈન અને સ્ટ્રકચર પ્રમાણે જો યોગ્ય લાગે તો આપના રસ અને રુચી પ્રમાણે તેમાં જોડાઈ પણ શકો છો.

ટ્રેકિંગ અને પર્વતારોહણ અભિયાનોનું આયોજન કરતી ઘણી એડવેન્ચર કંપનીઓ છે. તમે આવા સ્થળોએ ટ્રેક ગાઈડ અથવા ટ્રેક લીડર બનવાનું પસંદ કરી શકો છો. આ ક્ષેત્રમાં મોટાભાગની નોકરીઓ ખાનગી ક્ષેત્રની છે. કેટલાક રાજ્યોના પ્રવાસન વિભાગો (ખાસ કરીને હિમાલયના પટ્ટામાં) પ્રશિક્ષિત પર્વતારોહકોને વિવિધ ભૂમિકાઓ માટે ભાડે રાખે છે. પર્વતારોહકોને બચાવ ટુકડીઓ સાથે સરળ રોજગાર પણ મળે છે. તમે શિક્ષણની દુનિયામાં પ્રવેશવાનું અને પ્રશિક્ષક તરીકે કોઈપણ પર્વતારોહણ સંસ્થામાં રોજગાર મેળવવાનું પણ પસંદ કરી શકો છો. પર્વતારોહકનો પગાર તેઓ જે સંસ્થામાં નોકરી કરે છે તેના પર આધાર રાખે છે. આ ક્ષેત્રમાં સરકારી ક્ષેત્રની નોકરીઓ કરતા ખાનગી ક્ષેત્રની નોકરીઓ સારા પ્રમાણમાં મહેનતાણું આપે છે. આ લેખમાં આપે માત્ર લેન્ડ સ્પોર્ટ્સ વિશે જાણકારી મેળવી આ ઉપરાંત જેને વોટર સ્પોર્ટ્સ અને એર સ્પોર્ટ્સ જેવા ક્ષેત્રમાં રસ હોય તેઓએ વિષય સંલગ્ન કોર્સનું પ્રશિક્ષણ મેળવીને રોમાંચ અને રોજગારી બન્ને મેળવી શકે છે.

પી -૧૩, કીર્તિધામ સોસાયટી,
વાવોલ, ગાંધીનગર.

33 સાયબરની દુનિયામાં કારકિર્દીની ઉજ્જવળ તકો

- કિશન જોશી

ચાર્લ્સ ડાર્વિને જેમ દુનિયાને વર્ષો પહેલા મનુષ્ય માટે ઉત્ક્રાંતિવાદ કે ઉત્ક્રાંતિનો નિયમ આપ્યો ત્યારથી આપણા માનવજીવનમાં ઘણા બદલાવો આવવા લાગ્યા છે. ઉત્ક્રાંતિવાદ પહેલા પણ બદલાવો થતા આવ્યા છે. આવી જ રીતે કોમ્પ્યુટર અને ઇન્ટરનેટની શોધ પછી સાયબરવર્ડ કે સાયબરની દુનિયામાં પણ ઘણા ફેરફારો કે અલગ રીતે કહીએ તો સાયબરવર્ડમાં ઉત્ક્રાંતિ જોવા મળી છે. ૧૯૮૩ માં ઇન્ટરનેટની શોધ થઇ એટલે ૧૯૮૦ થી ૧૯૯૦ માં જન્મ લેનાર દરેક વ્યક્તિ આ સાયબર ઉત્ક્રાંતિનું સાક્ષી રહ્યું છે.

સાયબરવર્ડને સીધીસાદી ભાષામાં સમજવાની કોશિશ કરીએ તો ઇન્ટર-કોમ્પ્યુટર કોમ્યુનિકેશન કે પછી વર્ચ્યુઅલ વર્ડમાં રહેલી માહિતી જેને સાયબરસ્પેસમાં રહેલી માહિતી પણ કહી શકાય એને કહે છે સાયબરવર્ડ. જેમ ટાઇપરાઈટરનું સ્થાન કોમ્પ્યુટર એ લીધું, કોમ્પ્યુટરનું સ્થાન લેપટોપ અને ટેબ્લેટ એ લીધું એ જ રીતે પેજરની જગ્યા એ બધાના હાથમાં મોબાઈલ ફોન્સ આવી ગયા છે. કોમ્પ્યુટર હાર્ડવેરની જેમ કોમ્પ્યુટર સોફ્ટવેરમાં પણ સમયાંતરે નવીન અપડેટ્સ પણ આવી ગયા છે અને સાથે સાથે ઓપરેટિંગ સિસ્ટમમાં પણ અલગ અલગ વર્ઝન્સ આવી ગયા છે.

સાયબરવર્ડની આ ઉત્ક્રાંતિ સાથે સાયબર જગતમાં યુવાનો માટે કારકિર્દીના ઘણા રસ્તાઓ ખુલી ગયા છે. મહેનતુ અને ક્રિએટીવ માઈન્ડ ધરાવનારા યુવાનો માટે સાયબર જગતમાં ઘણી ઉજ્જવળ તકો હાજર છે. યોગ્ય માર્ગદર્શન અને શિક્ષણ સાથે કોઈપણ યુવાન સાયબર જગતમાં પ્રવેશ કરી અને પોતાના માટે રોજગારીની તક મેળવી પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે છે. કોમ્પ્યુટરમાં ડિપ્લોમા, ડિગ્રી, ગ્રેજ્યુએશન, માસ્ટર કે પછી કોઈ સર્ટિફાઈડ કોર્ષ કરીને તમે સાયબર જગતના અલગ અલગ સેક્ટરમાં નોકરી કે પોતાનો રોજગાર શરૂ કરી શકો છો. તો ચાલો આ સાયબરવર્ડમાં રોજગાર મેળવવા માટે ઉપયોગી કોર્ષ અને અભ્યાસ પછી મળતી નોકરીઓ વિશે થોડું ઊંડાણમાં સમજીએ.

સાયબરવર્ડ ને સરળ રીતે સમજવા માટે આપણે સાયબરસ્પેસને થોડા ભાગમાં સમજીએ. અહીંયા આપણે સાયબરવર્ડને મુખ્ય પાંચ ભાગોમાં વહેંચીએ છીએ અને આ અલગ અલગ વિભાગમાં આપણે આ સેક્ટર માટે શું અભ્યાસ કરવો અને અભ્યાસ બાદ ક્યાં સેક્ટરમાં નોકરી કે રોજગારની તકો છે એ જાણીશું.

૧) એન્જીનિયરિંગ અને આર્કિટેકચર :

મિત્રો કોમ્પ્યુટરમાં ડિપ્લોમા, ડિગ્રી, ગ્રેજ્યુએશન, માસ્ટર કે પછી સિસ્ટમ આર્કિટેકચર રીલેટેડ સર્ટિફાઈડ કોર્ષ કરીને તમે આ સેક્ટરમાં પ્રવેશ કરી શકો છો. ક્રિટિકલ થિંકિંગ, સિસ્ટમ આર્કિટેકચર, રિસ્ક એનાલિસિસ, આર્કિટેકચર ડિઝાઈન, રીવેર્સ એન્જિનિયરિંગ, IT એન્જિનિયરિંગની સ્કીલ ડેવેલોપ કરીને આ ફિલ્ડમાં રોજગારી મેળવી શકાય છે.

અહીંયા દર્શાવેલ સ્કિલ્સ મેળવ્યા બાદ તમે બ્લોકચેઈન, AI, કે મશીન લર્નિંગ પર કામ કરતી મલ્ટીનેશનલ કંપનીઓમાં એપ્લાય કરી કે તેની ઇન્ટરવ્યુ પ્રોસેસ માં સફળતા મેળવીને આ કંપનીઓ સાથે કામ કરી શકો છો.

૨) ડેવલોપમેન્ટ અને ડિઝાઈન :

ડેવલોપમેન્ટ અને ડિઝાઈન શબ્દો દ્વારા તમે સમજી ગયા હશો કે આ સેક્ટરમાં તમે સોફ્ટવેર ડેવેલોપર, વેબસાઈટ ડેવેલોપર, વેબ ડિઝાઈનર, સોફ્ટવેર એન્જિનિયરિંગ, કે પછી UI UX ડિઝાઈનર ફિલ્ડમાં નોકરી મેળવી શકો છો. સિસ્ટમ ડિઝાઈન કર્યા બાદ ડિઝાનીંગ અને ડેવલોપમેન્ટ દ્વારા વેબસાઈટ કે કોઈ એપ્લિકેશન ડેવેલોપ કરવાનું કાર્ય ડેવેલોપર અને ડિઝાઈનરને કરવાનું હોઈ છે.

બેંગ્લોર, પુને, ચેન્નાઈ, હૈદરાબાદ, નોઇડા, મુંબઈ કે ગુજરાતમાં અમદાવાદ, બરોડા, કે ગાંધીનગરની ઘણી

સોફ્ટવેર કંપનીઓમાં ઓનલાઈન એપ્લાય કરીને સારા પગારધોરણ વાળી જોબ મેળવી શકો છો. ફ્રેશર લેવલથી લઈને મેનેજર લેવલ સુધી તમે નોકરી મેળવી શકો છો. આ સિવાય થોડા અનુભવ બાદ તમે પોતાનું કામ પણ ચાલુ કરી શકો છો અને સ્ટાર્ટ-અપ પણ શરૂ કરી શકો છો. આ માટે MSME કે make in india અંતર્ગત તમને સહાય પણ મળી શકે છે.

3) ડેટાબેઝ અને ડેટા-સાયન્સ :

દરેક સિસ્ટમ, વેબસાઈટ કે ઈ-કોમર્સ સાઈટનો મહત્વનો ભાગ હોઈ છે ડેટા અને આજ ડેટાને સંગ્રહ કરવા માટે ડેટાબેઝનો ઉપયોગ થાય છે. ડેટાબેઝને ક્રિએટ કરી અને એની અંદર ડેટાનો સંગ્રહ કરીને એને મેનેજ કરવું અને ડેટાબેઝ મેનેજમેન્ટ કહે છે. ડિપ્લોમા, ડિગ્રી, ગ્રેજ્યુએશન, માસ્ટર કે પછી ડેટાબેઝ એડમિનિસ્ટ્રેશનને લગતા સર્ટિફાઈડ કોર્ષ કરીને તમે આ સેક્ટરમાં નોકરી પ્રાપ્ત કરી શકો છો.

અભ્યાસની સાથે તમારી પાસે થોડી એનાલિસિસ, મેથ્સ, પ્રોગ્રામિંગ, ડેટા વિઝ્યુલાઈઝ, અને ડેટા પ્રોસેસિંગ જેવી મહત્ત્વની સ્કિલ્સ હોવી પણ જરૂરી છે. ડેટાબેઝ અને ડેટા-સાયન્સ ફિલ્ડમાં તમે ડેટાબેઝ પર વર્ક કરતી કોઈપણ કંપનીમાં જોબ મેળવી શકો છો જેમકે ઓરેકલ, DBI, ડેલ, અને DB corp. આ કંપનીઓમાં તમે ડેટાબેઝ એડમિનિસ્ટ્રેશન, ડેટાબેઝ એન્જિનિયર, ડેટાબેઝ ડેવેલોપર જેવા હોદ્દાઓ પર કામ કરી શકો છો.

૪) ટેસ્ટીંગ, હેકિંગ, અને સાયબર-સિક્યુરિટી :

સાયબરવર્ડમાં કે સાયબરસ્પેસમાં ટેસ્ટીંગ, હેકિંગ, અને સાયબર-સિક્યુરિટી એક મહત્ત્વનો ભાગ ભજવે છે. હેકિંગ અને સાયબર-સિક્યુરિટી તો એક અલગ જ દુનિયા છે એમ કહી શકાય અને આ ફિલ્ડમાં નોકરી કરવી એ એક જવાબદારીનું કામ પણ છે. આજનાં સમયમાં દરેક લોકોની માહિતી ઓનલાઈન કોઈના કોઈ સર્વર પર કે ક્લાઉડ સ્પેસ પર અવેલેબલ છે તો આ માહિતીની સિક્યુરિટી પણ મહત્ત્વની છે. સાયબરવર્ડમાં ડેટા થેફ્ટ એટલે કે ડેટા ચોરી કે હેકિંગનાં બનાવો વધી રહ્યાં છે એટલે આ પ્રકારના સાયબર ક્રાઈમ વધવાથી આ ફિલ્ડમાં નોકરીઓને પણ ઘણો સ્કોપ છે. ગુજરાત જ નહિ પણ ભારત અને ભારત બહાર પણ મોટા ભાગના દેશોમાં ટેસ્ટીંગ, હેકિંગ, અને સાયબર-સિક્યુરિટીની નોકરી માટે સારા યુવાનોની જરૂર હંમેશા હોય જ છે.

આ માટે તમે ડેટા સિક્યુરિટી, એથિકલ હેકિંગ, સોફ્ટવરે નેટવર્ક ટેસ્ટીંગ, કોમ્પ્યુટર નેટવર્કિંગ, પેનેટ્રેશન ટેસ્ટીંગ, ડેવઓપ્સ, અને ક્લાઉડ સિક્યુરિટીમાં અભ્યાસ મેળવીને એથિકલ હેકર, સાયબર-સિક્યુરિટી એનાલિસ્ટ, સાયબર-સિક્યુરિટી મેનેજર, સાયબર-સિક્યુરિટી પ્રોજેક્ટ મેનેજર, રિસ્ક એડ્વાઈઝર, સાયબર-સિક્યુરિટી કન્સલ્ટન્ટ, અને સાયબર-સિક્યુરિટી ટેકનિશિયન જેવી પોસ્ટ પર સારા પગારધોરણ વાળી નોકરી મેળવી શકો છો.

૫) કન્સલ્ટીંગ, મેનેજમેન્ટ, અને એડમિનિસ્ટ્રેશનઃ

દરેક ક્ષેત્રમાં સાયબરવર્ડ હોય કે ફાર્મા કે પછી બેન્કિંગ કે પછી કોઈ મોટી કંપનીનું પ્રોડક્શન યુનિટ દરેક જગ્યાએ મેનેજમેન્ટ, એડમિનિસ્ટ્રેશન, અને કન્સલ્ટીંગ કરનારા લોકોની જરૂર રહે જ છે. ડેટા ગેધરીંગ, સિસ્ટમ એડમિનિસ્ટ્રેશન, પ્રોજેક્ટ મેનેજમેન્ટ, પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર, સિસ્ટમ મેનેજમેન્ટ અને કન્સલ્ટન્ટની જગ્યા માટે પણ ઘણી કંપનીઓમાં ભરતી બહાર પડતી હોઈ છે.

હવે તો પ્રાઈવેટ કંપનીઓ સિવાય સરકારી ખાતાઓ માં પણ IT ડિપાર્ટમેન્ટ માટે કાયમી કે હંગામી ધોરણે ભરતી આવતી રહે છે. સાયબરવર્ડમાં કન્સલ્ટીંગ, મેનેજમેન્ટ, અને એડમિનિસ્ટ્રેશન જેવા ફિલ્ડ્સમાં જવા માટે તમારે મેનેજમેન્ટ ઈન IT, કોમ્પ્યુટર એપ્લીકેશન, M.Tech, કે સાયબર સિક્યુરિટીને લગતા સર્ટિફાઈડ કોર્ષ કરી શકો છો.

એવું નથી કે ઉપર દર્શાવેલ પાંચ પ્રકારોમાં જ તમે કારકિર્દી બનાવી શકો છો અહીંયા સાદી રીતે સમજવા માટે સાયબરવર્ડમાં રહેલી તકોને વિભાગમાં દર્શાવવામાં આવી છે પણ આ સિવાય તમે ડિપ લર્નીંગ, AI, ક્રિપ્ટોગ્રાફી, અને હમણાં જે ચાલી રહ્યું છે એ મેટાવર્સમાં પણ તમે પોતાની કારકિર્દી ઘડી શકો છો.

તો મિત્રો આશા રાખીએ છીએ કે આ લેખ દ્વારા તમને ઘણું જાણવા મળ્યું હશે. તમારા આવનારા ડિજિટલ ભવિષ્ય માટે બધાને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

QA - એન્જિનિયર
એ-૬૦૨, સેવન પેરેડાઈઝ એપાર્ટમેન્ટ,
ગોતા, અમદાવાદ.

૩૪ વિદેશી ભાષા સાથે કારકિર્દીનું ઘડતર

- પ્રાંજલ આચાર્ય

આજના ડિજીટલ યુગમાં વિશ્વ ખૂબ ઝડપથી સંકોચાય રહ્યું છે અને માનવ સમૂદાય બહુ સહેલાયથી પોતાના ઘર અથવા ઓફિસ પર બેસીને ભૌગોલિક સીમાઓ ઓળંગી પૃથ્વીના અન્ય ખૂણે બેઠેલા માનવી જોડે આર્થિક\વ્યાપારિક લેવડ-દેવડ કરી શકે છે -આ વાતથી આપણે સહુ પરિચિત છીએ જ.

પણ આ પ્રકારે વિદેશ સ્થિત નાગરિક સાથે વ્યવહારમાં ઉતારવા માટે પ્રત્યાયન એટલે કે "communication" આવશ્યક બની રહે છે અને પરિણામે બન્ને વ્યક્તિ માટે સામે વાળી વ્યક્તિની ભાષા જાણવી - સમજવી અનિવાર્ય બને છે.

અહીંથી વિદેશી ભાષાઓ શીખવાની જરૂરિયાત ઉત્પન્ન થાય છે. વળી, આ જરૂરિયાત વિવિધ પ્રકારની કારકિર્દી અને રોજગારની તક પણ ઊભી કરે છે. દા. ત.

1. Language Interpretation
2. Language Translation
3. Language Teaching
4. International Correspondence and Journalism
5. Intelligence Operative/ Government Agencies
6. International Sales and Marketing
7. Travel and Tourism
8. Hotel Management
9. Content Writer/ Editor

1. Language Interpretation

કોઈ પણ દેશના દૂતાવાસ કાર્યાલય પર રોજબરોજના કાર્યોમાં તે દેશની રાષ્ટ્રભાષા અને અન્ય દેશની રાષ્ટ્રભાષા વચ્ચે પરસ્પર અર્થઘટનની આવશ્યકતા રહે તેથી અહીં દુભાષી વ્યક્તિ માટે રોજગારની તક મળે છે. આ ઉપરાંત વિદેશમાં વસતા નાગરિકો માટે પોતાની માતૃભાષા અને વસવાટ કરતા હોય તે દેશની રાષ્ટ્રભાષા વચ્ચે કોર્ટ-કચેરી-કાયદાની બાબતમાં પણ દુભાષી સેવાઓની આવશ્યકતાઓ રહે છે. અન્ય સેવાઓ જેમ કે તબીબી સારવાર, પોલીસ પૂછપરછ, ઈમરજન્સી સેવાઓ વગેરે પણ વિદેશી નાગરિકો માટે રોજગારની તક સર્જે છે.

2. Language Translation

આગળ ચર્ચા કર્યા પ્રમાણે આજે સામાન્ય રીતે રોજબરોજના કાર્યોમાં ભાષાકીય આદાન-પ્રદાન ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. એવામાં વિવિધ પ્રકારના સાહિત્યના ભાષાંતરની આવશ્યકતા રહે છે. સચોટ ભાષાંતર સ્પષ્ટ પ્રત્યાયન માટે આવશ્યક હોવાથી આ કારકિર્દી ખૂબ સારું વળતર આપી શકે છે. મોટા ભાગે ઘરથી જ પોતાના computer અથવા tablet pc પર પોતાની અનુકૂળતાના સમયે કામ થઈ શકે જે વધુ આરામદાયક બાબત રહે છે.

3. Language Teaching

મોટા પ્રમાણમાં લોકો વિવિધ કારણથી વિદેશ જઈ સ્થાયી થવા માગતા હોય છે દા.ત., અભ્યાસ, નોકરી વગેરે. આ માટે વિઝા મેળવતી વખતે તેમને જે તે દેશની રાષ્ટ્રભાષાનું જ્ઞાન હોવું જરૂરી હોય છે. આ માટે વિદેશી ભાષાની exams જેમ કે IELTS, TFL, CEFR વગેરે આપવાની હોય જેના માટે શિક્ષણ પ્રાપ્ત કરવું જરૂરી બને.

અહી તે ભાષા જાણતી વ્યક્તિ માટે language coaching દ્વારા સારી વ્યવસાયિક તક ઊભી થાય છે.

4. international Correspondence and Journalism

ટેલિવિઝન બાદ ઈન્ટરનેટ અને મોબાઈલ ફોનના વધતા વપરાશના કારણે લોકો વિશ્વના કોઈ પણ ખૂણે બેસી બહારની દુનિયા વિશે ખૂબ સરળતાથી માહિતી મેળવી શકે છે. તેથી વિખૂટ પ્રમાણમાં માહિતીના સ્ત્રોત ટેલિવિઝન ચેનલ, અખબાર, વેબસાઈટ અને ઓનલાઈન ન્યૂઝ પોર્ટલના સ્વરૂપે ઉપલબ્ધ થયા. આ માધ્યમોને ચોક્કસ ભૌગોલિક ક્ષેત્રોમાં ત્યાંની ભાષા જાણતા અને વિદેશમાં વસતા લોકો સુધી તેમની પોતાની ભાષામાં માહિતી પૂરી

પાડી શકે તેવા ભાષા નિષ્ણાતની જરૂર પડે. આ કારણથી ખૂબ સારી આવક સાથેની કારકિર્દી ઘડી શકાય.

5. Intelligence Operatives/ Government Agencies

વિવિધ દેશોની સરકાર Intelligence વિભાગ પાછળ ખૂબ ખર્ચ કરે છે. આ કારણથી પગાર ધોરણ ખૂબ ઊંચા હોય છે. જરૂરી નથી કે તમે સતત કોઈ દુશ્મનની પાછળ ભાગતા જ રહેશો પણ જો તમે એક અથવા વધારે વિદેશી ભાષા જાણતા હશો તો તમે Intelligence વિભાગની ઓફિસમાં પણ ફરજ બજાવી શકો છો. સાધારણ રીતે અન્ય વિભાગોમાંથી વરણી કરાતી હોય છે પણ ક્યારેક બહારથી પણ ટૂંકા સમય માટે પસંદગી થઈ શકે છે.

6. International Sales and Marketing

મલ્ટીનેશનલ કંપનીઓ એક કરતાં વધારે દેશોમાં ફેલાઈ હોય છે. જે તે દેશના અન્ય વ્યાપારિક એકમો તથા ગ્રાહકો સાથે યોગ્ય આદાન-પ્રદાન માટે તે દેશની ભાષા જાણતા લોકો માટે નોકરી અને પ્રમોશનની તક મળે છે અને સમય સાથે ઉચ્ચ હોદા સુધી પહોંચી શકાય છે. આ સાથે સમયાંતરે પગાર ઉપરાંત પરફોર્મન્સ બોનસ રૂપે આર્થિક લાભ પણ મેળવી શકાય છે.

7. Travel and Trourism

સરકારના ટુરિઝમ વિભાગ દ્વારા વિદેશી પ્રવાસીઓની સહુલત માટે વિવિધ ઐતિહાસિક પર્યટન સ્થળો પર વિદેશી ભાષા જાણતા લોકોની ટૂર ગાઈડ તરીકે વરણી થાય છે. પગારધોરણ પણ ખૂબ સારા હોય છે. સાથે દેશના ઈતિહાસને જાણવા, સમજવા અને જાળવવાની તક પ્રાપ્ત થાય છે.

8. Hotel Managenent

ફાઈવ સ્ટાર હોટેલ અને રિઝોર્ટમાં વિદેશી પર્યટકો મોટા પ્રમાણમાં આવતા હોય છે. એક ફાઈવ સ્ટાર હોટેલ તરીકે આ પર્યટકોને તમામ સહુલતો પૂરી પડાય છે. એવામાં જો એમની ભાષા પણ બોલી શકાય તો એમને વધુ સારી સર્વિસ આપી શકાય. આ માટે હોટેલના મેનેજરના પદ માટે એવી વ્યક્તિની પસંદગી કરવી પડે જે એક અથવા વધુ વિદેશી ભાષા જાણતી હોય.

એવું પણ બને કે હોટેલ કે રીઝોર્ટની અન્ય શાખા કોઈ અન્ય દેશમાં હોય અને જો ત્યાંની ભાષા આવડતી હોય તો નોકરી અને પ્રમોશન મળવા પાત્ર રહે.

9. Content Writer/ Editor

એક અથવા વધુ વિદેશી ભાષા જાણવા અને સમજી શકવાથી જે તે ભાષામાં બ્લોગ, વેબસાઈટ, મેગેઝિન, ઓનલાઈન પોર્ટલ વગેરે માટે લેખન, ભાષાંતર, સંપાદન ઈત્યાદી દ્વારા સારી આવક મેળવી શકાય છે. o'desk.com અને freelancer.com ઉપર પ્રોફાઈલ બનાવી અને પોતાના કાર્યક્ષેત્ર પ્રમાણે થોડા નમૂના અપલોડ કરવાથી દેશ - વિદેશથી ઓનલાઈન એસાઈમેન્ટ પ્રાપ્ત કરી વિદેશી મુદ્રામાં આવક મેળવી શકાય છે

આ ઉપરાંત બીજા ઘણા બધા ક્ષેત્રોમાં વિદેશી ભાષા પર પ્રભુત્ત્વ દ્વારા કારકિર્દી બનાવી યોગ્ય વળતર મેળવી શકાય છે.

એ-૮૨, ટોપલેન્ડ રેસીડન્સી, પારિજાત રેસીડન્સી સામે,
સાધુ વાસવાની રોડ, રાજકોટ- ૩૬૦૦૦૫
મો. ૯૪૨૭૨૨૩૨૯૩

૩૫ ગેમ ડિઝાઈનિંગ અને ડેવલોપમેન્ટમાં કારકિર્દી

- કિશન જોષી

આપણે બધા આપણા જીવનમાં એક વાર તો ગેમની મજા માણી જ હશે. જયારે ગેમની વાત આવે ત્યારે આપણે બધા આપણા બાળપણમાં સરી જઈએ છીએ. રવિવાર એટલે રમવાનો દિવસ ત્યારે આઉટડોર ગેમની સાથે ઈન્ડોર ગેમની પણ એટલી જ મજા આવતી અને આ ઈન્ડોર ગેમ્સની મજામાં ઉમેરો થયો જયારે વીડિયો કે પછી ટેલિવિઝનમાં રમી શકાઈ તેવી ગેમ્સ નો ઉદભવ થયો. એમ તો વીડિયી ગેમ્સની શરૂઆત ૧૯૫૦-૧૯૬૦ દરમિયાન થઈ ગઈ હતી પણ પ્રથમ વીડિયો ગેમ ૧૯૬૧માં MIT એ લોન્ચ કરેલી "સ્પેસવોર" છે અને આ દરમ્યાન પોંગ ગેમ પણ માર્કેટમાં આવેલી જે ખુબ જાણીતી થયેલી.

આ પછી વીડિયો ગેમ્સના ક્ષેત્રએ પાછા ફરીને જોયું નથી જેમ જેમ ટેક્નોલૉજી વધતી ગઈ તેમ તેમ વીડિયો ગેમ્સની પણ પ્રગતિનો માપદંડ વધતો ગયો. વીડિયો ગેમના ચાહકો માટે રેસિંગ ગેમ અને શૂટિંગ ગેમ એક જીવનનું અંગ બની ગઈ અને આજની તારીખમાં વીડિયો ગેમ માર્કેટએ એક વિશાળ સ્વરૂપ ધારણ કરી લીધું છે. statista.comના અહેવાલ પ્રમાણે ૨૦૨૧માં વીડિયો ગેમનું માર્કેટ ૧૭૮.૭૩ બિલિયન ડોલર હતું અને ૨૦૨૨માં ૧૪% ના લેખે વધી શકે છે તો આ આંકડાઓ પરથી મિત્રો તમને વીડિયો ગેમ માર્કેટ તથા તેમાં રહેલી તકનો ખ્યાલ તો તમને આવી જ ગયો હશે.

નાનપણમાં આપણે બધા આપણા ઊનાળુ વેકેશનમાં કે રવિવારના દિવસે ડૉ. મારીઓ, ટેન્ક, સુપર કોન્ટ્રા, રોડ રેસ, કે આઉટ રન જેવી રમતો તો રમ્યા જ હશો. બદલતા સમય અને ટેક્નોલૉજી પ્રમાણે ગેમ્સ ઈન્ડસ્ટ્રિમાં પણ વિશાળ ફેરફારો થયા છે. ગેમ્સની વિઝ્યુલ ક્વૉલિટી પણ બદલાઈ અને ગેમિંગ ડિવાઈસ પણ બદલાયા. પહેલા કાળા કલરનું એક બોક્ષ જેને ગેમ કોન્સોલ કહેવામાં આવે છે એને ટેલિવિઝન સાથે જોડવામાં આવતું અને હવે PS5 અને XBOX જેવા અત્યાધુનિક ડિવાઈસ માર્કેટમાં લોન્ચ થઈ ગયા છે. માર્કેટમાં નવી નવી ગેમ્સ લોન્ચ થવાની સાથે ગેમ રસિકોનું પ્રમાણ પણ વધતું જાય છે અને સાથે યુવાનોમાં ગેમ ડિઝાઈનિંગ અને ડેવેલોપિંગ માટે રસ પણ એટલો જ વધતો જાય છે અને સાથે ઘણા સવાલો પણ મનમાં ઉદ્ભવતા હશે કે ગેમ ડિઝાઈનિંગ અને ડેવેલોપિંગમાં કારકિર્દી બનાવવા માટે શું અભ્યાસ કરવો? અભ્યાસ ક્યાં કરવો? અભ્યાસ બાદ નોકરી ક્યાં મળી શકે છે? પગાર ધોરણ કેટલું હશે? અને આ ક્ષેત્રનું ભવિષ્ય શું? તો ચાલો મિત્રો આજે આપણે આજ બધા સવાલોના સચોટ જવાબ આપીએ.

ગેમ ડિઝાઈનિંગ શું છે અને ડેવેલોપિંગ શું છે :

આપણે જે વીડિયો ગેમ રમી રહ્યા છીએ એ વીડિયો ગેમનું યુઝર ઈન્ટરફેસ, ગેમમાં રહેલું ગ્રાફિક્સ વર્ક, ગેમના ઓબ્જેક્ટસની મુવમેન્ટ, તથા ગેમને અનુરૂપ ફંકશન આ બધાનું ગેમનાં યુઝરને પસંદ પડે તેવું ડિઝાઈન કરવું અને એવી રીતે ડિઝાઈન કરવું કે યુઝર એ વીડિયો ગેમમાં પોતે રમી રહ્યો છે એવી અનુભૂતિ કરે. એને કહેવાય ગેમ ડિઝાઈનિંગ.

ગેમમાં રહેલા ફંકશનસ યુઝરના રિમોટ કંટ્રોલની

મુવમેન્ટ પર કાર્ય કરે એને ગેમ ડેવલોપમેન્ટ અથવા ડેવલપિંગ કહેવામાં આવે છે ઉદાહરણ તરીકે સમજીએ તો કોઈ કોમ્બેટ રીલેટેડ ગેમ છે તો તેમાં રહેલા ફંકશનસને કઈ રીતે વર્ક કરાવવું એ ડેવલોપમેન્ટનો એક ભાગ છે જેમ કે કોમ્બેટ ગેમમાં રહેલા પાત્રને ચલાવવું, દોડાવવું, તેના હાથમાં પિસ્તોલ આપવી, ગન દ્વારા ફાયર કરાવવું, કે પછી એક પાત્રને બીજા પાત્ર સાથે ફાઈટ કરાવવી. આ બધી જ ક્રિયાઓ જે બેકેન્ડ થી થાય છે કે જેને કોડીંગ દ્વારા કરવામાં આવે છે અને યુઝર એને જોઈ નથી શકતો પણ ફિલ કરી શકે છે એને કહેવામાં આવે છે ગેમ ડેવલોપમેન્ટ.

ગેમ ડિઝાઈનિંગ કે ગેમ ડેવેલોપિંગ માટે અભ્યાસ શું કરવો :

ગેમ ડિઝાઈનિંગ કે ગેમ ડેવેલોપિંગ ખૂબજ સ્પર્ધાત્મક ક્ષેત્ર છે તેથી દરેક વિદ્યાર્થીઓએ આ બાબતે વધારે જાણકાર અને ક્રિએટીવ હોવું જરૂરી છે. વિદ્યાર્થી ૧૨ સુધી અભ્યાસ કરીને ડિઝાઈનિંગ કૉલેજ માટેની એન્ટરન્સ પરીક્ષા આપીને કૉલેજમાં એડમિશન મેળવી શકે છે જેમકે.....

CEED : Common Entrance Examination for Design

UCEED : Undergraduate Common Entrance Examination for Design

NID DAT : National Institute of Design aptitude test

AIEED : All India Entrance Examination for Design

એડમિશન મેળવીને ડિઝાઈનને લગતા બેચલર કોર્સ કરી શકે છે જેમકે BSc in Animation and gaming, BSc in Gaming, BSc in Animation and VFX, આ સિવાય B.Tech કે BCA કરીને પણ સાથે ડીઝાઈનિગ શિખી શકો છો.

ત્યાર બાદ તમે પોસ્ટ-ગ્રેજ્યુએટ કોર્સ જેમકે M.Sc in Animation and Gaming, M.Tech in Computer Science and Game Development, M.Sc in Animation game design and development પણ કરી શકો છો. ગ્રેજ્યુએટ અને પોસ્ટ-ગ્રેજ્યુએટ સિવાય પણ ઘણા કોરલ ડ્રો, illustrator જેવા ડિઝાઈનને લગતા કોર્સ કે AI ડેવલોપમેન્ટ, 3D video game development, Python game development જેવા સર્ટીફીકેટ કોર્સ પણ કરી તમે તમારી પ્રોફેસનલ જર્ની આગળ વધારી શકો છો.

અભ્યાસ કર્યા બાદ નોકરી ક્યાં અને કેવી રીતે મળે છે :

ગેમ ડિઝાઈનિંગ કે ગેમ ડેવેલોપિંગનું ક્ષેત્ર દિવસેને દિવસે વધી રહ્યું છે ત્યારે ૨૦૦૮ના રીસેશન પછી અને કોરોનાકાળના સમયમાં પણ આ ક્ષેત્રમાં ગ્રોથ જોવા મળ્યો હતો એટલે વિદ્યાર્થીઓને અભ્યાસ બાદ નોકરીની ઘણા વિકલ્પો છે. ગેમ ડિઝાઈનિંગ કે ગેમ ડેવેલોપિંગ એક ક્રિએટિવ ફિલ્ડ છે તો આ ફિલ્ડમાં નોકરી કરવા માંગતા ઉમેદવારો પાસે ડિગ્રીની સાથે ક્રિએટિવીટી હોવી પણ જરૂરી છે. અભ્યાસ બાદ વિદ્યાર્થીઓ ગેમ બનાવતી કંપનીઓમાં એપ્લાય કરીને નોકરી મેળવી શકે છે. ગેમ ડિઝાઈનિંગ કે ગેમ ડેવેલોપિંગ ક્ષેત્રનો ભારતમાં તો વિકાસ થઈ રહ્યો છે સાથે ભારત બહાર એટલે કે અમેરિકા, કેનેડા, લંડન, જાપાન જેવા દેશોમાં પણ ગેમ ડિઝાઈનર અને ડેવેલોપરની માંગ હોય છે અને ત્યાંની કંપનીઓ ગેમ ડિઝાઈનર અને ડેવેલોપરોની ભરતી પણ કરતા હોય છે.

મોટી કંપનીઓમાં અનુભવીને પસંદ કરે છે તો એટલા માટે સ્ટુડન્ટસ પહેલા કોઈ નાની કંપનીથી પોતાના કરીઅરની શરૂઆત કરી શકે છે. ૨-૩ વર્ષના અનુભવ બાદ તમે કોઈ મોટી કંપનીમાં ઓનલાઈન

એપ્લાય કરી શકો છો. આ સિવાય જો તમારો સારો એવો અનુભવ છે અને તમારી પાસે પૂરતા ટેકનિકલ ડિવાઈઝ ઘરે જ છે તો તમે ઘરેથી કોઈ કંમ્પની માટે કે પોતાનું જોબવર્ક કે પછી ફ્રીલાન્સિંગ કામ પણ સારી રીતે કરી સારી એવી કમાણી કરી શકો છો.

થોડી ગેમ્સ બનાવતી મોટી કંમ્પનીઓ જ્યાં તમે એપ્લાય કરી શકો છો. જેવી કે,

૧) સોની - પ્લેસ્ટેશન
૨) ટેનસેન્ટ
૩) નીનતેન્ડો
૪) એક્ટીવિઝન બ્લીઝાર્ડ
૫) EA - ઈલેક્ટ્રોનિક આર્ટ
૬) એપિક ગેમ્સ
૭) SEGA ગેમ્સ
૮) Bandai Namco

આ બધી કંપનીઓ સિવાય તમે બીજી IT કંપનીઓમાં એપ્લાય કરીને ઈન્ટરવ્યૂ આપીને નોકરીમાં જોડાઈ શકો છો.

ગેમ ડિઝાઈનિગ કે ગેમ ડેવેલોપિંગનું ભવિષ્ય શું અને પગાર ધોરણ કેટલું ?

ઉપર જણાવ્યું એમ ગેમ ડિઝાઈનિંગ કે ગેમ ડેવેલોપિંગ ક્ષેત્ર દરવર્ષે વૃદ્ધિ પામતું ક્ષેત્ર છે. દરવર્ષે આ ફિલ્ડમાં કંઈક ને કંઈક નવું નવું આવતું જ હોઈ છે. ગેમ બનાવતી કંપની સિવાય IT કંપની, ગ્રાફિક્સ પર કામ કરતી કંપનીઓમાં પણ ભરતીઓ કરવામાં આવતી હોય છે અને ગેમ ડિઝાઈનરની ડિમાન્ડ પણ આ બધી કંપનીઓ માં હોય છે ત્યારે કહી શકાય કે ગેમ ડિઝાઈનિંગમાં ભવિષ્ય ઉજ્જવળ છે.

હવે વાત કરીએ તો પગાર ધોરણની તો glassdoor.co.inના સર્વે મુજબ ગેમ ડિઝાઈનરને વાર્ષિક ૬,૫૦,૦૦૦ થી ૭,૦૦,૦૦૦ એટલે મહિને ૫૫,૦૦૦ થી ૬૦,૦૦૦ મળવા પાત્ર છે. અનુભવ પ્રમાણે આ પગાર વધી પણ શકે છે. જયારે ભારત બહાર એટલે કે અમેરિકા, કેનેડા, જાપાન, કે લંડનમાં વાર્ષિક એવરેજ ૫૦,૦૦૦ ડોલર આપવામાં આવે છે. આ બધા આંકડાઓ કંપની, શહેર, કે અનુભવ પ્રમાણે અલગ અલગ હોઈ શકે છે. આ સિવાય ઘરેથી ફ્રીલાન્સિંગ કે જોબવર્ક કરીને પણ મહિને ૩૦,૦૦૦ થી ૫૦,૦૦૦ કે આવડત પ્રમાણે કમાણી કરી શકો છો.

તો મિત્રો આશા રાખીએ છીએ એ કે તમને તમારા સવાલોના જવાબ સરળતાથી મળી ગયા હશે. જો તમે ક્રિએટીવ છો તમારે કઈક અલગ કરવું છે તો ધોરણ ૧૧-૧૨ પછી ગેમ ડિઝાઈનિંગ કે ડેવેલોપિંગ ક્ષેત્ર પસંદ કરી અને તમારું ભવિષ્ય સુરક્ષિત કરી શકો છો.

QA - એન્જિનિયર
એ-૬૦૨, સેવન પેરેડાઈઝ એપાર્ટમેન્ટ,
ગોતા, અમદાવાદ.

૩૬ પર્યાવરણ વિજ્ઞાન અને કારકિર્દી ઘડતર

- ડૉ. દિપાલીબહેન શુક્લ

પર્યાવરણીય પાસાનો અભ્યાસ મુખ્યત્વે આબોહવા પરિવર્તન, ઊર્જા સંરક્ષણ, માટી, પાણી અને હવા પ્રદૂષણની સારવાર માટેની પદ્ધતિઓના અભ્યાસ સાથે સંબંધિત છે. પર્યાવરણની ભૌતિક, રાસાયણિક અને જૈવિક સારવાર કરતા વૈજ્ઞાનિક અભિગમને પર્યાવરણીય અભ્યાસ કહેવામાં આવે છે, જેને ઈકોલોજી પણ કહેવાય છે. પર્યાવરણીય વિજ્ઞાનનો અભ્યાસ કરીને તમે માનવજાત અને પ્રકૃતિ વચ્ચેના જટિલ સંબંધોને વધુ સારી રીતે સમજી શકો છો. એન્વાયર્નમેન્ટલ સાયન્સમાં કારકિર્દી બનાવવીએ સંશોધન અને વિકાસ સાથે વધુ પગાર અને વધુ તકો તેમજ વૃદ્ધિ ધરાવે છે.

શું તમે આજે વિશ્વ માટે સૌથી મોટા પડકારો જેવા કે ગ્લોબલ વોર્મિંગ, પ્રદૂષણ વગેરે વિશે જાણવા ઉત્સુક છો? શું તમે તે મુદ્દાઓને ઉકેલવા માટે પર્યાવરણીય જાગૃતિ ફેલાવવામાં રસ ધરાવો છો? શું હરિયાળી પ્રકૃતિ અને પ્રદૂષણ મુક્ત વાતાવરણ સાથે વધુ સારી દુનિયા આપનું સ્વપ્ન છે? તો પછી પર્યાવરણ વિજ્ઞાન તમારા માટે શ્રેષ્ઠ કારકિર્દી વિકલ્પ છે. તમે પૃથ્વી પર થતી ભૌતિક, રાસાયણિક અને જૈવિક પ્રક્રિયાઓ તેમજ સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક પદ્ધતિઓ જે પૃથ્વીને અસર કરે છે તેનો અભ્યાસ કરી શકો છો. પર્યાવરણીય વૈજ્ઞાનિકોની ખાણ, ખાતર, છોડ, કાપડ, ડાઈંગ, ફૂડ પ્રોસેસિંગ વગેરે ઔદ્યોગિક એકમો દ્વારા ભરતી કરવામાં આવે છે. આ ક્ષેત્રમાં ડિગ્રી મેળવ્યા પછી વિશાળ કારકિર્દી વિકલ્પ પસંદ કરવા મળી રહે છે.

પર્યાવરણ વિજ્ઞાનનું મહત્ત્વ:

એન્વાયર્નમેન્ટલ સાયન્સમાં તમારી કારકિર્દી શરૂ કરતા પહેલા, તમારે તેનું મહત્ત્વ અને પર્યાવરણ વિજ્ઞાનની ભાવિ સંભાવના વિષે જાણવું જોઈએ.

- પર્યાવરણ પર આધુનિક વિકાસની અસરોને સમજવી
- જીવન જીવવાની સાતત્યપૂર્ણ રીતો શોધવી
- પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વિના કુદરતી સંસાધનોનો અસરકારક રીતે ઉપયોગ કરવો
- કુદરતી પરિસ્થિતિઓમાં જીવોની વર્તણૂક સમજવી અને જૈવવિવિધતાને સાચવવી
- પર્યાવરણીય સમસ્યાઓ વિશે જાણવું અને સ્થાનિક, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિ લાવવી

પર્યાવરણીય વિજ્ઞાનમાં કારકિર્દીની તકો વિશાળ છે. મુખ્યત્વે પર્યાવરણ વિજ્ઞાનમાં કારકિર્દી અવકાશને નીચે મુજબ ચાર ભાગોમાં વિભાજિત કરી શકાય.

- સરકારી સંસ્થાઓમાં કામ કરવાની તક
- ખાનગી વિભાગમાં નોકરીઓ
- એનજીઓ બનાવીને પર્યાવરણીય સક્રિયતાની શરૂઆત કરવી
- પોતાનો વ્યવસાય શરૂ કરવો

પર્યાવરણીય વિજ્ઞાન ડિગ્રીમાં વિગતવાર કારકિર્દી અવકાશ

1. એન્વાયર્નમેન્ટલ કન્સલ્ટન્સી: પર્યાવરણ વિજ્ઞાનમાં M.Sc., M.E./M.Tech., અને Ph.D., જેવી ઉચ્ચ ડિગ્રી પૂર્ણ કર્યા પછી તમે પર્યાવરણીય સલાહકારો અથવા કોઈપણ કન્સલ્ટન્સી માટે સ્વતંત્ર કામ કરી શકો છો. ઉદાહરણ તરીકે, RAMKY, ENZEN, વગેરે જેવી ઈકોલોજીકલ કન્સલ્ટન્સી.

2. પર્યાવરણીય NGO: તમે ગ્રીન પીસ, WWF, CSE (દિલ્હી) વગેરે જેવા NGO માટે કામ અથવા એનજીઓ શરૂ કરી શકો છો.
3. રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓ: તમે રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓ જેવી કે સ્ટેટ એસ.પી.સી.બી, સ્ટેટ ઈ.આઈ.એ., સી.પી.સી.બી. લેબ્સ, યુ.એન.ઈ.પી., ડબ્લ્યુ. એચ.ઓ. વગેરેમાં જોડાઇ શકો છો.
4. સંશોધન પ્રયોગશાળા: લગભગ તમામ યુનિવર્સિટી અને સરકારી સંશોધન સંસ્થા પાસે પર્યાવરણ વિભાગ હોય છે. તમે વિવિધ પ્રોજેક્ટ માટે JRF અથવા પ્રોજેક્ટ મદદનીશો તરીકે કામ કરી શકો છો.
5. સરકારી PSU: તમે NTPC, IOCL, CIL વગેરે જેવા સરકારી PSUમાં પણ જોડાઈ શકો છો. બધા પાસે પર્યાવરણ વિભાગ હોય છે. તેઓ M.Sc. અને પર્યાવરણ એન્જિ.માં M. Tech.ને પસંદ કરે છે.
6. ખાનગી ઉદ્યોગો: તમે ખાનગી ક્ષેત્રમાં પણ તમારી કારકિર્દી શરૂ કરી શકો છો. રિલાયન્સ, અદાણી પોર્ટ, WIPRO વગેરે જેવા ઘણા ઉદ્યોગો. તેમના પર્યાવરણીય વિભાગોમાં બહુવિધ હોદ્દા માટે એન્વાયર્નમેન્ટલ સાયન્સ કરેલા વિદ્યાર્થીઓને પસંદ કરે છે.

પર્યાવરણીય વિજ્ઞાનમાં જોબ પ્રોફાઇલ્સ

પર્યાવરણ વિજ્ઞાનમાં ડિગ્રી ધરાવતી વ્યક્તિ વિવિધ હોદ્દાઓની નોકરી માટે અરજી કરી શકે છે. ડિગ્રીના પ્રકાર અનુસાર, એટલે કે, સ્નાતક અથવા માસ્ટર ડિગ્રી મુજબ વ્યક્તિ વિવિધ જોબ પ્રોફાઇલ માટે અરજી કરવા પાત્ર બને છે. સંદર્ભ માટે થોડી જોબ પ્રોફાઇલ નીચે મુજબ છે.

- પર્યાવરણ વિજ્ઞાની
- પર્યાવરણીય ઇજનેર
- પર્યાવરણીય સલાહકાર
- પર્યાવરણ વિજ્ઞાન મેનેજર
- લેક્ચરર
- વાઇલ્ડલાઇફ ફિલ્મ નિર્માતા
- પર્યાવરણ ફોટોગ્રાફર
- પર્યાવરણ પત્રકારો
- વેસ્ટ મેનેજમેન્ટ ડિરેક્ટર

પર્યાવરણીય વિજ્ઞાનનો અભ્યાસ કરવા માટે પાત્રતા

સામાન્ય રીતે, વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન/ગણિત વિષયો સાથે 12મું પાસ કર્યા બાદ પર્યાવરણીય વિજ્ઞાન પર B.Sc./B.E. ડિગ્રીનો અભ્યાસ કરવામાં આવે છે, પરંતુ M.Sc./M.E. પ્રોગ્રામમાં વિશેષ વિષય તરીકે પર્યાવરણીય વિજ્ઞાન ઉડાણમાં શીખવવામાં આવે છે. એન.જી.ઓ. સાથે જોડાવાની ઈચ્છા ધરાવતા ઉમેદવારો માટે સામાન્ય રીતે B.Sc./M.Sc. જરૂરી બને છે.

ભારતમાં પર્યાવરણ વિજ્ઞાનમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો

પર્યાવરણીય વિજ્ઞાનના ક્ષેત્રમાં વિવિધ અભ્યાસક્રમો ભારતમાં ઉપલબ્ધ છે. વ્યક્તિ નીચે મુજબના અભ્યાસક્રમનો અભ્યાસ કરી શકે છે અને આ ક્ષેત્રમાં કારકિર્દી શરૂ કરી શકે છે.

પર્યાવરણ વિજ્ઞાનમાં પ્રમાણપત્ર અભ્યાસક્રમો:

- સર્ટિફિકેટ ઇન એન્વાયર્નમેન્ટલ સ્ટડી (CES)
- સર્ટિફિકેટ કોર્સીસ ઇન એન્વાયર્નમેન્ટલ સાયન્સ

ડિપ્લોમા અભ્યાસક્રમો:

- ડિપ્લોમા ઇન એન્વાયર્નમેન્ટલ સાયન્સ
- પર્યાવરણીય કાયદામાં ડિપ્લોમા
- ડિપ્લોમા ઇન એન્વાયર્નમેન્ટ પ્રોટેક્શન

સ્નાતક અભ્યાસક્રમો:

- પર્યાવરણીય વિજ્ઞાનમાં સ્નાતક
- બેચલર ઓફ એન્વાયર્નમેન્ટલ મેનેજમેન્ટ
- પર્યાવરણીય વિજ્ઞાન અને જળ વ્યવસ્થાપનમાં વિજ્ઞાન સ્નાતક

માસ્ટર કોર્સ:

- પર્યાવરણીય વિજ્ઞાનમાં ફિલોસોફીના માસ્ટર
- પર્યાવરણમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા
- એન્વાયર્નમેન્ટલ મેનેજમેન્ટમાં માસ્ટર ઓફ સાયન્સ

પીએચડી અભ્યાસક્રમો:

- પર્યાવરણીય વિજ્ઞાનના ડૉક્ટર
- પૃથ્વી વિજ્ઞાનના ડૉક્ટર

પર્યાવરણ વિજ્ઞાન ડિગ્રી માટે પગાર માળખું

ભારતમાં તમે પર્યાવરણીય વિજ્ઞાનમાં અન્ય કોઈપણ ક્ષેત્રની જેમ વધુ સારા પગાર માળખાની અપેક્ષા રાખી શકો છો. સંસ્થાના કદ, ક્ષેત્રો, શિક્ષણ, સ્થાન અને કામના અન્ય વિવિધ પરિબળો આધારે પગાર બદલાઈ શકે છે. અમે અહીં એક રફ આઈડિયા આપી રહ્યા છીએ. અહીં જે આંકડાઓ બતાવી રહ્યા છીએ તે સંસ્થા અનુસાર અલગ-અલગ હોઈ શકે છે. ભારતમાં સ્નાતક ડિગ્રી ધારકનો લઘુત્તમ પગાર આ ક્ષેત્રમાં વાર્ષિક આશરે રૂ. 3 લાખ છે. સારા અનુભવ સાથે માસ્ટર્સ અથવા પીએચ. ડી.ની ડિગ્રી સાથે આ ક્ષેત્રમાં પગાર સરેરાશ વાર્ષિક રૂ.8 લાખ સુધી જઈ શકે છે. ફ્રેશર તરીકે એન.જી.ઓ.ની નોકરીઓમાં દર મહિને રૂ. 5,000 થી રૂ. 15,000 સુધી સરળતાથી કમાણી કરી શકાય છે. ખાનગી ઉદ્યોગોમાં પ્રારંભિક પગાર પ્રતિમાસ આશરે રૂ. 8,000 થી રૂ. 15,000 હોય છે. સંશોધન ક્ષેત્રે પગાર અંદાજે રૂ. 9,000 થી રૂ. 12,000 સુધી શરૂ થઈ શકે છે. જોકે વિવિધ સંસ્થામાં વાસ્તવિક રચનાઓ અલગ અલગ હોઈ શકે છે.

પર્યાવરણીય વિજ્ઞાનનો અભ્યાસ કરવા માટે ભારતની શ્રેષ્ઠ સંસ્થાઓ

ક્રમ	પર્યાવરણ વિજ્ઞાન સંસ્થાઓ/યુનિવર્સિટીઓ	અભ્યાસક્રમ
૧	ભારતીય વિજ્ઞાન સંસ્થાન, બેંગ્લોર	પર્યાવરણીય વિજ્ઞાનમાં M.Sc. કોર્સ
૨	વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા, ઉત્તરાંચલ	પર્યાવરણીય વિજ્ઞાનમાં M.Sc. કોર્સ
૩	બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી,મુંબઈ	પર્યાવરણીય વિજ્ઞાનમાં M.Sc.કોર્સ
૪	જામિયા હમદર્દ યુનિવર્સિટી, નવી દિલ્હી	પર્યાવરણીય વિજ્ઞાનમાં M.Sc. કોર્સ
૫	સરકારી એન્જિનિયરિંગ કૉલેજ, ઉજ્જૈન, મધ્યપ્રદેશ	સિવિલ એન્જિનિયરિંગમાં M.E. કોર્સ (પર્યાવરણ એન્જિ./પ્રદૂષણ નિયંત્રણ)
૬	મૌલાના આઝાદ કૉલેજ ઓફ ટેક્નોલૉજી, ભોપાલ, મધ્યપ્રદેશ	એન્વાયર્નમેન્ટલ એન્જિનિયરિંગ અને પ્લાનિંગ કોર્સ (પબ્લિક હેલ્થ એન્જિનિયરિંગ)
૭	ભારતીય કૃષિ સંશોધન સંસ્થા,નવી દિલ્હી	પર્યાવરણીય વિજ્ઞાનમાં M.Sc. કોર્સ
૮	સ્કૂલ ઓફ પ્લાનિંગ એન્ડ આર્કિટેક્ચર, નવી દિલ્હી	પર્યાવરણીય આયોજનમાં Ph.D. કોર્સ
૯	જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી, નવી દિલ્હી	પર્યાવરણીય વિજ્ઞાનમાં M.Sc, M.Phil અને Ph.D. કોર્સ
૧૦	પ્રદૂષણ નિયંત્રણ અને બાયોવેસ્ટ માટે કેન્દ્ર એનર્જી, પોંડિચેરી	પર્યાવરણ એન્જિનિયરિંગમાં Ph.D. ડિગ્રી, ઈકો ટુરીઝમ કોર્સ
૧૧	એડવેન્ચર વાઈલ્ડરનેસ સ્કૂલ, બેંગ્લોર	ઈકો ટુરિઝમ કોર્સ
૧૨	કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, ચેન્નાઈ	પર્યાવારણ ઈજનેરી કોર્સ
૧૩	શ્રી જી એસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલૉજી અને વિજ્ઞાન, ઈન્દોર	પર્યાવારણ ઈજનેરી કોર્સ
૧૪	પીઈએસ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, કર્ણાટક	પર્યાવારણ ઈજનેરી કોર્સ

હવે તમને પર્યાવરણ વિજ્ઞાનમાં કારકિર્દીના અવકાશ વિશે સંક્ષિપ્ત ખ્યાલ છે. જો તમે પ્રકૃતિ અને પર્યાવરણીય અભ્યાસમાં રસ ધરાવો છો તો તમારે તેને તમારી કારકિર્દી તરીકે પસંદ કરવું જોઈએ. પર્યાવરણ વિજ્ઞાનમાં આવરી લેવાતા વિષયોને જાણવા માટે કેટલાક શ્રેષ્ઠ પર્યાવરણીય વિજ્ઞાન પુસ્તકોનો સંદર્ભ લઈ શકાય.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ,
સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.

૩૭ ભારતીય સંસ્કૃતિની દુનિયાને ભેટ : યોગ

- શિશપાલ રાજપૂત

યોગ એ ભારતીય સંસ્કૃતિની દેન છે. આપણા ઋષિમુનિઓ યોગ, આર્યુવેદ અને ધ્યાનના સહારે વર્ષો - વર્ષ સ્વસ્થ જીવન જીવતા હતા. પરંતુ આજે બેઠાડુ જીવન, કસરતનો અભાવ અને માનસિક તણાવના લીધે રોગો વધ્યા છે જેનું સમાધાન છે યોગ. યોગ એ માત્ર શારિરીક વ્યાયામ નથી આપણી સંપૂર્ણ ચિકિત્સા પધ્ધતિ છે. યોગથી રોગ, ક્રોધ અને નશાનો નાશ થાય છે. જીવનમાં સારૂ સ્વાસ્થ્ય, સફળતા અને સંપૂર્ણ સુખને પ્રાપ્ત કરવા માટેનું માધ્યમ યોગ છે. યોગનો અર્થ થાય છે જોડવું. શરીરને સ્વાસ્થ્ય, શકિત અને સફળતા સાથે જોડવું.

યોગ કરવાથી તણાવથી મુકિત મળે છે. યાદશકિત વધે છે. યોગ, શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શકિત વધારે છે. યોગી મનુષ્ય નિરોગી, સહયોગી અને રાષ્ટ્ર માટે ઉપયોગી હોય છે.

આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપણી સંસ્કૃતિની દેન યોગને આખા વિશ્વમાં ઓળખ અપાવી છે. ૨૧ મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ આખા વિશ્વમાં ઉજવાય છે. વડાપ્રધાનશ્રીના સ્વપ્નનને સાકાર કરવા ગુજરાત સરકાર દ્વારા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અંતર્ગત ગુજરાત રાજય યોગ બોર્ડની રચના કરવામાં આવી છે. .

અત્યારે ૫૦૦૦ થી વધુ યોગ ટ્રેનરો ગુજરાતભરમાં યોગ વર્ગો ચલાવી રહયા છે. ૫૦૦૦ લોકોને યોગના માધ્યમથી રોજગાર મળી રહ્યું છે.

ગુજરાત સરકાર રચિત ગુજરાત રાજય યોગ બોર્ડની ટીમે ગુજરાતના 33 જિલ્લાના 251 તાલુકાઓમાં પ્રવાસ કરી ગુજરાતના દરેક છેવાડાના માનવી સુધી યોગ કઇ રીતે પહોંચે તે માટે 750થી વધુ લોકોને યોગ કોચ તરીકેની તાલીમ આપી અને તેમના દ્વારા 53,000 થી વધુ યોગ ટ્રેનર તૈયાર કરાયા છે. યોગ ટ્રેનર બનવા અત્યાર સુધી 50000 થી વધુ લોકો રજીસ્ટર્ડ થયેલ છે. અને આ વર્ષની અંદર એટલે કે વર્ષઃ ૨૦૨૨ સુધીમાં એક લાખ યોગ ટ્રેનર તૈયાર થાય અને ૨૫૦૦૦ યોગ વર્ગો શરૂ થાય તે સરકારના માધ્યમથી નિઃશુલ્ક સ્વાસ્થ્ય માટેનું અભિયાન ચાલી રહયુ છે.

આગામી સમયમાં યોગ સાથે શિક્ષણ સંસ્થાઓને આવરી લઇ તમામ શાળા કોલેજોમાં નિયમિત પણે યોગ કરવામાં આવે એ માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. હાલમાં લકુલીશ યોગ યુનિવર્સિટી, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી અને અન્ય યુનિવર્સિટીઓમાં " ડિપ્લોમા ઇન યોગ " ના અભ્યાસને મહત્ત્વ આપી ડિગ્રી સર્ટિફિકેટ આપવામાં આવે છે. જેનું સર્ટીફિકેટ નેશનલ અને ઇન્ટરનેશનલ લેવલ પર આગવી ભુમિકા ભજવે છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તાલીમ મેળવી અને યોગ કોચ અને યોગ ટ્રેનરનું સર્ટીફિકેટ મેળવેલ વ્યક્તિ ગુજરાત રાજય યોગ બોર્ડથી સવાર અને સાંજ નિઃશુલ્ક ૧ કલાક યોગ વર્ગો ચલાવી વર્ગ દીઠ રૂા.૩૦૦૦ લેખે માનદવેતન કે જે વધુમાં વધુ ૨ યોગ વર્ગો ચલાવી રૂા.૬૦૦૦/- માસિક માનદવેતન ૨ કલાકનો સમય આપી મેળવી શકે છે તેમજ આયુષ મંત્રાલયના વેલનેસ સેન્ટરમાં યોગ ઇન્સ્ટ્રક્ટર બની શકે છે અને રોજગારી મેળવી શકે છે.

યોગનો સમાવેશ સ્પોર્ટ્સમાં થવાથી યોગ જગતમાં એક નવી ક્રાંતી આવી રહી છે. હાલમાં સમગ્ર વિશ્વ યોગ તરફ વળી રહ્યુ છે સમગ્ર દેશ તેમજ વિશ્વમાં યોગ કોચ અને યોગ ટ્રેનરનું એક આગવુ મહત્વ છે જેના કારણે યોગના માધ્યમથી લોકો દેશ અને વિદેશોમાં પણ લોકો રોજગારી મેળવી શકે છે.

ચેરમેનશ્રી, યોગ બોર્ડ, ગુજરાત રાજ્ય,
બ્લોક નં-૧૯, ઉજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૩૮ કંપનીની સફળતાનું રહસ્ય : અસરકારક હ્યુમન રિસોર્સ ડિપાર્ટમેન્ટ

- દીપક ભટ્ટ

દરેક કંપનીમાં હ્યુમન રિસોર્સ પ્રોફેશનલ્સનું ખૂબ જ મહત્ત્વ હોય છે. કંપનીની શરૂઆતની સ્ટ્રેટેજી ઘડવાની હોય, મેનપાવર પ્લાનિંગ કરવાનું હોય, પ્લાન્ટને વિસ્તૃત કરવાનો હોય કે આંતરિક સુધારણા કેન્દ્ર સ્થાપવાનું હોય, દરેક વખતે આ વિભાગ તેની શ્રેષ્ઠ કામગીરી માટે જાણીતું છે. દરેક દેશોમાં હ્યુમન રિસોર્સ વિભાગને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવે છે કારણ કે, તેઓ કંપનીના વિવિધ કર્મચારીઓ સાથે સીધા જ સંપર્કમાં હોય છે. એક સફળ હ્યુમન રિસોર્સ પ્રોફેશનલ બનવા માટે તેનો પ્રાથમિક અભ્યાસ જરૂરી છે. ભારતભરમાં આજે લગભગ ૩૦૦ કરતાં પણ વધુ કૉલેજ અને યુનિવર્સિટીમાં આ વિષય અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવ્યો છે.

મર્સર કન્સલ્ટિંગના તાજેતરના અભ્યાસ અનુસાર દર વર્ષે ભારતમાંથી લગભગ ૪૫,૦૦૦ યુવા હ્યુમન રિસોર્સ પ્રોફેશનલની તાલીમ લઈને અલગ-અલગ સંસ્થાઓમાં જોડાય છે. આ વિષય એમ.બી. એ. માં પ્રથમ, અને બીજા વર્ષના અભ્યાસક્રમમાં આવે છે. ૧૯૬૩ માં લખાયેલું પુસ્તક, In Their Time: the Greatest Leaders of the Twentieth Century" (Anthony J. Mayo, Nitin Nohria) હ્યુમન રિસોર્સ વિભાગ ઉપર સુંદર દ્રષ્ટિકોણ આપે છે. આજથી ૩૦ વર્ષ પહેલાના બિઝનેસ લીડરો પોતાના કર્મચારીઓને કેવી રીતે સાચવતા અને તેની પાસેથી કામ લેતા તે અંગે ખૂબ જ સ્પષ્ટ અભિપ્રાય રજૂ કર્યો છે. એચ. આર. કે મેનેજમેન્ટ સાથે જોડાયેલા દરેક લોકોએ આ પુસ્તકને પોતાની અંગત લાઈબ્રેરીમાં વસાવવું જોઈએ.

હ્યુમન રિસોર્સ કોર્સ કરવાની સાથે સાથે પ્રોફેશનલ અભિગમ કેળવવો ખૂબ જ જરૂરી છે. કંપનીમાં કર્મચારીઓ અને મેનેજમેન્ટ વચ્ચે બેલેન્સ જાળવવું એ પણ એક કળા છે. એક સારા હ્યુમન રિસોર્સ પ્રોફેશનલ બનવા માટે તમારી પાસે જે તે વિષયની ડિગ્રી હોવાની સાથે સાથે નીચે દર્શાવેલા અગત્યના મુદ્દાઓ ઉપર પણ ધ્યાન રાખવું એટલું જ જરૂરી છે.

કમિટમેન્ટ એટલે કે વચન પાળવું:

એક એચ. આર. પ્રોફેશનલ જો કમિટમેન્ટ ચૂકી જાય તો એ વિશ્વાસને પ્રસ્થાપિત કરવા માટે તેને ઘણો સમય લાગી જાય છે. ફરજ પ્રત્યેની જવાબદારી અને ઓફિસમાં કામ કરતા દરેક વ્યક્તિઓ સાથે એક સરખું કમિટમેન્ટ તેને વધુ સફળ બનાવે છે. આજે ભારતની મલ્ટીનેશનલ કંપનીઓમાં મેનેજમેન્ટ કમિટમેન્ટ ઉપર જ કર્મચારીઓની નિમણૂંક કરે છે.

વિશ્વસનીયતા :

મોટા ભાગના પ્રોફેશનલ્સ એક જ કંપનીમાં લાંબા સમય સુધી રહીને પોતાની વિશ્વસનીયતા સ્થાપિત કરે છે. ઘણા પોતાનો સ્વાર્થ સાધીને નવી કંપનીમાં ઊંચા પગારે રહેવાની લાલચે કે કોઈ પ્રલોભનોમાં આવીને કોઈ પણ માહિતી લીક કરીને કંપનીના અંગત ડેટા વેચવા સુધી શરમાતો નથી. આવા પ્રોફેશનલ્સ બહુ શોર્ટ

સાઈટેડ હોય છે. લાંબાગાળે કંપનીનો કે ન તો પોતાનો પ્રોગ્રેસ કરે છે. તમારી કંપનીની અંગત માહિતી બીજાને ક્યારેય ન આપો. કેમ કે, તમે એ માહિતી બીજાને આપીને તમારી કંપની સાથે છેતરપિંડી કે વિશ્વાસઘાત કરો છો. મેકેન્સીના વડા રજત ગુપ્તાએ કંપનીની અંગત માહિતી બીજાને આપીને આ ભૂલ કરી હતી જેનું પરિણામ સ્વરૂપે આજે તે પોતાની સજા ભોગવી રહ્યા છે. કંપનીનો એચ આર પ્રોફેશનલ એકદમ સચોટ અને ચૂપ રહેવાનું વધુ પસંદ કરે છે.

ચહેરા અને આંખો ઉપર વહેતી પોઝિટિવ લહેર :

જે નબળું વિચારે છે, સમાજ તેને ભૂલે છે, પણ જે ઉત્તમ કક્ષાનું વિચારે છે, લોકો તેને હંમેશા યાદ રાખે છે. તમારી પાસે આખા દિવસ દરમ્યાન લાખો લોકો મળવા આવતા હશે અને તેના વિચારો પ્રદાન કરતા હશે અને તેમાંથી માત્ર થોડા જ વિચારો તમે અમલમાં મૂકતા હશો. જે તમને સંપૂર્ણ બનવા માટેની એક તક આપે છે. માટે જ જીવનમાં હંમેશા ઉત્તમ પ્રકારનું વાંચન રાખવું, જેથી આપણા વિચારોની ગુણવત્તા સુધરે અને કાર્યમાં પ્રગતિ થાય. ઓશો રજનીશનું એક વાક્ય મને હરપળે યાદ આવે છે, “જે વખતે વિચાર કરો છો ત્યારે તે સમયે તે વિચારને સમજી શકતા નથી અને જયારે તેને સમજો છો ત્યારે તેના વિશે બીજો કોઈ વિચાર આવી જાય છે. જેવું વિચારો છો એવા જ તમે સતત બનતા જાઓ છો.”

નવું શીખવાની આદત :

વિશ્વમાં પ્રતિક્ષણ નવા તરંગો સર્જાય છે અને જૂના નાશ પામે છે. નવું પાણી, નવો વરસાદ અને નવા ફૂલોની હારમાળાઓ સતત સર્જાયા કરે છે. એવી જ રીતે માર્કેટમાં પણ નવી નવી ટેક્નોલોજી, સિધ્ધાંતો અને સર્જનો થયા કરે છે. એચ. આર. પ્રોફેશનલ પોતે પણ આ નવીનતાનો ઉપાસક બને તો કંપનીને ચાર ચાંદ લાગી જાય. આજે શીખેલું આવતીકાલે ઉપયોગી થાય જ છે. આજે મેનેજર પાસે નવા વિકલ્પો ઘણા છે, જરૂર છે તો માત્ર તત્પરતાની. શીખવાની વૃત્તિ મનને હંમેશા યુવાન રાખે છે. આપણી પાસે માત્ર આજ છે અને આજનું કામ છે. વિશ્વના મહાન લીડરો પોતાના વ્યસ્ત સમયમાં પણ અન્ય સલાહકારો અને મિત્રો પાસેથી સતત શીખવાનો પ્રયત્ન કરતા હતા. દરેક તબ્બકે શીખીને તેનો સમાજઉપયોગી અભિગમ જોતા હતા.

હેડ, હ્યુમન રિસોર્સ એન્ડ સ્ટ્રેટેજી ડેવલપમેન્ટ
એસ્ટ્રોન પેકેજીંગ લિમિટેડ,
સરખેજ બાવળા હાઈવે, અમદાવાદ.

૩૯ NEET પરીક્ષાની તૈયારી કેવી રીતે કરશો ?

- કેવલ ત્રિવેદી

તબીબ એટલે ઈશ્વરનુ બીજુ સ્વરૂપ. તબીબી વ્યવસાયની ગરિમા અને વિશ્વસનીયતા આગવી છે. તબીબ બનવા માટે શારીરિક, માનસિક અને આર્થિક ત્રણેય પરિસ્થિતિનું સામંજસ્ય જરૂરી છે. ડૉક્ટર બનવુ એટલે પ્રતિષ્ઠા કરતાં પ્રસ્વેદ અને પૈસા કરતા નિષ્ઠાનું વિશેષ મહત્ત્વ હોય છે. એક ડૉક્ટરની તરફ લોકોની ઊંચી આશા અને અપેક્ષા હોય છે. જ્યારે વિદ્યાર્થી ડૉક્ટર બનવાનું શમણું જુએ ત્યારે એને પહેલા તો જવાબદેહિતાનો અંદાજ હોવો જોઈએ. ત્યાર બાદ તૈયારીની વાત આવે. તબીબ બનવા માટે NEETની પરીક્ષા પ્રવેશ દ્વાર છે. આવો આપણે આજે NEETના આ પ્રવેશ દ્વારમાં કેવી રીતે જવાય એનો તલસ્પર્શી ખ્યાલ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીએ.

પહેલાના જમાનામાં શાળા-કૉલેજનો અભ્યાસ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ થવા માટે પૂરતો હતો પણ હવે સમયે કરવટ બદલી છે. આજે, સ્વ-અભ્યાસ અને NEETની તૈયારી બન્નેનો એકસાથે તાલમેલ બેસાડવાનો રહે છે. એક તરફ વિદ્યાર્થીઓની મહેનત મહત્ત્વની છે તો બીજી બાજુ યોગ્ય ટેકનિક અને અભિગમ સાથેના અભ્યાસનું પણ એટલું જ અગત્ય છે. આજનો યુગ કટથ્રોટ કોમ્પિટિશનનો છે. આ ગળાકાપ સ્પર્ધાએ NEET કોચિંગ ક્લાસની જરૂરિયાતને જન્મ આપ્યો છે. NEETની પરીક્ષાનું યોગ્ય માર્ગદર્શન અને અભ્યાસની વિવિધ ટેકનિક માટે કોચિંગ ક્લાસની આવશ્યકતા જણાઇ છે. વિદ્યાર્થીઓ પર વિશેષ ધ્યાન આપીને તેમને પરીક્ષા સુસજ્જ કરે છે.

NEET એ NTA દ્વારા લેવામાં આવતી રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષા છે. તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારોએ આ પ્રવેશ પરીક્ષા માટે લાયક બનવું નિતાંત આવશ્યક છે. NEET પરીક્ષાઓમાં સફળતા મેળવવામાં માટે વૈજ્ઞાનિક દ્રષ્ટીકોણથી કોચિંગ આપતાં ક્લાસ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. NEETના પ્રશ્નો ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્ર જેવા વિષયોમાંથી આવે છે. દરેક વિષયના વિભાગમાંથી ૪૫ પ્રશ્નો મળીને કુલ ૧૮૦ પ્રશ્નો હોય છે. આ ૧૮૦ પ્રશ્નોના ૭૨૦ ગુણ હોય છે. NEET પરીક્ષાની નવી પેટર્ન મુજબ, કુલ ૨૦૦ પ્રશ્નો રહેશે. જેમાંથી ઉમેદવારોએ ૧૮૦ પ્રશ્નોના જવાબ આપવાના હોય છે. NEET પરીક્ષાની નવી પેટર્ન વર્ષ-૨૦૨૨ના પ્રશ્નોને વિભાગ A અને B એમ બે વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. વિભાગ Aમાં ૩૫ પ્રશ્નો પુછવામાં આવે છે જ્યારે વિભાગ Bમાં 15 પ્રશ્નો હોય છે. વિભાગ Bના 15 પ્રશ્નોમાંથી ઉમેદવારોએ 10 પ્રશ્નોના જવાબ આપવાના હોય છે.

NEETના પ્રશ્નપત્ર મધ્યવર્તી સ્તર ઉપર આધારિત છે. ખ્યાલ રહે કે, NEET પરીક્ષામાં નેગેટિવ માર્કિંગ સિસ્ટમ હોય છે એટલે ન આવડતા પ્રશ્નોના અડસટ્ટે જવાબ આપવાનો બિલકુલ પ્રયાસ ન કરવો જોઈએ આ આત્મઘાતી પગલું કહેવાશે. પ્રતિવર્ષ વધુને વધુ વિદ્યાર્થી મિત્રો તબીબી વિજ્ઞાન ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે NEET પરીક્ષા માટે ઉત્સુક હોય છે.

કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લેતા પહેલા, મિત્રો, પરીક્ષાની મૂળભૂત વિગતોથી વાકેફ થવુ જરૂરી છે. NEET પરીક્ષાની સમગ્ર વિગતોને વાંચીને તેને દ્રઢતાપૂર્વક અનુસરવુ જોઈએ. આ બાબત પરીક્ષાની તૈયારી કરવામાં સૌથી અગત્યની છે.

શૈક્ષણિક લાયકાત : વિદ્યાર્થીએ ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને અંગ્રેજીમાં પાસ થવું જરૂરી છે. સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓ માટે કેમેસ્ટ્રી, ફિઝિક્સ અને બાયોલોજીમાં ૫૦ ટકા ગુણ મેળવવા આવશ્યક છે.

વય મર્યાદા : રાજ્ય અને અખિલ ભારતીય ક્વોટાની બેઠકો માટે, NEET-UG માટે અરજી કરવા માગતાં વિદ્યાર્થીઓની લઘુત્તમ વય ૧૭થી ૨૫ વર્ષ હોવી

જોઈએ. અનુસૂચિત જાતિ-જનજાતિ અને અન્ય પછાત વર્ગના ઉમેદવારો માટે પાંચ વર્ષની છૂટ આપવામાં આવી છે.

પરીક્ષાના વિષયો અને પધ્ધતિ : NEET UG પરીક્ષા મુખ્યત્વે રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને પ્રાણીશાસ્ત્ર ત્રણ વિષયો પર આધારિત છે. આ પરીક્ષાની અવધિ ત્રણ કલાકની હોય છે. જેમાં કુલ ૧૮૦ MCQ હોય છે. દરેક સાચા જવાબ માટે ચાર ગુણ મળે છે અને ખોટા જવાબ માટે એક ગુણ માઈનસ હોય છે.

NEETના અભ્યાસ માટે ધ્યાન કેન્દ્રિત કરવા માટેના કેટલાક મહત્ત્વપૂર્ણ વિષયોની સમજ મેળવી લઈએ.

ભૌતિકશાસ્ત્રના અભ્યાસ માટે ઓપ્ટિક્સ, મિકેનિક્સ, ન્યુક્લિયર ફિઝિક્સ, થર્મોડાયનેમિક્સ વિષયો ઉપર ધ્યાન કેન્દ્રીત કરવુ જરૂરી છે. જ્યારે જીવવિજ્ઞાન માટે જીનેટિક્સ, ઈકોલોજી અને પર્યાવરણ, સેલ બાયોલોજી, મોર્ફોલોજી, બાયોટેક્નોલૉજીની મૂળભૂત બાબતો, પ્રજનન, પ્રાણીઓ અને છોડની શરીરવિજ્ઞાનના વિષયો ઉપર પક્કડ રાખવી આવશ્યક બને છે. રસાયણશાસ્ત્ર માટે સામાન્ય કાર્બનિક રસાયણશાસ્ત્ર, મોલ કન્સેપ્ટ, સામયિક કોષ્ટક, સંકલન રસાયણશાસ્ત્ર, રાસાયણિક બંધનના વિષયો તૈયાર કરવા જરૂરી છે.

NEETને ક્રેક કરવા માટે કેટલીક નાની નાની લાગતી બાબતોને પણ ધ્યાનમાં અવશ્ય લઈ લેવી જોઈએ. સૌથી પહેલાં તો NEETના સિલેબસને બરાબર આત્મસાત કરી લેવો જોઈએ. NEET નો અભ્યાસક્રમ ઘણો વિશાળ છે. શ્રેષ્ઠ દેખાવ માટે ચોક્કસ વિષયની તલસ્પર્શી તૈયારી જરૂરી છે. જ્યાં ત્યાં ફાંફાં મારી બિનજરૂરી માહિતી એકત્રિત કરવામાં અને એ વાંચવમાં સમય બરબાદ ન કરવો જોઈએ. મહત્ત્વપૂર્ણ વિષયો ઉપર તમારુ સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવાનું રહે. ધ્યાનમાં રાખશો કે, NEETની પરીક્ષા NCERT અભ્યાસક્રમને પણ આવરી લે છે.

બીજી અગત્યની બાબત એ છે કે, ઉચ્ચ-ગુણવત્તાવાળી અભ્યાસ સામગ્રી સત્વરે એકઠી કરી લેવી જોઈએ. યોગ્ય અભ્યાસ સામગ્રી પસંદ કરવી એ થોડી મૂંઝવણભરી પરિસ્થિતિ હોય છે. મિત્રો, શિક્ષકો અને ઓનલાઈન નિષ્ણાતોની સલાહ મેળવીને તમે યોગ્ય રીતે અભ્યાસ સામગ્રી પસંદ કરશો. કારણ કે બિનજરૂરી પુસ્તકો તમારો અમૂલ્ય સમય નષ્ટ કરી શકે છે. તમે NEET પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ સાથે સંપર્ક અને સંકલન કરી તેમણે કયા પુસ્તક ઉપયોગમાં લીધાં છે તેની યાદી બનાવી લેવી ઉપકારક બની શકે છે. NEET પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓએ આપેલા ઈન્ટરવ્યૂ જુઓ અને તેમની તૈયારીની શૈલી વિશે ખ્યાલ મેળવવાનો પ્રયાસ કરો. NEETના અભ્યાસ માટે મહત્ત્વની નોંધો તૈયાર કરવાની પ્રેક્ટિસ પાડવી જરૂરી છે. અગાઉના વર્ષના પ્રશ્નપત્રો સોલ્વ કરવા જોઈએ જેથી તમારી ઝડપ અને ચોકસાઈનો તમને અંદાજ આવી શકે.

વાસ્તવિક સમયપત્રક બનાવવુ અત્યંત આવશ્યક છે. નિશ્ચિત સમયપત્રકનું પાલન કરવાથી NEET માટેની તૈયારી દરમિયાન તમારા ધ્યેય પર ધ્યાન કેન્દ્રિત કરવામાં બળ મળે છે. આ ઉપરાંત બે વર્ષનો અભ્યાસક્રમ પૂરો કરવાનો છે. સારી રીતે ગોઠવાયેલા સમયપત્રકથી તમને તમારી NEETની તૈયારીમાં ચોક્કસ મદદ મળશે. તમારા સમયપત્રકનું ચુસ્તપણે પાલન કરવાનું સુનિશ્ચિત કરવાનુ રહે. જો કે, આવશ્યકતા અનુસાર અને સમય સાથે તેને પરિવર્તિત કરવા માટે મન ખુલ્લુ રાખવું જરૂરી છે.

NEETની તૈયારી માટે કેટલાક પગલાં

- કૅલેન્ડર અને ડાયરીની મેળવણી
- પ્રાથમિકતાઓ નક્કી કરવી
- કયા વિષય માટે વધુ સમય જોઈએ એ સુનિશ્ચિત કરી લાંબા અભ્યાસના કલાકો સુનિશ્ચિત કરવા
- સ્વાસ્થ્યની કાળજી આવશ્યક
- આડા પડીને અભ્યાસ ક્યારેય ન કરવો
- પૂરતી ઊંઘ અવશ્ય લઈ લો

અભ્યાસ કરતી વખતે મહત્ત્વની નોંધો તૈયાર કરવી જોઈએ. મેમરી કૌશલ્યને સુધારવાની આ એક શ્રેષ્ઠ રીત છે. NEET પરીક્ષાને કેવી રીતે ક્રેક કરવી તે જાણવા માટે, ડાયરીમાં પોઈન્ટ ટુ પોઈન્ટ નોંધ રાખવી અને પછી તેમાં સુધારો કરતા જવાની પદ્ધતિ વિકસાવવી જોઈએ. નોંધ હંમેશા સ્પષ્ટ રીતે લખવાનો પ્રયાસ કરવો જોઈએ. પુનરાવર્તન સમયગાળા દરમિયાન આ અત્યંત મદદ કરશે. આનાથી અભ્યાસને ખૂબ જ સરળતાથી સુધારી શકાય છે.

નિયમિત રિવિઝન અભ્યાસને વધુ સુદ્રઢ બનાવે

છે. કોઈ ચોક્કસ વિષય, ખ્યાલ, પ્રકરણ અથવા વિષયમાં નિપુણતા મેળવવી હોય તો નિયમિતપણે પુનરાવર્તન કરવાનું સુનિશ્ચિત કરવું પડે. સારા પ્લેટફોર્મ પર NEET ની તૈયારી કરી શકો છો જે અભ્યાસની સામગ્રી અને NEET નોંધો સરળતાથી શોધવામાં અને આગળ વધવામાં મદદ કરે છે. સુધારતી વખતે મહત્ત્વપૂર્ણ અને નબળા વિસ્તારો પર ભાર મૂકવાની ખાતરી કરવી જરૂરી છે. સૂત્રો અને તેમની વ્યૂત્પત્તિઓની સમીક્ષા સતત કરતા રહેવું જોઈએ. મહત્વપૂર્ણ પ્રતિક્રિયાઓ, સમીકરણો અને મિકેનિઝમ્સને વારંવાર રીફર કરતા રહેવાથી ફાયદો મળે છે. પરીક્ષાની તૈયારી દરમિયાન સ્વસ્થ અને નિયમિત આહાર લેવાનું ધ્યાન રાખવું જોઈશે અન્યથા પરીક્ષા ટાણે જ શરીર સાથ નહીં આપે તો તમામ મહેનત વ્યર્થ નિવડશે. પરીક્ષા વખતે તન અને મન બન્ને મજબૂત હોવા જોઈએ.

નિયમિત અભ્યાસ માટે વિરામ અનિવાર્ય અંગ છે. આપણે માણસ છીએ, મશીન નથી. તેથી કાર્યક્ષમ રીતે પુન: અભ્યાસ કરવા માટે સમયસર આરામની જરૂર છે. શ્રેષ્ઠ વિરામ લીધા વિના એકાગ્રતાનું શ્રેષ્ઠ સ્તર જાળવી શકાતું નથી. નિષ્ણાતો કહે છે કે, માનવ મન અમુક ચોક્કસ સમય માટે એકાગ્ર રહે છે. લાંબા સમયની તૈયારી મનને તણાવ આપશે અને એકાગ્રતાનું સ્તર ઘટાડશે. મનને તાજું રાખવા માટે ચોક્કસ સમયાંતરે નિયમિત વિરામ લેવો એ વધુ કાર્યક્ષમતા માટેનુ ઉત્તમ માધ્યમ ગણી શકાય. આ વિરામ દસ પંદર મિનિટ ટહેલવું કે પછી જિમ કરવુ, મિત્રો સાથે ચેટ કરવી અથવા નેપીંગના સ્વરૂપમાં હોઈ શકે છે. થોડો સમય કસરતને પણ આપવો જોઈએ. મુખ્ય મુદ્દો એ છે કે, નિયમિત કસરત તણાવ ઓછો કરે છે. વિદ્યાર્થીઓ નિયમિત ચાલવા, તરવા, દોડવા વગેરે દ્વારા તણાવ ઓછો કરી શકે છે. અને હા, તૈલી ખોરાક ટાળવો જોઈએ આનાથી શરીરમાં સુસ્તી પ્રવેશતી હોય છે.

મોક ટેસ્ટની પ્રેક્ટિસ ખૂબ જરૂરી બાબત છે. NEET પરીક્ષામાં લગભગ 180 મિનિટમાં 180 પ્રશ્નો પૂરા કરવા પડશે. આનો અર્થ એ છે કે, પ્રશ્નદીઠ વધુમાં વધુ એક મિનિટ મળે છે. સમય વ્યવસ્થાપન એ આ પરીક્ષાનું મુખ્ય પાસુ છે. સમય વ્યવસ્થાપન જાળવવા માટે નિયમિતપણે મોક ટેસ્ટ પેપરનો અભ્યાસ કરવો જોઈએ.

આ ઉપરાંત હકારાત્મક વલણ રાખવું મહત્વનું છે. તમારું વલણ તમારી શીખવાની પ્રક્રિયાની અસરકારકતા નક્કી કરે છે. જો તમે નકારાત્મક વલણ ધરાવો છો અને કહેતા રહેશો કે, તમે આ નહીં કરી શકો તો તમે સફળ ક્યારેય બની નહીં શકો. નકારાત્મક અભિગમ પરિસ્થિતિને વધુ મુશ્કેલ બનાવશે. જે ક્ષણે તમે હકારાત્મક રીતે વિચારવાનું શરૂ કરશો, તો તમારું મગજ વધુ સારી સર્જનાત્મકતા દર્શાવશે. યોગ્ય માનસિકતા તમને ઓછા બેચેન અને નવા વિચારોના સ્વીકાર માટે તૈયાર કરશે.

તમામ તૈયારીઓ અને ટીપ્સ પછી પણ કેટલીક ભૂલો થઇ જાય છે. અહીં કેટલીક સામાન્ય ભૂલો આપી એ દિશામાં વિદ્યાર્થી મિત્રોને સજાગ કરવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે.

વિદ્યાર્થી પરીક્ષા આવે ત્યાં સુધી ટાઈમ ટેબલને અનુસરતા નથી. રોજે રોજ પોતાનો શિક્ષક પોતે જ બની સમયપત્રકને અનુસરવાનુ રાખશો. NCERTને અવગણશો નહીં કારણ કે, ૭૦ ટકા પ્રશ્નો NCERTપાઠ્ય પુસ્તકોમાંથી આવે છે, તેથી વિદ્યાર્થીઓએ ખાતરી કરવી જોઈએ કે તમારે NCERT પુસ્તકોનો બરાબર અભ્યાસ કર્યો છે. એક સાથે ઘણા બધા પુસ્તકોનો અભ્યાસ કરવાનું ટાળવું જોઈએ. આના પરિણામે મૂંઝવણમાં પડી શકાય છે. NEET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉમેદવારોએ ખાતરી કરવી જોઈએ કે અભ્યાસક્રમના એક પણ વિષયની તૈયારી તેનાથી છૂટી ન જાય.

બસ, તો હવે મિત્રો, તબીબ બનીને લોકોની સેવા કરવાના તમારા સ્વપ્નને સાકાર કરવા માટે તન-મનથી લાગી જાવ. સખત પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી. જરૂરી માહિતી, પધ્ધતિસરનો અભ્યાસ અને ખંતની ત્રિવેણીથી NEETની પરીક્ષા ઉત્તીર્ણ કરવા માટે આપ સૌને અનેક અનેક શુભકામનાઓ.

Founder Director,
Champs Academy Plot No 154,
Second Floor,
Sector - 21, Gandhinagar.
(M) +91 8866432121
www.champs.co.in

૪૦ વિદેશમાં અભ્યાસની ઉજળી તકો

- વિકાસ વર્તુળ ટ્રસ્ટ

વિદેશ એટલે કે ફોરેનમાં ભણવા જવાનું સ્વપ્ન કે ક્રેઝ કે આકર્ષણ પ્રાચીન યુગથી ચાલ્યું આવે છે. વિદેશી ડિગ્રી એટલે સમાજ અને કારકિર્દીના ક્ષેત્રમાં માનમરતબો મેળવવાનું લાઇસન્સ. પરંતુ દરેક દેશમાં અભ્યાસ અને તેમાં પ્રવેશ અંગેના ધારાધોરણ અલગ રહે છે. જે-તે દેશનું વાતાવરણ, રહેણીકરણી વગેરે અલગ અલગ હોય છે. અહીં ભારતીય અન્ય દેશના વિદ્યાર્થીઓ મોટેભાગે જે દેશમાં અભ્યાસ માટે જતા હોય છે તે અંગેની વિગત આપવાનો પ્રયત્ન કર્યો છે, જેમાંથી વિદેશ ભણવા ઈચ્છુકો નક્કી કરી શકશે કે કયા દેશમાં ભણવા જવું.

અમેરિકા : છૂટથી મેળવો છૂટ

અમેરિકા ભારતીય વિદ્યાર્થીઓ માટે અભ્યાસના સૌથી વધુ મનગમતા દેશોમાંનો એક છે. ત્યાં વિદ્યાર્થીઓને વિષય પસંદ કરવાની અને બદલવાની આઝાદી મળે છે. કૉલેજો અને યુનિવર્સિટીઓની બહુ મોટી સંખ્યાની સાથે સાથે યુનિવર્સિટીઓની પ્રતિષ્ઠા દુનિયાભરમાં છે. એટલે હજારોની સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ અમેરિકા ભણવા જાય છે. અમેરિકા માટેનાં ભારતીયોનાં આકર્ષણનો અંદાજ એ હકીકત પરથી આવી શકે છે કે આખી દુનિયામાંથી અમેરિકામાં ભણવા આવતા વિદ્યાર્થીઓમાં લગભગ ૧૪ ટકા ભારતીય હોય છે.

શૈક્ષણિક યોગ્યતા : અન્ડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામ (બીએસ, બીઈ, બીએ વગેરે) માટે બહુમતી કૉલેજોમાં ભારતનું ૧૨મું ધોરણ અને ગ્રેજ્યુએટ પ્રોગ્રામ (એમએસ, એમએ, એમબીએ વગેરે) માટે ઓછામાં ઓછું ૧૬ વર્ષનું શિક્ષણ જરૂરી છે. ભારતમાં આ ૧૫ વર્ષનો અભ્યાસ હોવાથી ગ્રેજ્યુએશન પછી એક વર્ષનો કોર્સ કરવો જરૂરી હોય છે.

જરૂરી દસ્તાવેજ : બધી માર્કશીટ, ડિગ્રી (બધા સેમેસ્ટરની) ડીન/ એચઓડી/ પ્રિન્સિપાલનો એકેડેમિક રેકમેન્ડેશન લેટર, વર્ક રેકમેન્ડેશન, વર્ક એક્સપિરિયન્સ સર્ટિફિકેટ, સ્ટેટમેન્ટ ઓફ પર્પઝ, સર્ટિફિકેટ ઓફ ફાઈનાન્સ બેન્ક સ્ટેટમેન્ટ, એફિડેવિટ ઓફ સપોર્ટ, એકસ્ટ્રા કરીક્યુલર રિપોર્ટ, પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ્સ, પાસપોર્ટની નકલ, રેઝ્યુમ, ટ્રાન્સ્ક્રિપ્ટ, ટોફેલ/ આઈઈએલટીએસ અને એસએટી/ જી આરઈ/ જીમેટનો સ્કોર.

ખર્ચ : રહેવાનો વાર્ષિક ખર્ચ લગભગ ૧૦,૦૦૦ ડોલર આવે છે, જેમાં રહેવું અને બીજો ખર્ચ સામેલ છે. જીવનશૈલી મુજબ ફેરફાર શક્ય છે. મહિનાનો ખર્ચ ૧,૦૦૦ ડોલર આવે છે જેમાં રૂમનું ભાડું ૪૦૦ ડોલર, કિરાણાના સામાનના ૧૦૦ ડોલર, જરૂરી સામાનના ૧૦૦ ડોલર, ફોનના ૧૦૦ ડોલર અને અન્ય ખર્ચના ૧૦૦ ડોલર સામેલ છે. શેરિંગની મદદથી આ ખર્ચ થોડો ઘટી શકે છે.

વર્ક હાર્ડ, પ્લે હાર્ડ : યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયામાં ઈલેક્ટ્રિક્લ એન્ડ કમ્પ્યૂટર એન્જિનિયરિંગમાં પીએચ. ડી કરી રહેલો વિજય કહે છે, "અમેરિકામાં અભ્યાસ કરવા સાથેની સૌથી સારી વાત એ છે કે તમે આર્થિક રીતે પોતાને સારી મદદ કરી શકો છો. અહીં કોર્સ બદલવો એકદમ સહેલો છે. સાથે જ તમે મ્યુઝિક, ડાન્સ અને રમતો જેવી એકસ્ટ્રા કરિક્યુલર પ્રવૃત્તિ માટે પણ ઠીક ઠીક સમય ફાળવી શકો છો. વિદ્યાર્થી તરીકે તમે કેટલાય લાભો ઊઠાવી શકો છો. અહીંની સંસ્કૃતિ વર્ક હાર્ડ અને પ્લે હાર્ડમાં વિશ્વાસ રાખે છે. મોટા ભાગનાં શહેરો આકર્ષક સિટી લાઈફ અને નાઈટ લાઈફ ધરાવે છે. એ સિવાય કેટલીક નકારાત્મક વાતો પણ સામેલ છે. કમ્યુટિંગ બહુ સરળ નથી, ભલેને તમારી પાસે કાર હોય. સ્વાસ્થ્ય સારવાર બહુ મોંઘી છે. તમારી પાસે ઈન્શ્યોરન્સ (વિમો) નહીં હોય તો દાંતનું ચેકઅપ

કરાવવામાં કે આંખની નિયમિત તપાસ કરાવવામાં પણ તમે ભારે ખર્ચમાં ડૂબી શકો છો. સ્ટુડન્ટમાંથી વર્કિંગ પર્સન બનવાનું સરળ નથી."

યુકે દુનિયાભરમાં સર્વોત્તમ :

યુનાઈટેડ કિંગ્ડમમાં ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, વેલ્સ અને ઉત્તર આયર્લેન્ડનો સમાવેશ થાય છે. અહીંની કેટલીક શિક્ષણ સંસ્થાઓની ગણતરી દુનિયાની ઉત્તમ સંસ્થાઓમાં થાય છે અને એ સંસ્થાઓનું શિક્ષણ દુનિયામાં સર્વોત્તમ ગણાય છે. અહીંની ૩૦૦૦થી પણ વધુ શિક્ષણ સંસ્થાઓમાં કોઈપણ સમયે લગભગ અઢી લાખ વિદેશી વિદ્યાર્થીઓ અદભુત ભાવિની કલ્પના સાથે પાર વગરના વિષયોનો અભ્યાસ કરતા હોય છે.

શૈક્ષણિક યોગ્યતા : સામાન્ય રીતે અંડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામોમાં ઈંગ્લીશ પ્રોફિશિયન્સી ટેસ્ટ્સ (આઈઈએલટીસ/ ટોફેલ)ને બાદ કરતાં કોઈ પ્રકારની પ્રવેશ પરીક્ષા જરૂરી મનાતી નથી. અંડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામ માટે એ-લેવલ, અને પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ માટે અંડર ગ્રેજ્યુએટ કર્યું હોવું જરૂરી છે. કેટલી સ્કૂલ્સ એમબીએમાં પ્રવેશ સમયે જીમેટનો સ્કોર જુએ છે.

જરૂરી દસ્તાવેજ : બધી માર્કશીટ્સ ડિગ્રી (બધા સેમેસ્ટરોની), ડીન/ એચઓડી/ પ્રિન્સિપાલનો એકેડેમિક રેકમેન્ડેશન લેટર, વર્ક રેકમેન્ડેશન, વર્ક એક્સપિરિયન્સ સર્ટિફિકેટ, સ્ટેટમેન્ટ ઓફ પર્પઝ, એકસ્ટ્રા કરીક્યુલર રેકોર્ડ, પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ, પાસપોર્ટની નકલ, રેઝ્યુમ, ટ્રાન્સ્ક્રિપ્ટ્સ, ટોફેલ/ આઈઈએલટીએસ અને એસએટી/ જીઆરઈ/ જીમેટ સ્કોર.

અહીં ભણી શકો : ઓક્સફર્ડ, કેમ્બ્રિજ, ઈમ્પિરિયલ કૉલેજ, નોટિંગહામ, માન્ચેસ્ટર, એડિનબર્ગ, લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ, યુનિવર્સિટી કૉલેજ લંડન, સેન્ટ એન્ડ્રયુ યુનિવર્સિટી, વૉરવિક, યોર્ક, બ્રિસ્ટલ, ડરહામ, બાથ, કિંગ્સ કૉલેજ લંડન, ન્યૂ કેસલ યુનિવર્સિટી, ગ્લાસગો યુનિવર્સિટી વગેરે,...

યુકેની મોટાભાગની શિક્ષણ સંસ્થાઓની વાર્ષિક ટ્યૂશન ફી ૬,૦૦૦ થી ૭,૦૦૦ પાઉન્ડ (લગભગ સાડા પાંચ લાખથી સાડા છ લાખ રૂપિયા) હોય છે, જ્યારે રહેવાનો-જમવાનો ખર્ચ ૩,૮૦૦ પાઉન્ડ (લગભગ ત્રણ લાખ રૂપિયા) આવે છે.

સિંગાપોર - ખરેખર સારું પડે :

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી યુનિવર્સિટીઓ તથા રહેવાના, ટ્યુશન ફીના ઓછા ખર્ચના કારણે સિંગાપોર પણ ભારતીય વિદ્યાર્થીઓની પસંદગીમાં ઉપસી રહ્યું છે. અંડર ગ્રેજ્યુએટ ડિગ્રી માટે અહીંનો ખર્ચ અમેરિકાના લગભગ ૧૦ લાખ રૂપિયાની સામે કેવળ પાંચ લાખ રૂપિયા આવે છે. એસસીટી સ્ટેટમાં ૭,૦૦૦ થી વધુ મલ્ટીનેશનલ કંપનીઓની ઓફિસ હોવાથી પ્લેસમેન્ટની પણ ઘણી સારી તકો છે. અહીંની નેશનલ યુનિવર્સિટી ઓફ સિંગાપોર અને નાનયાંગ ટેક્નોલૉજીકલ યુનિવર્સિટીનો પ્લેસમેન્ટ રેકોર્ડ અમેરિકી યુનિવર્સિટીઓ સમાન જ છે. અહીંની સિંગાપોર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટનું લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ સાથે કોલાબરેશન છે. સાથે જ દુનિયાની કેટલીય ટોચની બિઝનેસ સ્કૂલો પણ અહીં છે. શૈક્ષણિક

ગુણવત્તા ઉપરાંત ભારતથી ઓછું અંતર, આતંકવાદ-નક્સલવાદની ગેરહાજરી, વિઝા મેળવામાં સરળતા જેવાં કારણો પણ ભારતીય વિદ્યાર્થીઓને આકર્ષે છે.

કેનેડા - ક્રેડિટ સિસ્ટમ :

અમેરિકા, યુકેની સરખામણીમાં ઓછો ખર્ચ અને ગુણવત્તાની શ્રેષ્ઠતા કેનેડામાં શિક્ષણ તરફ ખેંચાવાના મુખ્ય બે કારણ છે. અભ્યાસ સાથે ત્યાં જોબ મેળવવી પણ આસાન છે. કેનેડામાં અંડર ગ્રેજ્યુએટ કોર્સમાં પ્રવેશ મેળવવા સ્કોલરશિપ, એપ્ટિટ્યૂડ ટેસ્ટની જરૂર હોતી નથી અને પ્રવેશ અગાઉના વર્ષોની શૈક્ષણિક સિદ્ધિના આધારે જ અપાય છે.

પાર્ટ ટાઈમ જોબ કરવાની આઝાદી : કેનેડાની એમટેક કોન્કોડિયા યુનિવર્સિટીમાં ભણતા તેજિન્દર સન્ટ્રાહ કહે છે, "સપ્તાહમાં બે વાર વર્ગ લેવાય છે અને વર્ષમાં ત્રણ સેમેસ્ટર હોય છે. તમે કેટલાં લેકચરમાં હાજરી આપી એ માટે ક્રેડિટ સિસ્ટમ અપનાવતાં પોઈન્ટ અપાય છે. ઉદાહરણ તરીકે, વિદ્યાર્થીએ ઈકોનોમિક્સમાં એક પેપર આપ્યું તો એના ત્રણ ક્રેડિટ મળે છે. એનો અર્થ એ કે તે અઠવાડિયામાં ઈકોનોમિક્સનાં ત્રણ લેકચરમાં કે ત્રણ કલાકની સેમિનાર સેશનમાં હાજર રહ્યો છે. તમારી પાસે દરેક વર્ષ માટે ઓછામાં ઓછી ૩૦ ક્રેડિટ હોવી જોઈએ, એટલે કે બેચલર ડિગ્રી મળતાં સુધીમાં તમારી પાસે ૧૨૦ ક્રેડિટ હશે, જ્યારે માસ્ટર્સ પ્રોગ્રામમાં ૬૦ ક્રેડિટ. લાઈબ્રેરી ૨૪ કલાક ખુલ્લી રહે છે. દરેક પ્રોજેક્ટ પૂરો કરવા માટે સમયપત્રક અપાય છે. પાર્ટટાઈમ જોબનો વિકલ્પ ખુલ્લો છે."

સ્વીટ્ઝર્લેન્ડ : સ્વાગતમ્

સ્વીટ્ઝર્લેન્ડ ભલેને શ્રેષ્ઠ હનીમૂન ડેસ્ટીનેશન તરીકે જાણીતું હોય, એ દુનિયાભરના વિદ્યાર્થીઓનું સ્વાગત પણ એટલી જ કાળજી અને ઉષ્મા સાથે કરે છે. હવે ઘણી આંતરરાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓ અહીં પોતાના કેમ્પસ શરૂ કરી રહી છે. અહીંનો હોસ્પિટાલિટી કોર્સ ભારતીય વિદ્યાર્થીઓને સૌથી વધુ આકર્ષી રહ્યો છે.

ફ્રાન્સમાં ફી ઓછી છે

કળા અને સંસ્કૃતિની વિશ્વમાન્ય પરંપરાઓવાળો દેશ હોવાને કારણે ફ્રાન્સ ડિઝાઈન, આર્કિટેકચર, ફેશન, હોસ્પિટાલિટી, વાઈન અને ફ્રેન્ચ ભાષાના અધ્યયન માટે પહેલાં ખાસ ઓળખાતો હતો, પરંતુ આજે એ વિજ્ઞાન અને ટેક્નોલૉજીના વિદ્યાર્થીઓને પણ એટલો જ આકર્ષી રહ્યો છે. ટેલિકમ્યુનિકેશન, ઓરોનોટિક્સ, ગણિત વગેરેના પ્રોફેશનલ કોર્સ અહીંના સૌથી વધુ પસંદગીના પ્રોગ્રામોમાં સ્થાન પામે છે. અહીંની ફ્રેન્ચ માધ્યમની સરકારી યુનિવર્સિટીઓની વાર્ષિક ટ્યુશન ફી ૧૫,૦૦૦ થી ૨૦,૦૦૦ રૂપિયા હોય છે. અહીંની સરકાર દ્વારા અપાતી સબસીડી આ ઓછી ફીનું કારણ છે. જેમને ફ્રેન્ચ ભાષા નથી આવડતી એ લોકો અંગ્રેજી માધ્યમથી બાયોટેક્નોલૉજી, એન્જિનિયરિંગ, વિજ્ઞાન તથા માસ્ટર્સ ઈન ફ્રેગરન્સ એન્ડ પરફ્યુમરીના કોર્સ કરી શકે છે. પ્રોફેશનલ કૉલેજોમાં એની ટ્યુશન ફી વાર્ષિક બે થી છ લાખ રૂપિયા હોય છે. એમબીએ કરાવતી INSEAD, HEC જેવી શિક્ષણ સંસ્થાઓની વાર્ષિક ફી લગભગ ૨૦ લાખ રૂપિયા છે. અહીં રહેવા-જમવાનો વાર્ષિક ખર્ચ લગભગ અઢી લાખ રૂપિયા આવે છે.

ન્યુઝીલેન્ડ - સગવડિયો દેશ :

ઓછા ખર્ચમાં શિક્ષણ અને પછી અહીં જ કામ શોધનારા માટે ન્યુઝીલેન્ડ સૌથી યોગ્ય દેશ છે. પ્લેસમેન્ટ એટલું આકર્ષક છે કે અહીં ભણનારા લગભગ બધા વિદ્યાર્થીને સારી નોકરી મળી જાય છે. ત્યાંની સ્પોન્સરશિપ પણ ત્યાંના આકર્ષણનું એક કારણ બને છે. સગાં ભાઈ-બહેનની જ નહીં, કાકાના દીકરા-દીકરીની સ્પોન્સરશિપ પણ ચાલે છે.

જર્મની - ફ્રીમાં પણ ભણાય :

જર્મનીમાં શિક્ષણનું માધ્યમ પહેલા જર્મન ભાષા હતી, એટલે વિદેશી વિદ્યાર્થીઓ માટે એ શીખવી અનિવાર્ય હતી, પરંતુ હવે અહીં પણ અનેક અભ્યાસક્રમ અંગ્રેજીમાં ચલાવાય છે. જર્મનીમાં સરકારી અને ખાનગી બે પ્રકારની યુનિવર્સિટીઓ છે. અહીંની સરકારી યુનિવર્સિટીઓ સરકાર દ્વારા પૂરેપૂરી ગ્રાન્ટ મેળવતી હોવાથી શિક્ષણ મફતમાં આપવામાં આવે છે. અહીંની લગભગ ૩૦૦ યુનિવર્સિટીઓમાં જાતજાતના અભ્યાસક્રમો ચલાવાય છે. ઈકોનોમિક્સ, પર્યાવરણ,

કૃષિ, પત્રકારત્વ, ગણિત વગેરે ભારતીય વિદ્યાર્થીઓમાં વિશેષ પ્રિય છે. જર્મનીમાં શૈક્ષણિક સત્ર બે સેમેસ્ટરમાં વિભાજિત છે. અહીંનું વિન્ટર સેમેસ્ટર સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં જ્યારે સમર સેમેસ્ટર માર્ચ-એપ્રિલમાં શરુ થાય છે. ૮ થી ૧૨ સેમેસ્ટરમાં પૂરા થનારા કોર્સ પહેલા ફાઉન્ડેશન કોર્સ કરવો પડે છે અને પછી મૂળ અભ્યાસ શરુ થાય છે. અંગ્રેજીમાં પ્રભુત્વ જાણવા માટે ટોફેલના સ્કોરને જોવામાં આવે છે. સાથે જ અંડર ગ્રેજ્યુએટ કે પોસ્ટ ગ્રેજ્યુએટ શિક્ષણ માટે જર્મન ભાષાનો બ્રીજ કોર્સ કરવો જરૂરી છે. પોસ્ટ ગ્રેજ્યુએટ માટે 'જર્મન એઝ એ ફોરેન લેંગ્વેજ' કોર્સ પાસ કરવો પણ જરૂરી છે. એમબીએમાં પ્રવેશ જીમેટના સ્કોરના આધારે અપાય છે. ખર્ચ બચાવવા માટે અહીં રજાને દિવસે કામ કરી શકાય છે.

રશિયામાં પ્રેક્ટિકલ ઉપર વધુ ધ્યાન :

રશિયામાં શિક્ષણમાં પ્રેક્ટિકલ પાસા પર વધુ ધ્યાન અપાય છે, એટલે અહીં તૈયાર થયેલા ડોક્ટરો-એન્જિનિયરો દુનિયાભરમાં વખણાય છે. રશિયાની યુનિવર્સિટીઓની પ્રતિષ્ઠા ગુણવત્તાસભર શિક્ષણ અને રિસર્ચ સવલતો માટે પણ છે. યુનેસ્કો દ્વારા અપાતી રેન્કિંગમાં વિશ્વની શ્રેષ્ઠ ૧૦૦ યુનિવર્સિટીઓમાં અહીંની ૩૦ યુનિવર્સિટીઓને સ્થાન મળ્યું છે. અહીંની બહુમતી યુનિવર્સિટીઓમાં શિક્ષણનું માધ્યમ રશિયન હોવાને કારણે વિદેશી વિદ્યાર્થીઓ માટે રશિયન ભાષા શીખવી જરૂરી બની જાય છે. જોકે હવે ઠીક ઠીક સંખ્યામાં શિક્ષણ સંસ્થાઓ અંગ્રેજી માધ્યમમાં પણ શિક્ષણ આપે છે.

રશિયામાં અંડર ગ્રેજ્યુએટ કોર્સ ૪ વર્ષનો અને પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ ૨ વર્ષનો હોય છે. ભારતીય વિદ્યાર્થીઓમાં રશિયા તરફ વધતાં આકર્ષણને કારણે ધ એમ્બેસી ઓફ રશિયન ફેડરેશન ઓફ ઈન્ડિયા તથા રશિયન કલ્ચરલ સેન્ટર તરફથી આ વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે છે. રશિયન કલ્ચરલ સેન્ટર ભારતીય વિદ્યાર્થી અને રશિયાની યુનિવર્સિટી વચ્ચે દ્વારનું કામ કરે છે. આ સેન્ટરની શાખાઓ નવી દિલ્હી, કોલકતા, મુંબઈ, ચેન્નઈ તથા તિરુવનંતપુરમમાં છે.

ફી : ધ એમ્બેસી ઓફ રશિયન ફેડરેશન ઓફ ઈન્ડિયાના જણાવ્યાનુસાર રશિયન ભાષાના માધ્યમના વિદ્યાર્થીઓ માટે સરેરાશ ૧,૭૦૦ થી ૪,૦૦૦ ડોલર હોય છે, જ્યારે અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે સરેરાશ ૨,૩૦૦ થી ૫,૫૦૦ ડોલર હોય છે. આમાં ટ્યુશન, હોસ્ટેલ ખર્ચ અને અભ્યાસ સામગ્રીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જમવાના અને અંગત ખર્ચ તરીકે વધારાના વાર્ષિક ૮૦૦ થી ૧,૦૦૦ ડોલરની જરૂર પડે.

અરજી કરવાની અંતિમ તારીખ : ગેરયુનિવર્સિટી સ્તર (ટેકનિકલ/ વોકેશનલ ટાઈપ) શિક્ષણ માટે જે-તે વર્ષની ૧૫ જુલાઈ, વિશ્વ વિદ્યાલય સ્તરના શિક્ષણ માટે ૧ એપ્રિલ ઉચ્ચ/ સંશોધન અભ્યાસ માટે ૧ એપ્રિલ.

વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ભાવનગર

૪૧ મહિલાઓ માટે અગ્નિશામક વ્યાવસાયિક તાલીમની તક

સ્કૂલ ઓફ એપ્લાઇડ સાયન્સીસ એન્જિનિરિંગ & ટેક્નોલોજી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (આર આરયુ) અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાયર સેફટી એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સ્ટડીઝ (આઈ એફ એસ ડો એમ એસ) લાઇવ સિમ્યુલેશન ક્ષમતા સાથે અત્યાધુનિક ફાયર ટ્રેનિંગ સુવિધા દ્વારા આયોજીત ભારતની શૂરવીર મહિલાઓ માટે 6 મહિનાનો NCVT પ્રમાણિત રેસિડેન્શિયલ ફાયર ફાઇટર તાલીમ કાર્યક્રમ. RRU દ્વારા 25% તાલીમ ફી સહાય પૂરી પાડવામાં આવશે

પ્લેસમેન્ટ સહાય અને ઇન્ટર્નશિપ

Whatsap +91-6359884236
saset.firewoman@rru.ac.in
Phone +91-7968126800 **https://rru.ac.in**

વધુ જાણકારી માટે વિઝિટ કરો : https://rru.ac.in/shool-of-applied-science-engineering-and-technology-saset/

ફાયર ફાઈટર તરીકે કારકિર્દી- જોબ પ્રોફાઇલ્સ

Fireman, Leading Fireman, Station Officer, Asst. Divisional Fire officer, Divisional Fire Officer, Dy. Chief Fire Officer, Chief Fire Officer.

રોજગાર ક્ષેત્રો 1. રિફાઇનરી, 2. ઉડ્યન ઉદ્યોગ, 3. ફાયર સેફટી ટ્રેનિંગ, 4. વીજ બોર્ડ, 5. કેમિકલ પ્લાન્ટ, 6. તેલ અને ગેસ ઉદ્યોગ, 7. સિવિલ ફાયર સર્વિસ, 8. સરકારી વિભાગો, 9. બાંધકામ ક્ષેત્ર, 10. સુરક્ષા ક્ષેત્ર

ફાયર ફાઈટરનો અંદાજિત પગાર : ભારતમાં શરૂઆત સ્તરના ફાયર ફાઈટરની સેલરી માસિક રૂ.10,000/-થી રૂ.20,000/- ના વચ્ચે આંકવામાં આવે છે.

વિદેશ: રૂ.60,000/- થી રૂ.80,000/-

પાત્રતા માપદંડ અને અન્ય વિગતો:

1) બધી શ્રેણીઓ માટે, 2) ન્યુનતમ લાયકાત : 12 પાસ, 3) ઉંમર 18-25 વર્ષ, 4) ઉમેદવારની ઊંચાઈ 157 cm (ન્યુનતમ), 5) સંપૂર્ણ તાલીમ કાર્યક્રમ પૂર્ણ કરવા માટે ઉમેદવાર પાસેથી બાંહેધરી લેવી જરૂરી છે.

ઉમેદવારે ભારતમાં ગમે ત્યાં પ્લેસમેન્ટ માટે તૈયાર રહેવું જોઈએ. પસંદગીની કસોટીઓ પાસ કરવી આવશ્યક છે.

અભ્યાસક્રમનું નામ : ફાયરમેન તાલીમ કાર્યક્રમ

અભ્યાસક્રમનો પ્રકાર : NCVT પ્રમાણિત પૂર્ણ સમયનો રહેણાંક અભ્યાસક્રમ **અવધિ :** ૬ મહિના **ન્યૂનતમ લાયકાત :** ધો-૧૨ પાસ* **બેઠકોની સંખ્યા :** ૨૫

ફી : રૂ. ૯૦,૦૦૦ (ભોજન, યુનિફોર્મ અને આવાસ સાથે. * રંગ અંધત્વ ધરાવતા ઉમેદવારોએ અરજી કરવી નહીં.

ચયન પ્રક્રિયા : તબક્કો-I (ઓનલાઈન ટેસ્ટ) * જનરલ એપ્ટિટ્યુડ ટેસ્ટ * વ્યક્તિત્વ પરીક્ષણ

તબક્કો-II (ઓનસાઈન ટેસ્ટ)

* શારીરિક તંદુરસ્તી પરીક્ષણો * શારીરિક પરીક્ષણો
* મનોવૈજ્ઞાનિક પરીક્ષણો

પસંદગીની અજમાયશ સમયે રજૂ કરવાના મૂળ દસ્તાવેજોની સૂચિ :

1. ફોરમેટ મુજબ પાત્રતા પ્રમાણપત્ર, 2. ફોરમેટ મુજબ ભલામણનું પ્રમાણપત્ર, 3. આધાર કાર્ડ, 4. ધો. 10માંની માર્કશીટ, 5. ધો.12માંની માર્કશીટ, 6. જન્મનો દાખલો, 7. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, 8. કોવિડ રસીકરણ સર્ટિફિકેટ, 9. ફોરમેટ મુજબ મેડિકલ સર્ટિફિકેટ, 10. જાતિ પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો)

અરજી પ્રક્રિયા :

સ્ટેપ-1 અરજી કરવા માટે નીચેની સૂચનાઓને અનુસરો 1. અરજી ફી ચૂકવવા માટે પેમેન્ટ લિંક (CLICK HERE) અથવા QR કોડ સ્કેન કરો. રૂ.295/- (GST સહિત). 2. File Online Form ઉપર જાઓ અને તમારી વિગતો ભરો. 3. "Submit" ઉપર ક્લિક કરી. Applicant ID આવશે. તેને આગળના સંદર્ભ માટે લખી લો. 4. "Make Payment Option" ઉપર ક્લિક કરો. 5. QFix રેફરન્સ નંબરની નોંધ કરી પ્રોસિડ ઉપર ક્લિક કરો. 6. UPI/Net Banking/Credit or Debit Card થી પેમેન્ટ કરી શકાશે. 7. પેમેન્ટ થયા પછી સ્ક્રીન શોટ લઇ લેવો કે ટ્રાન્જેકશનની PDF ડાઉનલોડ કરી લેવી.

એપ્લિકેશન ફી ચૂકવવા સ્કેન કરો :

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી,
લવાડ-દહેગામ, ગાંધીનગર

૪૨ બોર્ડના પરિણામો બાદ પ્રવેશ માટે મહત્ત્વની વેબસાઈટ્સ

(૧) એન્જિનિયરિંગ (ડિગ્રી, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડિપ્લોમા ટુ ડિગ્રી), આર્કિટેક્ચર હોટલ અને ટુરિઝમ મેનેજમેન્ટ, ફાર્મસી (ડિગ્રી ટુ ડિપ્લોમા), મેનેજમેન્ટ (MBA)માં પ્રવેશ માટે વેબસાઈટ :
http://www.jacpcldce.ac.in/

(૨) ઉપર દર્શાવેલ કેટેગરી પૈકી કોઈમાં પણ પ્રવેશ માટે રજિસ્ટ્રેશન માટે નીચે દર્શાવેલ વેબ સાઈટની મુલાકાત લો.
http://gujacpc.nic.in/

(૩) વિવિધ યુનિવર્સિટીની જાણકારી માટે યુનિવર્સિટી ગ્રાંટ કમિશનની વેબસાઈટ :
http://www.ugc.ac.in/

(૪) દેશભરમાં આવેલી એન્જિનિયરિંગ ઈન્સ્ટિટ્યૂટની વિગતો માટે AICTE ની વેબસાઈટ :
http://www.aicte-india.org/

(૫) દેશભરમાં આવેલી ફાર્મસી ઈન્સ્ટિટ્યૂટની વિગતો માટે ફાર્મસી કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની વેબસાઈટ :
http://www.pci.nic.in/

(૬) દેશભરમાં આવેલી આર્કિટેક્ચર ઈન્સ્ટિટ્યૂટની વિગતો જાણવા માટે કાઉન્સિલ ઓફ આર્કિટેક્ચર ઑફ ઇન્ડિયાની વેબસાઈટ :
http://www.coa.gov.in/

(૭) ટેકનિકલ એજ્યુકેશન માટેની ફી રેગ્યુલેટરી ઓથોરિટીની માહિતી મેળવવા માટે :
http://www.frctech.ac.in/

(૮) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની વેબસાઈટ :
http://gujarat-education.gov.in/education/

(૯) કમિશનર ઑફ ટેકનિકલ એજ્યુકેશન, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યની વેબસાઈટ :
http://dte.gswan.gov.in/

(૧૦) ગુજરાત ટૅક્નોલૉજીકલ યુનિવર્સિટીની વેબસાઈટ :
www.gtu.ac.in

(૧૧) મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી, નર્સિંગ, આયુર્વેદિક, હોમિયોપેથી, ઓપ્ટોમેટ્રી, ઓર્થોટિક્સ, ઓડિયોલોજી, નેચેરોપથી વગેરે અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે :
http://www.medadmgujarat.org

(૧૨) CEPT યુનિવર્સિટીની વેબસાઈટ :
http://www.cept.ac.in/

(૧૩) ડિપ્લોમા એન્જિનિયરિંગમાં પ્રવેશ સંબંધી માહિતી માટે વેબસાઈટ :
http://www.acpdc.in/

(૧૪) એલ.ડી. કોલેજ ઑફ એન્જિનિયરિંગની વેબસાઈટ :
http://ldceahd.org/

(૧૫) ગુજરાત સેકન્ડરી બોર્ડની વેબસાઈટ :
http://www.gseb.org/

(૧૬) સેન્ટ્રલ બોર્ડની વેબસાઈટ :
http://cbse.nic.in/

કટ ઑફ લિસ્ટ જાણવા માટે :

- ડિગ્રી એન્જિનિયરિંગ અને ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીના કટ્સ ઑફ માર્કસ જોવા માટે વેબસાઈટ : **http://www.jacpcldce.ac.in/be.asp** અથવા નીચે દર્શાવેલ ફાઈલ ડાઉનલોડ કરવી.
- વિવિધ ડિપ્લોમા એન્જિનિયરિંગના કટ ઑફ માર્કસ જોવા માટે નીચે દર્શાવેલ ફાઈલ ડાઉનલોડ કરવી.
http://www.acpdc.in/First_Year/Closure.pdf
- ધોરણ-૧૨ સાયન્સ પછી બી-ગ્રુપમાં ઉપલબ્ધ બધા મેડિકલ-પેરા મેડિકલ કોર્સનું કટ ઑફ લિસ્ટ જોવા માટે વેબસાઈટ : **http://www.medadmgujarat.org**

૪૩ અગત્યની વેબસાઈટ્સ

CEPT University	www.cept.ac.in
NIFT Gandhinagar	www.nift.ac.in
NID	www.nid.edu
Dhirubhai Arnbani Institute - Gandhinagar	www.daiict.ac.in
Dhannashi Desai University - Nadiad	www.ddu.ac.in
NIRMA University	www.ninnauni.ac.in
Institute of Teachers Education - Gandhinagar	www.iite.ac.in
National Law University - Gandhinagar	www.gnlu.ac.in
Ahrnedabad Management Association	www.amaindia.org
Indian Institute of Management	www.iirnahd.ernetin
Physical Research Laboratory	www.prl.res.in
PDPU Gandhinagar	www.pdpu.ac.in

Universities of Gujarat State :

Bhavnagar University, Bhavnagar	www.mkbhavani.cdu.in
Veer Narmad South Gujarat University, Surat	www.sgu.emet.in
Nirma University, Ahmedabad	www.ninnauni.ac.in
Saurashtra University, Rajkot	www.saurashtrauniversity.edu
Ganpat University, Mehsana	www.ganpatuniversity.ac.in
Hemchandracharya North Gujarat University, Patan	www.ngu.ac.in
Sardar Patel University, Vallabh Vidhyanagar	www.spuvvn.edu
Maharaja Sayajirao University, Baroda	www.msubaroda.ac.in
Gujarat University	www.gujaratuniversity.org.in
Gujarat Vidyapith, Ahmedabad	www.gujaratvidyapith.org
Gujarat Agriculture University, Dantiwada	www.sday.edu.in
Gujarat Ayurved University, Janinagar	www.ayurveduniversity.com
Anand Agriculture Univesity, Anand	www.aau.in
Junagadh Agriculture University, Junagadh	www.jau.in
Navsari Agriculture University,Navsari	www.nau.in
Sardar Vallabhbhai National Institute & Tecnology ,Surat	www.svnitac.in
Centre for Environmental Planning & Technology, Ahmedabad	www.cept.ac.in

Councils of India :

University Grant Commission, New Delhi.	www.ugc.ac.in
National Assessment & Acreditation Council, New Delhi	www.naacindia.org
Dental Council of India, New Delhi	www.dciindia.org
Medical Council oflndia, New Delhi	www.mciindia.org
All India Council of Technical Education, New Delhi	www.aicte-india.org
National Council for Teacher Education, Bhopal	www.ncte-in.org
Bar Council of India, New Delhi	www.barcouncilofindia.nic.in
Bar Council of Gujarat, Gandhinagar	www.barcouncilofgujaratorg
Pharmacy Council of India, New Delhi	www.pci.nic.in
Distance Education Council, New Delhi	www.ugc.ac.in
Central Council for Indian Medicine, New Delhi	www.ccindia.org
Indian Council for agricultural Research, New Delhi	www.icar.org.in

છેલ્લામાં છેલ્લી વાત
લઈને આવે છે
આપના સુધી...

ઘટનાઓની વણઝાર
વચ્ચે નિયમિત પહોંચે છે
આપના સુધી...

સત્ય અને નિષ્ઠાના
માર્ગે કર્તવ્ય નિભાવે છે
આપના સુધી...

મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું

- ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
- ગુજરાત વસ્યું લોકહૈયે...

કારણ કે,

- સામયિકની લોકાભિમુખ નીતિ,
- સરકારનું નહિ, સાડા છ કરોડ ગુજરાતીઓનું પાક્ષિક...

જેમાં,

- નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
- અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

એનુ પરિણામ છે...

- લોકોનો અદમ્ય ઉત્સાહ,
- વાચકોનો અસરકારક પ્રતિભાવ,
- વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

અને ફેલાવામાં અગ્રહરોળમાં...

- ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં સામયિકોમાં અગ્રેસર ફેલાવો...!
- સમસ્યા અને સંવેદનાની વાતો...
- જનકલ્યાણની યોજનાની વાતો...
- લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
- કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો...

ગુજરાત પાક્ષિક કાર્યાલય
માહિતી નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૯/૧,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫
ઈ-મેઈલ :
gujaratmagazine@gmail.com
વેબસાઈટ :
www.gujaratinformation.gujarat.gov.in

વાર્ષિક લવાજમ

રૂ. ૫૦-૦૦

• લવાજમ •

કોઈપણ કોમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે

ગુજરાત
ગુજરાતીઓનું
વિશ્વસનીય સામયિક

સોશિયલ મીડિયાના બધાજ ટુલ્સ પર ગુજરાત પાક્ષિક અને રોજગાર સમાચાર ઓનલાઈન જોઈ શકાશે

ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે લોકકલ્યાણની વાત, આમ જનતાને ઉપયોગી જાણકારીની વાત, સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના વણથંભ્યા વિકાસની વાત



પ્રકાશકઃ માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પ્રોસેસિંગ અને મુદ્રણઃ સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ